# સાધુ તો ચલતા ભલા
# ૨

લેખક
તપાગચ્છાધિરાજ પૂજ્યપાદ આચાર્યભગવંત
**શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા**ના શિષ્ય
**મુનિશ્રી પ્રશમરતિવિજયજી**


**પ્રવચન પ્રકાશન**
૪૮૮, રવિવાર પેઠ,
પૂના-૨

પુસ્તક : **સાધુ તો ચલતા ભલા-૨**
લેખક : **મુનિશ્રી પ્રશમરતિવિજયજી**
વિષય : **તીર્થયાત્રાનાં અનુભવચિત્રો**
આવૃત્તિ : **પ્રથમ**
મૂલ્ય : **રૂા. ૫૦-૦૦**


© : PRAVACHAN PRAKASHAN, 2006


**પ્રાપ્તિસ્થાન**

પૂના : **પ્રવચન પ્રકાશન**
૪૮૮, રવિવાર પેઠ, પૂના-૪૧૧૦૦૨
ફોન : ૦૨૦-૩૨૯૨૨૦૬૯, મો. ૯૮૯૦૦૫૫૩૧૦

અમદાવાદ : **સરસ્વતી પુસ્તક ભંડાર**
૧૧૨, હાથીખાના, રતનપોળ, અમદાવાદ-૩૮૦૦૦૧
ફોન : ૦૭૯-૨૫૩૫૬૬૯૨

**અશોકભાઈ ઘેલાભાઈ શાહ**
૨૦૧, ઓએસીસ,
અંકુર સ્કૂલની સામે, પાલડી,
અમદાવાદ-૩૮૦૦૦૭
ફોન : ૦૭૯-૨૬૬૩૩૦૮૫
મો. ૦૭૯-૯૩૨૭૦૦૭૫૭૯

ટાઈપ સેટિંગ : **વિરતિ ગ્રાફિક્સ,** અમદાવાદ-૩૮૦૦૧૬
ફોન : ૦૭૯-૨૨૬૮૪૦૩૨

# આનંદના શબ્દો

**સાધુ તો ચલતા ભલા-૨**નું પ્રકાશન અમારા માટે આનંદની બીના છે. તપાગચ્છાધિરાજ પૂજ્યપાદ આચાર્યભગવંત **શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજી** મહારાજાના તેજસ્વી શિષ્યરત્નો પ્રવચનકાર બંધુબેલડી પૂ. મુનિરાજશ્રી **વૈરાગ્યરતિવિજયજી મ.**, પૂ. મુનિરાજશ્રી **પ્રશમરતિવિજયજી મ.**ના વિહારના અનુભવોની આ કથા છે. અહીં તીર્થયાત્રાની સંવેદના છે. ઇતિહાસનું અનુસંધાન છે. વિહારવ્રતનો મહિમા છે.

ભારતમાં અને ભારતબહાર ગુજરાતી વાંચન કરનારા ભાવિકોએ **સાધુ તો ચલતા ભલા**-ને અઢળક આવકાર આપ્યો છે. અમેરિકામાં રહેતા એક ભાઈ આ પુસ્તક વાંચીને ખાસ તીર્થયાત્રા માટે ભારત આવેલા, એવું બન્યું છે. **સાધુ તો ચલતા ભલા-૨** ને બેવડો આવકાર મળશે તેવો અતૂટ વિશ્વાસ છે.

**— પ્રવચન પ્રકાશન**

# બીજો મુકામ

વિહારના અનુભવો ભૂલવા માટે નથી હોતા. નાનપણથી માંડીને આજ લગી જેટલા વિહારો કર્યા છે તેના અનુભવો અક્ષરશઃ યાદ છે, યાદ રહેવાના જ છે. વિહારમાં થયેલા અનુભવોનો અલગારી આનંદ શબ્દોમાં બાંધી શકાતો નથી. થોડું બંધાય - ઘણું બધું છૂટી જાય. મને ડૉ. કાર્લ રોજર્સના શબ્દો યાદ આવે છે.

Things we consider most personal are the most Genral.

જે અનુભવને આપણે અંગત બાબત માનીએ, વ્યક્તિગત સમજી લઈએ છીએ તે ખરેખર તો સૌ કોઈનો અનુભવ હોય છે. જે દુઃખને આપણે કેવળ આપણા જ અનુભવનું દુઃખ માનીએ છીએ તે ખરેખર તો બધાના અનુભવનું દુઃખ હોય છે. આ જ રીતે જે આનંદને આપણે કેવળ આપણા જ અનુભવનું સુખ માનતા હોઈએ છીએ તે આનંદ ખરેખર તો બધાના જ અનુભવનું સુખ હોઈ શકે છે.

મારાં નિજી ભાવનાવિશ્વમાં વિહારના અનુભવોએ જેવાં સ્પંદન જગાડ્યા છે, તીર્થયાત્રાએ જેવી સંવેદના ઝંકૃત કરી છે તેવું અનેક મહાત્માઓનાં સંયમજીવનમાં બન્યું છે. આ અર્થમાં **સાધુ તો ચલતા ભલા** - એ વિહારવ્રતધારી શ્રમણશ્રમણીભગવંતોની અનુભવગાથા છે. **કલ્યાણ** માસિકમાં ચાલતી આ લેખમાળા વાંચીને ગૃહસ્થો અત્યંત અભિભૂત થાય છે તે મારે મન ગૌણ વાત છે. મહાત્માઓને આ લેખમાળા ગમી છે તે મારી અંગત ઉપલબ્ધિ છે.

**સાધુ તો ચલતા ભલા**-નો આ બીજો મુકામ છે. હજી કેટલા મુકામ થશે તે ખબર નથી. ખબર એટલી છે કે હજી ઘણા વિહારો થશે. આગે આગે ગોરખ જાગે.

મહા વદ ૯ / ભેરૂતારકતીર્થ

**— પ્રશમરતિવિજય**

# અનહદ આનંદ

ઉત્તમ સપનું સાકાર થાય તેનો આનંદ જીંદગીભર જીવતો જાગતો રહે છે. અમારા પરિવારને પરમાત્માની પાવન કૃપાથી શ્રીનવાણું યાત્રા અનુષ્ઠાનનો સંપૂર્ણ લાભ મળ્યો હતો. મંગલ પ્રારંભ વિ. સં. ૨૦૬૧ કાર્તક વદ ૫, ગુરુવાર તા. ૨-૧૨-૨૦૦૪થી થયો હતો. સમાપન પોષ વદ ૫, રવિવાર તા. ૩૦-૧-૨૦૦૫ના દિવસે થયું હતું. આ બે માસમાં કેટલા બધા લાભ મળ્યા હતા ?

+ ૨૦૦થી વધુ નવાણું યાત્રાના આરાધકોની નિયમિત આરાધના, એકાસણામાં ઉત્તમ સરભરા.
+ સિદ્ધાચલજીમાં બિરાજમાન શ્રમણશ્રમણીભગવંતોની ભક્તિનો અણમોલ લાભ.
+ ગિરિરાજની યાત્રાઓ દોઢ ગાઉ - ત્રણ ગાઉ - છ ગાઉ - નવટૂંકની યાદગાર યાત્રાઓ. ગિરિપૂજાની અવિસ્મરણીય આરાધના.
+ છઠ કરીને સાત યાત્રા કરનારા બહુસંખ્ય આરાધકોની વિશિષ્ટ ભક્તિ.
+ રોજ સાંજે શ્રી પાર્શ્વનાથ ભગવાન સમક્ષ ભક્તિસંધ્યા.
+ નવાણું યાત્રા સમાપન નિમિત્તે શ્રીપંચદિવસીય જિનભક્તિ મહોત્સવ.
+ પોષ વદ ૫ રવિવાર તા. ૩૦-૧-૨૦૦૫ના શુભદિને દાદાના દરબારમાં માળારોપણ.

આ બધી એક એક લાઈનની વિગતો જે કાળે અને જે સમયે સાકાર બની હતી તે ઘડી અને તે પળનો હરખરોમાંચ તો અમે અને અમારો પરિવાર જ જાણે છે. કેવા ઉત્તમ દિવસો હતા ? કેવો અનુપમ લાભ મળ્યો હતો ?



અમને આ અનુષ્ઠાનનો લાભ મળ્યો અમારા પરમ ઉપકારી માતુશ્રી ચંદનબેન કનૈયાલાલ શાહની પ્રેરણાથી. અમારી પર ઉપકારોની હેલી વરસાવનારા માતુશ્રીએ પોતાના આતમાનો પૂરેપૂરો ખ્યાલ રાખ્યો છે તેની ગવાહી છે તેમની આ આરાધનાઓ :

૫૦૦ આંબેલ. નવપદજીની ૧૦૦ ઓળી. ૩૦૦૦ એકાસણાં. ૨ મોક્ષદંડક તપ. ધર્મચક્ર - કપાયજય - મેરૂશિખર - કર્મસૂદન - અક્ષયનિધિ - ગૌતમકમલ - નિગોદવારણ જેવાં તપ. છમાસી - ચારમાસી - ત્રણમાસી - દોઢમાસી તપ. ત્રણ ઉપધાન. સીમંધરસ્વામીના ૨૦ ઉપવાસ. વીશસ્થાનકની ઓળી. વર્ધમાનતપની ૩૬ ઓળી. ૬૮ અક્ષરમય નવકારનો તપ. સિદ્ધાચલની નવાણું યાત્રા અને અન્ય તીર્થોની અનેક યાત્રા.

અમારા માતુશ્રીની આ ધર્મસાધનાની અનુમોદના કરવાના શુભભાવ સાથે, શ્રી નવાણુંયાત્રા અનુષ્ઠાનનું આયોજન થયું હતું.

+ મા પાસેથી અમને ધર્મ મળ્યો. મા ધર્મ કરે છે તેની અનુમોદના કાજે અમે વિશેષ ધર્મ-અનુષ્ઠાનનો લાભ લીધો. મા પાસેથી મળેલો ધર્મ, મા નિમિત્તે સવાયો બન્યો. સંતાન માટે આથી મોટી કૃતજ્ઞતા અને આથી વિશેષ કૃતાર્થતા કંઈ હોઈ શકે ?
+ શ્રીનવાણુંયાત્રા અનુષ્ઠાનના નિશ્રાદાતા ગુરુભગવંતો, તપાગચ્છાધિરાજ, પૂજ્યપાદ આચાર્ય ભગવંત **શ્રીમદ્‌વિજયરામચંદ્રસૂરીશ્વરજી** મહારાજાના તેજસ્વી શિષ્યરત્નો પ્રવચનકાર બંધુબેલડી **પૂ. મુનિરાજશ્રી વૈરાગ્યરતિવિજયજી મ., પૂ. મુનિરાજશ્રી પ્રશમરતિવિજયજી મ.**ની પ્રેરણાથી ‘સાધુ તો ચલતા ભલા-૨’નાં પ્રકાશનનો લાભ અમને મળ્યો તેનો અનહદ આનંદ છે.

**ધાનેરા નિવાસી શ્રી કનૈયાલાલ અવચલદાસ પાનસોવોરા પરિવાર**

**રમેશભાઈ, અનિલાબેન, રાકેશ, કિંજલ, ક્ષિતિજ, સમીર, શ્વેતા, શૈશવ,**
**પ્રતીતિ, નિમિષા, જિજ્ઞેશકુમાર, રૂચિત**
**નરેશભાઈ, સ્મિતાબેન, ઐફી - આર્ય**

**ફર્મ : ચિરાગ જ્વેલર્સ, - 16-B, - શેક્સપિયર સરણી, બી.કે. માર્કેટ, કોલકાતા-૭૧.**

# સથવારો

પ્રકાશનું કિરણ સૂરજથી પૃથ્વી સુધીની યાત્રા કરે છે. ગંગા ગંગોત્રીથી સાગર સુધીની યાત્રા કરે છે. સહજપણે ચાલતી આ યાત્રાના મુકામ બદલાય છે. પણ પરોપકારનું તત્ત્વ કાયમ રહે છે. પ્રકાશનું કિરણ જ્યાંથી પસાર થાય તે જગ્યાને અજવાસથી ભરી દે. ગંગા ધરતીને હરિયાળી રાખે.

સાધુજીવનની વિહારયાત્રા પ્રકાશ જેવી અને ગંગા જેવી છે. જે સહજપણે થતી રહે છે. અનેકોનાં જીવન અજવાળતી રહે છે. હૃદયમાં ધર્મની હરિયાળી ખીલવતી રહે છે. સાધુઓ પ્રવાસ નથી કરતા. વિહાર કરે છે. વિહારમાં યાત્રા ગૌણ હોય છે. સાધના મુખ્ય હોય છે. સમતા વિહારની મંઝિલ છે.

**'સાધુ તો ચલતા ભલા'**ની વિહારયાત્રા એક મુકામ આગળ વધી છે. કાગળ પર અક્ષર બનીને વહેતી આ યાત્રા ઇતિહાસનું દસ્તાવેજી આલેખન નથી કે સાહિત્યિક પ્રવાસવર્ણન પણ નથી. **'સાધુ તો ચલતા ભલા'** સંવેદનાની સફર છે. થીજીને પથ્થર બની ગયેલો ઈતિહાસ અહીં સજીવન થયો છે. ઈતિહાસનું સંશોધન કરવું સહેલું છે, ઈતિહાસને સજીવન કરવો અઘરો છે. તમારી પાસે ભારોભાર સંવેદનશીલતા હોય તો જ મૃતપ્રાયઃ લાગતો ઈતિહાસ સજીવન થાય છે. મુનિરાજશ્રી પ્રશમરતિવિજયજીની સંવેદનશક્તિ એટલી જાગૃત છે કે તેમની સાથે પથ્થરો પણ વાતો કરે છે. તેમના દરેક શબ્દમાં સંવેદનાનો સ્પર્શ અનુભવાય છે. આ શબ્દો વાંચીને અનેક લોકોએ તીર્થયાત્રાની પ્રેરણા મેળવી છે. અનેક ભાવુકોએ આ પુસ્તક સાથે રાખીને તીર્થમાં ઐતિહાસિક પરિવેષની જીવંત અનુભૂતિ કરી છે.

આ સંવેદનાનો સથવારો મારાં જીવનનો સાચો આનંદ છે. આ સાત્ત્વિક સંવેદના, સમતાના સહારે સિદ્ધિગતિ સુધી લઈ જવા સક્ષમ છે.

ધૂળેટી, ૨૦૬૨ **— વૈરાગ્યરતિવિજય**

સીરોહી

## ઋણાનુબંધ

+ મારા પરમ તારક ગુરુદેવ
  તપાગચ્છાધિરાજ પૂજ્યપાદ આચાર્ય ભગવંત
  શ્રીમદ્ વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મહારાજા
+ વાત્સલ્યનિધાન સુવિશાલગચ્છાધિપતિ
  પૂજ્યપાદ આચાર્યભગવંત
  શ્રીમદ્ વિજય મહોદય સૂરીશ્વરજી મહારાજા
+ પરમ શ્રદ્ધેય ગચ્છાધિપતિ
  પૂજ્યપાદ આચાર્ય ભગવંત
  શ્રીમદ્ વિજય હેમભૂષણ સૂરીશ્વરજી મહારાજા
+ અનંત ઉપકારી પિતા ગુરુદેવ
  પૂ. મુનિરાજ શ્રી સંવેગરતિ વિજયજી મહારાજા
+ મારી જીવનયાત્રાના સંગાથી
  પૂ. પ્રાણપ્રિય બંધુ મુનિરાજશ્રી વૈરાગ્યરતિ વિજયજી મહારાજા
+ પંડિતવર્યશ્રી રજનીકાંતભાઈ પરીખ.

## પગથિયાં


| | | |
|---|---|---|
| ૧. | ઉમતા ગામનો રાજગઢી ટીંબો | ૧ |
| ૨. | વડનગરની વાતો | ૧૦ |
| ૩. | તારંગાજી-૧ | ૧૮ |
| ૪. | તારંગાજી-૨ | ૨૮ |
| ૫. | કુંભારિયાજી | ૩૮ |
| ૬. | આબુ ગિરિરાજ-વિમલવસહિ | ૪૮ |
| ૭. | આબુ ગિરિરાજ-લુણિગવસહિ | ૬૨ |
| ૮. | અચલગઢની આસપાસ | ૭૭ |
| ૯. | સરહદ | ૮૫ |
| ૧૦. | આબુના પડછાયા | ૯૧ |
| ૧૧. | ધોળકા અને કલિકુંડ | ૯૮ |
| ૧૨. | ધંધુકા | ૧૦૪ |
| ૧૩. | શત્રુંજય | ૧૧૧ |
| ૧૪. | શત્રુંજય | ૧૧૮ |
| ૧૫. | પાલીતાણાની આસમાની સુલતાની-૧ | ૧૨૬ |
| ૧૬. | પાલીતાણાની આસમાની સુલતાની-૨ | ૧૩૩ |
| ૧૭. | પાલીતાણાની આસમાની સુલતાની-૩ | ૧૪૪ |
| ૧૮. | ઘોઘાતીર્થ | ૧૫૪ |
| ૧૯. | પાટણ | ૧૬૨ |

# સાધુ તો ચલતા ભલા
## ૨

૧

# ઉમતા ગામનો રાજગઢી ટીંબો

**ચૈત્ર સુદ-૨ : કોબા**

એક જ નદીના સીમાડે વિહાર અટવાતો હતો. જીવ અકળાતો હતો. અકારું લાગતું હતું. સોનાનું પીંજરું અને હાથીદાંતનો મહેલ-કોઠે ન પડે તો આકરાં લાગે. ગતિ વિના પગ દુઃખતા હતા. ગામથી પરગામ જવાનું વિહારવ્રત પાળવા પર વિરામનો પડદો પડેલો હતો. શ્વાસ ભારે બની રહ્યા હતા.

આત્મકથાનાં જૂનાં પાનાઓ જેવો છેલ્લો વિહાર યાદ આવતો હતો. થાકીને ચૂરચૂર થઈ ગયેલા, પગમાં છાલાં પડેલાં, ગોચરીપાણી સુલભ બન્યા નહોતા-તે દિવસ યાદ આવતો હતો. વિહાર વધી ગયો તેમાં તડકો ચડી ગયો, અને ધાર્યા કરતા મુકામ વધારે લાંબે હતો તેથી સાંજના વિહારમાં અંધારાનું ચડી વાગ્યું, એ ઢળી ચૂકેલી ગોધૂલિવેળા સાંભરતી હતી. તીર્થમંદિરોના ઘંટનાદ, બીબાઢાળ ધર્મશાળાઓ, ગામોગામ બદલાતાં પાણી, હાઈવે પર ઘૂઘવાતો ટ્રાફિક સાઉન્ડ, કૂતરાઓનો જીદ્દી પીછો, ધૂળિયા ઉપાશ્રયો અને બીજું ઘણું બધું હતું, જે ભૂલાયું નહોતું.

વિહાર નક્કી થયો. એક સાથે બે સફર ચાલુ થવાની છે - તે સમજાયું. પગ ચાલશે રસ્તા પર, પૅન ચાલશે પાનાં પર. સાધુ તો ચલતા ભલા. જીવમાં જીવ આવ્યો છે. મમતા વિનાનું અવસ્થાન હવે રોજ કરવાનું છે.

**ચૈત્ર સુદ-૪ : માણસા**

ગામડાના રસ્તે ચાલતા જઈએ. મુલાયમ માટી પર પગ માંડવાના. કાંટો વાગ્યો હોય તેની ખબર ન પડે તેવી પોચી જમીન. નેળિયું પાર કરવાનો ગામઠી અનુભવ. સૂરજ ઉગવાને થોડી જ વાર હોય. પંખીઓના જુદા જુદા અવાજ કાને



પડે. થોડા ઓળખાય. ચકલી, પોપટ, કબૂતર, કાબર, કોયલ, હોલો. ઝાઝા ન ઓળખાય. એકદમ નવી જ જાતના અવાજો સાંભળીને એમ લાગે કે આપણું અજ્ઞાન કેટલું બધું વ્યાપક છે ? એ અવાજ ગણીએ. એક, બે, ત્રણ, ચાર, પાંચ...કોઈ અવાજ જાણીતો, કહો કે સાંભળીતો નથી. ખેતરે ખેતરે નવો પાક જોવા મળે. તમાકું, ઘઉં, એરંડો, વાલપાપડી, ઘાસચારો. પ્રત્યેક વનસ્પતિકાયની વિશાળ સૃષ્ટિ સોડમભેર વર્તાય. માટીના રસ્તે, પાણીનાં ટીપાં પડીને સૂકાઈ ગયા હોય તેવા ઝીણાં પગલાની આખી હારમાળા. કોઈ જગ્યાએ મરવો, કાચી કેરી.

એકદમ શાંત અને પ્રસન્ન વાતાવરણ. કલાકો સુધી ચાલીશું તોય થાક નહીં લાગે તેવો અનુભવ થાય. આસમાનમાંથી એવો આનંદ ઝરી રહ્યો છે કે દૂરદૂર ભસી રહેલા કૂતરાનો અવાજ પણ મીઠો લાગે છે.

માથે બેડાં મૂકીને જતી પનિહારીઓ. 'મા'ની આંગળી ઝાલીને ઝડપી પગલાં ભરતું બાળક. થોરની વાડ પાછળ સુકોમળ હરિયાળી. બળદનાં ગળે રણકતી ઘંટડી. ખભે ડાંગ મૂકી હડી કાઢતા ખેડૂઓ. આ ગામડું છે. ભારતની નિર્દોષતાની ભૂમિ.

**ચૈત્ર સુદ-૭ : ઉમતા**

રાજગઢીનો ટીંબો તૂટી ચૂક્યો છે.

માટીની ૪૦ ફૂટ ઊંચી ટેકરીને ધીમે ધીમે ઉતારી દેવામાં આવી છે. રાજગઢી પર પહેલાં, બહુ જ પહેલાં મહેલ હતો. એમાં ઉમ્મરસિંહ નામનો રાજા રહેતો. તેનાં નામથી આ ગામ ઉમતા તરીકે ઓળખાતું થયું. એ મહેલ ખંડેર થયાને વરસો વીત્યાં. ગાયકવાડની સરકારે રાજગઢી પર સ્કૂલ બંધાવી. સવાસો વરસ સુધી એ સ્કૂલ ચાલી. ટીંબાની તળેટીમાં દુકાનો ગોઠવાતી ગઈ. હજી થોડાં વર્ષો પૂર્વે જ એક નવી દુકાનને પાકી બાંધણી આપવા ટીંબાની સપાટીનું થોડું ખોદકામ થયું. માટીની પાછળથી શિલ્પબદ્ધ ભીંત નીકળી. ટીંબાની ભીતરમાં મંદિર છે તે નક્કી થઈ ગયું. સરકારનું પુરાતત્ત્વ ખાતું કામે લાગ્યું. થોડું ખોદકામ કરીને એ અટકી ગયું. ઉમતા ગામના શ્વેતાંબર જૈન સંઘે પુરાતત્વ ખાતાનાં અધિવીક્ષણ તળે ખોદાવવાનું ચાલુ રાખ્યું. ૧૮ જૈન મૂર્તિઓ નીકળી. સરકારી

નિયમ મુજબ પુરાતત્ત્વના કબજામાં રહેલી વસ્તુ સંઘની માલિકીની બની નથી શકતી. પરંતુ આ મૂર્તિ આપણને મળી. ખોદકામ ચાલતું રહ્યું. બીજી ૫૬ મૂર્તિઓ મળી આવી. એ તો ઠીક. ટીંબો ધીમે ધીમે ખોદી કાઢ્યો તેની નીચેથી સોલંકીયુગનું સુંદરમજાનું દેરાસર નીકળી આવ્યું. ખોદકામ સંભાળીને કરવું પડ્યું હતું. ટીંબાની માટી નીચે ઈંટની ભીંત હતી. એ તોડી તો રેતીના થર હતા. એને વિખેર્યા. આખી સૃષ્ટિ ઉઘડી આવી. આયોજનપૂર્વક દાટી દેવામાં આવ્યું હોય તેમ બધું પથરાયું હતું.

દેરાસરનાં મૂળમંદિરની સામે ચોકમાં શિખરના ટુકડાઓ, તોરણો, શૃંગારિકાઓ ઢગલામાં મૂકાયાં હતાં. દેરાસરના બે વિભાગ. એક મૂળમંદિર. બીજો, ભમતીની લગભગ ૨૬ દેરીઓ. મૂળમંદિર અને ભમતી વચ્ચેનો ચોક કોતરણીવાળા પાષાણખંડોથી ભરાઈ ગયો હતો. માટીના થર ચડેલા હતા તે ઉતરતા ગયા. મૂળમંદિરનાં પડખેથી એકી સાથે ૫૬ મૂર્તિઓ મળી. તેમાં બે દેવીની મૂર્તિઓ હતી.

છાપામાં સમાચારો આવ્યા. ટીવી પર ન્યૂઝ વહેતા થયા. ગામોગામથી લોકો દર્શનાર્થે આવતા થયા. મૂર્તિઓ શ્વેતાંબર આમ્નાય મુજબની પણ હતી અને દિગંબર આમ્નાય મુજબની પણ હતી. બે પક્ષ થયા. વહેંચણીનો થોડો વિચાર થયો. મામલો કૉર્ટમાં પહોંચ્યો. શ્વેતાંબર મૂર્તિ શ્વેતાંબરોને મળે અને દિગંબર મૂર્તિ દિગંબરોને મળે, તેવો ફેંસલો આવ્યો. દેરાસર કોનું ? આ પ્રશ્ન હતો જ. સરકારનો નિર્ણય જાહેર થયો, આ મંદિર પુરાતત્ત્વખાતાની માલિકીમાં રહેશે, તેને પર્યટન સ્થળ તરીકે વિકસાવવામાં આવશે. અત્યારે સરકારે ટીંબાના વિસ્તારમાં કૉમ્યુનિટી હોલ બાંધી લીધો છે.

અમે ઉમતા આવ્યા ત્યારનું આ ઉપલક અવલોકન હતું. સાંજે તો નીકળવું હતું એટલે થોડા કલાકોમાં બધું જાણી લેવાની ભાવના હતી. માહિતી મળતી ગઈ. એક અનિશ્ચિત ભાવિની કલ્પના મનમાં ઘડાતી ગઈ.

આ ગામમાં દિગંબરોનું કોઈ ઘર નહોતું. ગામના ઈતિહાસમાં ક્યાંય તેમનું નામ કે નિશાન નથી. રાજગઢી ટીંબાનાં મંદિરમાંથી દિગંબર મૂર્તિઓ નીકળી તે જ દિવસે ઉમતા ગામમાં આ મૂર્તિઓ માટેનાં મંદિરની તૈયારીઓ તેમણે શરૂ કરી. પ્રાચીન મંદિર મળે તેમ નથી. તેમણે ઉમતા ગામમાં એક ભાડાનું



મકાન લીધું. આ પહેલી તૈયારી. ૫૬ મૂર્તિઓ મૂકવા માટેની જગ્યા તરીકે એ મકાન સરકારને બતાવ્યું. સરકારે મૂર્તિઓ રાખવા એ મકાન પસંદ કર્યું. મકાનની બહાર તકતી લગાવવામાં આવી કે 'આ મકાન અને મૂર્તિ સરકારની માલિકી હેઠળ છે.' પહેલી નજરે એમ જ લાગે કે મૂર્તિ સલામત રીતે સચવાય છે. અમે આ આશ્વાસન સાથે તે મૂર્તિ જોવા ગયા. આઠ વાગે એ મકાન ખૂલી જતું હોય છે. આજે એ મકાનને તાળું લાગેલું હતું. ૧૦-૩૦ વાગ્યા હતા. તાળું મારનાર ચાવી લઈને દિગંબર મહારાજ પાસે ગયો હતો. અમારે બહાર ઊભા રહેવું પડ્યું. રાહ જોઈ. ચાવી આવી. જાળી ખૂલી. અંદરનો દરવાજો ઉઘડ્યો. હૉલ મોટો હતો. ભીંત પર દિગંબર બાપજીના ફોટાઓ હતા. એક તરફ દિગંબર ધર્મના પ્રચારકની ભૂમિકા ભજવતી આર્યિકાઓ પણ ફોટામાં બેઠી હતી. ભગવાનની સામે પૂજાપાઠની ચોપડીઓ દિગંબર વિધિ મુજબની હતી.

આનો અર્થ કેવળ એટલો જ થાય કે મૂર્તિઓ દિગંબરોનાં મકાનમાં હતી, તેમના કબજામાં. મકાનની બહાર તેમના કોઈ તીર્થની પ્રસિદ્ધિનું પાટિયું જડ્યું હતું. દિગંબર સંઘના કાર્યક્રમના બૅનરો બહાર હવામાં ઝૂલતાં હતાં. મકાનની બહાર પણ દિગંબર સામ્રાજ્ય હતું. આમાં આપણા ભગવાન હતા.

દૃષ્ટિ મૂર્તિઓ સાથે જોડાઈ. હૉલના પ્રવેશદ્વારની સામે ઓટલો ઊભો કરીને તેની પણ ત્રણ શ્રેણિમાં મૂર્તિઓ રાખવામાં આવી છે. ભીંતને અડીને ઓટલો બનાવી લગભગ આખી ભીંતને ટેકે મૂર્તિઓ મૂકાઈ છે. જેટલી ઊભી મૂર્તિઓ છે તે દિગંબર - આમ્નાય મુજબની છે તે દેખાતું હતું.

ભગવાન જિન હતા, તીર્થંકર નામકર્મના ધણી હતા. તેમને અનાવરણ અવસ્થા શોભે. મૂર્તિમાં અનાવૃત્ત દશા જોવાનું ગમ્યું નહીં. આંખો આ માટે ટેવાઈ નથી. આ વારસો છે. આ મર્યાદાને લીધે જ દિગંબરોને ફાવતું મળે છે. **આપણે અનાવૃત્ત મૂર્તિને દિગંબર માનીને છૂટી જઈએ છીએ. આપણે મન તો કેડે કંદોરો હોય તે જ આપણી મૂર્તિ હોઈ શકે. આ ભ્રમ છે. અસલમાં શ્વેતાંબર ને દિગંબરના ભેદ પડ્યા નહોતા ત્યારની પ્રતિમાઓ બને છે. અનાવૃત્ત અવસ્થાની મૂર્તિ ત્યારે બનતી.** એ પ્રતિમાઓ તીર્થોમાં રહેતી. દિગંબર શાખા નવી નીકળી. તેમાં પણ દિગંબરોમાં તેરહપંથ નીકળ્યો. સં. ૧૬૮૦ની સાલમાં. તેમણે મૂર્તિપૂજાનો વિધિ બદલ્યો. દિગંબરોમાં જ વીસપંથીઓ જુદા પડ્યા.

બંનેની પૂજાવિધિમાં ફેર આવે તેથી અંદરઅંદર સંઘર્ષ થતા. આ તેરહપંથીઓ સાથે જ આપણો આ મુદ્દે સંઘર્ષ થવા માંડ્યો. વીસપંથીઓની પૂજાવિધિ આપણા જેવી જ હોવાથી તેની સાથે વાંધો પડતો નહીં.

આમરાજાની કથાનું એક પ્રકરણ આ ઈતિહાસ સાથે સંકળાયેલું છે. ગિરનારની તળેટીમાં દિગંબર સંઘ અને શ્વેતાંબર સંઘ વચ્ચે ભારે અથડામણ થઈ હતી. દિગંબરો બાર બાર રાજવીઓને લઈને યુદ્ધ કરવા માટે તૈયાર થયા હતા. શ્વેતાંબરો તરફથી આમરાજા એમને એકલે હાથે મહાત કરવા માંગતો હતો. શ્રી બપ્પભટ્ટિસૂરિજી મહારાજા વચ્ચે પડ્યા. બંને સંઘ વચ્ચે સમાધાન થયું. તે વખતે પ્રાયઃ વિ. સં. ૮૯૦માં સંઘસ્તરે નિર્ણય લેવાયો કે શ્વેતાંબરોની મૂર્તિ અનાવૃત્ત ન હોવી જોઈએ. આજે વિ. સં. ૨૦૬૦ ચાલે છે. એ ઘટનાને વરસો થઈ ગયા છે. એટલે અનાવૃત્ત મુદ્રા માટે આંખો ટેવાતી જ નથી.

દિગંબર આમ્નાયની મૂર્તિ જો દિગંબરોની ગણાય તો દિગંબર કરતા જુદા આમ્નાયની મૂર્તિ શ્વેતાંબર ગણાય. માટે દિગંબર મૂર્તિ દિગંબર રાખે અને શ્વેતાંબર મૂર્તિ શ્વેતાંબર સંઘ રાખે તેવી સમજૂતી ઉમતા ગામે થઈ છે. પણ દિગંબરો બધી જ મૂર્તિને પોતાની ગણે છે. મળેલું બધું જ પોતાની પાસે રાખવા માંગે છે. આ દાનત સાથે હવે તેમને બાંધછોડ કરવી પડી છે કેમ કે કાયદાની લડાઈમાં બંને પક્ષને સાંભળ્યા બાદ સરકારી કૉર્ટે મૂર્તિઓને જપ્ત કરી લેવાનું વિચાર્યું હતું. એક જ પક્ષને બધી મૂર્તિ અપાય નહીં. બંને પક્ષની નીતિ જુદી હતી. શ્વેતાંબર પક્ષ દિગંબરોને તેમની મૂર્તિ આપવા તૈયાર હતો. પોતાની મૂર્તિ રાખવાની તેમની ભાવના અધિકૃત હતી. દિગંબરો તો પોતાના જ ફાળે બધું જમા કરવા માંગતા હતા. સરકારે આ તાલ જોઈને પોતાનો ઈદં તૃતીયમ્ નિર્ણય જાહેર કર્યો. બંને સંઘની ફરીથી બેઠક થઈ. ગામના ભગવાન્, ગામ બહાર કોઈ શહેરના મ્યુઝિયમમાં ચાલ્યા જાય તે ગમે નહીં, માટે બાંધછોડ કરવાની દિગંબરોને ફરજ પડી.

જમીનમાંથી પ્રાપ્ત થયેલી મૂર્તિઓ તો બીજી પણ છે. આજે આપણાં જિનાલયમાં ગભારાની બહાર બે કાઉસ્સગ્ગિયાજી બિરાજમાન છે. તે જમીનમાંથી નીકળ્યા છે. બીજી વખત, બે ભવ્ય પ્રતિમા મળી હતી. એક ખંડિત હતી તે વિસર્જીત કરી દેવાઈ. બીજી મૂર્તિ શ્રીચંદ્રપ્રભસ્વામી ભગવાનની છે તે



સંઘનાં દેરાસરે છે. આ પ્રતિમાજીને અમદાવાદમાં આપી દેવાની તૈયારીઓ થઈ ચૂકી હતી. પરંતુ ગામમાં ચારપાંચ ભાગ્યવાનોને સપનું આવ્યું કે 'ભગવાન્ બહાર જવા માંગતા નથી' આ સપનાને લીધે ભગવાનને ગામમાં જ રાખી લીધા. આ બન્યું તેના પંદરમા દિવસે રાજગઢીમાંથી બીજા ભગવાન્ મળી આવ્યા. એમાં દિગંબરોની મૂર્તિ તેમને સુપરત કરીને આપણી મૂર્તિ આપણે રાખી લીધી. એ અઢાર મૂર્તિઓ હતી. બીજા તબક્કે ૫૬ મૂર્તિઓ નીકળી તે બધી આજે દિગંબરોનાં ભાડાનાં મકાનમાં છે. હજી પણ દિગંબરો મૂર્તિની સોંપણી બાબતે કેવું વલણ દાખવે છે, તે તો આવનારા દિવસો પર અવલંબે છે. કાયદાની દૃષ્ટિએ શ્વેતાંબર આમ્નાયની દરેક મૂર્તિ તેમણે આપણને લેવા દેવી જોઈએ. એમનું વલણ સહકારભર્યું નથી. શ્વેતાંબર મંદિરના પૂજારીજી એ મૂર્તિઓની પૂજા કરવા ગયા તો એમને દિગંબરવિધિથી જ પૂજા કરવાનું કહેવામાં આવ્યું. શ્વેતાંબરવિધિ પ્રમાણે પૂજા કરવાની સ્પષ્ટ ના ભણી દીધી. શ્વેતાંબર પૂજારી અને ટ્રસ્ટીઓ એક સવાલ પર અટકી ગયા : કોણ કજીયો કરે ?

અમે તો નજરે જોઈ આવ્યા. આપણને નાની અને સાદી મૂર્તિઓ આપી દેવાની તેમની નેમ છે. દિગંબરોએ પોતાનું પલ્લું ભારે કરવા, તેમના એક દિગંબર બાપજીને ઉમતામાં રહેવા સમજાવી લીધા છે. તે આરએસએસ અને ભાજપ સાથે ગૃહવાસથી સંકળાયેલા છે. બાબરીધ્વંસ વખતે હથોડો ઝીંકીને જેલવાસ ભોગવી આવ્યા છે, દીક્ષાપૂર્વે. આજે તે મંત્રતંત્રદોરાધાગા દ્વારા અજૈન સમાજને આવર્જીત કરી રહ્યા હોય એમ સંભવે છે, ગામ માટે મોટું દવાખાનું ખોલાવવાના છે, મળી આવેલી મૂર્તિઓ માટે ગામ બહાર જમીન ખરીદી છે. ત્યાં નવું તીર્થક્ષેત્ર વિકસાવવાના છે. ગામ તેમની સાથે છે. હમણાં તેઓ વિશ્વશાંતિ યજ્ઞ કરાવી રહ્યા છે. પ્રભુમૂર્તિનો મહામસ્તકાભિષેક કરાવવાના છે. આ સાધુજી સાથે દિલ્હી, એમપી, મદ્રાસ, મહારાષ્ટ્રના તેમના સંઘો સંલગ્ન થયા છે. તેમનું પ્રચારતંત્ર અને સંખ્યાબળ તેમણે કામે લગાડ્યું છે. દૂરદૂરથી લોકો આવે છે. આપણું દેરાસર પ્રાચીન છે. નવું કાંઈ ઊભું કરવાનું નથી. પ્રતિમાઓ મળી જશે તો તે મંદિરમાં બિરાજીત કરવાની છે. દિગંબરોને તો પહેલેથી એકડો ઘૂંટવાનો છે. તેઓ જાનની બાજી લગાવીને મચી પડ્યા છે. ગામ લોકોની પેઢીઓ રાજગઢીની સ્કૂલમાં ભણી છે, તેઓ જૈન નથી છતાં રાજગઢીમાંથી નીકળેલા

ભગવાનનાં નવાં મંદિરની વાતે પ્રભાવિત છે. જાણે દિગંબરોના ભગવાન નીકળ્યા અને દિગંબરો તીર્થ બનાવી રહ્યા છે તેવું એકતરફી વાતાવરણ સર્જાઈ ગયું છે. આપણે આપણી મૂર્તિ માંગીશું તેના અર્થઘટન રૂપે તે લોકો શો અવળો પ્રચાર કરશે તે સોચી શકાતું નથી. આ જમાત બીનભરોસાપાત્ર છે તે અંતરિક્ષ, શિખરજી જેવાં તીર્થોનાં પ્રકરણોથી પૂરવાર થઈ ગયું છે. આ મૂર્તિઓ આપણને મળી જાય તો સારું છે. મળી જ જશે તેમ માનવું ગમે છે.

જે નથી મળવાનું તે યાદ આવે છે : ખોદકામ દરમ્યાન સરસ્વતી દેવી અને અંબાદેવીની મૂર્તિ પણ નીકળી છે. આરસ પાષાણની બનેલી. એમાં સરસ્વતીજીની પ્રતિમા તો અદ્‌ભુત છે. ધવલરંગી આરસ સારી જાતનો વાપર્યો છે. મૂર્તિની મુખમુદ્રા પ્રમુદિત છે. મૂર્તિનાં ગળે ઝૂલી રહેલા હાર કોતર્યા છે. પગમાં ઝાંઝર અને ઘૂંઘરું બજે છે. પગના અંગૂઠા કરતા તર્જની લાંબી બતાવી છે. વસ્ત્રસજ્જા મનોહર છે. એક હાથમાં રહેલી વીણા નાજુક નમણી છે. બીજા હાથમાં પોથીનાં પાનાં છે.

વીસનગરમાં મોટા દેરાસરે ગભારાની ડાબી તરફ વિ. સં. ૧૫૨૨ના શિલાલેખવાળી સરસ્વતીમૂર્તિ છે. તેની પર પ્રતિષ્ઠાચાર્ય શ્રી લક્ષ્મીસાગરસૂરિજી મ.નું નામ પણ છે. રાંતેજ, સુરત વડાચૌટામાં સરસ્વતીની બેનમૂન પ્રતિમાઓ છે. પરંતુ અહીંની પ્રતિમા અલૌકિક છે. મા સરસ્વતી-દેવીરૂપે પ્રકટ થયા હોય, આછેરાં સ્મિત સાથે બોલતા હોય ને બોલવાની ક્ષણે જ પથ્થરમાં પરિવર્તિત થઈ ગયા હોય, તેવા જીવંત લાગે છે.

બંને દેવીની મૂર્તિની સાથે અઢી કિલોના સોનાના દાગીના અને નીલમની વીંટી પણ નીકળી છે. દિગંબરોમાં આ દેવી હોતી નથી અને આભરણપૂજા તો કદાપિ તેમણે માન્ય રાખી નથી, માટે આ બે દેવીઓની પ્રતિમાઓ આપણને જ મળવાની હતી. નિશ્ચિત હતું. દિગંબરોએ કહ્યું કે 'આ મૂર્તિ અમારી જ છે.' વિવાદ લાંબો ન થાય માટે સરકારે નિર્ણય લીધો કે 'બે દેવીનું મંદિર ગામમાં જુદું બનાવવું, ખર્ચો બંને સંઘે કરવો. દેવીઓનું મંદિર ગામ સંભાળે.'

આમ પુરાવા આપણી તરફેણમાં હોવા છતાં મૂર્તિ આપણા હાથમાં આવી નથી શકી. દાગીના પંચાયતે કબજામાં રાખ્યા છે, સીલબંદ. મંદિર પુરાતત્ત્વ ખાતાનું છે. મૂર્તિઓ આજ લગી તો હાથમાં સોંપાઈ નથી. દિગંબરો શું



કરશે તે કહી શકાતું નથી.

ઉમતામાં આ દેરાસર નીકળ્યું તે કોણે બંધાવ્યું હશે તેના પુરાવા શોધવામાં આવ્યા. એક કડી મળી છે. મંત્રીશ્વર ઉદયનના બે પુત્ર. બાહડ અને આંબડ. આંબડનો પુત્ર કુમરસિંહ. તેણે આ મંદિર અને મૂર્તિ બનાવ્યા છે. આ ગામમાં મંદિર બનાવ્યું તો એ ટીંબામાં કેવી રીતે દબાઈ ગયું ? આ સવાલ પર પણ શોધખોળ ચાલી છે.

ઈ. સં. ૧૩૬૦ પૂર્વે આ ગામની જાહોજલાલી ખૂબ હતી. આસપાસનો ઈલાકો સમૃદ્ધ હતો. અલ્લાઉદ્દીન ખીલજીના સેનાપતિ મલેક ઠાકુરે આ ગામને લૂંટીને બાળી નાંખ્યું હતું. ઈ. સં. ૧૩૬૦માં આ બનાવ બન્યો. પછી બે વખત આ ગામ વસ્યું. બંને વખત તેની પર આક્રમણ થયું અને ગામ જ આખેઆખું બાળી નાંખવામાં આવ્યું. જમીનમાં ઊંડું ખોદતા આજેય રાખોડા નીકળી આવે છે. આટલું ઓછું હોય તેમ ઈ. સં. ૧૭૨૬માં મરાઠા સરદાર કંતાજી બાંડેએ આ ગામને લૂંટીને બાળી નાંખ્યું હતું. ચાર વખત બળી ચૂકેલાં ગામને પાંચમો ફટકો કુદરતનો વાગ્યો. ઈ. સ. ૧૮૨૫માં રૂપેણ નદીમાં ભયાનક પૂર આવ્યાં તેમાં આ ગામ તારાજ થઈ ગયું.

રાજગઢી માટે અનુમાન એવું છે કે, મુસ્લિમ આક્રમણો મંદિરને આગનો ભોગ ન બનાવે અને મૂર્તિને હથોડાથી ભાંગી ન નાંખે તેવા ઉમદા આશયથી આજુબાજુના વિસ્તારની ઘણી મૂર્તિઓ ભેગી કરવામાં આવી હશે. તે બધી આ મંદિરનાં અંદરના ચોકમાં મૂકી હશે. તે મૂર્તિઓ તૂટે નહીં માટે ઇંટોડાની પાળી કરી તેમાં મૂર્તિઓ પધરાવીને તેની પર રેતીના ઢેર પાથર્યા હશે. જ્યાંથી, જેટલી અને જેવી મૂર્તિ આવી તે સમાવી લીધી હશે. ટીંબો ચણતી વખતે મંદિરનાં શિખર તોડીને તેના ટુકડા મંદિરના જ ખોળે પાથરી દીધા હશે.

આજે મંદિર ટીંબાની બહાર આવી ચૂક્યું છે. અમે આ મંદિરને મધ્યાહ્નના સમયે ભરઉજાળે ધ્યાનથી જોયું. શિલ્પકલા સુંદર છે. ગૂઢમંડપ અને ગભારો બંને નાના છે. ગભારામાં એક જ મોટા ભગવાન્ હશે તેવું લાગે છે. દિગંબરોની ઊભી મૂર્તિઓ માઈ ન શકે તેવી નાની દેવકુલિકાઓ છે. તેમાં ઝાંખરા ઊગી ગયા છે. મૂળનાયક પ્રભુના પબાસણ પર તડકો પથરાયો હતો. શિખર અને ગુંબજ જમીનદોસ્ત થઈ ચૂક્યા છે. દેવકુલિકાઓમાં ક્યાંક માર્બલ

વપરાયો છે, ક્યાંક ખારો પથ્થર. મંદિર તૂટ્યું છે પરંતુ તેમાં ભાંગતોડ કરી છે તેવું નથી દેખાતું. સાચવીને મંદિરની શિલાઓને નીચે ઉતારી મૂકી છે દેખાઈ આવે છે.

એ કેવી અસહાયદશા હશે ? એ કેવો અજંપો હશે ? એ નિર્ણય લેનારાઓની લાગણી કેટલી બધી ખળભળી હશે ? મૂર્તિને દાટી દેતાં હાથ ધ્રુજ્યા જ હશે ? અનવદ્ય સૌન્દર્ય ધરાવતી પ્રતિમાઓનો વિજોગ ગામથી જીરવાયો નહીં હોય. જેની ધાસ્તી હશે તે વિધર્મી આક્રમણ આવ્યું હશે. ગામ આગની લપેટમાં અને કત્લેઆમમાં ફસાયું હશે. એ આક્રાન્તાઓ મારમાર કરતા બીજે નીકળી ગયા હશે. અધમૂઆ અને લોહીલુહાણ ભક્તોએ રાજગઢી ટીંબે આવીને તેની ધૂળ માથે લેતાં પ્રાણ ત્યાગ્યા હશે. અમારા નાથ સલામત રહ્યા—તેનો પરમ સંતોષ તેમણે માન્યો હશે. એ ભક્તિવારસો આજે વરસોનાં વહાણા બાદ જાગી રહ્યો છે. ભગવાન્ બહાર પધાર્યા છે. હવે આક્રમણનો ભય નથી.

આ ગામના જૂના માણસો એવું માની રહ્યા છે કે હજી ઘણા ભગવાન્ જમીનમાં છે. કાળ જાગશે તેમ એ બહાર આવશે. ઉમતા નાનું ગામ છે. નકશામાં બહુ જાણીતું નથી. જૈનોનાં ઘરો ઘણાં હોવા છતાં ખુલ્લું ઘર એકાદથી વધુ નથી. ઉમતા સંઘ એકલે હાથે પ્રભુરક્ષાની નૈયા હંકારી રહ્યો છે. પ્રભુકૃપા કરે, સૌ સારાં વાનાં થાય તો ભયો ભયો.

**(વિ. સં. ૨૦૬૦)**

❄ ❄ ❄

૨

# વડનગરની વાતો

**ચૈત્ર સુદ-૮ : વડનગર**

સવારના વિહારમાં ઉતાવળ નહોતી. ઉમતાથી વડનગર છ કિ.મી. થાય તેમ વીસનગરમાં જાણવા મળ્યું હતું. આરામથી નીકળ્યા. હાઈવેથી અંદર વળીને નાના રસ્તે વડનગર તરફ ચાલવાનું હતું. પર્યુષણાનાં દિવસો સાથે વડનગર સંકળાયેલું છે.

રાજા ધ્રુવસેનનો જુવાનજોધ દીકરો મરી ગયો તેના શોકને હળવો બનાવવા કલ્પસૂત્રનું વાંચન ગૃહસ્થ સમક્ષ એટલે કે શ્રાવકસભા સમક્ષ પહેલી વાર કરવામાં આવ્યું હતું. એ કલ્પસૂત્રનું વાંચન વીર સંવત્ ૯૯૩માં થયું હતું. એ વાંચન કરવામાં આવ્યું ત્યારે પ્રતમાં જોઈને વંચાયું હતું કે મુખપાઠ કરવામાં આવ્યો હતો ? ખબર નથી. પિસ્તાલીસ આગમમાં કેવળ આવશ્યક સૂત્રો જ ગૃહસ્થો ભણી શકે છે. બાકી કોઈ આગમના મૂળ શબ્દો ગૃહસ્થો ભણી શકતા નથી. આ વડનગરમાં ગૃહસ્થોને કલ્પસૂત્ર સાંભળવાનો અધિકાર મળ્યો. મૂળ શબ્દો કાને પડે તેનો લાભ નાનોસૂનો નથી. એ યુગમાં સંવત્સરીના દિવસે બારસાસૂત્ર વંચાયું હશે, એ પવિત્ર આગમિક અક્ષરોના અર્થો સમજાયા નહીં હોય છતાં કોઈએ કશી ફરિયાદ કરી નહીં હોય. સૂત્રકાર મહર્ષિનાં લયબદ્ધ સૂત્રોનો એકધારો આલાપ મંત્રાક્ષરોની જેમ બેઠી અસર જમાવે છે. દારૂ પીને તબલાં વગાડનારા ઝાકિર હુસૈન, શરણાઈ વગાડનાર બિસ્મિલ્લાખાં કે સંતૂરવાદન કરનાર શિવકુમાર શર્માની કૅસૅટ્સ આજે ધૂમ વેચાય છે. એમનો લાઈવ-શૉ જોવો તેને લહાવો માનવામાં આવે છે. અમદાવાદમાં પચીસ વરસથી

'સપ્તક' યોજાય છે. ભારતીય સંગીતનો જલસો હોય છે. ખ્યાતનામ કલાકારોને સાંભળવા ભીડ ઉમટે છે. મને સવાલ એ થાય છે કે તબલાં, શરણાઈ, સંતૂર, વીણા, બંસરી, વાયોલિન (બેલા), સિતાર, મેંડોલીન જેવાં વાદ્ય સાંભળતા હોઈએ ત્યારે અર્થની સમજ કદી પડતી નથી. લય પકડાય છે અને માથું ઝૂમવા લાગે છે. આ વાજીંત્રોની સામે, અર્થ સમજાતો ન હોવાની ફરિયાદ નથી થતી. બારસાસૂત્રનો અર્થ સમજાતો નથી તેમ આજે બોલાતું થયું છે. શ્રીભદ્રબાહુ સ્વામીજી મહારાજાની જીવનસાધનામાંથી નીપજેલા એ પવિત્ર શબ્દો, દશાશ્રુત-સ્કંધની અંતર્ગત રહેનારા એ શબ્દો - વડનગરની ભૂમિ પર જાહેર ઉદ્‌ઘોષ પામ્યા. આ અલૌકિક સદ્‌ભાગ્યનો વારસો આશરે ૧૬૦૦ વરસથી અજોડ રીતે વહેતો વહેતો વર્તમાન સમય સુધી પહોંચ્યો છે. દશાશ્રુતસ્કંધ પર કેવળ એક ચૂર્ણિ રચાઈ છે. કલ્પસૂત્ર પર તો આઠથી દસ સંસ્કૃત ટીકાઓ લખાઈ ચૂકી છે. મહાભારતમાં ગીતા સમાવિષ્ટ છે પરંતુ મહાભારત કરતાં ગીતા વધુ પ્રચાર પામી. તો દશાશ્રુતસ્કંધમાં કલ્પસૂત્ર સમાવિષ્ટ છે પરંતુ દશાશ્રુત કરતાં કલ્પસૂત્ર વધારે પ્રસિદ્ધ છે. કલ્પસૂત્ર સૌથી વધારે લખાયું પણ છે. વડનગરની પંચભિઃ દિવસૈઃ અને નવભિઃ ક્ષણૈઃ અપાયેલી ઐતિહાસિક વાચનાએ કલ્પસૂત્રના ભાવ ઊંચકી લીધા. આજે પર્યુષણામાં કલ્પસૂત્ર જ ન હોય તો શું મજા આવે ? ઉમતાથી વડનગરના રસ્તે જતાં આવા આવા વિચાર આવતા હતા.

વડનગર સમગ્રસંઘવ્યાપી નિર્ણયની ઘડતરભૂમિ છે. એ રાજા, એનો ઈન્દ્ર મહોત્સવ અને એ શ્રી કાલિકાચાર્ય ભગવંત. સમયની સોનેરી મોસમ હશે. આનંદપુર, મદનપુર, ચમત્કારપુર, વૃદ્ધનગર અને વડનગર. પાંચ નામ અને એક શહેર. લગભગ દોઢ હજાર વરસ જૂનો ઇતિહાસ. વલ્લભીપુરની સમાંતરે આ નગરીનું શાસન ચાલ્યું હશે. સોમસૌભાગ્યમાં ઉલ્લેખ છે તે મુજબ વડનગરમાં શ્રી મહાવીરસ્વામી ભગવાનની જીવિતસ્વામી પ્રતિમા હતી. કુવલયમાલામાં શ્રી ઉદ્યોતનસૂરિજી મહારાજાએ આકાશવપ્રનગરનું વર્ણન કર્યું છે તે આ જ વડનગર છે. અહીં ૩૬૦ દેરાસર હતાં, ૩૬૦ વાવ હતી. ૩૬૦ પગથિયાંવાળી એક મોટી વાવ હતી. ૨૫ પગથિયાનો એક માળ ગણીએ તો એ વાવ સાત માળ ઊંડી હશે. સાત માળનું ઊંડાણ લેવા પગથિયાની, માળે માળે નીચે ઉતરતી સાત માળ સુધીની ઘણી લંબાઈ લેવી પડી હશે. સાતે માળે બેઠકો



હશે. વાવનાં પાણી પર ઝળૂંબતા ઝરૂખા હશે. વાવનાં પાણીને ઉપરથી જોનારા લોકો સાતમા માળ તરફ ડોકાતા હશે, ચક્કર આવી જતા હશે. તો વાવના સાતમા માળે પાણીમાં પગ ઝબોળીને ઉપર જોનારને આકાશનો એક ટુકડો કેવો ઝળહળ દેખાતો હશે ? વડનગરમાં શ્રીમંતોની હવેલીઓ હશે, રાજાના મોટા મહેલો હશે. બગીચા અને તળાવ અને કિલ્લો અને ખાઈ હશે. મોટું સ્મશાન પણ હશે.

કલ્પસૂત્રની વાચના વડનગરને ચિરસ્થાયી યશ આપે છે. એમ લાગે છે કે આ નગરમાં ચોમાસું કરવું જોઈએ. કલ્પસૂત્ર વાંચવું જોઈએ. એ વિના વડનગરના તે કાળ અને તે સમયને જુહારી શકાશે નહીં.

જો કે, સપનાં જોવાય નહીં તે યાદ રાખ્યું છે, એટલું સારું છે.

**ચૈત્ર સુદ-૯ : ખેરાળુ**

શત્રુંજયની તળેટીમાં ગઈકાલનો એક દિવસ રહેવા મળ્યું, પરમ આનંદ. ચોથા આરાના પ્રારંભે ભરતરાજાએ શત્રુંજયની તળેટી પાસે આનંદપુર વસાવ્યું તેવું હીરસૌભાગ્યમાં લખ્યું છે. આ નગરી અયોધ્યાને આંબે છે. દાદા ઋષભદેવ શત્રુંજય પર જવા માટે આ તળેટીનો ઉપયોગ નહીં કરતા હોય ? એ તો ઘેટીની પાગથી ચડતા એવી અનુશ્રુતિ છે. અજિતનાથ ભગવાન્ અને શાંતિનાથ ભગવાન્ શત્રુંજય પર ચોમાસું કરવા પધાર્યા તે આ તળેટીથી ? પાલીતાણાની જય તળેટીએ આ બે પ્રભુનાં પગલાની દેરી છે. શત્રુંજયની સૌથી જૂની તળેટી વડનગર છે. ગામ બહાર કુંડ અને પગલાં છે, ગિરિરાજની દિશામાં. વળા એટલે વલ્લભીપુર એ પણ શત્રુંજયની તળેટીનું ગૌરવ પામે છે. ત્યાંથી સૂરજ ડૂબવાના સમયે ગિરિરાજ દીસે છે, એવી જનશ્રુતિ છે. જોકે વડનગરથી ગિરિરાજ તો શું, ગાંધીનગર પણ નથી દેખાવાનું. શત્રુંજય તો છે, અતિશય દૂર.

વડનગરથી પાલીતાણાનો છ'રી'પાલક સંઘ નીકળે તો ત્રીસ દિવસ અવશ્ય લાગે, ગિરિરાજ પહોંચતા. લગભગ ૩૦૦ કિ.મી.ની દૂરી છે. વડનગર ગિરિરાજની તળેટીમાં હશે ત્યારે ગિરિરાજનો ફેલાવો કેટલો હશે. વડનગરથી શત્રુંજયના ૩૦૦ કિ.મી. તો આગળની દિશામાં થયા. પાછલી તરફ પણ ૨૦૦ કિ.મી. લંબાઈ હશે. આજુબાજુ તરફની પહોળાઈ સહેજ વધારે હશે. ૬૦૦

કિ.મી. ગણીએ. ૫૦૦ કિ.મી. લાંબો અને ૬૦૦ કિ.મી. પહોળો ગિરિરાજ એ જમાનામાં કેવો ભવ્ય લાગતો હશે ? એ વખતે હીંગળાજનો હડો કંઈ જગ્યાએ આવતો હશે ?

પ્રશ્નો મજાના છે. સાંજે વડનગરની ભોજક શેરીમાં દર્શન કરવા ગયા. આપણા મહોત્સવોમાં સંગીતનું સામ્રાજ્ય જમાવનારા ૪૦થી વધુ ભોજકો એક શેરીમાં વસતા. હીરાભાઈ ઠાકુર, ગજાનન ઠાકુર, વિનોદ રાગી જેવા શાસ્ત્રીય સંગીતના મરમી કલાકારો વડનગર પાસેથી મળ્યા છે. ભોજક શેરીમાં દેરાસર-ઉપાશ્રય છે. ભોજકો જ વહીવટ કરે છે. પૂજાઓને સાત સૂરોના સથવારે ગાનારા ભોજકો આજે મહત્વનાં સ્થાને નથી રહ્યા. ભોજક શેરીમાં એક માસીને પૂછ્યું તો કહે : 'એ સંગીતનો જમાનો તો ગયો. હવે બધા નોકરીએ લાગી ગયા છે.'

હાર્મોનિયમને બદલે કિ-બોર્ડ પર પૂજાઓ વાગવા માંડી ત્યારથી શાસ્ત્રીય સંગીતની દશા બેસી ગઈ છે. દેરાસરોમાં આજે ગમે તેવા રાગમાં પૂજાઓ ગવાતી હોય છે. ફિલ્મી તર્જ છૂટથી ઉપયોગમાં લેવાય છે. ગાવાવાળા ઈનશર્ટ કરેલા પૅન્ટ-બુશશર્ટ પહેરીને બેઠા હોય છે. વાજાપેટીનો મૂળ સ્વર ખોવાઈ ગયો છે. હકીકતમાં તો હાર્મોનિયમ પણ ભારતીય વાદ્ય નથી. આકાશવાણી પર વાંસળી, સિતારનું સંગીત વાગે છે તેમ હાર્મોનિયમ નથી વાગી શકતું કેમ કે તે ભારતીય નથી. આજે પિયાનો તરીકે ઓળખાતું કિબોર્ડ આવ્યું છે તેથી વાજાપેટી યાદ કરવી પડે છે. બાકી ભારતમાં તો સૂર માટે તંબૂરો જ વપરાતો. ભોજકો પાસે એનો જન્મજાત વારસો હતો. હીરાભાઈ ઠાકુરની પૂજાઓમાં તંબૂરો ખાસ રહેતો. એમને ઢોલધમાકા ફાવતા નહીં. એ કહેતા : સંગીતમાં મીઠાશ હોય, મૃદુતા હોય, તરલતા હોય. સંગીતમાં ઘોંઘાટ ન હોય.

ભોજક શેરીનાં દેરાસરે દર્શન કર્યા. ભોજકોના વારસદારો ધંધે લાગી ગયા છે તે જોઈને થોડો રંજ થયો. કોમર્શિયલ સંગીતકારો વચ્ચે એમનો ગજ નહીં વાગે તે સમજી શકાય છે. નિજાનંદ માટે, કેવળ ભક્તિ માટે સંગીતસાધના કરનારા ભોજકોનું નગર નોખું છે. ચોસઠ પ્રકારી પૂજાની મૂળ દેશીઓ આ ભોજકો પાસે હતી. શ્રી સકલચંદ્રજી મહારાજાની સત્તર ભેદી પૂજાના શાસ્ત્રશુદ્ધ રાગો આ ભોજકોને સાચા અર્થમાં કંઠ-સ્થ હતા. તે બધા રીતસરના ભોજક હતા,



અનુભાવક હતા.

કલાપીએ કહ્યું છે તેમ : કલા છે ભોજ્યથી મીઠી, ભોક્તા વિણ કલા નહીં. આપણે સંગીતના પારખું રહ્યા નથી. સારું સાંભળવાનો રસ રહ્યો નથી. પૂજાઓ વહેવાર બની ચૂકી છે, આપણી માટે. પૂજનોમાં ગીતો તો નવા હોય છે જ, મંત્રો પણ માઇકમાં ધૂમધડાકાનાં સંગીત સાથે બોલાય છે. સારું, સાત્ત્વિક સાંભળનારા રહ્યા ન હોય ત્યાં કળાનું શું થાય ? વડનગરની ભોજક શેરીનાં અનેક ઘરે લટકતા તાળાં એમ કહી રહ્યા હતાં કે, સંગીત સમજનારા રહ્યા નથી માટે સંગીત પીરસનારા મળતા નથી. તાનસેનના દીપકદાહને બૂઝવનારી તાના-રીરી વડનગરની હતી. મેઘમલ્હારના વરસાદે ભીંજાતું વડનગર આજે ગાયબ છે.

### ચૈત્ર સુદ-૧૦ : તારંગા સ્ટેશન

ખેરાળુની સાંજ નહીં ભૂલાય. ઉપાશ્રયની અગાસી પરથી દૂર દૂર તારંગા દેખાય છે તે ડૂબતા સૂરજની સાખે જોવા નજર માંડી. લાંબી રેખામાં એ પહાડી પથરાઈ છે.

એનાં આરોહણ આડે બે રાત અને એક દિવસનું અંતર હતું. ડુંગરા દૂરથી રળિયામણાં - આ કહેવત ઘડનારો જડ આદમી હશે. ડુંગરા તો હંમેશા રળિયામણા હોય. નિસર્ગની મહાશક્તિ સમા ડુંગરરાજાઓ ધરતી પર રાજ કરતા આવ્યા છે. ડુંગરાઓની ગુફાઓ અગણિત આશ્ચર્ય આપતી હોય છે. ડુંગરાનાં શિખર, સ્વતંત્ર અધ્યાય થાય તેવા અદ્‌ભુત હોય છે. આજ સવારે સૂરજ ઉગી રહ્યો હતો. તારંગાની સૌથી પહેલી ટેકરીની પાછળથી સૂરજના લાલ કિરણો ઉપર ઉઠતા હતા. આ ટેકરી મૉર્ડન આર્ટની ઝલક બતાવતી હતી. ટેકરીનું નાનું શૃંગ અદ્દલ, મોં ફાડીને ઊભા રહેલા ગેરીલા વાંદરાના સાઈડ પૉઝ જેવું હતું. વાંદરાની હડપચી જાડી અને લાંબી. હોઠ સ્થૂલ. મોંફાડ મોટી, નાક ચીબું. કપાળ ઢળતું. આંખની જગ્યાએ ખાડો. અસલમાં તો પથ્થરો એ રીતે ગોઠવાયા છે કે તેની પાછળથી અજવાસ ફેંકાતો હોય ત્યારે આ દશ્યનો આભાસ થાય. લગભગ એક કિ. મી. સુધી આ ગેરીલા જોતા રહ્યા. તારંગા સ્ટૅશનની ધર્મશાલા માટે રસ્તો વળ્યો. તે ટેકરીના પડખેથી નીકળ્યા તો વાનર ગાયબ. પણ ટેકરી તો રમણીય જ દેખાય. દૂરથી કે નજીકથી, ટેકરી ને ડુંગરા એકસરખા જ

હોય. માણસો માટે એવું ખરું. દૂરથી મહાન્ લાગનારા આદમી નજીકથી પામર લાગે. અકસર એવું બનતું આવ્યું છે.

અરે, લખવાની ધૂનમાં વાત આડે ફંટાઈ ગઈ. ખેરાળુની સાંજ યાદ આવી રહી છે. અગાસીમાં હું ઊભો છું. આસમાનમાં ફરફરતી લીલાશનાં ઝૂંડ નીકળી આવ્યાં છે. મોટાં તીર્થોમાં, નાનામોટાં ગામડાઓમાં સાંજ પડે, અંધારું ઢળવા લાગે તે સમયે અસંખ્ય કબૂતરો સલામતી શોધવા નીકળી પડે છે. લાઈટના થાંભલા પર લટકતા તાર, મંદિરનાં શિખરોમાં શિલ્પના ખાંચા, આવી જગ્યાઓ પસંદ કરીને ધીમે ધીમે ગોઠવાતા જાય. આ રોજનું દૃશ્ય હોય છે. ખેરાળુની અગાસી પરથી લીલી પાંખોની વાદળીઓ પસાર થઈ રહી હતી. લાલ ચાંચો જોવી હતી, દેખાતી નહોતી. પોપટોના ટોળેટોળા ખેતરોની દિશામાંથી આવી રહ્યા હતા. દરિયાનું મોજું કાંઠે પહોંચે તે દેખાય પરંતુ ક્યાંથી આવે છે તેની ખબર ન પડે તેમ આ શુકવૃન્દ આવતું હતું તે જોવાતું હતું, ક્યાંથી ફૂટી નીકળતું હતું તેનો ખ્યાલ આવતો નહોતો. એકદમ તીરવેગે એ ઘરભણી ધસી જતા હતા. પાંખ ફફડાવે ને બીડી દે, આગળ તરી જાય. ફરી પાંખ ફફડાવે. દસ, સો, હજાર...ગણના નહોતી. ખેરાળુની વચ્ચે ત્રણ-ચાર ઊંચાં વૃક્ષો છે. ત્યાં આ ટોળાં ઉતરી પડતાં હતાં. વૃક્ષની ઉપરની ડાળો આ પોપટો દ્વારા ધ્રુજતી હતી. ડાળે ડાળે ને પાંદડે પાંદડે એમનાં આસન બની રહ્યાં હતાં. બગીચાની લીલી બિછાત પર ફૂલો ખરતા જાય, પથરાતા જાય. ન જગ્યા ખૂટે, ન ફૂલ. એ રીતે પોપટો આવતા જ રહ્યા. હું તો દસ મિનિટમાં નીચે ઉતરી ગયો. શુકદેવનો મેળો અસ્ખલિત ઉભરાતો રહ્યો.

અત્યારે તારંગા સ્ટેશન પર સાંજ પથરાઈ રહી છે. ખિસકોલીના ઠમકારા સિવાય બીજી કોઈ હલચલ નથી. એકદમ શાંત જગ્યા છે. સવારે કાન પાસે મધમાખી ગણગણવા લાગી. માથું ધૂણાવ્યું. ગણગણાટ દૂર ન થયો. ઉપર જોયું. મધમાખી તો મકાનની છત પાસે હતી, તદ્દન શાંતિ હોવાને લીધે એનો અવાજ મોટો લાગતો હતો તેથી એ કાન પાસે બણબણતી હોય તેવો ભ્રમ થયો હતો.

કાલ સવારે ટીંબા થઈને તારંગા હીલ પહોંચવું છે. ધુડિયા ધક્કાના રસ્તે સરકારે બાવળ વાવી દીધા છે. એ રસ્તો ટૂંકો પડે, પણ નહીં જવાય. થોડું ફરીને



જવું પડશે. તારંગાની એક દંતકથા વડનગર સાથે જોડાઈ છે. વડનગરનું મુખ્ય દેરાસર શ્રી આદિનાથ ભગવાનનું છે. ભોંયરામાં શ્રી પાર્શ્વનાથ ભગવાન્ છે. એમ કહેવાય છે કે આ ભોંયરામાંથી એક રસ્તો તારંગા સુધી જતો હતો.

વડનગરની ભૂમિ નાગર બ્રાહ્મણો માટે વખણાય છે. ઇતિહાસના લેખાજોખા કરીએ તેમાંથી ચોંકાવનારું સત્ય નીકળી આવે છે. દુર્ગાશંકર શાસ્ત્રીએ વૈષ્ણવ ધર્મનો સંક્ષિપ્ત ઇતિહાસ લખ્યો છે. તે જણાવે છે કે ‘સં. ૧૫૪૯ની આસપાસ પુષ્ટિમાર્ગ શુદ્ધાદ્વૈતસિદ્ધાંતના પ્રરૂપક શ્રીવલ્લભાચાર્ય ગુજરાતમાં આવ્યા, જૈન ધર્માનુયાયી મોઢ, ખડાયતા અને નાગર વાણિયાઓ એમની અસર તળે આવ્યા. નાગરો શૈવાનુયાયી થયા, પછી પુષ્ટિમાર્ગી બન્યા.’ વડનગરમાં નાગરોએ દેરાસર બંધાવેલા, મૂર્તિઓ ભરાવેલી. શિલાલેખોની નામાવલિ આ હકીકતને સાચી સાબિત કરે છે. અભિજાત અને શાલીન ગણાતી નાગર જ્ઞાતિને વડનગરે જનમ આપ્યો. એ જ્ઞાતિ જૈન હતી. આજે તેમના કોઈ વારસદારો જૈન નથી રહ્યા. નાગરોનું જૈન હોવું તે ભૂતકાળની વાત થઈ ગઈ છે. વડનગરે આ પરિવર્તન જોયું છે.

આપણે આખી જ્ઞાતિઓ આપણા હાથમાંથી ગુમાવી દીધી છે. વલ્લભાચાર્ય પ્રચારતંત્ર દ્વારા જીત્યા હશે. કબૂલ. આપણે એ જ્ઞાતિને પાછી મેળવી શક્યા નથી તે કમને કબૂલવું પડશે. સાચા હોવા છતાં, સારા હોવા છતાં અને નિર્દંભ હોવા છતાં આપણી પાસેથી કશુંક ખૂંચવાઈ ગયું હોય તે સહન થતું નથી. બંગાલમાં આવું જ સરાક જાતિ સાથે થયું છે. એમના ગોત્રદેવ તીર્થંકરો, એમના કુલાચારમાં જૈનત્વના સંસ્કાર. છતાં એ લોકો ધર્મથી વિખૂટા પડ્યા. એમને ધર્મ પમાડવાનું એકંદર સહેલું છે. સંપન્ન પ્રજા નથી એ. નાગરો તો ઊંચી પ્રજા ગણાય. તેમને સમજાવે કોણ ? પમાડે કોણ ? આપણને એમની ગરજ નથી. એમના વગર ધર્મ અટકી પડ્યો નથી. એ જ્ઞાતિ ધર્મ છોડીને પરિવર્તન પામી તેમાં કોઈ આભ તૂટી પડ્યા નથી. કસક એટલી જ રહે છે કે હવે એ આપણા નથી. એમણે આ વડનગરને જિનમંદિરો આપ્યા અને એ જ લોકો હવે જિનમંદિરોથી વેગળા થઈ ગયા. વડનગરથી વિદાય લેતી વેળા મનમાં આ ખટકો રહી જતો હતો.

વડનગરનું તળાવ રમણીય છે. વડનગરનું શિલ્પબદ્ધ તોરણ ભારતનું

જોવા લાયક સ્થાન ગણાય છે. ૧૨૦૮માં કુમારપાળ રાજાએ વડનગરને ફરતો કિલ્લો બંધાવ્યો હતો. વડનગરના બે મુખ્ય મોટાં જિનાલયોનો જીર્ણોદ્ધાર થઈ ચૂક્યો છે. હાથીવાળું દેરાસર અને આદિનાથનું દેરાસર. જીર્ણોદ્ધારની તકતી પર બે મજાના શ્લોક છે.

**शत्रुंजयाद्रेस्तलहट्टिकायां यदार्षभिर्वासयति स्म पूर्वम् ।**
**द्विषन्निव क्षोणिभृतां विनीतां यस्मिन् तदानन्दपुरं समस्ति ॥**

અર્થ : ઈન્દ્રે વિનીતા નગરી વસાવી તેમ આ ગુજરાતમાં ભરત મહારાજાએ શત્રુંજયની તળેટીમાં આનંદપુર નામનું શહેર રચ્યું. (હીર સૌભાગ્ય ૧. ૨૬)

**धणकणकंचणनिकरं आदिजिनेसरविहारविमलयरं ।**
**गढमढमन्दिरपवरं वडनयरं जयउ वडनयरं ॥**

અર્થ : વડનગર મોટું શહેર છે. આ શહેરમાં ધન, ધાન્ય, સોનું ઢગલાબંધ છે. આ શહેરને આદિનાથ ભગવાનના જિનાલયને લીધે ઉજ્જવળતા મળી છે. આ શહેરમાં ગઢ અને મહેલ, મોટા અને શ્રેષ્ઠ છે.

આ બીજો શ્લોક વિ. મ. ૧૫૪૭ની સાલમાં લખાયેલી (બારસાસૂત્રની) સુવર્ણાક્ષરીય હસ્તપ્રતમાંથી મળ્યો છે. મારી ડાયરીમાં ત્રીજો પણ એક શ્લોક છે :

**वीरात् त्रि-नन्दाङ्कशरद्यचीकरत् त्वच्चैत्यपूते ध्रुवसेनभूपतौ ।**
**यस्मिन् महे संसदि कल्पवाचना-माद्यां तमानन्दपुरं न कः स्तुते ॥**

અર્થ : વીરપ્રભુનાં નિર્વાણ પછી ૯૯૩ વરસે ધ્રુવસેન રાજાએ ઉત્સવપૂર્વક પ્રભુચૈત્યની છાયામાં પહેલી કલ્પસૂત્રની વાંચના કરાવી, તે સ્થાન આનંદપુર છે. આ નગરની સ્તવના કોણ ન કરે ?

**(વિ. સં. ૨૦૬૦)**

❋ ❋ ❋

૩

# તારંગાજી

**ચૈત્ર સુદ-૧૧ : તારંગા**

ધીમે ધીમે ધરતીની ઊંચાઈ વધતી ચાલી. પાછલું ગામ ન દેખાય. આગલું ગામ ઊંચે દેખાય. તારંગા સ્ટેશનથી તારંગાહિલ જવાના ત્રણ રસ્તા છે. પહેલો રસ્તો છે ધુડિયા ધક્કો. એ અઘરો પડે માટે કૅન્સલ થયો. બીજો રસ્તો છે ધારણમાતા-વાળો. તે બાજુથી જનારા ઓછા છે. એ પણ કૅન્સલ. ત્રીજો રસ્તો ટીંબા ગામ થઈને જાય. અમારે એ રસ્તેથી જવાનું હતું. માહોલ સૂમસામ અને શાંત. જંગલી જનાવરોનો ભય હોવાથી અવરજવર નહિવત્ છે માટે સૂમસામ. અવરજવર નથી માટે ઘોંઘાટ નથી તેને લીધે શાંત. ઘૂમતો, વળતો, સાપની જેમ માથું ઊંચકતો મારગ આગળ સરકતો હતો. રૉડ પર ચાલવાનું હતું. ખાસ શ્રમ નહોતો. બે જગ્યાએ સીધું ચઢાણ હતું. ત્યાં શ્વાસ ભરાઈ ગયો. ખીણ ઊંડી ઓછી ને પહોળી ખૂબ. રસ્તાની બંને તરફ ઝાંખરાનું રાજ. તોતીંગ શિલાઓની ખેતી થઈ હોય તેવો ફાલ હતો પથ્થરોનો. હવા નહોતી. વારંવાર પરસેવો લૂછવો પડતો હતો. ઉપલી કોરે રસ્તો ફૂલતો જતો હતો.

ખૂબ આગળ તારંગાના નાથનો દરબાર હતો. પહોંચતા વાર લાગે તેમ હતી. આર્ય ખપુટાચાર્ય અહીં આવ્યા હતા. રાજા વેણીવત્સરાજનું આ ઈલાકામાં સામ્રાજ્ય હતું. તેણે બૌદ્ધધર્મથી પ્રભાવિત થઈને આ ગિરિરાજ પર, (હાથી માત્રને આપણે ગજરાજ કહીએ છીએ તેમ તારંગા જેવાં તીર્થોને ગિરિરાજ કહેવાની જરીક છૂટ લેવી જોઈએ ને.) બૌદ્ધધર્મની અધિષ્ઠાત્રી તારાદેવીનું મંદિર બાંધ્યું હતું. તે ઘડી અને તે દહાડો. તારાપુર નામ પડી ગયું, તારાઉર પણ થયું. વળી તારાગ્રામ, તારાગાંવ આ નામો, તારંગા નામ પર અટક્યાં. તારાવરનગર,

તારણગિરિ, તારણગઢ જેવાં નામો તો છોગામાં. આર્ય ખપુટાચાર્યે વેણી-વત્સરાજને બોધ આપી જૈન બનાવ્યો. તેણે આ ગિરિરાજ પર સિદ્ધાયિકાનું મંદિર બાંધ્યું. તારંગાજી માટે આ સૌથી પહેલી કથા.

स जयति जिनराजः तुङ्गतारङ्गतीर्थे ની કથા તો હજી હવે ઘડાવાની હતી. રાજા કુમારપાળ અજમેર પર ચડાઈ લઈ ગયા ત્યારે પણ હજી કથા ઘડાઈ નહોતી. એમણે આ ગિરિરાજનો ચમત્કાર અનુભવ્યો. બાર વખત તેમનો હુમલો નિષ્ફળ ગયેલો. હતાશભાવે પાછા ફરતા હતા. કોઈ મંત્રી દ્વારા તારંગાની ગૌરવગાથા સાંભળી. અહીં યાત્રા કરી. પછીનો હુમલો સફળ નીવડ્યો. રાજાને ગિરિરાજ પર શ્રદ્ધા બેઠી. વિક્રમના તેરમા સૈકામાં અજાતપૂર્વ પ્રાસાદ એમણે બંધાવ્યો. એ પ્રાસાદ આજેય ઊભો છે. એનાં દર્શન કરવા કાજે આગળ વધતા હતા અમે. એ જમાનામાં રૉડ નહોતો. પાયવાટ હતી. પ્રાસાદ બાંધવાના પથ્થરો ક્યાંથી અને કેવી રીતે ઉપર સુધી પહોંચ્યા હશે, તે સવાલનો જવાબ નથી મળવાનો એ નક્કી કરવા જ ખીણ તરફ આંખો મંડાતી રહી.

આ દુર્ગમ પહાડીને આંબવાનો મહાપ્રયત્ન ગોવિંદજી શેઠે કર્યો હતો. વિક્રમના ચૌદમા સૈકામાં મ્લેચ્છ આક્રમણે આ મંદિરના મૂળનાયકનો ભોગ લીધો હતો. રાજર્ષિ કુમારપાળ દ્વારા તૈયાર થયેલી અને કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમાચાર્ય દ્વારા પ્રતિષ્ઠા પામેલી પ્રતિમા ખંડિત થઈ તેના સોએક વરસ પછી ઈડરના ગોવિંદજી સંઘવીએ આરાસણ આવીને મંત્રસાધના દ્વારા અંબાદેવીને પ્રત્યક્ષ કર્યા, આબુના વિમલમંત્રીની જેમ જ. દેવીએ પૂછ્યું તો શેઠે તારંગાના મૂળનાયક માટે શિલાની યાચના કરી. દેવીએ જવાબ આપ્યો : 'તમારા પિતાજીએ તમારી જેમ જ સાધના કરીને મારી પાસે શિલા માંગી હતી. ત્યારે આરાસણની ખાણમાં પથ્થરો વચ્ચે આ શિલા હતી, પણ નાની હતી. આજે એ શિલા મોટી થઈ ગઈ છે. તમે એ શિલા વાપરીને તમારા પિતાજીના અને તમારા પોતાના મનોરથને એકી સાથે સાકાર કરજો.' ગોવિંદજીના પિતાજીનું નામ વચ્છરાજ શેઠ.

શુભદિવસે, દેવીએ આપેલા સંકેતને અનુસરીને જમીન ખોદવામાં આવી. મહાશિલા મળી આવી. એને ભારે પ્રયત્નપૂર્વક બહાર લાવીને મૂકી દેવામાં આવી. આવો ગંજાવર પાષાણખંડ આરાસણથી બે-પાંચ ઘાટ પસાર



કરીને તારંગાના ઊંચા મુકામે શી રીતે પહોંચશે તે પ્રશ્ન હતો. શિલાને મજબૂત રથમાં પધરાવીને એ શિલા સમક્ષ ધૂપદીવો કરીને ગોવિંદજી શેઠે દેવીના જાપ કર્યા. નૈવેદ્ય પ્રસાદ ધર્યો. રથ સાથે ઘણા બળદ જોડી પ્રયાણ આરંભ્યું. રથની આગળ સંખ્યાબંધ યુવાનો તૈનાત હતા. રથને સીધી દિશામાં તારંગા તરફ હાંકવામાં આવ્યો. મારગમાં નાનામોટા પથ્થરો આવતા તે યુવાનો ઉખેડીને હટાવી દેતા. ખાડા કે ઢાળ આવે ત્યાં યુવાનો પથ્થરો પાથરીને પૈડાને સધિયારો આપતા.

તારંગાનું અમારું આરોહણ ચાલુ હતું. બાજુમાં લંબાઈને ફેલાયેલી ખીણના ઢાળમાં, ગોવિંદજી શેઠના રથમાં બેસેલી મહાશિલાનો માનસિક સંઘ આગળ ચાલતો હતો. ભાવનાનું જગત તરબોળ હતું. વિ. સં. ૨૦૬૦ની સાલ પર એ ભૂતકાળ સવાર થઈ ચૂક્યો હતો.

મહાશિલાને સીધા ચઢાણ પર આગળ વધારવા બે તરફથી ફોજ કામે લાગી હતી. બળદ તો હતા જ, યુવાનોના હાથમાં પણ કાથીનાં જાડાં દોરડાં ખેંચાતા હતાં. રથનાં પૈડાં પાછા ન વળે તે માટે પથ્થરોના ટેકા મૂકાતા હતા. રથ પરથી શિલા સરકી ન પડે તે માટે એને મુશ્કેટાટ બાંધી દીધી હતી. રથ, કીચૂડાટના કર્કશ અવાજ સાથે આગળ વધતો હતો. ઈંચેઈંચ પર લોહીપસીનો એક થતા હતા. માત્ર ૭૫ કિ.મી.નો રસ્તો છે. ચાલતા નીકળીએ તો વધારેમાં વધારે છ દિવસ લાગે પહોંચતા. રથ કે ગાડું તો દોઢ-બે દિવસે પહોંચાડી દે. પણ આ અતુલબલી શિલા હતી. દેવતાઓ જાણે પરીક્ષા લેતા હતા. ઘણીવાર તો રથ સાવ અટકી જતો. ન આગળ વધે, ન પાછળ જાય. હિમ્મત ખૂટી પડે તેવો મામલો બની જતો. પગના જોડાં કાઢી નાંખી, પંજાને જમીન સાથે ચસોચસ ભીડી દઈને ભયાનક જુસ્સાથી દોરડાં ખેંચાતાં. બળદનાં મોઢે ફીણ વળી જતાં. આદમીનાં પાંસળાં ખેંચાઈ આવે તેવો ભાર લાગતો. હાથમાં અને પગમાં લાંબા ચીરા પડી જતા. કમ્મરની નસો તણાઈ જતી. ગોવિંદ શેઠ અને એમના એ જવાંમર્દ સહયાત્રીઓનાં અંતરમાં શ્રદ્ધાનું અખૂટ બળ રહેતું. રથ આગળ ખેંચાઈ આવતો.

ઢાળ આવે ત્યારે રથ પૂરપાટ સરકતો. બળદના પગ લથડી પડે તેવો વેગ ઉમટતો રથમાં. તે વખતે જુવાનિયાઓ રથની પાછળ લાંબી-જાડી દોર

તાણીને ઊભા રહેતા, ખેંચાતા રહેતા. ગાડું ક્યારેય તૂટ્યું નહીં. શિલામાં ઘસરકો પણ ના પડ્યો. અરવલ્લીની પહાડીઓ વચ્ચેથી એ રથ આગળ ને આગળ વધતો રહ્યો. મહિનાઓ વીતી ગયા. સૌની આશા જીવંત હતી. હૌંસલે બુલંદ થે. રાજા કુમારપાળે બંધાવેલો કોટ દૂરથી દેખાયો. શરીરમાં નવો થનથનાટ ઉમેરાયો. બળદ પણ સમજી ગયા હોય તેમ, છોલાયેલી કાંધની બળતરા ભૂલીને આગળ ધસ્યા. એમના ગળે રણકતા ઘૂઘરા સાંભળીને સામેથી નવા જુવાનો દોડી આવ્યા. થાળી ડંકો વાગ્યા. બૂંગિયો ગાજ્યો. શંખ ફૂંકાયો. સિંહગર્જનાઓ સમો જયજયકાર થયો. સોહાગણ નારીઓના કંઠે મંગલગીતો ગુંજ્યાં. ઘોડેસવારોએ સલામી આપી. અક્ષતનાં વધામણાં થયાં. મોટો ચમત્કાર થયો હોય તેમ મહાશિલાએ તીર્થનાં સંકુલમાં પ્રવેશ કર્યો.

૮૦૦ વરસ પ્રાચીન દેરાસરનાં પ્રથમ દર્શન રૉડ પર, દૂરથી કર્યા ત્યારે ખુશીનો સુમાર નહોતો. અને મનોજગત પર મહાશિલાની પધરામણીનો પરમ સંતોષ છવાઈ રહ્યો હતો. જાણે ગોવિંદજી શેઠ અને અમે એકી સાથે જ ત્યાં પહોંચ્યા.

**ચૈત્ર સુદ-૧૨ : તારંગા**

પહાડીઓની વચ્ચે ઊભેલું દેરાસર પહેલી નજરે ઊંચું નથી લાગતું. નજીક પહોંચીને દેરાસરનાં પહેલાં પગથિયેથી શિખર તરફ જુઓ તો જ લાગે કે આપણે કોઈ ડુંગરની તળેટીમાં ઊભા છીએ. ૧૪૦ ફૂટની ઊંચાઈએ ધ્વજા લહેરાય છે તે જોઈને ઉન્મત્ત આનંદ અનુભવ્યો. શિખરની ઊંચાઈ વધે તેમ ફેલાવો પણ વધારવો જોઈએ. નહીં તો શિખર તાડ જેવું લાગે. શિખરની જાડાઈ વધુ છે માટે જ તેની ઊંચાઈનો અંદાજ નથી આવી શકતો. ઉપર સુવર્ણકળશ છે તે જમીન પરથી જોતાં નાનો લાગે છે. બાકી એની પણ ઊંચાઈ તો ખાસ્સી બધી છે. કળશના મુકાબલે ધ્વજદંડ નાનો દેખાય છે. શિખરનાં માપે ધ્વજદંડ બરોબર હોય તો કળશ વધારે પડતો મોટો લાગે છે. ભૂલ કાઢવાનો પ્રશ્ન નથી. આંખોનો અનુભવ આમ બોલે છે. આજકાલ અતિશય ચલણી બની ગયેલો 'ભવ્યાતિભવ્ય' શબ્દ અહીં સદેહે અવતર્યો છે. શિખર, કળશ અને ધ્વજદંડ એકબીજા સાથે સુસંગત જ હશે.



નજીક આવ્યા બાદ દેરાસર બહારથી એટલું બધું મનહર લાગતું હતું કે અંદર પ્રવેશવાનું મન થતું નહોતું. સમુત્તુંગ શૃંગ, વિશાળ ઘેરાવો, આનંદ-નિમગ્ન શિલ્પપુરુષો, નૃત્યવિભોર દેવાંગનાઓ, ટોચ સુધી ઝીણી કોતરણીની સેર, વિરાટ કદ આંખો પર છવાઈને એવો મદમસ્ત ભાર પાથરી રહ્યા હતા કે પગ આગળ વધી જ શકતા નહોતા. મન અને આંખ વચ્ચે સંઘર્ષ ચાલ્યો. પગ વિહારથી થાકેલા હતા, તેમણે મનનો પક્ષ લીધો. આંખને આશ્વાસન આપવામાં આવ્યું કે 'આખો દિવસ હાથમાં છે, બધું નિરાંતે જોવાનું જ છે. અત્યારે દર્શન કરી લેવાના છે, બસ.' આંખો, દેરાસરની મોહિનીમાંથી બહાર આવવા, દેરાસરની અંદર જવાના દાદરા તરફ ઝૂકી. શૂન્ય પાલનપુરીના શબ્દો, અસંબદ્ધ રીતે યાદ આવ્યા :

**આંખો ઝૂકી ગઈ છે એ શરણાગતિ નથી**
**સૌન્દર્યની હજૂરે પ્રણયનો વિવેક છે'**

ભગવાન સાથેનો પ્રણય અમને અંદર લઈ ગયો. અંદર પ્રવેશતા જ પગ ફરી થંભી ગયા. પ્રલંબ અને પ્રચંડ સ્તંભો, સોલંકીયુગને સજીવન કરી રહ્યા હતા. છતમાં બારીક નકશીકામ સાથે ઝુમ્મર ઓપતું હતું. પણ હવે પ્રભુનાં જ દર્શન કરવા હતા, પછી બીજે નજર ઠેરવવી હતી. આ જિનાલયના મૂળનાયક ગોવિંદજી શેઠે આણેલી મહાશિલામાંથી નિર્માણ પામ્યા છે. એ મૂર્તિ અદ્ભુત હશે જ. થાંભલા વચ્ચે થઈને રંગમંડપમાં પહોંચી પ્રભુનાં દર્શન કર્યા. મન જરા નિરાશ. ભગવાનની મૂર્તિ તો નાની લાગતી હતી. તીર્થદર્શનમાં છપાયેલો ફોટો જોયો છે. ભગવાનના ચહેરાની આજુબાજુ પૂજા માટેના સ્ટૅન્ડ કરેલા છે તે જોઈને ફોટા દ્વારા જ મૂર્તિની ભવ્યતાનો અંદાજ બાંધ્યો હતો. રંગમંડપમાંથી તો પ્રભુ નાના લાગતા હતા. ગભારા તરફ આગળ ચાલ્યા. ત્રણ-ચાર કમાનો માથાં પરથી પસાર થઈ. ગભારાનાં ઉંબરેથી પ્રભુને જોયા. હજી સંતોષ ના થયો. ગર્ભગૃહમાં પ્રવેશ કર્યો. વાસ્તુશાસ્ત્રમાં ગભારાને પ્રાસાદકમલ કહે છે. પ્રભુની ભવ્યતા હવે આંખે ચડી. હજી ભગવાનની નજીક પહોંચ્યા. ભગવાનને જોવા ડોક ઊંચી કરવી પડી. આ દૂરી પણ ખસેડવી હતી. ભગવાન પાસે પહોંચવાની નાનકડી સીડી ચડીને પ્રભુના ખોળા સમક્ષ પહોંચ્યા. મારી હાઈટ છ ફૂટથી વધુ છે. ભગવાનના કંઠ પાસે મારું માથું માંડ પહોંચતું હતું. ભગવાન ખરેખર વિરાટ

હતા. ભગવાનની છાતીમાં શ્રીવત્સ છે તે સોનાની મોંઘી દાબડી જેવું મોટું લાગે છે. ભગવાનનાં નવ અંગે સોનેરી ટીકાં છે. પ્રભુના પલાંઠી વાળતા પગની આગળની તરફ, ઘૂંટણની કોરે માણેક જડેલાં બે ટીકા છે, સુશોભન તરીકે ભગવાનને દૂધરંગી લેપ કરાયો છે. ભગવાન પર આજ સુધી લેપ નહોતો. પરંતુ ગોવિંદજી શેઠવાળા પાષાણને ૫૦૦ વરસ થઈ ચૂક્યા છે. અગણિત અર્ચનાઓના ઘસારા લાગવાથી એ પાષાણની શ્યામ નસો ઉઘડી રહી હતી. તે ઢાંકવા લેપ કર્યો છે. દેરાસરજીનું પ્રવેશદ્વાર લગભગ સવાસો ફૂટ દૂર છે છતાં ત્યાંથી અજવાસ, પ્રભુસમક્ષ આવતો હતો. ભગવાનની આંખોમાં અનિર્વાચ્ય આનંદ છે. ભગવાન સ્મિતમુદ્રામાં છે, મોહક લાગે છે. ભગવાનના ખભા પર જાણે જગતનો ભાર છે. આ ખભે નાનોસૂનો ભાર હોય પણ શાનો ? ભગવાનના હાથનો સંપુટ સાગરપાર કરાવતા મોટા તરાપા જેવો સોહે છે. છાંયડો હંમેશા શ્યામ રંગનો જ હોય છે, જો તે સફેદ રંગનો હોય તો આ અંજલિ જોતા જે ટાઢક વળે છે તે છાંયડા પાસેથી મળે. ભગવાનનું પરિકર અત્યંત વિસ્તીર્ણ છે.

આ મૂર્તિની નીચે લેખ છે તેમાં લખ્યું છે કે ‘ગોવિંદે પોતાની ભાર્યા, દીકરી તથા સમસ્ત પરિવાર સાથે - કલ્યાણ પ્રાપ્તિ માટે પ્રતિષ્ઠા કરાવી.’ પ્રતિષ્ઠા કરાવનારા સૂરિભગવંતનું નામ વાંચી શકાતું નથી. સોમસૌભાગ્યકાવ્ય અનુસાર શ્રીસોમસુંદરસૂરિજી મહારાજાએ નવા પ્રતિમાજીની પ્રતિષ્ઠા કરાવી હતી.

મહારાજા કુમારપાળ જેવું જિનાલય બાંધી ગયા છે તેવું તો આજે કોઈ બાંધી શકશે નહીં. આ જિનાલયમાં મૂળનાયકની મૂર્તિ ભરાવવાનો અને બિરાજમાન કરવાનો લાભ લેનારા ગોવિંદજી શેઠ, ખરા નસીબદાર કહેવાય.

**ચૈત્ર સુદ-૧૩ : તારંગા**

કાલ બપોરે ચાર વાગે અમે ભીતરી આલમમાં જઈ આવ્યા. થોડા વરસ પહેલા ભૂકંપ થયો ત્યારે ગુજરાતમાં પાયમાલી સર્જાઈ હતી. તારંગાજીની ધર્મશાળાને પણ એના ધક્કાથી નુકશાન થયું હતું. પરંતુ આ દેરાસર અડીખમ રહ્યું. આ જિનાલયનો પાયો કેટલો ઊંડો હશે તેની ખબર નથી. પાયો, વાસ્તુમાત્રને ટકાઉ બનાવે છે. આ રીતે પીલર પણ વાસ્તુ માટે મહત્વના છે.



ઊંચી ઈમારતો કેટકેટલા ટેકાઓ અને સાંધણો દ્વારા ટકે છે તે તજજ્ઞો જ જાણે. તારંગા જિનાલયની ઊંચાઈ મુલ્કમશહૂર છે. શિખર અને સામરણની બેવડી ઊંચાઈના આધારસ્તંભો તો બહાર ઊભા છે. આ શિલ્પવાસ્તુને ઊંચે ચડાવીને તથારૂપે ટકાવી રાખતાં અવલંબનો અંતર્નિહિત છે. અમારે તે જોવા જવાનું હતું. સાથે ચાર માણસો પેઢી તરફથી આવ્યા હતા.

ગભારાના દરવાજાની જમણી તરફ તાળું વાસેલું બારણું હતું. તે ખોલવામાં આવ્યું. ઝૂકીને અંદર પ્રવેશ્યા. અંધારા જેવી ઝાંખપ હતી. આંખો ટેવાઈ. સમજાયું. ગભારાને પ્રદક્ષિણા આપવા માટેની ગોળાકાર ગલીમાં અમે ઊભા હતા. મેડી ચડવાની હતી. જૂની ઢબનો લાકડિયો દાદરો ચડ્યા. પૂજારીજી ટૉર્ચ લઈને આગળ ચાલતા હતા. ઉપર અંધારું લાગતું જ હતું. આગળ અજવાળા જેવું લાગ્યું તે બાજુ ચાલ્યા. પગને ઠેસ ન વાગે તેનું ધ્યાન રાખવાનું હતું. અચાનક અમે નવા જ વિસ્તારમાં આવી ગયા હોઈએ તેવું લાગ્યું. દેરાસરનાં શિખરની આગળ સામરણ હોય છે તેની ભીતરમાં અમે હતા. દેરાસરજીનો રંગમંડપ અમારાથી બે માળ નીચે હતો. અમારી સમક્ષ ઊંચે સમેટાઈ રહેલ ગોળાર્ધ બાંધણી હતી. પથ્થરોના ટેકા એક પર એક જડ્યા હતા. એ દૃશ્ય આંખો માટે સુગમ હતું. શબ્દો દ્વારા એ દૃશ્યને ઘાટ આપવો મુશ્કેલ.

કૂવો ઉપરથી પહોળો હોય, નીચેથી એનો વ્યાસ ઘટતો જાય. આવા કૂવામાં પથ્થરની આઠ પગથાર રચવામાં આવે. કૂવાના તળિયે એક પથ્થર. એની પર જરા લાંબો બીજો પથ્થર. એની પર જરા લાંબો ત્રીજો પથ્થર. આવા અગિયાર કે બાર પથ્થરો સીધા ગોઠવીને કૂવાના કાંઠે છેલ્લું પગથિયું લીધું હોય. વળી, આવી કુલ મળીને આઠ પગથાર બની હોય. આઠેયનું પહેલું પગથિયું એક બીજાની સામે હોય. પછી એની હાર આઠ દિશામાં ઉપર ચડે. પછી શું થાય ? આ કૂવો, જે ઉપરથી પહોળો છે અને નીચેથી બારીક છે તેને તદ્દન ઊંધો કરી દેવામાં આવે. આપણા પગ પાસે જે પહોળાઈ હતી તે આપણા માથાની ઉપર ઝળૂંભે. અને એ પહોળાઈથી ઉપલી મેર કૂવાની પહોળાઈ ટૂંકાતી જાય. પેલાં પગથિયાં જે નીચે તરફ ઉતરતાં હતાં તે પગથિયાં ન રહેતા માત્ર થર બનીને ઉપર ચડતા જાય. કૂવામાં આઠ પગથારો તળિયે ભેગી થતી હતી તે હવે ઉપરની ટોચ પર ભેગી થાય. તારંગાજીનાં જિનાલયના ભીતરી ભાગમાં અમે આવું

અકલ્પનીય બાંધકામ જોયું. શિલ્પીએ આ કામ ભલે કરી બતાવ્યું. પરંતુ આ કામ માટે એક જ શબ્દ વપરાય : અસંભવ.

જિનાલયના રંગમંડપની ઉપરનો વિશાળ ગુંબજ અમે ચડ્યા. તેની પર ચડવા ત્રણ ખાંચા છે. અમે ચડ્યા. ચોતરા જેવી ફેલાયેલી જગ્યા પર પગ મંડાતા ગયા. વચ્ચે નાનો ગુંબજ હતો. તેની પર પથ્થરનો કળશ હતો. નજરબંધી તો ઉપર તરફ થઈ ચૂકી હતી. એ આઠ પથ્થરહારો લાકડાના ટેકે જોડાઈ હતી. વખારમાં ખડકાયા હોય તે રીતે લાકડાં મોટી સંખ્યામાં હતાં. છેક ઉપર પથ્થરના નવમા થરે લાકડાની ચોકડી હતી. લાકડાને પથ્થરમાં ખૂંપવી દીધા હતા. એ ચોકડીની ઉપર આડી ચોકડી હતી, પથ્થરહારના દસમા થરે. એની ઉપર અગિયારમાં થરે પાછી સીધી ચોકડી હતી લાકડાની. આઠે હાર પૂરી થતી હતી ત્યાં પથ્થરમાં ખાંચા પાડીને એમાં લાકડાઓ, જાળી બનાવીને ખોંસવામાં આવ્યા હતા. જાળી બનાવીને એટલે કોઈ ડિઝાઈન બનાવીને નહીં. એ છેલ્લા પથ્થરોના આઠ મોઢાં એક બીજાની સામે પડતાં હતાં. એ બધાને સુબદ્ધ કરવા લાકડાઓનું જોડાણ રચવામાં આવ્યું હતું. આને લીધે પથ્થરોનાં વજનનું વિકેન્દ્રીકરણ થઈ જતું હતું.

વળી પહેલા થરથી અગિયારમાં થર સુધી ઉપર જતી પથ્થરહાર ઉપર વધે તેમ એકબીજા વચ્ચેનું અંતર ઘટતું જતું હતું. પહેલો પથ્થર તો આ માળની જમીનના ટેકે હતો. બીજો પથ્થર એ પહેલા પથ્થરના ટેકે સહેજ આગળ હતો, પગથિયાની જેમ. હવે આ રીતે ચોથા કે પાંચમા પથ્થરે આવ્યા એટલે નવી મુશ્કેલી આવે. પહેલા પથ્થર કરતા ચોથો પથ્થર તો ખાસ્સો બધો આગળ વધી ગયો હોય.

આ ઊંધાં પગથિયાનું ગણિત છે. સાધારણ પગથિયામાં નીચે સૌથી મોટું પગથિયું હોય. પછીનું પગથિયું નાનું. પાંચમાં પગથિયાની નીચે ચારથી માંડીને એક સુધીનાં પગથિયાં પૂરેપૂરા આવી જતા હોય. બૅલૅન્સ ન તૂટે. ઊંધા પગથિયામાં તો વસ્તુતઃ બીજાં જ પગથિયે સમતુલાનો પ્રશ્ન સર્જાય. આપણો પાંચમો થર કે આપણો પાંચમો પથ્થર પહેલા પથ્થરથી ઘણો જ આગળ આવી ગયો હોય. તેનો ઝોક જમીન તરફ બને તો થર ઉપર ન ચડી શકે. પથ્થરને નીચે ગબડતો અટકાવવા લાકડાની શ્રેણિઓ રચવામાં આવી.



કદાચ, બાંધકામ આ રીતે થતું હશે : પહેલાં થરના આઠ પથ્થરોની પાટ ભીંત સરસી ગોઠવાઈ જાય. ઉપર ચડતી અને ઢળતી દિશાએ હજી દસ થર કરવાના છે તે લક્ષ રાખીને આ આઠ પાટો ઊભી પથરાય. તેની પર લાકડાં મૂકાય. બે પથ્થર વચ્ચે સેતુની જેમ લાકડું જોડાય. પથ્થરમાં પોલાણ પાડીને તેમાં એ લાકડું ચુસ્ત રીતે ગોઠવાય. પહેલા થરના આઠ પથ્થરો એકબીજાથી દૂર ચક્રવ્યૂહમાં હોય. એ દરેકની વચ્ચે લાકડાની આખી ગોળ ફ્રેમ જડાઈ ગઈ હોય. હવે પથ્થરોનો બીજો થર આઠે જગ્યાએ એક સાથે ઉપર ચડે. આ પથ્થરોમાં, નીચેનો પહેલો પથ્થર જ્યાં પૂરો થતો હોય તેનાથી થોડોક આગળ તરફ અદ્ધર ઝોક મૂકવાનો હોય. કરવાનું શું ?

પહેલા પથ્થરમાં ખાંચા પાડીને જે લાકડાં ગોઠવ્યા છે તે જ લાકડાની ખાંચ આ પથ્થરને મળે તે જરૂરી છે. એમ સમજો કે પહેલા પથ્થરની લંબાઈ દશ ફૂટની છે. પહોળાઈ અઢી ફૂટની. આ પથ્થરની લંબાઈ પર ત્રીજા ફૂટે ખાંચો પડ્યો હોય લાકડા માટેનો. તો બીજા થરના પથ્થરનો ખાંચો ચોથા ફૂટે પડે. એક ફૂટ આગળ જાય. પહેલા પથ્થરના ત્રીજા ફૂટે અને બીજા પથ્થરના ચોથા ફૂટે ખાંચો પડ્યો હોય. બરોબર તેમાં લાકડાનાં દબાણથી જોડાણ રચાય. એમાં પૂરણ ભરવામાં આવે. એ પથ્થરની પાછળ ભીંતની તરફ વધારે વજન મૂકવા પથ્થરોના ટુકડા મૂકીને તેને, તે બીજા થરના પથ્થરને ઊંચો રાખવામાં આવે. પાછળ પથ્થર ગોઠવ્યા છે તેને એક બીજાનાં વજનથી દબાવી રાખવા મારે આખા બીજા થરના આઠે આઠે પથ્થરોની આસપાસ લાકડાના ટેકા અને તેની જ ભીંસ અપાય. આમ એક એક થરે આઠ પથ્થર આઠ તરફથી ઉપર ચડે. તેના ગોળાકાર ટેકા રૂપે લાકડાની લાંબી ફ્રેમ. એ દરેક થરની પછીતે, તે તે પથ્થરને ઊંચો રાખવાનું વજન આપવા પથ્થરચૂનો કરાય ત્યાં બીજી લાકડાની શ્રેણિ. એ શ્રેણિની પાછળ પણ આ જ ઉદ્દેશ જાળવવા ત્રીજી લાકડાશ્રેણિ.

આ વાંચવામાં થોડું અઘરું છે. લખવામાં વધારે અઘરું છે અને પ્રૅક્ટિકલી કામ કરવામાં તો અતિશય કઠિન છે. મુદ્દાની વાત એ થઈ કે પથ્થરોની હારને ટકાવી રાખવા લાકડાનો ભરપૂર ઉપયોગ થયો છે. બાંધકામ કરતી વખતે પથ્થર અને લાકડાનાં આયુષ્યની સરખામણી કરાઈ જ હશે. પથ્થરના મુકાબલે લાકડું ઓછું ટકે. સાચી વાત. લાકડાના મુકાબલે પથ્થરનું વજન ખૂબ જ વધારે હોય.

ઉપલા માળે વજન વધે તો દેરાસરની ભીંતોમાં તિરાડો પડે, પાયો પણ ઢીલો થાય. માટે પથ્થર અને લાકડાની જ જુગલબંદી કરવાની હતી. પથ્થર સાથે મુકાબલો કરે તેવું લાકડું હોય તો જ કામ ચાલે.

પરમાર્હત્ તરીકે ઓળખાતા રાજા કુમારપાળે ખાસ 'કેગર'ના લાકડાની પસંદગી કરી. આ લાકડું સડતું નથી, બટકતું નથી. એમાં જીવાતો પડતી નથી. આગ લાગે તો આ લાકડું બળતું નથી. આગમાં તો આ લાકડામાંથી પાણી ઝરે છે. આ લાકડા પાસેથી રાજા કુમારપાળે પથ્થરનું કામ લીધું છે. પથ્થરોને ટકાવી અને અટકાવી રાખવા લાકડાં વપરાયા છે જિનાલયમાં. ઉપલા માળના સંવરણાની નીચે જેમ લાકડું વપરાયું છે તેમ શિખરની ભીંતોને, અંદરનાં પોલાણમાં આમને સામને ટેકો દઈ મજબૂતી આપવા આ જ લાકડાં વપરાયાં છે. વજનને વહેંચી દેવાનો માળખાકીય સિદ્ધાંત લાકડાં દ્વારા બરોબર સાચવવામાં આવ્યો છે.

અમે તો કેવળ લાકડાં જોવા માટે ગયેલાં. બધા આ લાકડાં જોવા જ જાય છે. આ લાકડાને કાષ્ઠનો વજનદાર મોભો રાજા કુમારપાળે આપ્યો. અદ્ભુત.

હજી તો શિખરની વાત કરવી છે. આજે અહીં અટકવું પડશે. કેગરનું કાષ્ઠ શિખરમાં ચોકઠાં રૂપે ઉપર ને ઉપર સુધી ગોઠવાતું ગયું છે. આ કાષ્ઠને હાથેથી અડીને જોવું હતું. એ મોકો મળ્યો. એની પર હાથ મૂક્યો. આરસ જેવું લીસું અને કઠણ. પથ્થર જેવું વજન નહીં હોય. કાળના ઘસારા સાથે તેમાં લાંબા લાંબા અનેક ખાંચા પડ્યા છે. હજી સુધી આગ લાગી નથી. આ કાષ્ઠો આગમાં ચૂવે છે તેનો અનુભવ હજી જિનાલયના ભીતરી ભાગે લીધો નથી. સારું જ છે. આગનાં પારખાં કરવાની જરૂર પણ નથી. રાજા કુમારપાળે પોતાની નજર સામે પરીક્ષા લેવડાવી જ હશે. મંદિરનાં બાંધકામ વખતે, બહાર ચોગાનમાં જ વિધિ થયો હશે એ જોવાનો. ત્યારે શ્રી હેમાચાર્ય પણ પાસે જ ઊભા હશે ને ?

**(વિ. સં. ૨૦૬૦)**

❉ ❉ ❉

૪

# તારંગાજીની ત્રણ ટૂંક

**ચૈત્ર સુદ-૧૩ : તારંગા**

કોટિશિલા, વાસુદેવની શક્તિપરીક્ષા કરનારી શિલા. કોટિશિલા, કરોડો મહાત્માઓને પરમપદ ભણી વિદાય આપનારી મંગલ શિલા. કોટિશિલા, શિખરનો મોભો વધારનારી મહાશિલા. તારંગાજીની ત્રણ ટૂંક છે, તેમાં એક આ કોટિશિલા છે. સાંજે એની ટેકરી ચડવાનું શરૂ કર્યું. સમસમતું એકાન્ત હતું. સીધું ચડવાનું હોવાથી શ્વાસ ઊંડો લેવાતો, તેનો ઍજીનવૉઇસ ગળામાંથી ફેંકાતો હતો. સૂરજ સ્તબ્ધભાવે આ ગિરિભૂમિને અજવાળી રહ્યો હતો. લાડુસરનાં તળાવ પાસેથી આછા લાલરંગની ફરસવાળી પાયવાટ તળેટી સુધી આવતી હતી. પછી ડાબી તરફ વળીને ઉપર જવાનો આરંભ. વચ્ચે ધાબાં જેવા બે વિસામા આવ્યા. થોડાં પગથિયાં, થોડો કાચો રસ્તો. વળાંક અને ચડ. નીચે અજિતનાથ દાદાનું દેરાસર બેનમૂન દીસતું હતું. પગથિયાં ઉપર તરફ લઈ જતાં હતાં.

એકાએક ઊંચા પથ્થરોનો ઢગલો આવ્યો. એકબીજાને અઢેલીને મસ્તીથી બેસેલા મહાપથ્થરોની નીચેથી પગથિયાં જતાં હતાં. અટકીને ઊંચે જોયું. બારમાસી હવાની ઝાપટ લાગવાથી શિલાઓ ઘસાઈને લીસી થઈ ગઈ હતી. જાતજાતના આકારો એમાં ઊપસી આવ્યા હતા. વીસ પચીસ હાથના પથ્થરો અરસપરસ માથું ટેકવીને બેઠા હતા. પથ્થરનાં તળિયે નાનકડા પથ્થરો હતા. મોટા પથ્થરો વાંકા વળ્યા હોય તેની નીચે નાના પથ્થરો ફીટીંગ જાળવવા બેસી ગયા હોય તેવો દેખાવ હતો. એકબીજા પર લદાઈ રહેલા વિરાટ પાષાણોનો ગંજાવર ખડકલો, ટેકરીની ટોચ પર કેવી રીતે આવી ગયો હશે ? પર્વતો પર

માટીઓની વચ્ચે પથ્થરો હોય છે તેવું જોયું છે. આજે ઊંધું જોયું. પથ્થરોની વચ્ચે થોડી થોડી માટી. વરસાદમાં માટી ભીંજાય ને પોલી થાય, પથ્થરો દબાય ને સરકી પડે, એવું અહીં નહીં બને. પથ્થરો સજ્જડ રીતે આસપાસમાં સંપી ગયા છે. માટીનો ગજ વાગતો નથી. પૂનાબૉમ્બે રૅલ્વે લાઈન, ખંડાળા અને લોનાવલાના ઘાટ પસાર કરે છે ત્યારે બોગદાં આવે છે રસ્તામાં, રસ્તો પહાડની અંદર ઘૂસી જાય. તારંગાની ટેકરી પર આ વૉકીંગ બોગદું આવ્યું હતું. પગથિયાં સાથે પથ્થરોની નીચે પેઠા. બન્ને બાજુ તોતિંગ મહાશિલાઓ. ઉપરથી એ છત્ર બની રહી હતી. માથાની ઉપર, ડોક તણાય તે રીતે જોયું. લગભગ ૮૦થી ૧૦૦ હાથ સુધી પથ્થરો ખડકાયા હતા. પથ્થરોની નીચે દબાઈને મરી જવાય છે એ વાત ખોટી સાબિત થઈ રહી હતી. આ પથ્થરોની નીચે અમે સલામત હતા. આ ડુંગર નજીકથી રળિયામણો હતો. પગથિયાં પણ પાછા વળતા, ઘૂમતા હતા. પથ્થરોની વચ્ચે બખોલ હતી, એમાં સૂક્કો કાદવ, પાંદડા, કચરો. નિર્ભય રીતે પથ્થરોની વચ્ચેથી અમે પસાર થતા હતા. ઊભી તિરાડમાં ઘેરાતું અંધારું. પોલાણોમાંથી સરીને આવતો ઉજાસ. પથ્થરિયાં ઘરમાં પાણીનો છાંટો પણ ન દેખાય. બે-અઢી ફૂટ પહોળાં પગથિયાની હાર, વળ ખાતા અજગર જેવી લાગે. હવા નહોતી આવી શકતી. ઠંડક નૈસર્ગિક હતી. ઊંચા માણસનું માથું અફળાઈ બેસે. બટુકજી તો જાણે દેખાય જ નહીં. હાથીના પગ પાસે બેસેલું સસલું કેવું દેખાય ? અમે એવા વામન લાગતા હતા.

વિશ્વના બહેતરીન પાષાણખંડોના ખોળેથી અમે બહાર નીકળ્યા. હવે આસમાન સામે આવીને ઊભું હતું. વાયરો મદે ચડ્યો હતો. દેરીમાં ચૌમુખજીનાં દર્શન કર્યા. દેરીનાં શિખરે ઘંટડી રણકી રહી હતી. કોટિશિલાએ આવીને મોક્ષે જનારા મહાન્ આત્માઓમાં આપણો નંબર નથી લાગવાનો માટે ડાહ્યા થઈને નીચે ઊતરવાનું હતું. આત્મા માનતો નહોતો. બસ, ઊભા રહીને આ જગ્યા જોઈ. માનવકૃત સાજસજ્જા કોઈ નહોતી. આકાશ અને શિખરના સંગમે અહીં તીર્થાવતાર સરજી દીધો હતો. પંખીઓનો કલકલનાદ ઠેર ઠેર પડઘાતો હતો. વાદળવિહોણું આકાશ ભૂરું અને જીવંત લાગતું હતું. આ આકાશની નીચે મોટામાં મોટા પહાડો આવી જાય. એણે તારંગાને છાંયો ધર્યો હતો. લાકડાની પટ્ટીવાળા સળિયાની રેલીંગ પાસેથી ઊંડી ખીણ દેખાતી હતી. આ રસ્તેથી પણ



આરોહણ થઈ શકે. આવડવું જોઈએ. કોટિશિલાની ટેકરી પર એવો કોઈ પથ્થર પૂજા માટે જુદો રાખ્યો નથી. ત્રણ જુદી જુદી દેરી છે. એક શ્વેતાંબરની, બે દિગંબરની. એક દિગંબરની દેરી થોડી ઊંચે છે. રેલીંગ વચ્ચેથી સાંકડો રસ્તો છે. ટાઈલ્સ જડી રાખી છે. તેની પાછળથી સીધો ઝૂકતો પ્રપાત દેખાય. બીજી દિગંબરની દેરી માટેનો રસ્તો જરા નીચે છે. પથ્થરો વચ્ચેથી જ પગથિયાં ઊતરતાં ડાબી તરફ વળવાનું. વિશાળ છતની નીચેથી ઝૂકીને ચાલ્યા જવાનું. એ છત એટલે ભયાનક હદે મોટા દેખાઈ રહેલા પથ્થરનો નીચલો હિસ્સો. એ પસાર કરો. પગથિયાં આવે. સંકોચાઈને ઉપર ચડો, પથ્થરો વચ્ચેથી. દેરી દેખાય. આ દિગંબર દેરીમાં સિદ્ધચક્રનો પટ છે તેમાં પ્રતિષ્ઠાચાર્ય તરીકે કોઈ તપાગચ્છીય આચાર્યનું નામ છે.

દેરીની સમીપમાં પાળી સીધી ચાલી જાય છે. પાળીના છેવાડે ખાંચો આવે ત્યાં પહાડ તરફ ઊતરવાના બે-ત્રણ દાદરા છે. પહાડની અસલ ઢોળાવવાળી ચટ્ટાન ત્યાં આવે. સંભાળીને આગળ વધો તો ડાબે હાથે પથ્થરિયો ચોતરો છે. સ્વયંભૂ નિર્માણ છે. દિવાળીના દિવસે અહીંથી આખા વિસ્તારમાં દેખાય તે રીતે હુતાશન કરવામાં આવે છે. આ ચોતરાનો પાષાણ કેટલો ઊંચો છે તે જોવા પાછળની તિરાડ જોઈ. આશરે સત્તર કે અઢાર ફૂટ ઊંડી હતી. આજુબાજુ આવા જ જબ્બર પહાડપુત્રો ઊભા હતા. આ સ્થાનેથી હટવાનું મન જ ન થાય.

### ચૈત્ર સુદ-૧૪ : તારંગા

સિદ્ધશિલા. ચૌદ રાજલોકના છેવાડે હરહંમેશ માટેનો પરમાત્મભાવ સંવેદવાનું સ્થાન. તારંગાની બીજી ટૂંક તરફ જવાના મારગડે એ બોર્ડ માર્યું છે. સિદ્ધશિલા તરફ જવાનો રસ્તો. કેટલું બધું નજીક હતું પરમપદ ? હાથવેંતમાં જ જાણે. આટલું અમથું ચડી ગયા એટલે સંસારભ્રમણ પૂરું. મનમાં સુખદ કલ્પનાઓ ચાલતી રહી. આજે યાત્રિકો ઘણા હતા. ઘોંઘાટ ઘણો થતો હતો. સાથે રસ્તો બતાવવા આવેલા કાકાજીને મેં પૂછ્યું : 'આપણે જોગિયાની ગુફા જઈશું ? એકાદ સેકંડ વિચારીને કાકાજીએ હા પાડી. અમારો રસ્તો બધાની સાથે જ હતો. યાત્રાળુઓ, પર્યટકની જેમ ધમાલ કરતાં ઉપર જઈ રહ્યા હતા. સિદ્ધશિલાની ટેકરી પર પગથિયાં નથી. ચાલવાના રસ્તે ઝીણી માટી બિછાવેલી છે. પગ દુઃખી

જાય તેવા થર છે માટીના. ચડવાનું અઘરું નથી. દાદરા ન હોવાથી સીધેસીધું ચડવાનું પગને કોઠે પડે તેમાં જ ફાયદો. આખરે એક જગ્યાએ કાકાજીએ કેડી બતાવી. બધા જઈ રહ્યા હતા તેનાથી તદ્દન જુદી દિશામાં અમે ચાલ્યા. પાછળથી બે-ત્રણ જણા સાથે આવવા નીકળ્યા. એમને એમ કે આ જ મૂળ રસ્તો હશે. એમને પાછા રવાના કર્યા.

કાકાજીએ હાથમાં લાઠી રાખી હતી. તળપદી બોલીમાં એ સતત બોલતા હતા. એમને કાને સંભળાતું નહોતું માટે બોલી બોલીને પોતાનું અસ્તિત્વ એ પૂરવાર કરી રાજી થતા હશે. પથ્થરની પાળ ઊતરવાની હતી. કાકાજી પહેલા ઊતર્યા. આગળ તો રસ્તો જ દેખાતો નહોતો. એમની પાછળ ચાલતા જવાનું. મેં મોટા અવાજે પૂછ્યું : 'અહીં વાઘ રહે છે ?' એમણે મારી સામે જોયું. હસ્યા વગર બોલ્યા : 'આપણને કાંય નો કરે. આ ભાઠાં બધા ઈના જ છે...' એમણે લાઠી ચીંધીને ત્રણ ચાર પથ્થરની મોટી બખોલો બતાવી. નિર્જન વન હતું. કારમું જંગલ વર્તાતું હતું. મારગ અવાવરુ હતો. માણસના વપરાશ વિનાનો વગડો હતો. સૂકાં પાંદડાં પગ નીચે ખખડતાં હતાં. મેં કાકાજીને કહ્યું : 'એ વાઘ હમણા બહાર નીકળશે તો ?' કાકાજી તરાપ મારવાની અદામાં બોલી પડ્યા : 'ઈ આવે તો એને મારી નાંખું...' સિત્તેર વરસનું કાકાનું શરીર હતું. ઘેરો કાળો વાન. એક આંખે ઝાંખપ વળી ગઈ હતી. સૂકલકડી દેહ હતો. એમનો જુસ્સો ભારી હતો. એ પહાડને ભાઠું કહેતા હતા. સાચવીને ચાલવાનું છે એવી સૂચના કરવા માટે એમના શબ્દો હતા : 'જાડું ચાલજો' અને 'જાડું ઊતરજો.' પાછળ રહી ગયેલો રસ્તો ઓળખાતો નહોતો. આગળનો રસ્તો ઉકેલાતો નહોતો. એ કાકાજી કહેતા હતા...' ઈ માંય બેઠો બેઠો જોતો હશે, ગરમીમાં બા'ર નો નીકળે. વરસાદ હોય તા'ર બા'ર બેઠો રે. આપણે નીકળી પડીએ તો આંખો કાઢીને જુએ. કાંઈ કરે ના...સાથે કૂતરો ન જોએ. કૂતરાને એ મારી નાંખે. આપણે વચ્ચે આયા તો આપણી પર પંજો પાડી દે...'' વાઘને જોવાની ઈચ્છા તો થઈ, વીમો હતો. કાકાજી અને હું એમ બે જ જણા હતા. કાકાજી તો જાણે બગીચામાં ટહેલતા હતા. ઢાળ ઊતરીને થોડો ચડાવ પસાર કર્યો. ફરીવાર જટાજૂટ શિલાઓનું ઊંચું ઝૂંડ આવ્યું. કાકાજી વાંકા વળીને પથ્થરગઢમાં ઘૂસ્યા. પાછળ હું. કાકાજી અંદર ઊતરવાનું હતું ત્યાં ઊભા રહ્યા. જમીન પર લાઠી પછાડી. જોર જોરથી હટ હટ



એવા અવાજ કર્યા. ફરીથી લાઠી પછાડી પથ્થર કૂદી ગયા. અંદર લાઠી પછાડીને હટ હટ કરતા એ આગળ ચાલ્યા. એમની પાછળ હું. ભેંકાર એકાન્તમાં તદ્દન ગુફા જેવા પથ્થરોના ઘેરાવાની વચ્ચે અમે ચાલતા હતા. કાકાજી બબડ્યા. 'આ જગા વાઘની છે. તમે ઊભા છો ત્યાં ઈ બેસે છે. આપણે આયા એટલે એ બહાર ગયો. આ પાછલા રસ્તે. આપણે જસું ત્યારે ઈ પાછો આઈ જસે. આ ગુફા છે, જોગિયા ગુફા.'

મારા કાનમાં પડઘા પડ્યા : 'જોગિયા ગુફા.' અમે વાઘની બોડમાં હતા. પથ્થરો એક બીજાનો આશરો લઈને ઊંચી મેડી રચી રહ્યા હતા. એમના તળભાગમાં ચાર પ્રભુમૂર્તિનો પટ હતો. સાધારણ ઓટલા પર પ્રભુજી બિરાજતા હતા. પ્રભુની સામે કાચી જમીન પર યજ્ઞવેદી હતી. એમાં કડીવાળો ચીપિયો રાખ-સોતો ખૂંપવીને ઊભો રાખેલો હતો. એક ખંજર પણ મૂઠ બહાર રહે તે રીતે દબાવી રાખ્યું હતું. આ અઘોર સંપ્રદાયનું થાનક હતું. દર અમાસે અહીં આહલેકની ધૂન મચાવવા જોગી બાવા આવે. વાઘ બાજુમાં બેસીને એમની મસ્તી જોયા કરે. દીવા અગરબત્તી થાય. પ્રસાદ ચડે. આપણા ભગવાનની મૂર્તિ સમક્ષ આ વિધિ થાય. કોઈ દેવીદેવતા કે ચૂડલા કે ત્રિશૂલ નહોતા. ભગવાનના ઓટલા નીચે ભોંયરું છે તે કોઈ દૂરના અગમ સ્થાને નીકળે છે તેવી કહેતી છે. એ તો ઠીક. સાચું અને ખોટું શું તે પરખવું પડે.

આ જગ્યાએ વાઘ વસતો હતો તે સત્ય, ગભરાવી મૂકે તેવું હતું. હું પ્રભુની સમક્ષ ચૈત્યવંદન કરતો હતો તે જગ્યા પર જ વાઘ શરીર લંબાવીને પડ્યો રહેતો હશે. હમણાં ત્રણ ચાર મિનિટ પહેલાં જ અમારા અવાજથી એ ચાલીને બહાર ગયો હશે. અમારી ગંધને પારખીને તે અમારા જવાની રાહ જોતો આ બોડની કોઈ બખોલમાં બેઠો હશે. એના ડોળા અમારી પર મંડાયેલા હશે. નજર ધીમે ધીમે ચોતરફ ફરતી હતી. મારી ડાબી તરફ એક જ માણસ પસાર થઈ શકે તેવો ખાંચો હતો. તે પૂરો થાય ત્યાં આડો પથ્થર પડેલો હતો. મારા જમણા હાથે જોગંદરની બેઠક જેવું હતું. ઉપર પથ્થરોનાં પોલાણમાંથી આકાશના ટુકડા દેખાતા હતા. સૌથી ઊંચે રહેલા પથ્થરની નીચે બેત્રાણ પથ્થરોએ આડો ઘેરો બનાવ્યો હતો. તે પથ્થરોનો ટેકો બનીને નાની મોટી શિલાઓ નીચે સુધી બંધ બેસતી ગોઠવાઈ હતી. વરસાદી પાણીના રેલાઓ ઊતરતા આવીને સૂકાઈ ગયા

હોય તેવા ઓઘરાળાવાળી એક ગંજાવર પથ્થરશિલાતળે, બેઠક જેવો જ એક પથ્થર હતો. એની પર માટીના થર હતા. ચોક્કસ, વરસાદ પડતો હોય ત્યારે બેસવા માટેની આ જગ્યા. બીજે બધે અગમ પોલાણ અને અંધારિયા ખાંચા હતા. પસીનો છૂટી જાય તેવો ભયાનક માહોલ હતો. કુદરતનું આ રૂદ્રરમ્ય સ્વરૂપ હતું. બોલીને શાંતિમાં ખલેલ પાડવાનું ગમે નહીં. હું જાપ કરતો હતો. કાકાજી કંટાળ્યા કે પછી ગભરાયા. એમણે નીકળવાની ઉતાવળ કરવા કહ્યું. થોડીવારે અમે ચાલ્યા. પથ્થરોની વચ્ચેના ખાંચાઓ બહુ જ ઊંડા હોય છે. વાઘ પોતાના મોટા શિકારોને આવા ખાંચામાં છૂપાવીને તેની પર પોતે છૂપાઈ જાય તો પણ ખબર ન પડે કે અંદર કોઈ હશે. સાચવી, સંભાળીને ગુફામાંથી બહાર આવ્યા.

મન બે રીતે આશ્વસ્ત હતું. એક, વાઘે આજ સુધી કોઈ માણસને ઈજા કરી નથી. બે, વાઘની ગંદી વાસ આવતી નહોતી. અમે નિર્ભય હતા. જોગિયા ગુફાની ટેકરી દૂરથી જોઈ. આશા હતી કે ક્યાંય વાઘ દેખાઈ જશે. વાઘ ન દેખાયો. આવજો.

### ચૈત્રી પૂનમ : તારંગા

મોક્ષબારી સરસ નામ છે. તારંગાજીની ત્રીજી ટૂંક. રૉડ પર થોડું ચાલીને મોટા ખેતરેથી કેડી પકડીને જવાય. ટેકરી ઊંચી નથી. સાધારણ દેખાવની પહાડી. રસ્તામાં કાંટા પુષ્કળ, કાંકરા ઘણા. ટેકરીની ટોચ પર ઊભેલા મહાપાષાણપર દાદરવાટે ચડો એટલે મોક્ષબારી પહોંચી જવાય.

જોગિયા ગુફા પછી તરત જ સિદ્ધશિલામાં પગલાં સમક્ષ વંદના કરી. ખુલ્લું આકાશ હતું. સપાટાબંધ હવા હતી. મીઠો તડકો હતો. ઘેઘૂર શાંતિ હતી. અનહદ આનંદ મળતો હતો. મોક્ષબારી પર જગ્યાની સંકડાશ છે. બેસવા માટે મોકળાશ જ નથી. ઊભા ઊભા દર્શન કરી પાછા ફર્યા.

તારંગામાં દર પૂનમે મેળો ભરાય છે. પહેલા તો અઢી-ત્રણ હજાર માણસ થતું. આજકાલ દોઢસો બસોની ભીડ થાય. બહાર રૉડ પર માંડવે દુકાનો નંખાય. ગામઠી લોકો આવે. કોલાહલ થાય. આ એક દિવસ સિવાય, તારંગામાં તદ્દન શાંતિ છે. અમારો વદ એકમનો વિહાર નક્કી છે, કાલ સવારે. આજે મનભરીને શ્રી અજિતનાથ જિનાલય જોયું.



શિખરની નીચે, ભગવાનની પીઠ અને જમણી ડાબી બાજુ, દેરાસરની જે બાહરી ભીંત હોય છે તેને મંડોવર કહે છે. આ જિનાલયની મંડોવર આશરે ત્રણ માળ ઊંચી છે, મેરૂમંડોવર પાયો પૂર્યા પછી જમીનની સમથળે બાંધકામનો ઉપાડ થાય તે પાયાની શિલાની ઉપર આવે. જમીન પરની આ બાંધકામની શરૂઆતમાં પીઠ આવે. પીઠના અલગ અલગ થર હોય છે. કુલ દશ થર હોય છે. તેમાં અડ્થર, પુષ્પકંઠ, જાડ્યકુંભ, કણી અને કૈવાલ આ પાંચ થરો અવશ્ય હોય. તેની ઉપર ગજ, અશ્વ, સિંહ, નર અને હંસ આ પાંચ થર કરવા હોય તો થઈ શકે. આટલે પહોંચ્યા બાદ મંડોવર અને પછી છજું આવે. આખી મંડોવરને માપીને તેના તેરમા ભાગની ઉપરથી આ છજું શરૂ થાય. તેને છાદ્ય અને છજ્જા પણ કહે છે. છજું એટલે શિખર હવે શરૂ થશે તેની નિશાની. જમીનને અડતી પહેલી પીઠથી માંડીને છાજ્જ સુધીનો પ્રસ્તાર આસક્ત ભાવે જોતો રહ્યો. ગોળ ફરતી મંડોવરની છાતી પર ત્રણ શ્રેણિએ શણગાર મૂર્તિઓનું અલંકરણ છે. પહેલી જ નજરે ધ્યાન ખેંચે છે તે નૃત્યમત્ત દેવી-દેવતાઓ. એમની હર્ષભરી મુખમુદ્રાની ઈર્ષા થઈ આવે. જિનાલયને પ્રદક્ષિણા આપો ત્યારે એ દેવીદેવતાઓ વાજીંત્રનાદ સાથે ઝૂમતા હોય એવો અનુભવ થાય.

મને સૌથી ગમેલી એક મૂર્તિમાં દેવ આનંદથી ઉન્મત્ત ચહેરે સ્વર્ગ ભણી તાકી રહ્યો છે. એ સ્વર્ગલોકમાં વસતા મિત્રોને જાણે કહે છે કે - 'અહીં આનંદ છે તેવો તમારી પાસે નહીં જ હોય. આવો, ખાતરી કરી જુઓ.' એનાં શરીરનો હિલ્લોળ પણ પ્રમોદની ઉદ્રેક અવસ્થા વ્યક્ત કરે છે. એની મુખમુદ્રામાં આટલો બધો આનંદ ઉમેરનારા શિલ્પીને ધન્યવાદ આપવા પડે. આ દેવી-દેવતાઓની વિવિધ મૂર્તિઓની નીચે ઝીણી શિલ્પપટ્ટીઓમાં સળંગ આકૃતિઓ છે. કોઈ લાંબી વાર્તા હોય, પ્રસંગોની માળા હોય કે સાંકેતિક સંયોજન હોય - કોણ જાણે ? એકદમ ભરચક આકૃતિઓ ઠેઠથી ઠેઠ સુધી છે. એ નરથર કહેવાય.

નૃત્યમત્ત દેવી દેવતાઓના જુદા જુદા શિલ્પો છે. દરેક શિલ્પોની આજુબાજુ થાંભલી પાડીને ગવાક્ષિકા જેવું બનાવી તેની બંને તરફ અપ્સરાઓ મૂકી છે. તે પણ કળાના ઉત્કર્ષ સાથે પ્રસન્ન છે. ધ્યાનથી જોયું તો દરેક અપ્સરાની ઉપર, આ જ પીઠના થરે - પ્રણયદશ્ય ધરાવતા યુગ્મશિલ્પો છે. વાર્તાલાપ, મતભેદ, રકઝક, સમાધાન, સમર્પણ, વૃત્તાંતનિવેદન જેવા અપરંપાર

ભાવો નીતરે છે. એકાદબે સ્થાને અવિકલ રતિમુદ્રા. આ દેવીદેવતાઓની ઉપરની હરોળમાં અધિષ્ઠાયક દેવોનાં શિલ્પોની એક શ્રેણિ છે. ઉપરની શ્રેણિમાં ગવાક્ષિકાની બહાર બંને તરફ અપ્સરાઓ નથી તેથી તે શ્રેણિ ખાલી ખાલી લાગે છે. જોકે ત્યાં બારીક કોતરકામવાળાં સુશોભનો સુંદર લાગે છે. તેની ઉપર છજું આવે છે. મંડોવરની ઉત્તરદક્ષિણમાં અને પશ્ચિમમાં જાળી છે. ત્યાં ઝરૂખો બનાવવાનો હોય તેમ ચાર ચાર થાંભલા મૂકાયા છે. વચ્ચે મોટી જાળી છે તેની અંદર જુદી જુદી ડિઝાઈનવાળા તેર ચોકઠાં છે. તે જાળી બે થાંભલાની વચ્ચે ઊભી રાખવામાં આવી છે. બીજી બે જાળીઓમાં ઊભા ચાર ચોકઠાં, ચાર ડિઝાઈન સાથે છે, તે મોટી જાળીની જ હરોળમાં સહેજ પાછળ છે. તેમને પોતપોતાના સ્વતંત્ર થાંભલા મળ્યા છે. આજની ભાષામાં વૅન્ટીલેશન કહેવાય તેવી આ જાળીઓ અંદર ગભારાની ફરતે પ્રદક્ષિણાપથ છે તેમાં અજવાળું પહોંચાડે છે.

× × ×

અમે પહેલે દિવસે કેગરનાં લાકડાં જોવા ગયા હતા ત્યારે શિખર પણ નજીકથી જોયું હતું. એ જ દિવસે શિખરની વાત લખી દેવી હતી. રહી ગઈ. આજે કેવળ યાદદાસ્તનાં જોરે લખાશે. દરિયામાં આગળ વધતા જાઓ તેમ પાણીનાં ઊંડાણ અને ફેલાવાનો ખ્યાલ આવતો જાય. શિખરનું એવું છે. નીચેથી શિખર જોયું તો ભવ્ય લાગતું જ હતું. સો ટકા. સામરણની સામે શિખરનો દરવાજો ખૂલે છે ત્યાંથી બહાર નીકળીને ત્યાં જ ઓટલે બેસી શિખર સામે જોયું તો ચક્કર આવી ગયા. તુમુલ શબ્દ જ બંધબેસતો લાગે. બે આંખોમાં સમાઈ શકે નહીં આ શિખર. દૂરથી જ બે હાથ પહોળા કરીને માપવું હોય તો શિખરનું મથાળું પણ માપી ન શકાય. શિખરની વચોવચ ઉરુશૃંગ. તેની પેલે પાર એકદમ ઊંચે અમલસાર. તેનું ગળું ઈંડક તો દેખાતાં નહોતાં. શિખરની પાઘડીએ કંકણવલય અજાયબ હતું. મોટી રીંગને આડા ગોળાકાર કાપાઓથી ઘેરી લેવાઈ હતી. એ કાપાઓની વચ્ચેના ખાંચામાંથી, આકાશના જુદાજુદા ટુકડા પડી જતા જોવાતા હતા. અમે શિખરને અડોઅડ બેઠા હતા. કળશ દેખાતો નહોતો. શિખરનું વજનદાર અસ્તિત્વ અમારી પર વિરાટ પડછાયો બનીને પથરાતું હતું. ચોમાસાના દિવસોમાં વાદળાઓ વિનાશક વેગે ભાગતાં હોય ત્યારે આ



જગ્યાએથી શિખર જોનારો, બૅલૅન્સ ચૂકીને ભોંયભેગો જ થાય. દર સાલગીરીએ પૂજારી છેક કળશ સુધી ચડીને ધજા બદલે છે. શિલ્પખંડોને પકડી પકડીને ચડી જાય છે ઉપર. નીચે ઊતરવામાં આ કોતરકામના ખાંચાઓ કામ લાગે છે. માંચડા બાંધ્યા વગર અને કાયમી સીડી લગાડ્યા વગર આ શિખર પર ધ્વજા પહોંચે છે તે મારા પ્રભુની બલિહારી છે. અહીંથી કંકણવલય દેખાય છે, તેની પર ચાલીસેક માણસ બેસી શકે એટલું એ પહોળું હશે જ. શિખરનો ઉપરનો ભાગ જો ચાલીસ માણસને સમાવી શકે તો નીચે વધતો ફેલાવો કેટલો બધો હોય. બેઠા ત્યાંથી હલવાની હિંમત નહોતી થતી. ઊંચી આંખે શિખરને માપતા રહેવાનું ગમતું હતું. શિખરે નજર સામેનું અડધું આકાશ ઢાંકી દીધું હતું. પાછળની ટેકરી લગભગ ગાયબ હતી. નીચે દેરાસરનાં ચોગાનમાં હરતા ફરતા લોકો ચણામમરા જેવા દેખાતા હતા. શિખરનાં ઉત્તરદક્ષિણનાં પડખે બીજા ચાર શિખરો નીચે ઊતરતાં હતાં. આ શિખરોને લીધે મૂળ શિખર જાજરમાન જણાતું હતું. જિનાલય પૂર્વ સન્મુખ છે. ચાર દિશામાંથી પૂર્વ સિવાયની ત્રણ દિશાએ ચાર શિખરો છજ્જા સુધી ઉતરતાં હતાં. પૂર્વ દિશામાં એક શિખર આવતું હતું. તેની પર શુકનાસ હોવાથી બીજા શિખરોને કદાચ, અવકાશ નથી. ચાર વિદિશા લો. ઈશાન, અગ્નિ નૈઋત્ય અને વાયવ્ય. પૂર્વ અને ઉત્તરની વચ્ચે ઈશાન ખૂણો. તેમાં પૂર્વ અને ઉત્તરનાં નાના શિખરની વચ્ચે એટલી જ ઊંચાઈનાં બીજા બે શિખર દ્વિકોણ મુદ્રાએ ઊપસતા હતા. આ બે શિખરની વચ્ચેથી એક અને બન્ને શિખરને એકએક છેડેથી એક એક, એમ કુલ ત્રણ શિખર જરા નીચેથી ઊપસ્યાં હતાં. આ શિખરોની નીચે બીજાં બે બે શિખરો જોડાતાં હતાં. ગણતરી કરી. ત્રણ તરી નવ. નવ ને બે અગિયાર. પૂર્વ અને ઉત્તર શિખરનાં ખૂણે બે નાનાં શિખર સૌથી નીચે હતાં. અગિયારને બે તેર. આ ઈશાન ખૂણાનાં તેર શિખર થયાં. ચાર ખૂણાનાં તેર ગણીએ તો બાવન થાય. તેમાં ત્રણ મૂળ દિશાનાં ચચ્ચાર શિખર. બાવન ને બાર, ચોસઠ. પૂર્વ તરફી એક શિખર ગણો. પાંસઠ. મૂળ શિખરનો એક ઉમેરો. છાસઠ શિખર થયાં.

હવે સામરણના છેડે છેડે કોતરેલાં શિખરો ગણવાનાં. સામરણમાં વિદિશાના ચાર ખૂણે પાંચપાંચ શિખરો છે. છાસઠ અને વીસ છ્યાસી શિખર. આટલા તો નજરે ગણાયા.

બીજી ગણતરી. સામરણમાં નાના નાના ઈંડાં મૂકવામાં આવે છે. તેમની સંખ્યા કુલ મળીને ૪૦૩ થાય છે. શિખર અને રંગમંડપને જોડતાં સ્થાન પર જૈન સાધુઓની મનહર મૂર્તિઓ મૂકવામાં આવી છે.

ધ્વજાના દંડને આધાર આપવાની જગ્યાએ ધ્વજાપુરુષ રચવામાં આવ્યો છે. તે ખાસ ધ્યાન ખેંચે છે. આવું શિલ્પાંકન બીજાં કોઈ જ તીર્થોમાં નહીં મળે.

રાજા કુમારપાળનું આયોજનબદ્ધ ભક્તિકર્મ ગદ્‌ગદ બનાવી રહ્યું હતું. તેમણે મંત્રી અભયદેવને આ પ્રાસાદની જવાબદારી સોંપી હતી.

**ચૈત્ર વદ-૧ : સતલાસણા**

તારંગાજીથી આજે વિહાર કર્યો. ગઈકાલે પૂનમની રાત હતી. લગભગ દશ વાગે ચાંદો અમૃત વરસાવીને જિનાલયજીને શાશ્વતીનું તેજ આપતો હતો. તારાઓ શિખરનો સ્પર્શ પામી હરખાતા હતા. પહાડીઓને હંફાવી રહેલું આ જિનમંદિર હજારો વરસ પછી પણ આ જ રીતે પૂનમની રાતે દીપતું હશે. પ્રભુના દરબારમાં વહેલી સવારનો ઘંટારવ થાય છે ત્યારે પૂરવ દિશામાં સૂરજ ઊગે છે. તેના પહેલાં કિરણો દાદાના ગભારા સુધી આવે છે. સોલંકીયુગને સાકારરૂપે જીવંત રાખનારાં આ જિનમંદિરનાં સમકાલીન મંદિરો - પાટણનાં કર્ણમેરૂ અને સિદ્ધમેરૂ પ્રાસાદ, સિદ્ધપુરનો રૂદ્રમહાલય અને પ્રભાસપાટણનો કૈલાસમેરૂ જમીનદોસ્ત થઈ ચૂક્યા છે. શ્રી અજિતનાથ પ્રાસાદ અવિચલ છે. અને અવિચલ રહેશે.

**(વિ. સં. ૨૦૬૦)**

૫

# કુંભારિયાજી અને અંબાજી

**ચૈત્ર વદ-૧ : સતલાસણા**

આગળ કુંભારિયાજી આવી રહ્યું છે. થોડી વાર છે.

તારંગાની ટોચ પરથી આ સતલાસણા દેખાતું હતું. હવે સતલાસણાથી તારંગાની ટોચ દેખાઈ રહી છે. હવે આ જોડી તૂટશે. સાંજે અંબાઘાટ મુકામ કરીને કાલે દાંતા પહોંચવાનું છે. રસ્તો ઘાટવાળો છે, એમ કહે છે. જોયું જશે. નીકળ્યા છીએ તો હવે કશી ફિકર રાખવી નથી. કુંભારિયાજીનું નામ પૂછીએ તો કોઈ જવાબ આપતું નથી. અંબાજીનું પૂછીએ તો તરત જવાબ મળે છે. અંબાજી જુદું તીર્થ છે. કુંભારિયા જુદું તીર્થ છે. અંબાજી જૈનોનું તીર્થ નથી. જોકે જૈન તીર્થના અધિષ્ઠાયિકા અંબાજી છે તેનું જ મંદિર અંબાજી તરીકે પ્રસિદ્ધ બની ગયું છે. મંત્રી વિમલ શાહે અંબાદેવીનું મંદિર બંધાવ્યું હતું. મુસ્લિમ-આક્રમણ પછીનો વેરવિખેર સમયકાળ આવ્યો. એ વખતે વેરાન પડેલાં અંબાજીમંદિર પર બ્રાહ્મણોએ કબજો જમાવી લીધો. આજ લગી તેમના જ હાથમાં એ કબજો રહ્યો છે. મંત્રી વિમલ પર અંબાદેવી નારાજ થયેલા તેવી કથા પણ તે લોકોએ પ્રચારમાં મૂકી છે. એક વાત તો નક્કી. કુંભારિયાજી અને અંબાજીમાં મંત્રીશ્વર વિમલનું નામ ગુંજે છે.

**ચૈત્ર વદ-૨ : દાંતા**

કુંભારિયાજી તીર્થનો વહીવટ એક કાળે દાંતાનો સંઘ કરતો. ઘણી લીલી સૂકી જોઈ છે કુંભારિયાજીએ. પાટણનો રાજા કરણ ઘેલો અને મંત્રી માધવની

કહાની સૌ જાણે છે. કરણ ઘેલાએ માધવમંત્રીના ભાઈ કેશવની હત્યા કરીને તેની પત્ની કમલાવતીને પોતાનાં અંતઃપુરમાં રાખી લીધી. વેર લેવા માધવમંત્રી દિલ્લી પહોંચ્યો. પ્રબંધગ્રંથો દિલ્લીને ઢિલ્લી તરીકે ઓળખાવે છે. બાદશાહ અલ્લાઉદ્દીને પોતાના નાના ભાઈ ઉલૂઘખાનને મોટું સૈન્ય લઈ ગુજરાત જીતવા મોકલ્યો. રસ્તામાં આવતાં ગામો, મંદિરો અને મૂર્તિઓનો નાશ કરતો એ કુંભારિયાજી નજીક આવી પહોંચ્યો. કુંભારિયાના સંઘે દેરાસરોમાં અને દેરીઓમાં રહેલી પ્રતિમાઓ કોઈ ઠેકાણે ભંડારી દીધી. ઉલૂઘખાન આવ્યો ત્યારે મંદિરો હતાં પણ તેમાં મૂર્તિઓ ન મળે. ઉલૂઘખાન દાઝે ભરાયો. કુંભારિયાનાં દેરાસરોની કોતરણી અદ્‌ભુત હતી. તેણે તોરણો, સ્તંભો, કમાનો, ઝુમ્મરો, દરવાજા, દેરી પર હથોડા ઝીંકાવ્યા. લૂંટફાટ અને કત્લેઆમ કરાવી. આખા વિસ્તારને આગ ચાંપી દીધી. કુંભારિયાજીની આસપાસ આરાસણ નામનું નગર વસ્યું હતું તે ભસ્મસાત્ થઈ ગયું. વિ. સં. ૧૩૫૬માં ઉલૂઘખાન ગુજરાત પર ચડી આવ્યો હતો. આ જ સાલમાં કુંભારિયાજી પર આક્રમણ થયું તેમ માનવું રહે.

સતલાસણાથી દાંતા આવવાના રસ્તે ગામડે ગામડે મુસ્લિમોની વસતિ છે, મસ્જિદો છે અને મદરેસાઓ છે. લાંબી દાઢીવાળા મિયાઓ ખેતીવાડી સંભાળે છે. અસલમાં આ પટેલ સમાજની વસતિ હતી. મુસ્લિમ આક્રમણ વખતે તેમનું ધર્માન્તર થયું તેનો વારસો આજ લગી જીવે છે. કુંભારિયાજીનાં જિનાલયોનો જીર્ણોદ્ધાર થઈ ગયો, તે પાછું મૂળ સ્વરૂપે ઊભું થઈ ગયું. આ સમાજનો જીર્ણોદ્ધાર નથી થયો. તેથી મુસ્લિમ જ છે.

### ચૈત્ર વદ-૩ : કુંભારિયાજી

સામે જ ખજૂરીનો છાંયડો મધદહાડે, ઑક્ટૉપસની જેમ પગ ફેલાવીને પડ્યો છે. ઘણી ખજૂરી છે. આખા સંકુલમાં ઘણાં ઑક્ટૉપસ ઉભરાયા છે. કુંભારિયાજીની બપોર મદમસ્ત છે. પાંચ દેરાસરોને લીધે પરિસર ભર્યું ભર્યું લાગે છે. ઝૂલતી ખજૂરીઓના પડછાયા આમતેમ સરકે છે. ખજૂરીમાં ભરાતો વાયરો ઘોંઘાટ વિનાનો અવાજ કરે છે.

આ સ્થાન આજે કેવળ તીર્થ છે, શહેર નથી કે ગામ નથી. સૈકાઓ પૂર્વે આ સ્થાન આરાસણ નગર તરીકે ઓળખાતું. અંબાજી અને કુંભારિયાજી બંને આ



નગરમાં સમાઈ જતા. આજે અંબાજી જુદું છે, કુંભારિયાજી જુદું. અંબાજીમાં મોટી બજારો અને ઘણી ધર્મશાળાઓ છે. કુંભારિયાજી નામ કંઈ રીતે આવ્યું તે અંગે અનેક કથા ચાલે છે. ચિત્તોડના રાણા કુંભાએ આ શહેર વસાવ્યું તે પરથી કુંભારિયા નામ પડ્યું તેવો એક મત છે. ભઠ્ઠી બનાવનારા કુંભારોનું નિવાસસ્થાન હોવાથી કુંભારિયા કહેવાયું તેવી બીજી માન્યતા છે. આ બે માન્યતામાં વજૂદ નથી. ત્રીજી માન્યતા એ છે કે બાદશાહ અકબરે મેવાડ પર ચડાઈ કરી ત્યારે કુંભા નામનો રાજપૂત ત્યાંથી નીકળીને આરાસણ આવેલો તેણે પોતાનાં નામ પરથી આ સ્થળે નગર વસાવ્યું. સત્તરમી શતાબ્દીની આ ઘટના બાદ કુંભારિયા નામ જાણીતું થયું. આ માન્યતા પણ પૂરેપૂરી સંતોષજનક નથી. વાત વહેતી આવે છે.

આરાસણ નામ પુરાણું છે તે શેના આધારે પડ્યું ? મધુસૂદન ઢાંકીજી લખે છે કે **‘આ નગરની ઉત્તરમાં રહેલ પહાડમાં આરસપહાણની ખાણો હતી. ખાણ માટે સંસ્કૃત શબ્દ છે આકર. આરાસણાકર આ અભિધાનમાં ત્યાં આગળ ખાણ હોવાની હકીકતનો પડઘો રહેલો છે. આજે આરસનો સામાન્ય અર્થ આપણે માર્બલ એટલે સંગેમરમર ઘટાવીએ છીએ. પણ મધ્યકાળમાં તો કેવળ આરાસણની ખાણમાંથી નીકળેલા સંગેમરમરને જ આરાસણાશ્મ એટલે કે આરસપહાણ કહેતા. બીજી જાતનો પ્રસિદ્ધ માર્બલ મમ્માણશૈલ નામથી પ્રસિદ્ધ હતો. જે નાગપુર (નાગોર)ની સમીપમાં મકડાણ, હાલના મકરાણા - પાસે રહેલી મમ્માણી ખાણમાંથી પ્રાપ્ત થતો, જે આજે મકરાણાના આરસ તરીકે ઓળખાય છે.’** મકરાણામાંથી એકદમ દૂધિયો આરસ નીકળે છે. આરાસણનો માર્બલ ધોળો હોય, પણ સમય જતાં તે હાથીદાંત જેવી ઝાંય ધરાવતો થઈ જાય છે. આરાસણના માર્બલમાં સહેજ લીલા, જાંબુડી, ભૂરા રંગોની છાંટ પણ મળે છે. શત્રુંજય, તારંગા, આબુ, પાટણ, ખંભાત, પ્રભાસપાટણ, સિદ્ધપુરમાં આરાસણનો માર્બલ વપરાયો છે.

આ આરસની માંગ ખૂબ રહેતી તેથી અહીંની ખાણોની પાસે જ શહેર વસી ગયું તે આરાસણ નામે ઓળખાયું. આપણે આરસ શબ્દ બોલીએ છીએ તે આરાસણના સંગેમરમરમાંથી નીપજેલો શબ્દ છે. આજે સવારે વિહારમાં ઘાટ પસાર કર્યો. વચ્ચે વચ્ચે પહાડમાં ઊભા, મોટા ખાંચા પાડેલા જોવાતા હતા.

ટ્રકોને જવાનો રસ્તો હતો તેમાં. નક્કી આ જ બધી ખાણો હોવી જોઈએ. સુરંગો ફૂટે. જમીનના પડ ફાટે. અંદરના ધવલગર્ભમાં પ્રસ્તારનો ઉઘાડ થાય. પથ્થરો બહાર કાઢવામાં આવે. આરાસણનો માર્બલ કોઈને ખબર નથી પડતો. અહીંનો માર્બલ અંબાજીનો માર્બલ કહેવાય.

### ચૈત્ર વદ-૪ : કુંભારિયાજી

અદ્ભુત કારીગરી. અકલ્પ્ય શિલ્પકલા. અવર્ણનીય સંયોજન. જોઈ શકાતું હતું છતાં મનને સચ્ચાઈ લાગતી નહોતી. ઉમતામાં નીકળેલાં દેરાસર જેવા જ ત્રણ દેરાસર છે, ચોવીશ દેવકુલિકા. દેરાસરની પાછળ ખુલ્લું ચોગાન અને તેનો કોટ. દેરાસરની સમક્ષ, આસપાસ દેરીઓ. બાવન જિનાલયમાં દેરાસરની પાછળ દેરીઓ હોય છે. ચોવીસ જિનાલયમાં, અહીં - દેરાસરની બાજુમાંથી ભમતી શરૂ થાય. બીજી બાજુ પૂરી થાય. અડધી પ્રદક્ષિણામાં દેવકુલિકા આવે. વાતાવરણ શાંત હતું, કલાસામ્રાજ્ય અનુપમ હતું છતાં મનમાં નિર્વેદની લકીર અંકાતી હતી. શિલ્પશાસ્ત્રનો નિયમ યાદ આવતો હતો. જિનાલય તૈયાર થઈ જાય પછી ભગવાનનું આસન ખાલી ન રાખવું. તરત પ્રતિમા બિરાજમાન કરી દેવી. અહીં ભમતીની દરેક દેરીઓ ભગવાન વિનાની છે. આતમાનો ખાલીપો ભરી આપનારાં જગતારક જિનમંદિરોની બેઠકો, પબાસનો પર ખાલીપો પથરાયો હતો. એક કાળે ભગવાન બિરાજ્યા હતા. મુસ્લિમ આક્રમણની સંભાવનાને ધ્યાનમાં રાખીને, સંઘે પ્રતિમાજી ઉથાપી લીધા. આ બધી પ્રતિમાઓ ભોંયરામાં ભંડારી દીધી. વરસો અને સૈકાઓ વીત્યા. મૂર્તિઓ અકારણ ભોંયરામાં છે. મૂર્તિ અકારણ ભૂમિની અંદર છે. ભૂમિમાં ભગવાન નિહિત હોય તે આપણને પ્રસન્નતા આપી શકે. પરંતુ પ્રયોજન વિના ભૂમિમાં અંતર્હિત રહે ભગવાન્, તો વિષાદનો વાયરો આવે જ. કુંભારિયાજી તીર્થમાં આવ્યા. પ્રભુનાં દર્શન સુદ્ધાં કર્યા. આનંદનો કોઈ ઉમળકો જાગતો નથી. કંટાળા જેવું લાગ્યા કરે છે. બોજો લાગે છે. એક મોટો વડ છે સંકુલમાં. તેની નીચે ભગવાન્ હોવાની વાયકા છે. બીજી બે ત્રણ જગ્યાઓ માટે પણ આવી વાત ચાલે છે. પૂરેપૂરું ખોદકામ કરાવ્યા વગર સાચું ખોટું શું તે ખબર નહીં પડે. મને તો એમ વિચાર આવે છે કે આ જમીનની નીચે ભગવાન્ જ ભગવાન્ છે. આપણા પગ ભગવાન્ પર ન આવી જાય તેની નિશાની આપવા કુદરતે ખજૂરીઓ ઉગાડી



છે. દરેક ખજૂરીની નીચે, ભગવાન્ ભંડારાયેલા બેઠા હશે. ઊંચી ખજૂરી, પ્રભુની ધજા બનીને ઝૂલ્યા કરે છે.

### ચૈત્ર વદ-૬ : કુંભારિયાજી

ગિરનારની જેમ કુંભારિયાજીના મૂળનાયક શ્રીનેમિનાથ ભગવાન્ છે. ભગવાનની પ્રતિમા વિશાળ છે. મંદિરની રચના એવી છે કે પ્રવેશદ્વારેથી એક એક પગથિયું ચડીએ તેમ સૂરજ ઊગતો હોય તે રીતે નેમિનાથ દાદાનાં દર્શન ઊઘડતા આવે. પ્રવેશનાં પગથિયાની ઉપર - શરણાઈ સૂર નોબત વાગે, તે માટે અલાયદી ગૅલૅરી બની છે. પ્રવેશના દરવાજાની ઉપર નોબતખાનાનો ઝરૂખો દેખાય છે. પગથિયાં ચડીને મેઘનાદ મંડપમાં પહોંચીએ એટલે હાંસી શ્રાવિકા યાદ આવે. ધરમની બેન બનતા તેને આવડેલું. પાટણમાં એ રહેતી. રાજવિહાર પૂજા કરવા જાય. સિદ્ધરાજ જયસિંહ અને શ્રીહેમાચાર્યના સંબંધનું પરિણામ હતું રાજવિહાર. કુમારવિહાર તો પછી બન્યો. હાંસી શ્રાવિકાએ રાજવિહારમાં એક દરિદ્રમૂર્તિને ફરતી જોઈ. એ મંદિરને ઝીણવટથી જોતી હતી. હાંસીએ તેની પાસે જઈને કહ્યું : 'બહુ ધ્યાનથી મંદિર જુઓ છો તો શું નવું મંદિર બાંધવા માંગો છો ?' એ દરિદ્રમૂર્તિનું નામ હતું પાસિલ. આરાસણના મંત્રી ગોગાનો એ પુત્ર. નસીબે તેને ગરીબ બનાવી મૂક્યો હતો. તેણે હાંસીને કહ્યું : 'તારી વાત સાચી પડે ને હું જો મંદિર બંધાવું તો તારે પ્રતિષ્ઠા પર આવવું પડશે.' આમ અરસપરસની વાત થઈ. પાસિલ આરાસણ આવ્યો. અંબિકાની આરાધના કરી. દેવીની આશિષથી સીસાની ખાણ રૂપાની થઈ ગઈ. ૪૫,૦૦૦ સોનામહોરના ખરચે નેમનાથદાદાનો પ્રાસાદ બંધાવ્યો. પાટણની હાંસી શ્રાવિકાને પ્રતિષ્ઠા પ્રસંગે નોતરું મોકલ્યું. તેણે ગજબ કર્યો. નવ લાખ રૂપિયાના ખરચે મંદિરની સમક્ષ મેઘનાદ મંડપ બંધાવ્યો. નેમનાથ દાદાના દરબારમાં પ્રવેશતાવેંત આ મેઘનાદ મંડપનું મહાછત્ર મળે છે. નકશીદાર સ્તંભોની ઉપર હવાપાળ અને હવાજાળ. સભામંદારક જાતિના કરોટકનું માન પામતાં ભવ્ય ગુંબજને જોવામાં આંખો અપલક બની જાય. ગોળ ઘેરાવમાં ઉપરની તરફ વળાંક લેતા ઘુમાવ. વચોવચ ઝળૂંભેલું ઝુમ્મર. આબુના ગુંબજ જોયા નથી હજી. આ ગુંબજ તેના મુકાબલામાં જરૂર ઊભો રહી શકે. મેઘનાદ મંડપની વિશેષતા સ્તંભોની ઊંચાઈમાં છતી થાય. ઉપરની પાળ આવરી લઈને ઊંચે આખા કલાકર્મનો ભાર આ સ્તંભો દ્વારા જ

સચવાઈ રહ્યો છે. રાજવિહારમાં ઉપહાસ પામેલો આરાસણનો શ્રાવક ઘરઆંગણે ઈતિહાસ રચી દે છે તેમાં પાટણની નાર, પટોળાથી લાખ દરજ્જે સવાયા રંગ પૂરે છે.

નેમનાથ ભગવાનના પ્રાસાદ વિશે એમ પણ કહેવાય છે કે આ મંદિર વિમલમંત્રીએ બંધાવ્યું હતું, આબુનાં દેરાસરની પહેલાં. પાસલે જીર્ણોદ્ધાર કરીને મંદિરને ભવ્યતા બક્ષી. નેમનાથપ્રસાદ માટે વધુ એક લોકવાયકા ચાલતી આવે છે. અંબિકાની કૃપાથી વિમલે અથવા તો પાસિલે મંદિરનું બાંધકામ શરૂ કર્યું. કામ શિખર સુધી પહોંચ્યું. વિમલ અથવા તો પાસિલને, વિહારમાં પધારેલા સાધુભગવંતે પૂછ્યું : કામ કેવું ચાલે છે ? વિમલે અથવા તો પાસિલે જવાબ આપ્યો કે ‘દેવગુરુની કૃપાથી બધું સરસ ચાલે છે.’ અંબિકાદેવીને આ જવાબને લીધે ગુસ્સો આવ્યો. તેને એમ લાગ્યું કે - આ વાણિયો મારી કૃપા ભૂલી જ ગયો લાગે છે.’ શિખરથી આગળનું કામ અટકી પડ્યું. ચેતી જઈને વિમલે અથવા તો પાસિલે આટલાં કામે જ પ્રતિષ્ઠા કરાવી લીધી.

હજી એક દંતકથા ચાલતી આવે છે : વિમલમંત્રીએ આરાસણમાં ૩૬૦ દેરાસરો બંધાવ્યાં. અંબામાતાએ તેને ઘણી દોલત અપાવી હતી. એકવાર અંબાજીએ પૂછ્યું કે ‘આ દેરાસર કોની મદદથી બાંધ્યા ?’ વિમલમંત્રીએ કહ્યું કે ‘મારા ગુરુની કૃપાથી બાંધ્યા.’ દેવીએ ત્રણ વાર સવાલ પૂછ્યો. દરેક વખતે આ જ જવાબ મળ્યો. દેવીએ ગુસ્સે ભરાઈ કહ્યું : ‘જીવતા રહેવું હોય તો ભાગ અહીંથી.’ વિમલમંત્રી ભોંયરામાં પેઠા ને આબુ પહોંચી ગયા એ રસ્તે. દેવીએ ૩૬૦ મંદિરોમાંથી ૩૫૫ મંદિરો બાળી નાંખ્યા. પાંચ બચ્યા તે આજે મૌજુદ છે. આ બધી દંતકથાઓ છે. માટે વિશ્વસનીય ન ગણાય. મેઘનાદ મંડપનાં એક પડખે ભોયરું પણ છે. હવે તે ફરસી લગાવીને પૅક કરી દેવાયું છે. શ્રી ધર્મસાગરજી મહારાજાએ પટ્ટાવલિમાં લખ્યું છે કે ‘શ્રી વાદિદેવસૂરિજી મહારાજે આરાસણમાં પ્રતિષ્ઠા કરાવી.’

**ચૈત્ર વદ-૭ : સિયાવા**

કુંભારિયાથી સાંજે અંબાજી આવ્યા. સવારે અંબાજીથી નીકળ્યા. અંબાજીની જૈન ધર્મશાળાના ઉપાશ્રયમાં તકતી છે : પરમ ચમત્કારી અંબામાતા



કી કૃપા સે ઈસ ધર્મસ્થાનક કા લાભ...’ ઉપાશ્રયોમાં હવે માતાઓની કૃપા આવી ગઈ છે. શું કાળ આવ્યો છે ? ખેર. કુંભારિયાજીની સ્મૃતિઓ મનમાંથી ભૂંસાવાની નથી. નેમનાથ પ્રભુનાં જિનમંદિરના ગૂઢમંડપનો ગુંબજ અત્યંત મનોહારી ચિત્રકર્મથી અલંકૃત છે. રંગો એટલા ગાઢ અને જીવંત છે કે તદ્દન તાજાનરવા અને ભીનાશથી સભર હોય તેવા જ લાગે છે. નકશીકામનું સ્થળ આવાં બેનમૂન ચિત્રકામથી નવીનતાનો સ્પર્શ પામ્યું છે. ફૂલોની પાંખડીઓનો માવો ચોપડ્યો હોય, માખણમાં વિવિધ રંગોનું પૂરણ કરીને તે લેપ્યું હોય તેવી સુકોમળ છાયા ઊપસે છે.

ગર્ભગૃહમાં વિશાળ પ્રતિમાજી. દેવાધિદેવશ્રી નેમિનાથ ભગવાન્ દાદાની કરૂણાથી આ ધરતી સોહાગણ બની છે. પ્રભુનાં દર્શન તો થોડા સમય પૂરતા કરવા મળે આપણને. પ્રભુની સ્પર્શના તો આ ભૂમિ હંમેશા પામે છે. પોતાના ખોળે પ્રભુને બિરાજીત કરનારું જિનાલય અને એવી જ તીર્થભૂમિ. પ્રભુને સાચવનારાં આ તત્ત્વો. આપણે તો હાથ જોડીને રવાના થઈ જશું. પ્રભુ સાથે આ તત્ત્વો રહેશે. આપણે પારકા ગણાઈએ. મંદિર ને ભૂમિ ઘરના માણસ ગણાય. પ્રભુનાં દર્શન કરતી વખતે આ ઘરના માણસોની ઈર્ષા જાગતી હતી મનમાં. પ્રભુનું મંદિર છે પણ બેનમૂન. રંગમંડપની બહાર ઓટલો છે ને છત છે. છ ચોકી કહેવાય છે. ચાર થાંભલાની વચ્ચે, છતમાં એક ઘુમ્મટ આવે તે રીતે છ ઘુમ્મટની ચોકી. ખૂબ જ મનોહારી કોતરણી છે. જોકે, આ ઓટલા પરનાં દર્શનીય સ્થાનોમાં થોડી ભીડ બની ગઈ છે. પ્રવેશદ્વારની બંને તરફનું લૅવલ જાળવીને બાંધકામ કરવાનો નિયમ અહીં સચવાયો નથી. એક તરફ અંબિકાની દેરી બનાવી છે, બીજી તરફ ગોખલા છે તેથી અસ્તવ્યસ્ત લાગે છે બધું. હમણાં જીર્ણોદ્ધાર ચાલે છે તેમાં આ અવ્યવસ્થા પર ધ્યાન આપીને ફેરફાર થવાનો જ છે. પ્રભુનાં ભવ્ય બિંબ જેવા જ બે બિંબ બહાર ભમતીમાં છે. પાર્શ્વનાથ ભગવાન અને આદિનાથ ભગવાન્. બીજી પણ મૂર્તિઓ છે પરંતુ આ દેરાસરમાં સૌથી મોટી ત્રણ મૂર્તિ, મૂળનાયકની અને આ બે-તેમ ત્રણ જ છે. તેને જનસમાજ યુધિષ્ઠિર, ભીમદાદા અને અર્જુન કહીને ઓળખાવે છે તે અચરજની વાત છે. મંડોવરનું જીર્ણોદ્ધાર કામ ચાલતું હતું. ગજથર, નરથરની ધ્યાનાકર્ષક સંયોજના છે. નરથરમાં ઉદ્દામ કામશિલ્પો. શિખરની આકૃતિ અદ્દલ તારંગાજી જેવી છે,

ઊંચાઈ નહીં. મંદિરની પછીતે વિશાળ ચોગાન ને ચોતરા જેવો ઓટલો છે.

એમ હતું કે આ મૂળ મંદિર છે તીર્થનું. આથી વિશેષ કશું જોવાનું બાકી નથી. બહાર નીકળીને ઉપાશ્રયે પહોંચી આરામ કર્યો. બપોરે મહાવીર સ્વામી, શાંતિનાથ અને પાર્શ્વનાથનાં જિનમંદિરે દર્શન કર્યા. જબરદસ્ત સ્તબ્ધતા અનુભવી. પથ્થરોને જીવતા જાગતા આદમી જેવી ચેતના આપતું શિલ્પકર્મ જોવામાં સાંજ નજીક આવી ગઈ.

ખરું આરાસણ આ છે. કુંભારિયાજીનો અસલ અનુભવ આ મંદિરોનાં શિલ્પમાં મળે છે.

મહાવીર સ્વામીનું દેરાસર પહેલું આવે છે. આને વીરનાથ ચૈત્ય પણ કહે છે. પ્રવેશદ્વારની ઉપર નાનો સરખો મંડપ છે, તે મુખમંડપ. મુખદ્વારની ઉપર છે ને, માટે. આપણે દાદરા ચડીને મંદિરમાં આવીએ તો મુખમંડપ ગૅલૅરી જેવો અલગ તરી આવતો દેખાય. આગળ રંગમંડપ છે. અદ્‌ભુત ગુંબજ. પથ્થરોને ગુંબજમાં કોતરકામપૂર્વક ગોઠવીએ છીએ તેવી સભાનતા હતી. સાંધો દેખાય નહીં, સુંદરતા નિત્યનવીન લાગે અને ઊંચાઈને લીધે અખંડ દૃશ્ય નજરમાં સમાય. વચ્ચેથી નીચે ઝૂકી રહેલું ઝુમ્મર. તેની ફરતે ત્રણ મહાવર્તુળો નીચેથી ઉપર આવી રહ્યા છે. તેમાં મોતીને જનમ દેનારી છીપનાં અગણિત પ્રતિરૂપોના થર છે. મંડોવરમાં અશ્વથર, ગજથર હોય છે તેમ આ વિતાન-છતમાં છીપ-થર. આંખો ભૂલી પડે તેવી છીપકલા છે. આબુમાં આવી કલાયોજના નહીં જ હોય. આ આકૃતિને કાગળમાં ચીતરવી અસંભવિત છે. આ છીપછત્રની નીચેથી હટવું ખૂબ અઘરું છે. પ્રભુવીરના ગૂઢમંડપ તરફ જવા માટે છ ચોકીનો ઓટલો ચડતા-પગથિયાની ઉપરની છત જોઈ. કલ્પના બહેર મારી ગઈ. સમચોરસ પાળ ધરાવતા કુંડમાં પાંચ કમળ ખીલ્યાં હોય તેવા ઉઠાવદાર પાંચ ગજરા છે. સૌથી છેવાડે, પાંદડી ફેલાવતાં કમળો. પ્રભુવીરનાં ધામના દરવાજે ઊભા રહી ઉપર જોયું, નકશીદાર ઊંડાણ. ઉપર તરફ ઊઠતા શ્રીવત્સને આપણે જોયું છે. અહીં આપણે એ શ્રીવત્સની નીચે હોઈએ તેવું લાગે. ગંભીર નાભિવિવર. કમાલેદાદ છત. પ્રભુ સમક્ષ ઊભા ઊભા વિચાર્યું : આ અપ્રતિમ શિલ્પવૈભવમાં પ્રભુ તો નિર્લેપ છે. જે પ્રતિભાવ આપવાની વિકરાળ આદતને હંમેશ માટે છોડી દે છે તે આવા આદર સત્કાર પામે છે. જીવનમાં સુખ મળે તે માટે માનસિક સ્તરે એક જ



સુધારો લાવવાની જરૂર છે : પ્રતિક્રિયા આપવાની નહીં, બસ. શરૂ શરૂમાં અઘરું લાગશે. પછી તો વાસંતી હવા આવી મળશે. મંદિર અને ભમતીની દેરીઓ વચ્ચે ખુલ્લા આકાશનો પડછાયો નથી પડતો. સળંગ છત છે. અને આ છતમાં અપરંપાર વિવિધા છે. લાંબા આરસપટ્ટો પર અલગ અલગ આકૃતિખંડો છે. નૃત્ય સભા, પ્રવચનસભા, ગજારોહણ, અશ્વક્રીડા વગેરે. આ વિશેષતા આબુમંદિરોમાં નથી. મહાવીર જિનાલયથી અગ્નિખૂણે બહાર તરફ આરસનું સમદ્‌ભુત તોરણ છે.

શ્રીશાંતિનાથ જિનાલયમાં રંગમંડપના ગુંબજમાં ઝૂલતા હારની કલગી જેવું લંબનક છે. છટાદાર ફુવારાની સેર જેવો દેખાવ બને છે. રંગમંડપની છતની સમાંતરે બીજી એક છતમાં ગંગાવર્ત જેવી ફીણના પુંજભરી કોરણી છે. આને કલ્પવલ્લી કહે છે. રંગમંડપના છ સ્તંભો નાજુક, નમૂનેદાર છે. અહીં પણ ભમતી અને મૂળમંદિરને જોડતી છતોમાં આકર્ષક કોરણી છે.

પાછળ છેલ્લે શ્રી પાર્શ્વનાથ જિનાલય આવે છે. તેના રંગમંડપના ગુંબજની વાત શી કરવી ? વચ્ચોવચ્ચ કમળની ફેલાયેલી પાંખડીઓ ને તેની નીચે તેવું જ કમલપત્રમંડળ. વિરાટ ફેલાવામાં આરસશિલ્પની શતમુખી ધારા. આ જિનાલયની ભમતીમાં એકાદ બે દેરીની બારસાખ અનવદ્યકોમલાંગી છે. આ કાગળ, આ પૅન અને આ અક્ષરો ઝાંખા થઈને ભૂંસાઈ જશે, ફેંકાઈ જશે. પરંતુ કુંભારિયાજીનાં જિનાલયોની મદમસ્ત કોતરણી મહાકાળને અટકાવી રાખશે.

પ્રભુભક્તિ કરવા માટે તીર્થોની યાત્રાએ જવું, તેમ આપણે શ્રદ્ધાથી માનીએ છીએ. પ્રશાંત અને પ્રસન્ન વાતાવરણમાં પ્રભુભક્તિ કરીને તીર્થની યાત્રાને અનુભવવી તેવું આપણે વિચાર્યું નથી હોતું. અમે તો કુંભારિયાજી રહ્યા તેમાં નિરાંતભર્યો આનંદ અને આનંદભરી નિરાંત મળી. આ તીર્થમાં એક રાત રોકાઈને, વહેલી સવારે પાંચેય દેરાસરોને જુહારવા જોઈએ. પૂજા કરવાનો સમય ભીડની ખલેલ પામતો નથી. અહીં એકંદરે ઓછા યાત્રાળુ આવે છે. આવનારા તમામ જોવા માટે આવે છે. આગળનાં મુકામે પહોંચવાની ઉતાવળમાં આરાસણની અંતરંગ સ્પર્શના ચૂકી જાય છે એ લોકો. શ્રીનેમનાથ ચૈત્ય, શ્રી વીરનાથ ચૈત્ય, શ્રી શાંતિનાથ ચૈત્ય, શ્રી પાર્શ્વનાથ ચૈત્ય અને શ્રી સંભવનાથ

ચૈત્યની પોતપોતાની અલૌકિક દુનિયા છે. દેરાસરોની ગર્ભગૃહવર્તી દરેક બેઠકોમાં ભગવાન્ નથી માટે સૂનું સૂનું તો લાગે. છતાં આ દેરાસરો અનુભૂતિનો ખજાનો લઈને બેઠા છે. કલાસમાધિ, શિલ્પસાધના, આરસની આરાધના, પથ્થરનાં પવિત્ર પુષ્પો - આ બધા શબ્દોના ભાવાર્થ સુધી પહોંચવા મળે છે.

કુંભારિયાજીથી અમે સાંજે વિહાર કરેલો. આજે આખા રસ્તે પહાડી અને લીસા પથ્થરવાળી નદીનો સથવારો રહ્યો. અમે આબુ તરફ જઈ રહ્યા છીએ. ત્યાંની વિશ્વ વિખ્યાત કોતરણી જરૂર જોઈશું. પણ કુંભારિયાજીના ભગવાન્ ભૂલાવાના નથી. આરાસણની આરસકલાની સુવાસ ભીતરમાં મહોરતી જ રહેશે.

'ભગવાન સમક્ષ ઉત્તમ વસ્તુ ધરવી, ભગવાનને જે ધરીએ તે ઉત્તમ બની જાય અને ભગવાનને ઉત્તમ વસ્તુ ધરવાની ઈચ્છા હોય તો પથ્થરો પણ કઠણ સ્વભાવ બદલીને આપણને સાથ આપે.' મનમાં વિચારો ચાલતા હતા. પગલે પગલે કુંભારિયાજી દૂર રહી જતું હતું.

આરસની ખાણો પર વસેલું કુંભારિયાજીતીર્થ, અંબાજીના માર્બલથી બનેલાં મંદિરો ધરાવે છે. અંબાજીનો માર્બલ નીકળે ત્યારે સફેદ રંગનો હોય છે, સમય જતાં તે ગજદંત જેવી પીળી રંગછાયા ધારી લે છે. મકરાણાનો માર્બલ અત્યંત સફેદ હોય છે તે સફેદ જ રહે છે. પીળી રંગછાયા સોનું છે. સફેદ વર્ણ ચાંદી છે. કુંભારિયા સોનેરી આરસથી મઢેલું છે. સોનાને કાટ નથી લાગતો, સોનાની કિંમત આંકી શકાતી નથી. સોનું સદાબહાર રહેવા જ સર્જાયું હોય છે.

(વિ. સં. ૨૦૬૦)

૬

# આબુ-ગિરિરાજ : વિમલવસહિ

**ચૈત્ર વદ-૯ : આરણા ચોકી**

રશિયામાં, ગલ્ફ ઑફ ફીનલેન્ડ પાસે પીટર્સ પૅલૅસ છે. ધ ગ્રેટ પૅલૅસ પણ કહેવાય છે. ૧૫ હેક્ટર અને ૪૦ ઍકરમાં આ મહેલ ફેલાયો છે. બે વિભાગ છે. અપર ગાર્ડન્સ અને લૉઅર પાર્ક, અપર ગાર્ડન્સમાં પાણીમાંથી ફીણની સેર ફૂટતી હોય તેવા ૪૮ ફુવારા છે. દરેક ફુવારાનાં મૂળમાં સુંદર મજાની સોનેરી આકૃતિઓ છે. લૉઅર પાર્કમાં ૩૧ જેટલી આકર્ષક રચનાઓ છે. ભવ્ય શબ્દ લેખે લાગે અને ભવ્યાતિભવ્ય શબ્દ વધારે પડતો મોટો ન લાગે તેવો આ મહેલ છે. દુનિયાભરના સહેલાણીઓ ટોળે વળે છે.

આબુમાં, આ મહેલને આંટી મારે તેવાં મંદિરો છે. જોવા જવાનું છે. મન રાજી છે. હૈયે હરખ ઘણો છે. મહાપૂજાઓ ઘણી જોઈ છે, સામૈયાં ઘણાય દેખ્યા છે. એમનું આયુષ્ય નાનું હોય છે. આબુ પહાડ પર દેલવાડામાં પ્રભુનો મંદિર મહેલ સેંકડો વરસથી ઊભો છે. ત્યાંના પથ્થરોમાં અમૃતનાં ફીણની સેર ફૂટી છે. રચનાકર્મ ત્યાં બેસુમાર છે. ઊંચો પહાડ ચડવાનો થાક જ લાગતો નથી. કાલ સાંજે શાંતિઆશ્રમ રોકાયા હતા. કેવી ગંજાવર પથ્થરશિલા હતી ? નહીં નહીં તોય પચાસ ફૂટની કાળમીંઢ શિલા. તેના અર્ધગોળ ફેલાવાની ટોચ પરની ધર્મશાળા કમ્પાસબોક્સ જેવી લાગતી હતી. ચડવાના દાદરા હતા. હું તો લીસા ઢોળાવ પરથી ચડ્યો. ધર્મશાળાની બાજુમાં નાની કોઠી બનાવી છે. તેમાં ગુફા પણ છે. સાંજે તાળું લાગી ગયું હતું. અમે ધર્મશાળામાં રાત વીતાવી. બ્રહ્માકુમારી વિશ્વવિદ્યાલયનો ડાયમંડ હૉલ દેખાતો હતો. થોડા વરસ પહેલા આબુમાં

બ્રહ્માકુમારીનાં નામ કે નિશાન નહોતા. આજે આબુ તેમનું સૌથી મોટું મથક બની ગયું છે. બીજા બધા જ તેમનાથી ઢંકાઈ જાય છે. જોકે, આંતરરાષ્ટ્રીય સ્તરે તો આપણું દેલવાડા જ પ્રસિદ્ધ છે. આજે આરણા ચોકીએ મુકામ છે. બે પહાડીની વચ્ચેના ખાંચા પર આરણા ગામ વસ્યું છે. ચોતરફ લીલી હરિયાળી તો છે જ, તેમાં ખજૂરીઓ દૂર દૂર ઝૂલતી દેખાય છે, ઊંચી કમાન જેવાં થડના છેવાડે લાંબાં પત્તાં ફેલાવીને દિવસરાત ડોલે છે. હવાને આ ખજૂરીના સંગે નશો ચડે છે.

**ચૈત્ર વદ-૧૦ : દેલવાડા**

ગઈકાલે આખી રાત જાણે દરિયાનાં મોજાં ઉછળતાં રહ્યાં. તોફાને ચડેલો વાયરો ઘેઘૂર વનઘટાને રમાડતો હતો. પાંદડે પાંદડે નટરાજનું નર્તન ચાલ્યું. આરણા ચોકીની ધર્મશાળામાં મકાનની વચ્ચે ચોગાનમાં આંબો, ગુલમહોર ને બીજું એકાદ ઝાડ છે. વિરાટના હીંડોળે બેઠા હોઈએ એવો ઝૂલાવો અનુભવાતો હતો, વૃક્ષો દ્વારા. સવારે વિહારમાં હવાના હીલોળા વચ્ચે આબુ ક્યારે આવી ગયું તેની ખબર જ ના પડી. આબુ તળેટીથી છેક ઉપર સુધીનો રૉડ ઘૂમરાતો, ચકરાતો આગળ વધે છે. ગાડીને કોઈ રોક નથી હોતો. આબુ આવે તે પહેલા ટોલનાકે ગાડી અટકાવવી પડે. મૂંડકા વેરો ભરવો પડે. માથા દીઠ દશ રૂપિયા ભરવાના. સરકારી કાયદો છે. સડસડાટ ચાલી જતી ગાડીઓ અહીં લાઈનમાં શિસ્તથી ઊભી રહે. મશીન ધીમે ધીમે ઘરઘર અવાજ કરે. મૂંડકું ભરાય એટલે ગાડી સીધી ગિયરમાં. વિદેશી પ્રવાસીઓ અને સાધુસંતોનું મૂંડકું લેવાતું નથી. અમે લોકો ઑફિસ પાસે ઊભા રહ્યા. ભીંત પર આબુનો નકશો હતો તે જોયો. પોલીસ સાથે વાત કરી નીકળ્યા. આબુ જવાનો રસ્તો સીધો હતો. દેલવાડા માટેનો રસ્તો આગળથી વળતો હતો. અમે ભૂલથી આબુના રસ્તે ચડી ગયા. રસ્તો વળતો હતો તે જોયો. પણ જવાનું મન થાય તેવો રસ્તો ન લાગ્યો. એટલે સીધા ચાલ્યા રૉડ પર. ચાલતા ચાલતા એક પાણીવાળા ભાઈને પૂછ્યું. એણે પાછળ રહી ગયેલા રસ્તે જવા કહ્યું. અમે પાછા ફરી એ રસ્તે વળ્યા. વિહારમાં નવા રસ્તા અને નવા માણસ મળે. પૂછવાની શરમ રાખીએ તો રખડી પડીએ. રસ્તો પૂછવાની શરમ, નાનપણમાં બહુ આવતી. કેવી રીતે પૂછાય ? પૂછીએ તો આપણી કેવી છાપ પડે ? હવે વિહાર કોઠે પડી ગયો છે. રસ્તો પૂછીએ ને અલકમલકની વાતો પણ પૂછીએ. નવા માણસ સાથે વાત કરવામાં સંકોચ



રાખીને ચૂપચાપ રખડી પડવું હવે નથી ફાવતું.

દેલવાડાનો રૉડ શાંત હતો. સવારનો સમય હતો. આકાશ ઉઘડી રહ્યું હતું. હવે તો બસ, ઘડીઓ ગણાતી હતી. આજે ભક્તિના શિલ્પતીર્થને જુહારવાનું હતું. પગ ઉતાવળે ઉપડતા હતા. નાની ટેકરીઓ, ખજૂરીઓ, કોઠીઓ બધું પાછળ રહી જતું હતું. અમારી આંખો બેતાબ હતી, દેલવાડાનાં મશહૂર જિનાલયોનાં દર્શન કરવા.

આખરે અમે પહોંચ્યા. જૂની ધર્મશાળાના મુનીમે રસ્તો બતાવ્યો. ઉછળતાં દિલે તીર્થના પરિસરમાં પ્રવેશ્યા, વિમલવસહિમાં પગ મૂક્યો અને...

**ચૈત્ર વદ-૧૧ : દેલવાડા**

વિમલવસહિનાં પ્રવેશદ્વારની ઉપર છતમાં ઘુમ્મટ છે. હાથીની બે કતાર મંદિરજીનાં છજાને બંને તરફ અઢેલીને ઊભી છે. છજામાં જ માનવી નાચતાકૂદતા આનંદયાત્રામાં ચાલી રહ્યા છે. છતના ઘુમ્મટમાં આ જ આનંદયાત્રા ગોળાકારે ફરી રહી છે. તેમની ઉપર હંસલાઓ ટોળું બનીને વલય રચે છે. તેમની ઉપર સભા ભરાઈ છે. ઘુમ્મટની ગોળ પટ્ટીએ સભા ગોઠવાઈ છે. એક ગુરુભગવંત બેઠા છે, સામે સ્થાપનાજી છે, પાસે હાથ જોડીને શ્રાવક ઊભો છે. કદાચ, ગુરુભગવંત એ જ શ્રી ધર્મઘોષસૂરિજી મહારાજ છે. શ્રાવક એ વિમલમંત્રી છે. વિમલમંત્રી જીવનમાં થયેલાં પાપોની આલોયણ માંગે છે. ગુરુ આબુ પર તીર્થ રચવા જણાવે છે. ઘુમ્મટમાં આ દૃશ્ય દેખાય છે. તો બીજી તરફ સભા છે. તેમાં રાજા બેઠો છે તે કદાચ, ભીમદેવ હોય, વિમલમંત્રીનો રાજા. આ જ ઘુમ્મટમાં વિશાળ હસ્તિસભા છે. ઘુમ્મટ ગોળ હોય. છત ચોરસ હોય, ગોળ ઘુમ્મટના ચાર ખૂણે ત્રિકોણ છે. તેમાં કિન્નરમિથુનો છે. એક મિથુન બંસરી વગાડે છે, બીજું તંબૂરો વગાડે છે, ત્રીજું તબલાં વગાડે છે ને ચોથું નૃત્ય કરે છે.

પ્રવેશ ચોકીના બીજા ઘુમ્મટમાં અશ્વસેના હણહણી રહી છે. આ ગુંબજની નીચે મંદિરની છજાની ઉપરનો પાટડો છે. તેની પર હાથીની હરોળ ઊભી છે. એક હાથી સૂંઢથી બળદની ડોક પકડી તેને ઊંચકી રહ્યો છે. તેનો કાન તેનો માલિક ખેંચી રહ્યો છે. આગળ એક હાથીએ કોઈ માણસને ભીંસમાં લીધો છે. બે દંતશૂળ પર માણસનું શરીર છે ને શરીર પર સૂંઢ ભરડે વળી છે આગળ

વળી હાથી અને વાઘ વચ્ચે મસ્તી ચાલુ છે. વાઘ પોતાનો પગ હાથીના પગ પર ટેકવી ઊંચો થયો છે. આ લીલા જમણી તરફ ચાલે છે, ડાબી તરફ હાથીની હરોળ છે તેમાં એક હાથીએ સૂંઢથી માણસને ઊંચકી લીધો છે. અલબત્, એના પગ સૂંઢમાં છે ને માથું જમીન તરફ, હવાઈ શીર્ષાસન. આ તરફ કદાવર આદમી બીજા કોઈ હાથી સાથે લડી રહ્યો છે. અન્યત્ર, વાઘને ભાલાથી મારી રહ્યો છે આદમી. એની જાંઘ પર હાથીની સૂંઢ વીંટળાયેલી છે. વાઘનાં મોઢા પાસે બીજા બે હાથીની સૂંઢ છે. યુદ્ધ છે કે રમત, ખબર નથી પડતી. આ તરફ એક હાથી બળદને ઉપાડવાની તૈયારીમાં છે.

વિમલવસહિની ૫૭ દેરીનાં દર્શન હજી બાકી છે, મૂળમંદિર, રંગમંડપ, શૃંગારચોકી હજી જોયા નથી. આ તો કેવળ શરૂઆત છે. આંખો અંજાઈ ગઈ છે. મારા ભગવાનની નગરીની રમણીયતા પર ફીદા થઈ જવાય છે.

**ચૈત્ર વદ-૧૩ : દેલવાડા**

વિમલવસહિની દેરીઓમાં ભગવાન્ છે. દેરીને બારસાખ છે. તેમાં કોતરણી છે. બે દેરીની બે બારસાખની વચ્ચે ભીંત આવે એ ભીંતો પર નાની રચનાઓ છે. દેરીની આગળ બે છત છે. બંને છતમાં અલગ કોતરણી. ૫૮ દેરીની ૧૧૬ છત છે. દરેકમાં નવી ડિઝાઈન છે. પુનરાવર્તન મુદ્દલેય નથી. 'ति दिसि निरिक्खणविरइ'નો નિયમ પાળવાનું નથી બનતું. નજર છતમાં જ ઘૂમે છે. કોઈ છતમાં ગુંબજ બનેલા છે, કોઈ છત સપાટ છે. દરેકમાં કલાકર્મ અચૂક છે. પહેલી દેરીની પ્રથમ છતમાં - વર્તુળના પાંચ થર ઉપર ચડે છે ને ત્રણ થરે ઝુમ્મર નીચે ઉતરે છે. વનરાજનું વર્તુળ છે બીજી છતમાં. આઠ દેવી ઊભી છે, આઠ દેવી બેઠી છે. સંગીત-નૃત્યની જમાવટ થઈ છે. વનરાજોએ ગોળાકારે બેઠક જમાવી છે.

બીજી દેરીની પ્રથમ છતમાં ઘુમ્મટ છે. ચાર થર ઉપર ચડે છે. ચોથા થરમાં નાગરાજોએ એક બીજાની સાંકળ રચી છે. તેની નીચે ત્રીજા થરમાં તેમનાં મુખ ઊંચા થયેલા દેખાય છે. ત્રીજો થર નાગમુખનો, ચોથો થર નાગચૂડનો. નીચે મદમસ્ત ગજરાજોની યાત્રા નીકળી છે. બીજી છતમાં ચાર થર ચડે છે. પહેલા થરમાં ૧૬ મોગરા છે. ફૂલનો ગજરો બનાવીએ તેવા આકારનાં, આરસનાં



લાંબાં લટકણિયાને મોગરો કહે છે. વિમલવસહિની ઘણી બધી વિશેષતામાંની પ્રમુખ વિશેષતા તે આ મોગરા. બીજા થરમાં ૧૨ મોગરા છે. ત્રીજા થરમાં આઠ મોગરા છે. ચોથા થરની નીચે ત્રણ થરે ઝુમ્મર ઉતરે છે. તેના છેડે એક મોગરો લટકે છે. સંગેમરમરનો બગીચો લાગે છે આ ઘુમ્મટ. ત્રીજી દેરીની પ્રથમ છતમાં ઘુમ્મટ છે. ત્રીજા થરે માનવોનું વર્તુળ, ચોથા થરે હંસનું વર્તુળ, સૌથી નીચે અશ્વસેના છે. કલ્પવૃક્ષનો પટ્ટો પાડ્યો છે. બીજી છતમાં વનરાજનું વર્તુળ છે. ગણ્યા તો ૬૩ વનરાજ હતા. ચોથા થરે માનવો છે, સિંહાસન છે, નૃત્ય છે, આ ઘુમ્મટમાં પણ નાગચૂડનો અને નાગમુખનો થર છે.

ચોથી દેરીની પ્રથમ છત સપાટ છે. કમળની કોતરણી કરી છે. ફરતે વ્યાઘ્રમુખનું વર્તુળ છે. બીજી છતમાં કમળ છે તેની ચોતરફ માનવસભા છે.

પાંચમી અને છઠ્ઠી દેરીની છત એક જ છે. સપાટ છતમાં કમળ અને તેમાં બીડેલું કોશ છે. સાતમી દેરી. સપાટ છતમાં મોતીસેરની ગોળાકાર સાંકળગાંઠ રચી છે. આઠમી દેરીની છતમાં સમવસરણ છે. મંત્રવિદ્યાના પટમાં હોય છે તેવા ત્રણ ગઢ છે. ઊભણી વિનાના ત્રણ ગઢની ત્રણ બૉર્ડર દેખાય તે જ ઊભણી. ભરચક પર્ષદા છે. ભવ્યતાનો ઉભાર છે. ઝીણવટ છે અને સફાઈદાર કલા છે.

નવમી દેરીની છતમાં પંચકલ્યાણક છે, પદ્મપ્રભુ ભગવાનના. એક પાષાણપટમાં બધું સમાવી લીધું છે. એકબીજામાં ભળી જતું લાગે છતાં એકબીજાથી તદ્દન સ્વતંત્ર છે. નવમી દેરીની બીજી છતના પાટડાઓમાં વૈરત્યાગની કવિતા છે. સિંહનું આખું ટોળું ચોમેર બેઠું છે. કોઈ સિંહ નીચે આદમી દબાયો છે. ક્યાંક બે સિંહ વચ્ચે ગાય બેઠી છે. સિંહની આસપાસ ક્યાંક વાનર છે, ક્યાંક હરણ છે, ક્યાંક ભૂંડ તો ક્યાંક સસલાં છે. સિંહો સાથેનો સમન્વયભાવ અદ્ભુત લાગે છે.

દશમી દેરીની છતમાં નેમનાથદાદાની કથા છે. કૃષ્ણની જલક્રીડા, નેમપ્રભુની જાન, ચોરી, પ્રભુની દીક્ષા અને કૈવલ્ય. પથ્થરમાં ઊભરી આવ્યું છે આ બધું. બીજી છત સપાટ છે, ડિઝાઈન બનાવી છે. અગિયારમી દેરીની છતમાં વિદ્યાદેવી મહારોહિણી છે. ૧૪ હાથ છે. બીજી છતમાં સૌથી નીચે ગજરાજની

ટોળી ઊભી છે. એક હાથી ઊંટ સામે લડી રહ્યો છે. બીજો હાથી ઘોડા સાથે લડે છે, ઘોડેસવાર જમીન પર પટકાઈ પડ્યો છે. બીજા હાથીએ માણસને પગેથી લટકતો રાખી ઊંચક્યો છે. એ માણસ માથું જમીન પર પટકાય નહીં તે માટે પોતાના બંને હાથ માથાની નીચે (કે માથા ઉપર) વાળી રહ્યો છે. બે હાથીના ત્રણ ખેલ છે. પહેલા ખેલમાં બે હાથીએ એક જ માણસના એક એક પગ પકડીને તેને ઊંચો કર્યો છે. તે માણસના હાથ નીચે પહોળા થઈને લટકે છે. તેના માથાના લાંબા વાળ જમીન સુધી પહોંચે છે. બીજા ખેલમાં બે હાથી અને એક સિંહ વચ્ચે લડાઈ ચાલે છે. સિંહનો પગ એક હાથીના દંતશૂળ પર છે અને તેના પંજા પર બીજા હાથીની સૂંઢ છે. ત્રીજા ખેલમાં બે હાથીએ એક માણસને એક જ પગે પકડીને ઉછાળ્યો છે. તેનું માથું હાથીના પગ પાસે છે, તે બીજા હાથી સાથે જોરથી અફળાયો છે.

બારમી દેરીમાં પહેલી છતમાં પંચકલ્યાણકનો વિસ્તાર છે. બીજી છતમાં સપાટ ડિઝાઈન છે. તેરમી દેરીની પહેલી છતમાં કમલ ખીલી રહ્યું છે તેની પાંદડીઓમાં આઠ દેવીઓ છે. દશાર્ણભદ્રની સામે ઇન્દ્રના હાથીની સૂંઢમાં કમળ હતા તેની યાદ આવી જાય.

બીજી છતમાં સુંદર આકૃતિ છે. અહીં સિંહોની પ્રદક્ષિણા છે. એક જગ્યાએ ગજમુખી રાક્ષસ સાથે સિંહની લડાઈ ચાલુ છે. કદાચ, અષ્ટાપદ અને સિંહનું યુદ્ધ.

ચૌદમી દેરીની પહેલી છતમાં કમળની ફરતે દેવીઓના બે રાઉન્ડ છે. બીજી છતમાં અલાયદી ડિઝાઈન છે. પંદરમી દેરીની પહેલી છતમાં માનવો અને પશુઓની સભા છે. બીજી છતમાં ડિઝાઈન અને માનવસભા.

સોળમી દેરીની બીજી છતમાં કમળ ખીલ્યું છે તેની ચારે તરફ લક્ષ્મીજી છે. સત્તરમી દેરીની પહેલી છતમાં એકી સાથે અઢાર મોગરા ઝૂલે છે. બીજી છતમાં ડિઝાઈન છે. અશ્વયાત્રાનું એક વર્તુળ છે. તેમાં બે જગ્યાએ ઘોડા પરથી બૅલૅન્સ ચૂકી જનારા આદમીની અવસ્થાનો તાદશ ચિતાર છે. અઢારમી દેરીથી નવરચિત દેરીઓ અને છતો શરૂ થાય છે. ઈ. સ. ૧૯૫૦માં જવાહરલાલ નહેરુ દેલવાડા આવ્યા હતા. તેમના કહેવાથી આ દેરીઓની નવરચના કરવામાં આવી.



અઢારથી ચોવીસ દેરીનું કામ નવેસરથી થયું છે. જૂનું શિલ્પ યથાર્થ રીતે ફરી કોતરવામાં આવ્યું છે. પથ્થર સારો વાપર્યો છે પણ કોણ જાણે કેમ ? જૂના પથ્થર જેવી જીવંતતા નથી વર્તાતી. તેવું જ લાગે છે. અઢારમી દેરીની બંને છતમાં સુંદર ડિઝાઈન છે. ઓગણીસમી દેરીની પહેલી છતમાં કમળ ફરતે સોળ દેવી નૃત્ય કરે છે. વીસમી દેરીની પ્રથમ છતમાં કોતરકામ ઉપરાંત અશ્વદોડ છે. બીજી છતમાં શંખેશ્વરી દેવીની અત્યંત રમણીય મૂર્તિ છે. આ મૂર્તિના ઘડવૈયા આજે તદ્દન વયોવૃદ્ધ હાલતમાં જીવે છે. આબુનાં કલાકર્મનો વારસો ૯૦૦ વરસ પછી પણ જીવતો રાખી શકે તેવા કલાકારો આજે મળે છે તે કેવા આનંદની વાત કહેવાય ? જીર્ણોદ્ધાર વખતે આ દેવીની મૂર્તિ નવી બનાવવામાં આવી. આંખો, આંગળીઓ, નખ બધું જ જાણે જીવંત લાગે છે. દેવીની આઠ ભુજાઓ હમણાં હાલવા માંડશે એવું લાગે. સ્તબ્ધકારી નિર્માણ. ત્રેવીસમી દેરીની અંદર વિશાળ ઓરડો. તેમાં મૂળ આદેશ્વર પ્રભુની ભવ્ય અને આહ્‌લાદક પ્રતિમા છે. અહીં સમવસરણ છે. શ્રાવકમૂર્તિ છે. તો ગુરુમૂર્તિ પણ છે. કામચલાઉ ધોરણે રાખ્યું હોય તે રીતે બધું ગોઠવાયું છે. અંદર બીજો પણ એક ઓરડો છે. તેમાં પણ પરોણા ભગવાન્ બિરાજમાન છે. પ્રતિમાઓ ઘણી છે. ચોવીસમી દેરીમાં તીર્થરચનાની મૂળ શક્તિસમા અંબાદેવીની મૂર્તિ છે. પગ આગળ વધતા જાય છે. છતમાં હાથી સાથે રમતો આદમી દેખાય છે. તેને ત્રણ હાથીએ ઊંચક્યો છે. એક હાથીએ તેને કમ્મરેથી પકડ્યો છે. બીજા હાથીએ તેના બે પગ ઝાલ્યા છે. ત્રીજા હાથીના દંતશૂળને તેણે હાથેથી પકડ્યા છે. તદ્દન ટટ્ટાર રીતે શરીર તાણીને એ ત્રણ હાથી પર ઝૂલા લઈ રહ્યો છે.

ચોથી દેરી પછી છેક પચીસમી દેરીએ ઘુમ્મટ આવે છે. ઘુમ્મટોમાં નાગપાશ અને નાગમુખ છે. ગજથર, અશ્વથર, માનવથર, હંસથર છે. બત્રીસમી દેરીની છતમાં વિમલવસહિનો ચમકારો છે. કૃષ્ણે કાલિયદમન કરેલું તેની કોરણી છે. આખું દૃશ્ય ત્રણ ટુકડામાં વહેંચાયેલું છે. એક તરફ કૃષ્ણ-બળદેવ અને સાથીઓ ગેંડી દડો રમે છે. વચ્ચે ઉછળતાં પાણીમાં કૃષ્ણ, નાગની ફણા પર ઊભા છે. આસપાસ નાગણો હાથ જોડી રહી છે. બીજી તરફ સમંદરતળે શેષનાગની શય્યા પર કૃષ્ણ શયન કરે છે. કાગળ પર ચિત્રકારે યોજનાબદ્ધ રીતે ચિત્ર દોર્યું હોય એવું જ દેખાય છે. જડ અને જાડા પથ્થર પર આવું સુરેખ

અવતરણ થાય તે માની શકાતું નથી. સંગેમરમરનો પાષાણ જાણે વાર્તા કહેવા બેઠો છે. આપણે દર્શક નહીં પણ શ્રોતા છીએ. વિમલવસહિ એ પૂનમની રાત છે. આબુપહાડીનો વાયરો વહેતો જાય છે. વાર્તા ચાલતી રહે છે. તેત્રીસ અને ચોત્રીસમી દેરીની છત એક છે. નવપટ્ટો સુંદર લાગે છે. પાંત્રીસમી દેરીની પહેલી છતમાં આસોપાલવનાં પાંદડાનું છત્ર બન્યું છે. કલ્પતરૂનાં પાંદડાં જેવા મનહારી આસોપાલવની નસેનસ ઉપસી આવે છે. પહેલી નજરે આ કમલપત્ર લાગતાં હતાં. ધ્યાનથી જોયું તો ખ્યાલ આવ્યો કે આ તો આસોપાલવનાં પાંદડાં ગોળાકાર મૂક્યાં છે. તેની વચ્ચે મોગરાનું લંબનક. બીજી છતમાં ચાર ચારની લાઈનથી આઠ મોગરા મૂક્યા છે. ઉનાળાના દિવસોમાં આમ્રવૃક્ષ પર લટકતા આંબા આવા જ દેખાય. આ ભરચક છતના કિનારે માનવયાત્રા નીકળી છે. તેમાં પાલખી પણ છે. પાલખીનો દાંડો બે માણસના ખભા પર છે. પાલખીમાં બેસનારની ડોક અને પાલખી ઉપાડનારાની ડોક એક જ લાઈનમાં આવે એવી નીચી પાલખીની બેઠક છે. સમજોને દાંડા પર ઝૂલો જ છે. ભગવાનની પાલખીઓ કરતાં નીચી અને આજની ડોલી કરતાં ઊંચી બેઠક.

સાડત્રીસમી દેરીની છતમાં અસ્સલ આબુના દરજ્જાનું ઝીણું કોરણ છે. તેમાં વળી સાત મોગરા મૂક્યા છે. બીજી છતમાં કમળવન ઉઘડ્યું છે. છતના કિનારે હાથીઓનું ઝૂંડ છે. એક હાથી તોફાનમાં આવીને ઘોડેસવારની ડોકને પાછળથી પકડી રહ્યો છે. આડત્રીસમી દેરીની પહેલી છતમાં પચાસ પાંખડીનું વિરાટ કમળ છે. સામે ભગવાન્ કાઉસ્સગમાં ઊભા છે. વાજીંત્રપૂજા થઈ રહી છે. બીજી છતમાં...

અહીં અલ્પવિરામ લેવો પડશે.

**ચૈત્ર વદ-૧૨ : દેલવાડા**

વિમલવસહિનો ઉત્તરાર્ધ જબરું કાઠું કાઢી રહ્યો છે. એક પછી એક નવી અને અકલ્પ્ય પેશકશ. આડત્રીસમી દેરીની બીજી છતમાં સિંહવાહિની વિદ્યાદેવીની કલાત્મક મૂર્તિ છે. દેવી સહેજ ત્રાંસી નજરે જોઈ રહ્યા છે. ગળાના હારનો ઝોલ છેક નાભિ સુધી. કાનની બૂટ પર મોટા કર્ણપૂર. માથા પર દેવીયોગ્ય મુગટ. આંખોમાં માતાસમું વાત્સલ્ય. સપ્રમાણ દેહમુદ્રા. આ મૂર્તિને



સોળ હાથ છે. તેમ કહેવાય છે. પરંતુ વીસ હાથ ગણી શકાય છે. નાસિકા ખંડિત છે તે સાંધી લેવાઈ છે. દેખાઈ આવે છે. આજુબાજુમાં સફેદ ભૈરવ અને શ્યામ ભૈરવ છે. પાછળ પરિકર. દેવીશિલ્પની અડખેપડખે આબુશિલ્પના સુપ્રસિદ્ધ મોગરા ત્રણ ત્રણની લાઈનમાં. ઓગણચાલીસમી દેરીની પહેલી છતમાં ઘુમ્મટ નથી છતાં કમળના ત્રણ થર બન્યા છે. બીજી છતમાં ઘુમ્મટ છે. બે ચોરસ થરની ઉપર ત્રીજું અષ્ટકોણ થર છે. ચોથું થર ચતુષ્કોણ છે. મીઠાઈના ચોસલા ગોઠવ્યા છે, જાણે. આ રચનાની બે તરફ ઉછળતાં મોજાં છે. ચાલીસમી દેરીની બહારના થાંભલા વિશેષ નજીક છે. મૂળમંદિરની સમાંતરે થાંભલો આવે તે માટે આ વ્યવસ્થા રાખવી પડી હશે. છતો પણ નૅચરલી, નાની બની છે. બીજી છતમાં સોળ કમળ છે, પાંચ મોગરા છે, મિથુનનૃત્ય છે. એકતાળીસમી દેરીની છતમાં ત્રણ ઉઘડતાં કમળ છે. બીજી છતમાં આનંદનો ઉછાળ છે, રંગની છોળ છે, ઉલ્લાસની ચરમસીમા છે. વિમલવસહિની કલાકારીગરી એ જાણે સતત વાગતું મધુર સંગીત છે. સંગીતમાં વચ્ચેનો આંતરો ઊંચા સ્વરોમાં લેવાય છે. તેની મજા ઔર હોય છે તેમ વિમલવસહિમાં વચ્ચે ઊંચાં ગજાનું શિલ્પકર્મ આવે છે. તે જોવાનો આહ્લાદ અનેરો હોય છે. આઠ પટરાણીઓ સાથે કૃષ્ણ મહારાજા હોળી રમી રહ્યા છે. યુદ્ધમેદાનમાં હજારો સૈનિકોનો સલુકાઈથી સામનો કરનારા કૃષ્ણ આઠ પ્રિયતમાઓ સાથે નજાકત જાળવી ખેલ માંડે છે. રંગ ઉછાળવા માટે પીચકારી નથી. શીંગડાં પોલાં બનાવ્યાં છે, સુંદર રીતે શણગાર્યાં છે. તેમાં રંગ ભરીને એક બીજા પર છાંટવાનો છે. કૃષ્ણે હાથ ઊંચો કરી રાખ્યો છે, રંગ છાંટવા માટે. સામે એક રાણી હાથ આડો કરીને પોતાની પર રંગ ન પડે તેની કાળજી લે છે ને બીજા હાથે કૃષ્ણ પર રંગપાણી નાંખી રહી છે. આ ભીનાં મુલાયમ આક્રમણ કૃષ્ણ ઝીલે છે.

બેતાલીસમી દેરીમાં પહેલી છત તારામૈત્રકવાળી છે. ખૂણાદાર થર છે. પહેલું મોટું, બીજું નાનું, ત્રીજું સાવ નાનું, અવળો ત્રિકોણ દોરી તેની પર સવળો ત્રિકોણ દોરવાથી તારો બને, તેને છ ખૂણા હોય. અહીં ઘણા ખૂણા વાળા ત્રણ તારા છે. તીનકી દોસ્તી સે હોતા હૈ તારામૈત્રક. બીજી છતમાં શિલ્પસંગીતનો ઊંચો આલાપ. ચાર દેવીની દિલહર મૂર્તિઓ, મયૂરાસન સરસ્વતી, ગજવાહિની લક્ષ્મી, કમલાસન લક્ષ્મી, ગરૂડાસન શંખેશ્વરી દેવી. પરિપૂર્ણ દેહસૌન્દર્ય.

મિરરપૉલીશ જેવો જ સ્કીનટૉન, વસ્ત્રો, આભૂષણ, અંગરેખાઓ તદ્દન બંધ બેસતી, હાથપગની આંગળીઓ એકદમ નાજુક. તેના નખ પણ પાંદડી જેવા નોખા તરી આવે, બહોત ખૂબ. તેતાલીસમી દેરીની પહેલી છતમાં સોળનર્તિકાઓની વચ્ચે કમળ છે, બીજી છતમાં લક્ષ્મીદેવી અને અન્ય દેવીદેવતાઓ, ચુમ્માળીસમી દેરીની છતમાં કમળની પાંખડીઓ છે. તેના છેડે સોળકમળોની કળી છે. તેની પર સોળ દેવીઓ નૃત્ય કરે છે. બીજી છતમાં નકશીદાર જાજમ પર નવ મોગરા ગેલ કરે છે. પિસ્તાળીસમી દેરીની પહેલી છતમાં સોળ મોગરાઓ ઝૂમે છે, કિનારે અશ્વદોડ છે તેમાં બે ઘોડા વચ્ચે એક ઘોડાનો શિકાર થઈ રહ્યો છે. બીજી છતમાં પત્રસંપુટના થર છે. છેત્તાળીસમી દેરીની પહેલી છત ત્રણ થરમાં ઉપર જાય છે. વચોવચ છે મોગરો. બીજી છતમાં શીતલા દેવી છે. સુડતાલીસમી દેરીની પહેલી છતમાં કમલરચના છે. બીજી છતમાં હંસવાહિની સરસ્વતી દેવી છે. પગ અટકે છે. ધ્યાનથી જોવાનું ગમે છે. સોળ હાથ છે. નાજુક વીણાદંડની આગળ ચાર સુકોમળ આંગળી, તર્જની અને અંગૂઠાની વચ્ચે જપમાળા, ત્રણ આંગળી પોલાણમાં નાંખીને શંખ પકડ્યો છે. વચલી આંગળી અને અંગૂઠો બહાર. જુદા જુદા હાથની જુદી જુદી મુદ્રાઓ છે. ધવલપાષાણમાં મા શારદા અદ્‌ભુત લાગે છે. અડતાલીસમી દેરીની પહેલી છતમાં અંતર્ગોળ કુંડ બનાવ્યા છે. દરેકમાં મોગરા લટકે છે. બીજી છતમાં પદ્માવતી દેવી છે. ઓગણચાલીસમી દેરીની પહેલી છતમાં તીનથરિયો ઘુમ્મટ છે. મોગરાનું લંબનક. બીજી છતમાં શિલ્પસંગીતનો પંચમ સૂર ગવાઈ રહ્યો છે. વિશાળ કમલ છીપની જેમ જ ઉઘડ્યું છે. નરસિંહ અવતાર પ્રકટ્યો છે. હિરણ્યકશિપુને ભીંસમાં લીધો છે. ખોળામાં એ ફસાયો છે, છટકવા ઝાંવા મારે છે. તેના પગમાં નરસિંહે આંટી મારી છે તેના હાથને પણ ગાંઠમાં લીધા છે. લાંબી આંગળીઓના નખ પેટને ચીરવા આતુર છે. ભયાનક દૃશ્ય છે છતાં રચના કર્મ અત્યંત સુકોમળ છે. પથ્થરને મૃદુતા આપવાનું વ્રત ચાલે છે, વિમલ-વસહિમાં. પચાસમી દેરીની પહેલી છતમાં અભિષેકનું દૃશ્ય છે. બીજી છતમાં ઘણા બધા કુંડ છે. દરેક કુંડમાં ફૂલો ખીલ્યા છે, તે મોગરા બનીને લટકે છે. એકાવનમી દેરીની પહેલી છતમાં કલ્પવૃક્ષ છે, બીજી છતમાં વીસ ચોકઠાનો પટ છે. નાની નાની આકૃતિઓ ચોકઠાઓમાં મૂકી છે. સુંદર લાગે છે, ચાલી આવતા પ્રવાહથી કંઈક જુદું. બાવનમી અને ત્રેપનમી દેરીની છતમાં પણ ચોકઠાનું શિલ્પ



છે. ચોપનમી દેરીની છતમાં એક કમળ ખીલ્યું છે. તેને વર્તુળબદ્ધ થઈને ૪૪ કળીઓ બહાર નીકળી રહી છે. કળીની નાળનો વળાંક એકસરખો કોરાયો છે. માટે આકાર મનમોહક લાગે છે. પંચાવનમી દેરીની પહેલી છતમાં તીનથરિયો ઘુમ્મટ, બીજી છતમાં અણીદાર થરની ત્રિપુટી. છપ્પનમી દેરીમાં જાન રેડીને ઝુમ્મરને સાત થર સુધી નીચે ઉતાર્યું છે. છ થરમાં કોરણી. સાતમા થરે મોગરો. આ બીજી છતની વાત થઈ. પહેલી છતમાં માનવવર્તુળની વચ્ચે ભગવાન કાઉસ્સગ કરે છે. સત્તાવનમી દેરી છેવટની છે. પહેલી છતમાં ૫૬ હાથીનું વર્તુળ છે. ત્રણ કલાત્મક થર ઉપર ચડે છે. બીજી છતમાં ૬૦ વનરાજનો પહેલો, ગોળાકાર છે. ઘુમ્મટમાં આઠ દેવી ઊભી છે. આઠ દેવી બેઠી છે. ત્રણ સુશોભિત થર દિલધડક રીતે નીચે ઉતરે છે. આઠ મોગરાઓ પોતપોતાની જગ્યાએ અસ્તિત્વનો ઉત્સવ માણી રહ્યા છે.

સત્તાવનમી દેરી પછી પ્રવેશ ચોકી આવે છે. ભમતી પૂરી થાય છે. ઊંચે તાકી રહેવામાં ગરદન જકડાઈ ગઈ છે તે યાદ આવે છે. કલાકોથી ઊભા રહેવાને લીધે પગ દુખી રહ્યા છે તે એકાએક સાંભરે છે. આંખોને નશો ચડેલો જ રહે છે.

### ચૈત્ર વદ-૧૪ : દેલવાડા

પ્રવેશચોકીથી બે દાદરા ઉતરવાનું. સૌથી પહેલાં શૃંગારચોકીની ત્રણ છત. વચ્ચેની છતમાં અતિશય લાંબો, લંબચોરસ ચિત્રશિલ્પપટ છે. અથવા શિલ્પચિત્રપટ છે. ભરત બાહુબલિની કથા દેખાય છે. બે ભાઈની જોડીનાં જુદાં જુદાં યુદ્ધ થાય છે. વિરક્ત બાહુબલિ દીક્ષા લઈ ધ્યાનમાં ઊભા રહી જાય છે. પછીતે ઘોડા અને હાથી બખ્તર પહેરી ઊભા છે. બ્રાહ્મી સુંદરી આવે છે. વનઘટામાં રહેલા બાહુમુનિજી દીસે છે. પ્રતિબોધ પામે છે, સામે મોટો મહેલ છે. ભરતરાજાનો પ્રાસાદ, અરીસા ભવનમાં ભરતજી કેવલી બને છે તે દૃશ્ય શોધવા છતાં મળ્યું નહીં. પરંતુ કોતરેલું છે તે નક્કી. ડાબી તરફ પહેલી દેરીની સામે મોટી છત છે. તેમાં બે તરફ દરિયાઈ મોજાં ઉછળતાં હોય તેવું કોરણ છે. વચ્ચે તારામૈત્રકના ત્રણ થરનું ઝુમ્મર છે. ત્રીજા થરે મોગરા છે. મોગરાની નાળ પર ચોમુખે નર્તિકાઓ છે. તેમની નીચે મોગરાની ઉઘડતી પાંખડીઓ છે. આ છતમાં કલાસજ્જા ફાટફાટ થાય છે. સત્તાવનમી દેરીની સામે જમણા હાથે મોટી છત

આવે છે, એમાં આવું જ કોતરકામ છે. કહેવાય છે કે આ બે છત જાણી જોઈને એકસરખી બનાવવામાં આવી છે. જોકે, પેલી છતના ચાર ખૂણે મોજાં છે તો આ છતના ચાર ખૂણે ચાર પૂર્ણ નાગપાશ છે.

પ્રવેશ ચોકી પછી તુરંત રંગમંડપ આવે છે. અત્યાર સુધી જે જોયું તે બધું ભૂલી જવાનું. ભવિષ્યમાં જે જોવાનું થશે તે ઝાંખુ લાગવાનું. જોવાની ક્ષણોમાં આંખો પલકારા ચૂકી જાય છે. વિરાટ ઘેરાવાનો ઘુમ્મટ છે. બાર અલંકૃત સ્તંભો પર તે ઊભો છે. ઝગારા મારતી ધવલતા, ચોક્કસ પ્રમાણનું ઊંડાણ, ગંગાવર્તમાં ઉભરાતા ફીણની ચંચળતાનો જાણે સ્તબ્ધ ચિતાર. એકી સાથે બધું જ દેખાય છે, દેખાય છે તે બધું એકાકાર બની જાય છે. હિમાલયની બખોલમાં બરફના થર પર કાચની સળીથી ડિઝાઈન બનાવીએ તેના જેવી ઉજ્જ્વળ સુંદરતા ચાર ખૂણે ભૂમિસન્મુખ છે. બ્રહ્મા-વિષ્ણુ-મહેશ અને અંબિકા ઘુમ્મટના ખૂણા સંભાળે છે. પહેલું મહાવલય ૧૫૮ હાથીઓનું છે. બીજો થર કંકણવલય, ત્રીજા થરમાં ૬૪ દેવીઓ, પાંચમા થરમાં ગુજરાતી ગરબો, પણ કેવળ પુરુષો જ રમે છે. સાતમા થરે બાવન અશ્વરાજો યાત્રાએ ઉપડ્યા છે. આઠમા થરમાં અર્ધગોળ ખાંચાઓ. દરેક ખાંચામાં એક મોગરો, કુલ ૩૩ મોગરા. નવમા થરે ગોળા ખાંચાઓની શ્રેણી છે. દસમા થરે ફરીવાર અર્ધગોળ ખાંચા, તેમાં મોગરાઓ છે. ૨૯ મોગરા થાય છે. અગિયારમા થરે ૭૬ માનવોની યાત્રા નીકળી છે. બારમા થરે ૭૦ હંસો પાંખ ફફડાવી રહ્યા છે. ચૌદમા થરે બાર મોટા મોગરા મૂક્યા છે. તેમાં નર્તિકાઓ પણ છે. ચૌદમા થરે ૩૨ દેવી-દેવતાઓ છે. પંદરમો થર ઉતરે છે. સોળમો થર વધુ નીચે જાય છે. સત્તરમા થરે આખી સ્તંભિકા નીચે ઉતરી રહી છે, તેમાં ગોળાકારે રથયાત્રા ગતિમાન છે. અઢારમો થર પ્લૅટ જેવો છે. તેની પર ઓગણીસમા થરના છ અર્ધગોળ પુટ છે. એમની બરાબર મધ્યમાંથી વીસમા થરના મોગરાની લાંબી નાળ લટકે છે. તેના છેડે નર્તિકાઓ ખેલે છે. એકવીસમા થરે મોગરાની પાંદડી અને કળીઓ છે. દેવલોકમાંથી મંગાવીને પ્રભુ સમક્ષ ધર્યો હોય તેવો મહાન્ રંગમંડપ છે.

રંગમંડપની ડાબી તરફે છ ચોકી છે. જમણી તરફે છ ચોકી છે. બારમી દેરીની સામે, ડાબી છ ચોકીની પહેલી છત આવે છે. તેમાં તારામૈત્રકના ત્રણ થર છે. ત્રીજો થર આંટી લઈને ઉપર વળ લેતો ઘુમ્મટનાં તળને સ્પર્શે છે. પહેલી



નજરે આ કોતરણીની ભૂલ જેવું લાગે. દરેક સર્કલ પોતાનામાં જ પૂરું થવું જોઈએ. ગોળ હોય, ચોરસ હોય કે કોણબદ્ધ હોય. આ છતમાં કોણબદ્ધ થરનું સર્કલ પૂરું થવાને બદલે ઉપર ચડીને અર્ધગોળ શ્રેણિ સાથે જોડાઈ જાય છે. આ લાઈનની ત્રીજી છતમાં પણ આવું જ છે. હકીકતમાં આ સ્ક્રૂ ડ્રાઈવર સિસ્ટમની આંટ બનાવી છે. માત્ર શિલ્પજ્ઞ લોકો જ સમજી શકે તેવી કરામત છે. ઑફ બીટ ક્રિએશનની હોંશમાં આવી ઢાંચાબહારની ડિઝાઈન પણ ગોઠવાઈ શકે છે. આ છતની બાજુમાં બીજી છત આવે છે. તેમાં ત્રણ અષ્ટકોણ નીચે ઉતરતા આવે છે. અગિયારમી દેરીની સામેની છત તદ્દન સાદી છે. તેની બાજુની છતમાં તદ્દન સાદગીપૂર્વક દેવી બિરાજીત છે. દસમી દેરીની સામેની છતમાં પણ અષ્ટકોણનો તીનથરી ઘુમ્મટ છે. સ્ક્રૂ ડ્રાઇવીંગની લાઈન આમાં પણ રચી છે. રંગમંડપની જમણી તરફની છ ચોકીમાં પણ આવી છત છે. તેમાં ભમતી તરફની પહેલી અને ત્રીજી છતમાં એકસરખાં કમળ રચાયાં છે. આ કમળ એકદમ પહોળાં છે, ભરાવદાર છે. બીજી છતમાં વિશાળ કમળ છે તે કમળની ફરતે ૬૮ કળીઓનું કુંડાળું છે ને કમળની વચ્ચે મોગરો છે. રંગમંડપ તરફની પહેલી અને ત્રીજી છતમાં અષ્ટકોણવાળી તીનથરી ઘુમ્મટની સંરચના છે, તારામૈત્રક. ત્રીજી છતમાં તો વળી આઠ ઊભી અને આઠ બેઠી દેવીઓ છે. બીજી છતમાં સાદગીપૂર્ણ દેવીમૂર્તિ છે.

રંગમંડપ પૂરો થતા ઓટલો ચડવાનો છે. નવ ચોકી આવે. નવેય છતો અનન્ય સંમોહન ધરાવે છે. નૃત્ય સભા, કલ્પવૃક્ષ, મોગરાની શ્રેણિ ઘણું છે. પરંતુ નજર હવે ગૂઢમંડપમાં બિરાજતા પ્રભુ તરફ મંડાઈ ચૂકી છે. મૂળમંદિરની બારસાખની સૂક્ષ્મ કોતરણી જોવાનું ભૂલીને પગલાં પ્રભુની સમક્ષ જવા ઉપડે છે.

### ચૈત્ર અમાસ-દેલવાડા

આદીશ્વર ભગવાન્. સમવસરણના મહાવૈભવમાં પણ નિર્લેપ હતા. ચક્રવર્તી ભરતના ભરપૂર ભક્તિભાવથી અંજાયા નહોતા. વીતરાગી હતા. રાજીપાથી રંગાયા નહોતા, મારા પ્રભુ. એમને નિરંજન દશા આત્મસાત્ થઈ ગઈ છે. ભગવાન પાસે શીખવા મળે છે. ‘તમે સારા હશો, ઉત્તમ હશો તો તમારાં વધામણાં થવાના જ. તમારી પ્રશંસા થશે જ. તમે એનાથી લેપાતા નહીં. તમે તેનાથી અળગા રહેજો તો તમારી નિજી પ્રતિભા પણ જીવશે. અને તમારી

મહાનતા ગાતા પ્રશસ્તિલેખો પણ ટકી રહેશે.'

ભગવાન્ આવો બોધ આપે છે માટે જ ભગવાનની ભક્તિ કરવાનું ગમે છે. આ પ્રભુની ભક્તિ માટે જ અઢાર કરોડની આ અલૌકિક નગરી ઘડાઈ છે. પ્રભુએ શું આપ્યું છે ? સાચી સમજ, નિર્વ્યાજ પ્રેમ અને અનહદ કરૂણા. પ્રભુ પાસેથી એ મળતું જ રહે તેવી ભાવના છે.

પ્રભુની આ શિલ્પનગરીમાં વિહરતી વેળાએ મનના રાગદ્વેષ વીસરાય છે. સાચાખોટાં સપનાં ભૂલાય છે. ખાવાપીવાનું યાદ નથી આવતું. એકતાન બની જવાય છે. પ્રભુ સાથેનો ધ્યાનયોગ સધાય છે. આ પ્રભુનો જ ઉપકાર છે.

ઝૂકી ઝૂકીને આદીશ્વર પ્રભુને વાંદ્યા, પ્રભુની આંખે આંખો મેળવીને અપલક નેત્રે જોયા કર્યું. શાંત હતી એ આંખો. નિર્વિકાર હતી એ આંખો, જ્ઞાનનો પૂર્ણ સાગર હતો એ આંખોમાં. વિમલવસહિની તમામ કલાકારીગરીનો અર્ક એ આંખોનાં તેજમાં સમાઈ જતો હતો.

અરિહંત પ્રભુની પ્રીતિ પ્રગાઢ બનાવે તેવું વિમલવસહિનું વાતાવરણ છે. સિદ્ધશિલાનો નાનકડો ટુકડો જાણે અહીં આવી વસ્યો છે. આનંદ સિવાય બીજી કોઈ સંવેદના નથી. અહોભાવ સિવાયની કોઈ અનુભૂતિ નથી. વિમલવસહિમાં પથ્થરમાંથી પાષાણની બાદબાકી થાય છે અને મનમાંથી મમકારની.

**(વિ. સં. ૨૦૬૦)**

૭

# આબુ ગિરિરાજ : લુણિગવસહિ

**ચૈત્રી અમાસ : દેલવાડા**

વિમલમંત્રી પર મહાકાવ્ય લખાવું જોઈએ, લખવાનું મન થાય છે. એ પરાક્રમી હતા. રાજનીતિમાં કુશલ હતા. મુત્સદ્દી અને મહત્ત્વાકાંક્ષી હતા. ઘોર આક્રમણોના નેતા હતા. સ્વરૂપવાન અને પરમ સંપન્ન હતા. ગુજરાતના ઈતિહાસનો એક ભાગ હતા. પાટણ અને ચંદ્રાવતી આ બે મહાનગરી સાથે તેમણે નાતો બાંધ્યો. આબુગિરિરાજના કણેકણ પર તેમને પ્રીતિભાવ હતો. તેમને પાપનો પસ્તાવો થયો ત્યારથી જીવનની નવી દિશા ઘડાઈ. કમ્મે શૂરા હતા તે ધમ્મે શૂરા બન્યા. આટલા સુધીમાં મહાકાવ્યનું પૂર્વાર્ધ આવે. પછી શરૂ થાય ઉત્તરાર્ધ. શ્રી ધર્મઘોષસૂરિજી મહારાજ પાસે તે આલોચના માંગે છે. શેની ? પોતે યુદ્ધનાં ભયાનક પાપ કર્યા છે તેની આલોચના કરવી છે. વિમલપ્રબંધમાં શ્રીલાવણ્યસમયજી મહારાજ લખે છે : विमल मंत्री मन चिंतवइ, पाय न छोडु हेवा, पाप करी हूंउ सन, दिईउ आलोयण देव ॥ સૂરિજી આલોચના આપતા પહેલા કડક થઈ કહે છે કે 'તેં કરેલા પાપોની આલોચના હોઈ ન શકે.' વિમલમંત્રી કરગરે છે. સૂરિજી મંત્રીવરને તાવીને જણાવે છે : આબુ પર દેરાસર બંધાવ. तुझ छउ आलोअणनी खंति, धर्म विसु छउ ताहरि चिंति । वरि मिथ्यात्वी सरिसु वाद, करता जु नीपजउ प्रासाद ॥' જો તું મિથ્યાત્વીઓને હરાવી, અજૈન સ્થાનકમાં જૈન તીર્થ સ્થાપે તો તારાં પાપ ધોવાય.' મંત્રીશ્વર કામે લાગ્યા. અંબાદેવીની સાધના અને આરસ કે વારસવાળો પ્રસિદ્ધ પ્રસંગ બન્યો. મંત્રીશ્વરે દેરાસર બાંધવાનું વર માંગ્યું. જમીન જોવા આબુ પર પહોંચ્યા. વિમલપ્રબંધમાં

લખ્યું છે : आविउ विमल सहित परिवारि, अर्बुद जिनप्रासाद विचारि । पूजारा नवि लाभउ पार, मिलीया भरडा सहस इग्यार ॥ આબુ પર દેરાસર બાંધવાની ધારણા રાખીને વિમલમંત્રી આવ્યા છે તે જાણી પૂજારીઓ ગિન્નાયા. અગિયાર હજાર ભરડાઓ ભીડ કરી બૂમરાણ મચાવવા લાગ્યા. बोलइ सद्धे थया एकमती, नवि आपूं धरणी इक रती । કહેવા લાગ્યા : 'ચોખાના દાણા જેટલી જમીન પણ ન દઈએ.' મંત્રી વિમલ સર્વસત્તાધીશ હતા. છતાં પ્રેમથી સમજાવવા લાગ્યા. પાટણના કાવાદાવાઓમાં હંમેશા પાસાં પોબાર કરનારા મંત્રીશ્વર કહે કે 'આ સ્થાન પર જૈનધર્મની નિશાની મળે તો જમીન આપજો. બાકી મારે તમારી જમીન લેવાની જ ન હોય.' આખું ટોળું શાંત થઈ ગયું. એ રાતે મંત્રીશ્વરે અંબાદેવી સાથે વિમર્શ કર્યો. અંબામાતાએ સંકેત આપ્યો : 'શ્રીમાતાની પાસે જે શિલા છે તે ફોડાવજો. નીચેથી દાદાનું અગિયાર લાખ વરસ જૂનું બિંબ મળશે. તમે ખોદવાનો દેખાવ કરજો. ક્ષેત્રપાળ દેવ પથ્થર તોડીને ભગવાન્ દેખાડી દેશે....' આ સંકેત મુજબ પ્રભુ પ્રકટ્યા. ભરડાઓ-બ્રાહ્મણો માની ગયા. ત્યાં જ મૂર્તિની દેરી સ્થાપી. અંબાજીની, ક્ષેત્રપાળની અને પોતાની મૂર્તિ રચાવી જૈન તીર્થ સ્થાપ્યું. મોટાં મંદિર માટે મોટી જગ્યામાં કામ કરવા લાંબો કોટ બાંધવાનું શરૂ કર્યું. ફરી વિઘ્ન આવ્યું. ભરડાઓ કહે : 'આ જમીન અમે અંદર અંદર વહેંચી રાખી છે. તમે એને મફતમાં ન લઈ શકો.' મંત્રીવરે ખરીદીની તૈયારી બતાવી. ભરડાઓનો ભાવ શું હતો : 'આખી જમીન પર સોનામહોર પાથરો.' મંત્રીશ્વરે મહોર પાથરીને જમીન કબજે કરી. વિમલપ્રબંધમાં લખ્યું છે કે 'પથારી પાથરતા હોય તેમ મંત્રીએ સોનામહોર પાથરી દીધી.' ભરડાઓ કહે : 'જમીન ભલે તમે રાખો. પણ વચ્ચેની સોનામહોરથી ઢંકાયા વિનાની જગ્યા તો અમારી જ ગણાય. ફરીવાર સમાધાન કરવાનું હતું. મંત્રીવરે રસ્તો કાઢવા કહ્યું તો ભરડાઓ કહે : 'તમે જમીન પર ચાર-ચારની થપ્પીમાં સોનામહોર પાથરી છે તે સારું છે. આની પર સોનામહોરની પાંચમી થપ્પી કરો તો જમીન તમારી.' મંત્રીશ્વરે તે પ્રમાણે પાંચ સોનામહોરની થપ્પીઓ પાથરીને જમીન પર પૂરો કબજો મેળવ્યો.

હવે શિલ્પીઓનો વારો હતો. દેરાસરનો પાયો ખોદાયો, સાત માથોડા ઊંડો. પૂરણ કરવાનું શરૂ થયું. ઘણી જ વાર લાગી. વિમલમંત્રીએ સાતસો સાંઢના ખભે કોથળાઓ ભરીને સૌનેયા અને રૂપૈયા મંગાવ્યા. આ સિક્કાઓથી જ



પાયો પૂરવા કહ્યું. શિલ્પીઓ સ્તબ્ધ થયા. કહે : 'આ સિક્કા નાંખવાથી તો પાયો પોલો રહી જાય. નક્કર પૂરણ જોઈએ.' મંત્રીશ્વરે બધાં સૌનેયા-રૂપૈયા પીગળાવી તેની નક્કર ઇંટો બનાવી. શિલ્પીઓને આપીને કહ્યું કે 'લો, આ પાયો પૂરવા ચાલશે.' શિલ્પીઓ તો અવાચક થઈ ગયા. સોનારૂપાની ઇંટોને વાપર્યા વગર જ તેમણે મજબૂત રીતે પાયો પૂરી દીધો. હવે બાંધકામ શરૂ થયું તો ક્ષેત્રપાળ વાલીનાથ આડો ફાટ્યો. દિવસે જે બાંધકામ થાય તે રાતે તૂટી જાય. છ મહિના સુધી આમ ચાલ્યું. એક દિવસ મંત્રી વિમળે ક્ષેત્રપાળને દૂધ, ખાંડ, લાડુ અને લાપસીનો બલિ ધર્યો. વાલીનાથે માનવબલિની માંગણી મૂકી. મંત્રી ચૂપ રહ્યા. રાતે બાંધકામ તૂટ્યું. દિવસે તેનું સમારકામ કરાવીને મંત્રી રાતે દીવા પાછળ છૂપાયા. વાલીનાથ આવ્યો. તેની પર સીધો જ હુમલો કર્યો. તલવાર તાણીને કહ્યું કે 'આ પ્રશ્ન પૂરો કરો, નહીં તો ખૈર નથી.' એ વાલીનાથ, એ ક્ષેત્રપાળ દેવ ડરી ગયો. (મહાકાવ્યની દૃષ્ટિએ આ પ્રસંગ કંઈક અંશે કિરાતાર્જુનીયમ્-માં કિરાત અને અર્જુનના સંગ્રામ જેવો બની શકે.) અંબાદેવીએ પણ વાલીનાથની સાન ઠેકાણે આણી. એનો ઉપદ્રવ મટ્યો. મંદિરનું કામ ચાલ્યું. જોતજોતામાં મૂળમંદિરનો ગભારો બની ગયો. મંત્રીશ્વર વિમળે સૂત્રધાર કીર્તિધરને ફરિયાદ કરી કે 'મંદિર બાંધવામાં તો સાવ થોડો ખરચ થાય છે. એમ કરો. દેરાસર સોનાનું જ બનાવો. પૂરતો ખરચ થાય.' ગજબ વાત હતી. સોનાનું દેરું બાંધવા એ તૈયાર થઈ ગયા. અજૈનોની વચ્ચે જૈનતીર્થ ઊભું કરવાનું તીવ્ર ભાવનાબળ અને પાપોની આલોયણ પૂરેપૂરી વળે તેવી ઉત્કટ વાંછનામાંથી કેવી ઉદારતા નીપજી ? શિલ્પીએ કહ્યું કે 'પડતો કાળ છે. સોનાના મંદિર ન હોય. કામ ઉત્તમ થશે...' અને સોનાનાં મંદિરની અવેજીમાં ચાલી શકે તેવું અનવદ્ય, અલૌકિક અને અજાતપૂર્વ શિલ્પસૌન્દર્ય મંદિરમાં છવાઈ ગયું.

મહાકાવ્યની દૃષ્ટિએ વિમલમંત્રી ધીર અને ઉદાત્ત નાયક બની શકે. વિમલમંત્રીનું મંદિર વિ. સં. ૧૦૮૮માં પ્રતિષ્ઠા પામે છે. આજે વિ. સં. ૨૦૬૦ ચાલે છે. આજથી ૨૮ વરસ પછી આ દેરાસરને ૧૦૦૦ વરસ પૂરા થશે. એ વખતે વિમલમંત્રીનું મહાકાવ્ય તૈયાર હોય તો સહસ્રાબ્દીની ઉજવણીનાં સોનામાં સુગંધ ભળી જાય.

વિમલવસહિ મંદિરનાં નિર્માણ માટે ૧૫૦૦ શિલ્પીઓ, ૧૪૦૦ મજૂરો

ચૌદ વરસ સુધી સતત કામ કરતા રહ્યા. જમીનની ખરીદી માટે ચાર કરોડ, ત્રેપન લાખ રૂપિયા વપરાયા. ૧૪૦ ફૂટ લાંબી અને ૯૦ ફૂટ પહોળી જમીનનો ભાવ જો આટલો હોય તો એક સ્ક્વેર ફૂટ જમીનનો ભાવ શું થયો ? મંદિરની માટેના પાષાણો, પથ્થરો ખરીદવામાં રૂ. બે કરોડ વપરાયા. આબુ પર લાવવાની મજૂરી સાથે ગણીએ તો પથ્થર ચાંદીના ભાવે પડતો. કુલ મળીને દેરાસરમાં ૧૮ કરોડ ૫૩ લાખ રૂપિયા વપરાયા. ૧૪ વરસની સરેરાશ માંડવી જોઈએ. પછી મહિના-મહિનાની સરેરાશ. વિમલમંત્રીએ વિમલવસહિનું સર્જન કરી ભક્તિનો નવો માર્ગ ઊભો કર્યો. તેમના રસ્તે રાજા કુમારપાળ, મંત્રીશ્વર વસ્તુપાળ તેજપાળ, મહાશ્રાવક ધરણાશા ચાલ્યા.

**વૈશાખ સુદ એકમ : દેલવાડા**

બે ભાઈ છે. બંધુબેલડી. બેમાં વધારે સારું કોણ તે નક્કી કરવાનું મુશ્કેલ છે. બે ભાઈનું આ ફેક્ટર બંને વસહિને લાગુ પડે છે. નેઢ અને વિમલ બે ભાઈ હતા. વસ્તુપાળ અને તેજપાળ બે ભાઈ હતા. આબુની બંને વસહિ સાથે નાના ભાઈ સંકળાયા છે. વિમલ વસહિમાં વિમલ. લૂણિગવસહિમાં તેજપાળ. બે ઉલ્લેખ મળે છે. વસ્તુપાળ તેજપાળના ભાઈ લૂણિગની યાદમાં લૂણિગવસહિ છે અને તેજપાળનો દીકરો લાવણ્યસિંહ, તેની યાદમાં લાવણ્યવસતિ છે. પ્રબંધ ગ્રંથો લૂણિગવસહિનો પક્ષ લે છે. લૂણિગવસહિના શિલાલેખો લાવણ્યવસતિનો પક્ષ લે છે.

આ બંધુબેલડીનાં નામે કેટલા બધાં સુકૃત બોલે છે ? ૧૩૦૦ શિખરબંધ જિનાલય બંધાવ્યાં. ૩૨૦૨ જિનાલયોનો જીર્ણોદ્ધાર કરાવ્યો. ૧૦,૫૦૦૦ નવાં જિનબિંબ ભરાવ્યાં. ૮૪ પાષાણબદ્ધ સરોવર કરાવ્યાં. ૯૮૪ પૌષધશાળા કરાવી (સોળ ઓછી પડી. નહીં તો ૧૦૦૦ થઈ જાત.) ૪૦૦ પરબ બંધાવી. ૭૦૧ તપસ્વીનાં સ્થાનકો બંધાવ્યા. ૧૮ કરોડ ખર્ચી જ્ઞાનભંડારો બનાવ્યા. ૧૮ કરોડ ૯૬ લાખ જેટલું ધન શત્રુંજયમાં ખર્ચ્યું. એટલું જ ધન (૧૮ કરોડ ૯૬ લાખ) ગિરનારમાં ખર્ચ્યું. ૧૨ કરોડ ૫૩ લાખ આબુમાં ખર્ચ્યું. ૭૦૦ ધર્મશાળા બંધાવી. ૭૦ સદાવ્રત કરાવ્યા. સાડાબાર વખત શત્રુંજયના ૬'રીપાલક સંઘ કાઢ્યા. ૨૧ મહાત્માઓને આચાર્યપદે સ્થાપવાનો લાભ મહોત્સવ ઉજવીને લીધો. કુલ મળીને



૩,૭૩,૭૨,૧૮,૮૦૦ રૂપિયાનો એટલે કે ત્રણ અબજ, તોત્તેર કરોડ, બોત્તેર લાખ, અઢાર હજાર ને આઠસો રૂપિયાનો સદ્વ્યય કર્યો. આ આખો હિસાબ ભાગીદારીનો છે. વ્યક્તિગત રીતે બંનેએ પોતપોતાનો લાભ કેટલો લીધો તે જાણવા મળવાનું નથી. એક લૂણિગવસહિ માટેનો ઉલ્લેખ મળે છે. આ વસહિ તેજપાળે બંધાવી છે. વસ્તુપાલચરિતમાં લખ્યું છે : श्रीमन्नेमिजिनेन्द्रमन्दिरमिदं ×××× श्री तेजपालो व्यधात् ॥ આ નેમનાથમંદિરની રચના શ્રી તેજપાળે કરી છે. લૂણિગવસહિની ભમતીની દેરીએ દેરીએ એક કે બે લાઈનના શિલાલેખ છે તેમાં મોટે ભાગે એક ઉલ્લેખ આવે प्रतिष्ठापितं च तेजःपालेन...। વસ્તુપાલમંત્રીએ આબુ પરનાં જિનાલયની સંપૂર્ણ જવાબદારી તેજપાળને જ ભળાવી હતી. તેજપાળે ચંદ્રાવતીના રાજા ધારાવર્ષની અનુમતિ લઈને આ મંદિરની રચના કરાવી.

ધારાવર્ષ અને તેજપાળ સાથે આબુ પર ગયા હતા. રાઠોડ રાજાઓને રાજી કરીને મંદિર માટેની જમીન ખરીદી. વિમલવસહિમાં મિથ્યાદૃષ્ટિ સમાજ કર ઉઘરાવતો થઈ ગયેલો, તે બંધ કરાવ્યું. અંબાજી જઈને આરાસણની ખાણમાંથી ઉત્તમ પાષાણો મેળવ્યા. આબુની તળેટીથી છેક ઉપર સુધી નવી પગથાર કરાવી. પાંચ યોજન સુધીના રસ્તામાં એક ગાઉ પર એક, એ રીતે ઘણી બધી દુકાનો બંધાવી. તેમાં કામદારોને અને યાત્રિકોને ખપમાં આવે તેવી ચીજવસ્તુઓ ભરાવી. કામ શરૂ કરાવ્યું. શોભનદેવ મુખ્ય સૂત્રધાર હતો. તેની સાથે ૫૦૦ શિલ્પી હતા. ચંદ્રાવતીના નગરશેઠ ચંપક શ્રેષ્ઠીને મંદિર સંબંધી જવાબદારી સોંપી. અનુપમા દેવીના ભાઈ ઉદા શ્રેષ્ઠીને કારીગરોની વ્યવસ્થા ભળાવી. તેજપાળે આટલું કર્યા પછી ધોળકા પહોંચીને શ્રી નેમનાથ દાદાની મનોહર મૂર્તિ ઘડાવી. તેની પ્રતિષ્ઠા કરાવી. એ પ્રતિમાજી લઈને તે આબુ પહોંચ્યા. જોયું તો કામ સાવ ધીમું ચાલતું હતું. દેરાસરમાં માત્ર ગભારો અને ગૂઢમંડપ જ બનેલા. બીજું બધું બાકી. ઉદાજીને બોલાવીને પૂછ્યું તો પરિસ્થિતિ જાણવા મળી. કારીગરો રોજ પૈસા લઈ જાય છે, કામ થોડું જ કરે છે, કોઈ ગાંઠતું નથી. વગેરે. તેજપાળે, છૂટથી પૈસા કેમ વાપરતા નથી એવો ઠપકો આપ્યો, પણ તે પોલો લાગતો હતો. તેજપાળ અને અનુપમાદેવી ત્યાં જ રોકાયા. મંદિરમાં પ્રભુને બેસાડી રોજ પૂજા કરતા રહ્યા. એક વાર અનુપમાદેવીએ

લાગણીભીના અવાજે શોભનદેવને કહ્યું કે 'એક થાંભલો બનાવવામાં આટલો સમય જાય છે તો આખું દેરાસર ક્યારે ઊભું થશે ?' શોભનદેવ ડિફેન્સીવ રૉલમાં હતો. ફરિયાદ સાચી હતી. તો તેની પોતાની પણ સામે બીજી ફરિયાદ હતી. તેણે કહ્યું : 'આબુ પહાડ ચડવામાં ખૂબ થાક લાગે છે, ઉપર ભયંકર ઠંડી પડે છે, અમારે કામ કરવું હોય તો પણ મધ્યાહ્ન સુધી રાહ જોવી પડે છે. ત્યારે વળી ભોજન બનાવવું પડે છે. મોડી બપોરે કામ શરૂ થાય છે. સાંજ સુધીમાં ઠંડી ઊંચકાઈ આવે છે. આમ, કામ કરવામાં સમય જ ઓછો મળે છે. બીજી વાત, અમે ખાઈએ તેમાં શાક નથી હોતું, ગોરસ નથી હોતું. થાકી જઈએ છીએ પરિશ્રમથી. આ બધી નાની નાની વાતો છે. આમાં જ કામ અટકી રહ્યું છે...' અનુપમા દેવી હજી તો જવાબ આપે છે ત્યાં તેજપાળ આવી પહોંચે છે. તે પણ અનુપમાદેવી પાસે જ જવાબ માંગે છે. આ મહાસતીજી મંત્રીવરને કહે છે કે 'આપની આ વ્યાપારમાં વ્યસ્તતા છે તે ખોટી છે. ધંધો અને પદની જવાબદારી છોડીને અહીં રહેવું પડે. તો કામ થાય. હાથ છૂટો રાખીને ધન વાપરવું જોઈએ. બચાવવાની વૃત્તિથી કામ ન થાય.' તેજપાલે મલકાઈને કહ્યું : 'વાત સાચી. કામની ઝડપ વધારવાનો રસ્તો શું ?' મલ્ટીનૅશનલ કંપનીના ચીફ સૅક્રેટરીની જેમ મહાસતી નવો પ્લાન મૂકે છે : 'ઘણું બધું કરવું પડશે. એક, દિવસના અને રાતના કામદારો જુદા રાખો. બે, શિલ્પીઓ માટે રસોડું ચલાવીએ. ત્રણ, રસોઈ સારામાં સારી બને અને પીરસાય તેવી વ્યવસ્થા ગોઠવીએ. ચાર, શિલ્પીઓને મસાજ કરી આપનારા માણસો ગોઠવીએ. પાંચ, તેમની નહાવા ધોવાની સગવડ સાચવે તેવા નોકરો તેમને આપવા જોઈએ...' તેજપાળે દરેક સૂચનાઓ અમલમાં મૂકી. જોતજોતામાં કામ પૂરજોશથી ઉપડ્યું. વિ. સં. ૧૨૮૭માં પ્રતિષ્ઠા સંપન્ન થઈ. ઉત્સવ પણ મહાન્ થયો. પ્રતિષ્ઠાચાર્ય શ્રી સેનસૂરિજી મહારાજા આદિ સાત હજાર તો સાધુ ભગવંતો હતો, બોત્તેર રાણીઓ સાથે રાજા વીરધવલ આવ્યા. દૂરદૂરથી રાજાઓ અને મંત્રીઓ આવ્યા. લાખ્ખોની સંખ્યામાં શ્રાવકો આવ્યા. અંજનશલાકા માટે સાચા ચંદ્રકાન્ત મણિનું પાત્ર, નક્કર સોનાની રત્નમઢેલી સળી અને ચાંદીનો પાટલો વપરાશ લીધેલ. બાવન દેરીઓમાં અને મૂળમંદિરમાં પ્રભુમૂર્તિઓ હતી તે દરેકને માથે સોનાનું છત્ર બંધાયું હતું. પ્રભુના ઉત્સવ નિમિત્તે બાવીસ લાખ રૂપિયા જેટલું ધન યાચકોને અપાયું હતું. પ્રતિષ્ઠાની



ક્ષણે આસમાનમાંથી દૈવી કંકુછાંટણાં થયાં હતાં.

લૂણિગવસહિની કથા અદ્ભુત અને હૃદયંગમ છે.

**વૈશાખ સુદ બીજ : દેલવાડા**

કલાને માણવી હોય તો એકાંત જોઈએ. કાલ સાંજે લૂણિગવસહિમાં લગભગ કોઈ જ નહોતું. અંધારું થવાને વાર હતી. સૂરજ ડૂબી રહ્યો હતો. નિરવ શાંતિ હતી. તેજપાલમંત્રીના જમાનામાં હોઈએ તેવું લાગતું હતું. રંગમંડપની વચોવચ ઊભા રહી ઉપર જોયું. બેસીને ફરી ઊંચું જોયું. વજ્રાસનમાં બેસી, માથું પાછળની તરફ ઝૂકાવી, બે હાથને ખભાથી પાછળ જમીન પર ટેકવીને જોયું. આંખો માની ન શકી. રવિશંકર રાવળના શબ્દો યાદ આવ્યા : **આ મંદિરોની કલામાં ગુજરાતના શિલ્પીઓએ આઠમી સદીના ખજૂરાહો કરતાં જે વિશેષતા કરી છે તે તેના રંગમંડપની રચના છે. તે પહેલાના રંગમંડપોની છત ચારેપાસની દીવાલો પર ટકાવવામાં આવતી. અને તેની પર નાનું મેરુઘાટનું શિખર થતું. મંડપને કદીકદી અંદરની બે બાજુ જાળિયાં તથા વિમાનઘાટના ગવાક્ષો કે ઝરૂખા મૂકવામાં આવતા. પરંતુ ગુજરાતના શિલ્પીઓએ આઠ થાંભલા પર ગોળાકારે લાંબી શિલાઓ ગોઠવી ઉપરથી અઠાંસ મારી ધીરે ધીરે નાના થતા ગોળ વર્તુળોનો ઉપર મળી જતો ઘુમ્મટ રચ્યો. તેમાંય જગતને અપાર આશ્ચર્ય કરાવતું નકશીદાર આરસનું ઝુમ્મર જેને મધુચ્છત્ર કહે છે તે ગુજરાતના શિલ્પીઓનું નાવિન્ય છે.**

આબુની શિલ્પકલાની ચરમ કક્ષા આ ઘુમ્મટમાં છે. રંગમંડપમાં પ્રવેશ નાની સરખી ઓટલી ચડવાથી થાય. નકશીદાર સ્તંભ, સ્વયંસ્ફૂર્ત સુંદરતાથી સભર તોરણો, પાષાણોમાં શતધારે વહેતું કાવ્ય. આ બધું ઝાંખું લાગે છે, ઘુમ્મટની સામે. ઘુમ્મટનું પ્રથમ ચરણ ૨૬૮ માનવોનું છે. જાણે ઈન્દ્રસભા જેવી વીતરાગ પ્રભુની સભા ભરાઈ છે. પેલી સભામાં દેવો બેઠા હોય. આ સભામાં માનવો છે. તેમની ઉપર ૬૦ મુનિમૂર્તિઓ છે. બે મૂર્તિ વચ્ચે અવકાશ રખાયો છે.આ બાદ ત્રીજા થરે ગોળાકાર પટ્ટી છે. ચોથા થરે જાડો નકશીદાર પટ્ટો. પાંચમા થરે પાનબીડાનું સળંગ વર્તુળ છે. છઠ્ઠા થરે ચૌકટવાળા કંકણ છે. સાતમા થરે કમલાર્ધદલની શ્રેણિ છે. અર્ધા કમળો નજીક નજીકમાં બેઠા છે. આઠમા થરે

ભૂમિસન્મુખ નર્તકો છે. દરેકને એકબીજાથી દૂર રાખ્યા છે. સૌની મુદ્રા નોખી છે, નિરાળી છે. નવમા થરે ૭૦ ભગવાન્ છે. બે નર્તક વચ્ચે પાંચ. દસમા થરે ગાઢ જાળી છે. અગિયારમાંથી માંડીને સોળમા થર સુધી ક્રમશઃ વર્તુળ નાનું થતું જાય છે. વળાંક લેતા પટ્ટા છે અને તેમની કિનારી છે. આ છ થરની આગળ સોળ વિદ્યાદેવી છે. તેમનાં શસ્ત્રો, વાજીંત્રો, શણગાર અલગ પડે છે, અરસપરસ. આ થરમાં કોઈ ખાસ કોતરકામ નથી તેનાં બે કારણો. એક તો મૅચીંગ કરવાનું હતું. જો પાછળ ઝીણું કામ હોય તો વિદ્યાદેવીને ઉઠાવ ન મળે. બીજું, સત્તરમા થરથી ભરતી લાવવાની હતી તેની આ ખુલ્લી સપાટી હતી. ઉછળતા દરિયાના રેતાળ કાંઠા હોય છે તેમ. સત્તરમા થરે વિદ્યાદેવીઓના મુકુટ સ્પર્શે છે. પછી, જાણે કે વિદ્યાદેવીઓ પણ માથે ચડાવતી હોય તેવી કલાનિષ્પત્તિ છે. પાંદડામાં પાંદડા ગૂંથીને છાબડી બનાવે, તેમ અહીં કમળની પાંદડીઓનો સંપુટ રચ્યો છે. પાંચ પાંદડીના સંપુટમાં ત્રણ પાંદડીનો બીજો સંપુટ. તેમાં વળી એક પાંદડી. આ નવ પાંદડીઓનો સંપૂર્ણ સંપુટ, ભીતરથી ગોળાકાર હોય તો દેખાય નહીં. તેમની સુકુમાર ગર્ભશય્યા જોવા મળે તે માટે સંપુટાર્ધ, એક નહીં બલ્કે સોળ સંપુટાર્ધ. સોળ વિદ્યાદેવીઓ છે તેમાં બે વિદ્યાદેવીનાં મુખની વચ્ચે એક સંપુટાર્ધ આવે છે. ઓગણીસમા થરે આખો બગીચો ખીલ્યો છે. આજ કાલ કાર્નેશન્સના ફૂલોમાંથી બુકે બનાવે છે. ઓગણીસમા થરે માર્બલ બુકેની ગૅલૅરી છે. ફૂલોની બિછાત છે. લાંબા લટકતા ગજરા જેવા મોગરા છે. ચોવીસ મોગરાની આખી ગોળ પ્રદક્ષિણા છે. સુવાસ આ સરનામું જોઈ લે તો ફૂલો સાથે રહેવાનું છોડીને અહીં જ વસી જાય. વીસમો થર, એકવીસમો થર, ખ્યાલ ન આવે તેમ ઉપર ચડે છે. બાવીસમા થરે ૨૪ સંપુટોનું વર્તુળ છે. તેમાં પાંદડાં છે, પુષ્પો છે. પમરાટની પરવા નથી. ચાલે છે તેના વગર. ત્રેવીસમો થર ઘુમ્મટની છતનો છે. તેમાં કમળપત્રનું વર્તુળ બનાવ્યું છે. અહીંથી હવે નીચે તરફનો ઢાળ આવે છે. કમનીય અને કલ્પનાતીત.

શાંત સરોવરની વચ્ચે પથ્થર ફેંકો તો એક તરંગ સર્જાય. તેમાંથી બીજું, ત્રીજું, ચોથું, એમ તરંગની આખી માળા જ ચાલે. આ જલતરંગની મનહર વર્તુળ ધારાને નજર સમક્ષ રાખીને આ ઉતરતું ઝુમ્મર રચાયું છે. આ જ મધુછત્ર છે. અને આ જ રસસત્ર છે. આંખો પર એ પક્કડ જમાવી લે છે. બીજે જોવાનું ગમે



જ નહીં. પથ્થરનો ઉઘડતો વાન, વિરાટ ઘુમ્મટની પાર્શ્વભૂ અને સપ્રમાણ ઊંચાઈને લઈને આ ઝુમ્મર અપાર્થિવ બની ગયું છે. સ્ફટિક, ચંદ્રકાંતમણિ કે થીજેલું અમૃત, ઝુમ્મરનું ઘટક આ ત્રણમાંથી બન્યું હોવું જોઈએ. કાચની જેવું નાજુક છે. મોતીની જેમ ચમકદાર છે. હીરાની જેમ પાસાદાર છે. ઉપરથી નીચેની તરફ આવતો ઢાળ સાત થર લે છે. દરેક થર નીચે નીચે સંકોડાતો આવે છે. એકબીજા સાથે તે ચુસ્ત રીતે ફીટ થયા છે. એકાદ થરને અલગ તારવી ન શકાય. ૮૦૦ કીલોના પથ્થરમાંથી આ ઝુમ્મર કોર્યું છે. પથ્થર અખંડ છે. ટુકડા કરીને ચોટાડ્યું હોય તેવું નથી.

ગોળાકાર વાવડીની પાળે પાળે ફુવારાઓની ધાર છૂટતી હોય, તે વાવડીના મધ્યભાગેથી સીધી ગતિમાં ઊંચે ઉડતા એક ફુવારા તરફ બધા ફુવારાઓને ઢાળ આપ્યો હોય, ને પછી એ ઉડતાં પાણી જ પલકવારમાં જેમનાં તેમ થીજી ગયાં હોય, એની ઊભી હિમસેરોને સાચવીને વાવડીની પાળ સાથે જ ઊંધી કરીને ઊંચેથી પકડીએ તો એ હિમની આકૃતિ કેવી મનહર લાગે ? આ ઝુમ્મર તેથી સવાયું મનહર છે. હિમસેરો પાસે વળાંક સિવાય કાંઈ ન મળે. આ ઝુમ્મરમાં થરે થરે ઝીણેરાં પુષ્પો કોર્યા છે. દરેક થરને બત્રીસ પાસાં આપ્યાં છે. નીચેથી જોતાં આખું ચક્ર જેવું લાગે છે. ને સાતેનાં પાસાંની સળંગ ૩૨ શ્રેણિ ચક્રના આરા જેવી દેખાય છે. પાણીનાં વમળોની આદર્શકલ્પના નજર સામે રાખીને જો આ ઝુમ્મરને કોતરવામાં આવ્યું હોય તો પાણીની ચંચળતાને દરેક વમળે દેખાડવી પડે. એકમાંથી બીજું વમળ સર્જાયું તે વખતે પાણીમાં મુલાયમ હલચલ હોવાની જ. ઝુમ્મરમાં એ જલતત્ત્વની સુકોમળ છાયા ઉપસે તે માટે કલાત્મક રીતે અંતર્ગોળ રચ્યા છે. બત્રીસ પાસાંની વચ્ચે બત્રીસ અંતર્ગોળ આવે છે. નીચેથી ઉપર જતો અજવાસ આ ગોળ ખાંચામાં છાયા પાડે છે. ભીતરની સફેદીને આછો રાખોડી રંગ ચડે છે. જલતત્ત્વનો એ સાક્ષાત્કાર છે. સફેદ કપડાં ભીના હોય તે સૂકાયા પછી એકદમ ઉજળાં લાગે છે પરંતુ ભીનાં ભીનાં સૂકાઈ રહ્યા હોય ત્યારે એકદમ આછેરો જલસ્પર્શ વર્તાતો હોય છે. એવું જ કંઈક આ ઝુમ્મરમાં બને છે. પાસાંની પાતળી રેખાઓ ઉપર છે તે ચમકે છે પણ અંતર્ગોળ સહેજ ઝંખવાય છે. એ ગુલાબી ઝાંય પણ લાગે અને ઝાંખો રાખોડી રંગ પણ લાગે. આ ઝાંખપનું કૉમ્બિનેશન સમગ્ર કલાકૃતિને ઉઠાવ આપે છે.

ઘુમ્મટના છતના ત્રેવીસમા થર પછી સાત થરે ઝુમ્મર નીચે ઉતર્યું. એટલે કુલ ત્રીસ થર થયા. ઝુમ્મરની નીચે ચક્ર મૂક્યું છે તે એકત્રીસમો થર. તેમાંથી બત્રીસમા થરે મસ્ત મજાનો મોગરો નીચે ઉતરે છે. મોગરાની વચ્ચે ફૂલોની પાંખડીઓ છે. તેની નીચે નર્તિકાઓ સંમોહક નૃત્ય કરી રહી છે. ઝુમ્મરના છેવાડે નાનકડું શૃંગ. પાંત્રીસમા થરે ઘુમ્મટ અટકે છે. પાંચમા આરાના પાપે જ એ અટક્યો. બાકી હજી આ ઘુમ્મટ વિસ્તરતો રહેત. ભવિષ્યની પેઢીનાં નસીબ આટલું જ જોવાના હશેને. અને આ 'આટલું જ' ખરેખર તો 'આટલું બધું' છે. આનાથી વિશેષ શું થઈ શકે ? સૂઝતું નથી. વિમલવસહિના રંગમંડપનો ઘુમ્મટ જોયા પછી મંત્રી તેજપાળે એક કદમ આગળ ચાલીને આ ઘુમ્મટ રચ્યો. લૂણિગવસહિનો ઘુમ્મટ જોઈને હવે કોઈ અડધું કદમ પણ આગે વધી શકવાનું નથી. IT IS ENOUGH. કર્નલ ટૉડ આબુની મુલાકાતે પહેલીવાર આવ્યા ત્યારે બોલી ઉઠ્યા હતા : MY HEART BEAT WITH JOY. મારું હૃદય ધડકી ઉઠ્યું. I EXCLAIMED EUREKA. મારે જે જોઈતું હતું તે મને મળી ગયું.

લૂણિગવસહિ EUREKAની અનુભૂતિ આપે છે. આયરેકાનો અર્થ એ થાય છે કે આપણને જોઈતું હતું તે એટલું બધું મળી ગયું કે હવે બીજા કશાની જરૂર નથી રહી. હા, લૂણિગવસહિના રંગમંડપને જોયા પછી - ગોખલાઓ - છતો સ્તંભો-તોરણો કશે જ જોવાનું સૂઝતું નથી. WE EXCLAIM EUREKA.

આબુ પરની આજની સાંજ સુધરી ગઈ. આ યોગાનુયોગને દુહાઈ આપવાનું મન થાય છે. આજે ધ્યાનથી દેરાણી જેઠાણીના ગોખલા જોયા અને આજે જ આ ગોખલામાં પ્રભુ બિરાજ્યા તેની સાલગીરીનો દિવસ છે.

દેરાણી નાની અને જેઠાણી મોટી. બંને વચ્ચે સ્પર્ધા હતી. પોતાના પિયરથી નવલાખ રૂપિયા લાવીને બંનેએ ગોખલા તૈયાર કરાવ્યા. એકબીજાના ગોખલા જોઈને ફરીથી નવો ગોખલો રચાવે, જૂનો તોડીને. આવું ત્રણવાર અથવા સાતવાર થયું. પછી વસ્તુપાળ અને તેજપાળે કેસ હાથમાં લીધો. બંને એકસરખા ગોખલા રચાવ્યા. શિલ્પીએ દેરાણી કરતાં જેઠાણી મોટી કહેવાય તે પૂરવાર કરવા જેઠાણીના ગોખમાં બે વિશેષતા મૂકી. હાથીની સંખ્યા અને ઉપરની ત્રીજી દેવીની ડોક. કહા જાતા હૈ કિ - થી શરૂ થતી આ કથામાં તથ્ય શું છે ? કદાચ,



કોઈ જ તથ્ય નથી. બંને એક સરખા જ ગોખલા છે. બંનેની રચનામાં દેરાણી અને જેઠાણીનો ઝઘડો નથી. સમજો કે ઝઘડો હોય તો કંઈ દેરાણી અને કંઈ જેઠાણી વચ્ચે ઝઘડો હતો ? વસ્તુપાલને બે પત્ની, લલિતા દેવી અને વયજલ્લ દેવી. તેજપાલને બે પત્ની, અનુપમાદેવી અને સુહડા દેવી. આ ચાર નારીરત્નોમાં સ્પર્ધા થવાનો સંભવ જ નથી. અને જો સ્પર્ધા હોય તો ચારેય વચ્ચે સ્પર્ધા થવી જોઈએ કેમ કે દેરાણી જેઠાણી પછીનું બીજી પરિબળ છે શોક્ય. સરવાળે ચાર ગોખલા બને તો જ પૂરો ઉકેલ આવે. પરંતુ આવો કોઈ જ સ્પર્ધાભાવ નહોતો. સાચી વાત તો એ છે કે આ બે ગોખલા એક જ વ્યક્તિ માટે બન્યા છે. સુહડાદેવી. તેજપાલની તે દ્વિતીયભાર્યા. બંને ગોખલા પર એક સરખો શિલાલેખ છે કે તેજપાળે નિજદ્વિતીયભાર્યા સુહડાદેવીના શ્રેયાર્થે આ ગોખલા રચાવ્યા. સુહડાનું સંસ્કૃત નામ શું હોઈ શકે ? શુભાઢ્યા, શુભદા, સુખદા કે સુખંદા. વસ્તુપાળ ચરિતમાં આ નામ છે : સૌખ્ય - લતા. આજની ભાષામાં લખીએ તો અખંડ સૌભાગ્યવતી શ્રીમતી સૌખ્યલતાદેવી તેજપાળ ઠક્કરની કલ્યાણપ્રાપ્તિ કાજે આ ગોખલા ભરાવવામાં આવ્યા છે.

શું છે આ ગોખલામાં ? પબાસણની આગળ બે થાંભલી છે. તેની ઉપર છજું. તેની પર ગવાક્ષિકાઓ થરબદ્ધ રીતે ઉપર ને ઉપર જાય છે. ઝીણી થાંભલીઓ, નાના ઝરૂખડા, નાજુક કારીગરી, ગોખલાનાં દ્વારની ઉપર ક્રમસર ત્રણ દેવી મૂર્તિઓ, એકની પાછળ એક. ગોખલાના ગર્ભની બંને તરફની બાહરી ભીંત પર આજ લયકારી. પબાસણના ઓટલાનો ભાગ નીચે તરફ સંકોડાતો આવે છે. તેમાં વચ્ચે ગજથર લીધો છે. અડધેથી એ ઓટલો પહોળો થાય છે. પથ્થરને જેટલો કોતરી શકાય, કોરી શકાય તેટલો કોતર્યો છે, કોર્યો છે. આરસપહાણને જેમ ઝીણું શિલ્પ મળે તેમ એ વધુ સંમોહક લાગે. આ ગોખલાઓ આરસના છે તે નક્કી. પરંતુ તેની પર જે કાર્વિંગ થયું છે તે પરથી એ હાથીદાંતના હોય તેવો દેખાય સર્જાય છે. પથ્થરને ફૂલ જેવો નાજુક બનાવી દીધો છે અહીં.

આ ગોખલાઓમાં પ્રભુ પ્રતિષ્ઠા વિ. સં. ૧૨૯૭માં થઈ. વૈશાખ સુદ ચોથે, ગુરુવારે.

### વૈશાખ સુદ પાંચમ : અચલગઢ

લૂણિગવસહિની ભમતીમાં બાવન દેરી છે. દરેક દેરીની છતમાં મનહારી શિલ્પસજ્જા છે. વિમલવસહિમાં ન હોય તેવું શું શું છે ? તે શોધતી આંખોને પુષ્પછત્ર જોવા મળ્યા. દેરી નંબર ૨૪+૨૫+૨૬+૩૬+૩૭+૩૮+૩૯+૪૨ની છતોમાં ફૂલનાં છત્ર રચ્યા છે. કપડાનું છત્ર જેમ સંપૂર્ણ ગોળાર્ધમાં હોય છે તેમ આ ફૂલોની પાંખડીમાંથી છત્ર જેવો ગોળાર્ધ રચ્યો છે. આ પુષ્પછત્રની આખી ચોખંડી લાઈન છતમાં ગૂંથી છે. ખૂબ સુંદર દેખાય છે. બીજી નવીનતા, દેરી નં. ૪૧ના છજાની ઉપર ઊભેલા હંસ. વિમલવસહિમાં મૂળમંદિર સન્મુખ રહે તે રીતે પ્રવેશ ચોકીની લાઈનમાં છજા પર હાથી છે. પરંતુ સફેદઝગ સંગેમરમરમાં હંસ, કમાલ કરે છે. ત્રીજી નવીનતા, સૂરજમુખી. જેઠાણીના ગોખલાની સામે નવચોકીમાંથી ત્રણ ચોકીની ત્રણ છત આવે છે. બીજી છત અને ત્રીજી છતમાં બે સૂરજમુખી છે. એક સૂરજમુખી ઉઘડી રહ્યું છે, બીજું મીંચાઈ રહ્યું છે. રંગમંડપના ઝુમ્મરના પાષાણની જેમ આ એક પાષાણની કૃતિ છે. સૂરજમુખીની લાંબી પાંદડીઓ. તેની પાછળ પાંદડીઓ. તેની પાછળ પાંદડીઓ. ચારચાર જાળી બની છે જાણે. આ પથ્થર છે તેવું લાગે જ નહીં. બીજી છતની સૂરજમુખીમાં ચોવીસ ગુલાબ પણ છે, ભૂમિસન્મુખ. આ ગુલાબની ઉપર ચોવીસ પ્રભુ બેઠા છે તે ધ્યાનથી નિરખો તો જ દેખાય. મુલાયમ પત્રવલ્લીઓનું જટાજૂટ પથ્થરને ફૂલ બનાવી દે છે. ચોથી નવીનતા, કુંડરચના. નવચોકીની બરોબર વચ્ચેની છતમાં વિશાળ કોતરકામ છે. આ ગિરનારનો રેવતીકુંડ છે. આને રાજરાણીઓનાં સ્નાનગૃહના ફુવારાઓ પણ કહે છે.આની ભવ્યતા ગજબ છે. દેરી નં. ૪૬ની સામેની બીજી છતમાં તો વળી માનસરોવર છે. બાર થર સુધી ફૂલગુલાબી પથ્થરને અંદર અંદર ઉતાર્યો છે. ત્યાંથી ત્રણ થરનું ઝૂમખું નીચે આવે છે. આને સમચોરસ આકૃતિઓનો કલાનમૂનો માનવામાં આવે છે. પાંચમી નવીનતા, પ્રવેશચોકી અને રંગમંડપ વચ્ચેની જમીન પર એક લંબચોરસ કાળી ફરસી. નજર ન લાગે તે માટે જ રંગ અહીં મૂક્યો. છઠ્ઠી નવીનતા, આ ફરસની ઉપરની ત્રણ છત. પુષ્પમંડપનો આભાસ સર્જાય છે અહીં. સાતમી નવીનતા, શૃંગારચોકીમાં ૪૮મી દેરી તરફની છતમાં છે. નાટ્યશાસ્ત્રની તમામ નૃત્યમુદ્રાઓ અહીં સજીવન થાય છે. ખૂબ ઊંચે છતમાં ત્રણ



રાઉન્ડ નાચતી દેવીઓ દેખાય છે. પહેલું યૂથ બત્રીસ નર્તિકાઓનું છે. દરેક ઊભી છે. બીજો રાઉન્ડ ભૂમિસન્મુખ છે. છતમાં કમળ રચ્યું છે. તેની ઉઘડતી પાંદડીઓમાં ૨૪ નર્તિકાઓ દેખાય છે. પહેલા રાઉન્ડની નર્તિકાઓ અને બીજા રાઉન્ડની નર્તિકાઓનાં માથાં એકબીજાની તદ્દન નજીક છે. ત્રીજું યૂથ કમળની પાંખડીમાં જ છે. બાર નર્તિકાઓ. કુલ ૬૮ નર્તિકા થાય છે. એમના હિલ્લોળ, ભંગી, શણગાર, પદન્યાસ, હસ્તમુદ્રા બધું જ અવર્ણનીય છે. સૂરજમુખી અને આ ૬૮ નર્તિકાઓ તો રંગમંડપનાં ઝુમ્મરની હારોહાર ઊભા રહે તેવાં તેજથી છલકે છે.

લૂણિગવસહિની પાછળ હસ્તિશાલા છે. તેની વચ્ચે કલ્યાણત્રય-સ્તંભ છે. દીક્ષા, કૈવલ્ય અને મોક્ષ આ ત્રણ અવસ્થાઓને આ સ્તંભમાં ત્રણ માળે સમાવી છે, પ્રભુની ચૌમુખ મૂર્તિ દ્વારા. ગિરનાર પર કલ્યાણત્રયનું ભવ્યતીર્થ તેજપાળ મંત્રીએ જ રચાવેલું તેવા ઉલ્લેખો મળે છે. પરંતુ ગિરનાર પર તેની નિશાની સુદ્ધાં જડતી નથી. કલ્યાણત્રયની મૂળ વિભાવનાને અનુરૂપ આવા સ્તંભને શિલ્પમાં અવતરિત કરવાનો યશ મંત્રી તેજપાળને મળે છે તેવું ઈતિહાસના જાણકારોનું માનવું છે.

લૂણિગવસહિમાં કલાસમાધિની અનુભૂતિ થાય છે. સુંદરતાના સાથ-સથવારે સમત્વ સુધીનું સંચરણ. લૂણિગવસહિની પાછળ ગિરનારી ગુફાની રચના પણ છે. આ જિનાલયનું મૂળ નામ તો ઉજ્જયંતઅવતારતીર્થ છે. ગિરનારના નેમનાથદાદાને અહીં ગિરનારી માહોલમાં બિરાજીત કર્યા છે. ગિરનારના સાવજ વખણાય તો આ ગિરનારી તીર્થની પૂર્ણ અસ્મિતા વખણાય છે. લૂણિગવસહિમાં પથ્થરો જે રીતે દીપે છે તે જોતા એને તેજવસહિ કહેવી જોઈએ. તેજનો શ્લેષ કરીએ તો વળી તેજપાળ પણ યાદ આવે છે.

કેટલીય વાતો છે હજી ! એમ કહેવાય છે કે લૂણિગવસહિ બે ભાઈઓએ સાથે મળીને બંધાવી. તેજપાળને એમ થયા કરતું કે - 'મારા મોટાભાઈ જેટલો જ યશ મને મળે તે ઠીક નહીં.' માટે તેમણે દેરાસરની જમણી બાજુની દેરીઓમાં, તેની છતમાં વિશેષ ઝીણવટથી કોતરણી કરાવી. દેરાસરનો ડાબો ભાગ તેજપાળનો અને જમણો વસ્તુપાળનો એવી સમજપૂર્વક. જેઠાણીનો વધુ સારો ગણાતો ગોખલો જમણી તરફ છે. સૂરજમુખી અને ૬૮ નર્તિકા જમણી તરફ છે.

આ તો ખ્યાલ ન આવે તેવી વાત. રંગમંડપની ડાબી તરફના બે મુખ્ય સ્તંભોમાં સાદી કોતરણી રાખી છે. એની સામે જ જમણી તરફના બે સ્તંભોમાં બારીક કોતરકામ છે. મોટાભાઈનાં માન જાળવવા તેજપાળે હસ્તિશાળામાં બધી ગૃહસ્થમૂર્તિઓમાં એક વસ્તુપાળની જ મૂર્તિનાં માથે છત્ર રચાવ્યું છે. તેજવસહિનું આ સમર્પણતેજ પણ જબરું છે. હસ્તિશાળા માટે એક કડવો ઉલ્લેખ મળે છે : પ્રતિષ્ઠા મહોત્સવ પછી મંત્રીશ્વરે યશોવીર મંત્રીને જિનાલયની કોઈ વાસ્તુગત ભૂલો હોય તો જણાવવા કહ્યું. યશોવીર મંત્રીએ કહ્યું : 'ભગવાનની પીઠ પડે તેવી જગ્યાએ હસ્તિશાળામાં પૂર્વજો બિરાજમાન કર્યા તે ખોટું થયું છે. મંદિરજીના દાદરા પણ વધુ પડતા નાના છે...' આજ લગી એ ભૂલ પણ ટકી રહી છે. ભાવિભાવ. આમ પણ, અંજનશલાકા થઈ ચૂકી હોય અને પ્રભુ પ્રતિષ્ઠા પામી ગયા હોય તેવાં દેરાસરોમાં કરુણ કે ક્રૂર દશ્યો ન હોવા જોઈએ તેવી મર્યાદા છે. વિમલવસહિમાં કાલિયદમનની ચિત્રવાર્તામાં નાગિણીઓ કરુણ હાલતમાં છે અને હિરણ્યકશિપુવધ તો ભયંકર ક્રૂર દશ્ય છે. ખૈર. મહાપુરુષોની મોટાઈના ગુણ ગાવા જોઈએ. અને ભૂલોની પાછળ તેમનો ઉદાત્ત આશય હોય કે ચોક્કસ સંયોગોમાં તે ભૂલ, ભૂલ તરીકેની ઓળખ જ ગુમાવી દેતી હોય એ બને. વિ. સં. ૧૩૬૮માં અલ્લાઉદ્દીન ખીલજીએ આ બંને વસહિનાં મૂળમંદિરોને ખંડિત કરી નાંખ્યાં હતાં. આવા નઘરોળ આક્રમણકારો આટલે સુધી કેમ આવી શક્યા ? આ સવાલના જવાબો ઘણા સૂઝે છે. પણ તે કબૂલવાની હિંમત થતી નથી.

દેલવાડાજીમાં પિત્તલમંદિરજી છે અને ચૌમુખજી મંદિર છે. એકમાં છે શ્રી આદિનાથ પ્રભુ. પંચધાતુની ભવ્ય પ્રતિમા. બીજામાં છે શ્રી પાર્શ્વનાથ દાદા. પ્રભુ ત્રણ માળે ચૌમુખે બિરાજમાન છે. ત્રીજું નાનું જિનાલય શ્રી વીરપ્રભુનું છે. તેમાં ભિત્તિચિત્રો મજાનાં છે.

વિમલવસહિ અને લૂણિગવસહિનાં સંમોહનને લીધે આ મંદિરોમાં વધુ સમય આપી શકાતો નથી. વિમલમંત્રીએ વિમલવસહિના નિર્વાહ માટે આબુની આસપાસ ૩૬૦ ગામોમાં પોરવાડ જ્ઞાતિના જૈનોને વસવાટ આપ્યો હતો. રોજ તે તે ગામનો સંઘ આવીને સ્નાત્ર ભણાવતો. તેજપાલમંત્રીની લૂણિગવસહિના નિર્વાહની વ્યવસ્થા સરળ હતી. જિનાલયની સાલગીરીના અઠ્ઠાઈ ઉત્સવના આઠ દિવસ આઠ ગામને ફાળવ્યા હતા. તેમાં પહેલો દિવસ ચંદ્રાવતી, ઉંબરણી અને



કીસરઉલીનો હતો. (આ કીસરઉલી તે આજનું કિવરલી. અમારે ત્યાં આઠ દિવસ રહેવાનું છે.) બીજો દિવસ કાસીન્દ્રા, ત્રીજો દિવસ બ્રહ્માણ કહેતા વરમાણ, ચોથો દિવસ ધઉલી, પાંચમો દિવસ મુંડસ્થળ મતલબ મુંગથલા, છઠ્ઠો દિવસ અણાદ્રા અને ડભાણી, સાતમો દિવસ મંડાર, આઠમો દિવસ સાહિલવાડા. નેમનાથનાં પંચકલ્યાણકની ઉજવણી દેલવાડા ગામ કરતું. દેરાસરનો વહીવટ મંત્રી મલ્લદેવ, મંત્રી વસ્તુપાળ-તેજપાળ અને અનુપમા-દેવીનાં પરિવારજનો કરે તેવું નક્કી થયું હતું. ભવિષ્યમાં તેમના વારસદારો કરે તે નિશ્ચિત કરાયું હતું.

બંને વસહિમાં સ્થાનની શિસ્ત જાળવ્યા વિના ઘણાય શિલાલેખો મૂકાયેલાં છે. કોઈ ખૂબ પ્રાચીન છે. કોઈ સાવ નવા છે. લૂણિગવસહિની હસ્તિશાલામાં બે મોટા લેખ છે. એકદમ સુંદર છે. તેની લખાવટ અત્યંત મનોહર છે.

વિ. સં. ૧૨૮૭માં લૂણિગવસહિની પ્રતિષ્ઠા થઈ. વિ. સં. ૧૩૬૮માં આ મંદિર ઈસ્લામી આક્રમણનો ભોગ બન્યું. વિ. સં. ૧૩૭૮માં કોઈ પેથડ શ્રાવકે જીર્ણોદ્ધાર કરાવ્યો. એક નાનો સરખો શિલાલેખ આ પેથડ શાહનો પણ છે.

હકીકતમાં તો કલાદેવતાએ ધરતીનાં કાગળ પર પોતાના હસ્તાક્ષર કર્યા છે, આ મંદિરોનાં રૂપમાં. કલાદેવતાના મરોડદાર અક્ષરો અને તેની નિરવદ્ય ભાષા વાંચવામાં અનહદ આનંદ સાંપડે છે.

**(વિ. સં. ૨૦૬૦)**

૮

# અચલગઢની આસપાસ

**વૈશાખ સુદ ૫ : અચલગઢ**

નાનપણથી મને શ્રાવણ-ભાદરવા માસ માટે પક્ષપાત છે. વરસાદ હોય. ખૂબ બધી આરાધના હોય. એટલે બહુ રડનારી વ્યક્તિની આંખમાં વહેતાં આંસુને શ્રાવણ-ભાદરવો કહીને ઓળખાવતી રૂઢિ નથી ગમતી. ક્યાં શ્રાવણિયા સારેવડા, ભાદરવો ભરપૂર અને ક્યાં રોત્તલ આંખો. આજે અચલગઢમાં આવ્યા પછી શ્રાવણ અને ભાદરવો જોયા. બે તળાવ છે. અડોઅડ વસે છે. રાતે રીંછ, દીપડા અને વાઘ તેનાં પાણી પીવા આવે છે. બહુ મોટાં નથી. એવા કાંઈ ખૂબસૂરત પણ નથી. માવજત નથી તેથી ગંદાં લાગે છે. જે મજા છે તે નામની છે. સાવન-ભાદો. બે મહિના અને બે તળાવ. આબુ પર નખી તળાવ પ્રસિદ્ધ છે. ઋષિઓએ નખથી ખોદેલું છે માટે નખી નામ પડ્યું છે. જબરું મોટું છે. હવાના હિલોળે એનાં પાણી ઉછળે છે. તો શિયાળામાં આખું એ થીજીને બરફ થઈ જાય છે. ઠીક છે. તળાવનાં નામ તો આ જ જામે. શ્રાવણ-ભાદરવો. વરસાદી નામ. રોવાની રૂઢિની છાંટ નથી તેથી ગમે તેવાં નામ.

અર્બુદાચલમાં અર્બુદ શબ્દનો અર્થ છે દસ કરોડ. એક સ્તોત્રમાં લખ્યું છે કે આબુ તીર્થના આદિનાથ દાદા સમક્ષ જે ધરીએ તે આવતા ભવમાં દશકરોડ ગણું થઈને મળે છે માટે આ તીર્થ અર્બુદ તરીકે પ્રસિદ્ધ છે. અર્બુદ શબ્દની ઔર એક કથા છે. હિંદુ સમાજની માન્યતા મુજબની વાર્તા છે. વસિષ્ઠ ઋષિ આ પર્વત પર તપ કરતા. તેમની પાળેલી કામધેનુ ગાય હતી. ઉત્તંક ઋષિએ મોટો ખાડો ખોદેલો, તેમાં એ ગાય પડી. ફસાઈ ગઈ. કામધેનુ દૈવી ગાય હતી. ખાડો દૂધથી



ભરી દીધો. તરીને બહાર આવી ગઈ. વસિષ્ઠને આ ઘટનાથી દુઃખ થયું. હિમાલયને ફરિયાદ કરી. હિમાલયે પોતાના પુત્રને આ પર્વત પર મોકલ્યો. પુત્ર સાપ પર બેસીને આવેલો. હિમાલયપુત્રને ખાડામાં સ્થાપી વસિષ્ઠે ખાડો પૂર્યો. સાથે આવેલો સાપ પહાડનાં તળિયે જઈને વસ્યો. હિમાલયપુત્રનું નામ નંદીવર્ધન હતું. તેથી આ પહાડનું નામ નંદીવર્ધન પડ્યું. પેલો સાપ હતો તેનું નામ અર્બુદ હતું. તેથી પહાડનું બીજું નામ થયું અર્બુદ.

નામની વાત છે. અચલગઢને ગઢ શું કામ કહે છે ? ખૂબ ઊંચો પહાડ છે. આબુ (દેલવાડા) સમંદરથી ચાર હજાર ફૂટ ઊંચે છે. તો અચલગઢ સાડા ચાર હજાર ફૂટ, આ પાંચસો ફૂટનો વધારો અમથો જ નથી. ખાસ્સો બધો વિસ્તાર આવરે છે અચલગઢ. આ પહાડની ઊંચી ટેકરી પર રાજાઓનું લશ્કર રહેતું, તોપખાનું હતું અને ઘડિયાળાં વાગતાં હોય તેવી ચોકી હતી. ઉપર કિલ્લો હતો અને મહેલ હતો. વિ. સં. ૧૫૦૯માં મેવાડના મહારાણા કુંભકર્ણ તેમાં વિશાળ પરિવાર સાથે રહેતા. રાજા રહે તો સમાજ પણ વસે જ. જૈન સંઘની મોટી વસતિ હતી. ભોંયણીતીર્થનાં પ્રાચીન જિનાલયમાં અજિતનાથ પ્રભુની પંચધાતુની પંચતીર્થી છે. તેની પર અક્ષરો કોરેલા છે કે - **સં. ૧૫૧૫ વર્ષે માઘ સુદિ ૮ ગુરૌ અચલ દુર્ગવાસી શ્રી શ્રીમાલજ્ઞાતીય શ્રે. રાઘવ ભાર્યા સેદૂ સુત શ્રે. દલા ભા. સેતૂ સ્વશ્રેયોર્થે શ્રી અજિતનાથ બિમ્બં કારિતં પ્રતિષ્ઠિતં શ્રી તપાગચ્છે શ્રી શ્રી શ્રી સોમસુંદર સૂરિ શિષ્ય શ્રી રત્નશેખર સૂરિભિઃ.**

રાઘવશેઠના ભાર્યા સેદૂબેન અને તેમના પુત્ર દલાશેઠના ભાર્યા સેતૂબેન અચલગઢના રહેવાસી હતા. તેનો અર્થ આખી સંઘવ્યવસ્થા અહીં હતી. મોઢેરા પ્રસિદ્ધ છે. ત્યાંના શ્રી મોઢેરા પાર્શ્વનાથ જિનાલયમાં એક પંચધાતુની મૂર્તિ છે તેમાં અક્ષરો અંકિત થયા છે : **સં. ૧૨૩૫ વ.વૈ.શુ. ૫ ગુ. શ્રી શ્રીમાલજ્ઞાતીય શ્રે. પના ભા. બાપુ શ્રી પાર્શ્વ બિમ્બં ૪ કા. અચલગઢે શ્રી સંઘપ્રભ સૂરિમુપ. પ્રતિ. મોઢેરા.** મોઢેરા નિવાસિ પનાભાઈ તથા શ્રીમતી બાપુબેને શ્રી સંઘપ્રભસૂરિજી મ.ના ઉપદેશથી પાર્શ્વનાથપ્રભુની ચાર મૂર્તિ અચલગઢમાં પ્રતિષ્ઠિત કરાવી.

એક બીજો ઉલ્લેખ : અહીં એક મોટો આરસનો ચોતરો હતો તે ૧૫૫૩ની સંવતમાં જેઠ સુદ ૧૧ના દિવસે બનેલો. તે અચલગઢમાં રહેનારી નગરનાયિકા પ્રેમીએ બંધાવ્યો હતો. નગરનાયિકા એટલે ગણિકા. હવે

નગરવધૂઓ જો ચોતરો બંધાવી શકે તો સમૃદ્ધિ કેવી હશે ભલા ?

અચલગઢની તળેટીમાં ગામ વસ્યું છે. તળેટીથી ઉપર જતાં ગણેશપોળ, હનુમાન પોળ, ચંપા પોળ, ભૈરવપોળ અને આગળ છઠ્ઠી પોળ આવે છે. પણ આ નામોની જ મજા છે. બાકી બધું ભેળંભેળા થઈ ગયું છે. એવું કહેવાય છે કે ભૈરવપોળ સુધીમાં વાણિયાઓ રહેતા, ભૈરવપોળથી ઉપર રાજપૂતોનો વાસ હતો. મતલબ રાજપૂતોની સલામતી વાણિયાઓના હાથમાં હતી. મસ્ત મજાની અવળી ગંગા.

અમે તો કેવળ દશ કલાક જ અચલગઢ પર હતા. અન્ય સ્થળો કરતાં આ સ્થળે વધુ શાંતિ અને વધુ સાત્ત્વિક ભાવ છે.

**વૈશાખ સુદ-૫ : આબુ**

ભારતનાં તીર્થોની સૌથી સુંદર પ્રતિમાઓમાં ક્ષત્રિયકુંડના શ્રી મહાવીર સ્વામી, પંજાબ કાંગડા તીર્થના શ્રી આદિનાથ ભગવાન્, નાલંદાના શ્રી શાંતિનાથ ભગવાન્, અજોડ છે. એમની હારોહાર આવે છે અચલગઢના શ્રી ઋષભદેવ પ્રભુ. મૂળ દેરાસરના બીજા માળે, પૂર્વ દ્વારે મનહર મૂરત. આ મૂર્તિનું સૌન્દર્ય ભગવાનની માતાના હાથે ઘડાયું છે જાણે. આ મૂર્તિ શ્વાસ લેતી હોય તેવી સચેતન લાગે છે. થોડું બોલ્યા પછી સહેજ સ્મિત કરીને આગળ બોલવાનું શરૂ કરતા હોય તેવો આવકાર અને સ્વીકારનો ભાવ છે પ્રભુમાં. પ્રભુની દેહમુદ્રા સુકોમળ છે. પ્રભુની તેજરેખાઓ દેદીપ્યમાન છે. પ્રભુની, અંગઅંગમાં લખલખતી સોનેરી છટા અજબ છે. એકાંતમાં પ્રભુ સમક્ષ મીટ માંડી હોય તો પલકારો ચૂકી જ જવાય. પ્રભુને નજરે જોઈને તેમનું ચિત્ર દોર્યું હોય ને તે ચિત્રના આધારે મૂર્તિ ઘડાઈ હોય તેમ માનવામાં અતિશયોક્તિ નહીં થાય.

અચલગઢમાં મુખ્ય જિનાલયના ગભારા જાણે પંચધાતુગઢ બન્યા છે. ૧૪૪૪ મણ પિત્તળની બાર પ્રતિમાઓ છે. ૧૭૦૦ મણ પિત્તળની ૧૪ મૂર્તિઓ હોવાનો ઉલ્લેખ પણ મળે છે. 'તીર્થ દર્શન' જણાવે છે તે મુજબ યહાં પર ધાતુ કી કુલ ૧૮ પ્રતિમાએ હૈ ઔર ઉનકા વજન ૧૪૪૪ મન કહા જાતા હૈ. મૂળ નાયક શ્રી આદિનાથ ભગવાનની પ્રતિમા ૧૨૦ મણની છે. પ્રતિમાઓ પિત્તળની છે તેમ કહેવાય છે પરંતુ પંચધાતુની છે. તેમાં સોનું વિશેષ ભેળવ્યું છે તેથી મૂર્તિઓ



એકદમ ઝળહળે છે. પરંતુ બીજા માળાની સુરેખ મૂર્તિની અનુપમ લાવણ્યભંગી સાવ અનોખી છે. આ મૂર્તિ ૨૧૦૦ વર્ષ પ્રાચીન મનાય છે. બીજી દરેક મૂર્તિઓની નીચે લેખ કોતરેલા છે. આ મૂર્તિ લેખ વિનાની છે.

ભગવાનને સાક્ષાત્ જોતા હોઈએ તેવો ભાવ જાગે છે. પ્રભુના સુવાસિત શ્વાસો જાણે ચાલુ છે. પ્રભુના દેહમાં જાણે જીવનનો સંચાર છે. પ્રભુની હાજરી જાણે મહોરી રહી છે. આ મૂર્તિ બનાવ્યા પછી તેના ઘડવૈયા પાસે કોઈ કલાકર્મ બચ્યું નહીં હોય. તમામ રસ આ મૂર્તિમાં સંચિત થઈ ગયો છે.

**વૈશાખ સુદ-૬ : આરણા**

રાણકપુર અને અચલગઢ વચ્ચે સગપણ છે. રાણકપુરમાં ધરણાશાહે દેરાસર બાંધ્યું. અચલગઢમાં સહસા શાહે દેરાસર બાંધ્યું. સહસા શાહના પિતા સાલિગ શાહના પિતા રતના શાહ એ ધરણા શાહના મોટાભાઈ થાય. ધરણાશાહના ભત્રીજાના દીકરા સહસા શાહે અહીં દેરાસર બંધાવ્યું, પ્રતિષ્ઠા માટે માંડવગઢથી સંઘ લઈને આવ્યા, મોટો ઉત્સવ કર્યો અને વિ. સં. ૧૫૬૬ના ફાગણ સુદ ૧૦ સોમવારે શ્રી જયકલ્યાણ સૂરિજીના હાથે પ્રભુ પ્રતિષ્ઠા કરાવી, તેનો કુલ ખર્ચો ૭૬ કરોડ પીરોજી જેટલો થયો હતો. એક પીરોજી એ માલવના રાજા ગ્યાસુદ્દીનના જમાનાની એક રૌપ્યમુદ્રા થાય. પ્રતિષ્ઠા મહોત્સવમાં બીજું બધું તો ઠીક, ભોજકો, સંગીતકારો અને સેવકોને જ લાખ રૂપિયા જેટલું ધન આપવામાં આવ્યું હતું. તીર્થમાળાઓ અચલગઢનાં મુખ્ય મંદિરને સહસા સુલતાનનું મંદિર, બાદશાહનું મંદિર કહીને ઓળખાવે છે. ગ્યાસુદ્દીન રાજાનો મંત્રી હતો સહસા શાહ. તેણે જે ઠાઠમાઠથી પ્રતિષ્ઠા ઉજવી તેથી તે સુલતાન તરીકે પ્રસિદ્ધ થઈ ગયો. મૂળનાયક સિવાયની ત્રણ પ્રતિમાની પ્રતિષ્ઠા ડુંગરપુરમાં શ્રીલક્ષ્મીસાગરસૂરિજી મહારાજાએ કરી છે. બીજી મૂર્તિ કુંભમેરુના સંઘે ભરાવી. ત્રીજી મૂર્તિ સાલ્હા શાહની માતા કર્માદે શાહે પોતાના પતિ સાભા શાહના કલ્યાણ માટે ભરાવી. બંનેની સંવત્ ૧૫૧૮ વૈશાખ વદ ૪ શનિવાર. ચોથી મૂર્તિ ડુંગરપુરના સંઘે ભરાવી. સંવત્ ૧૫૨૯ વૈશાખ વદ ૪ શુક્રવાર. બીજા માળની પૂર્વદ્વાર સિવાયની ત્રણ મૂર્તિઓ પર વિ. સં. ૧૫૬૬ના લેખ છે.

અચલગઢનું આકર્ષણ તેની આસમાની હવા અને તેનું હવાઈ આસમાન

છે. આસમાન બે માળના પ્રાસાદને માથું ટેકવી, પગ લંબાવી પોઢી રહ્યું છે. હવાના વીંઝણા તેની નીંદરને ઘેરી બનાવે છે. ધુમ્મસ અને વાદળાની ચાદર ઓઢે ત્યારે અચલગઢ સ્વર્ગીય લાગે. દેરાસરના કોટની પછવાડે પહાડી પ્રદેશ છે, તેમાં અફાટ વનરાશિની બિછાત છે, ઘનઘોર ખીણ છે, ગુફા, ઝરણાં ને પંખીઓના કલબલાટના પડઘા છે. શહેરીકરણ થયું નથી. રાતે બિલાડીનાં બચ્ચાને ઉપાડી જવા દીપડો આવી ચડે છે. પાણીની તંગી હોય ત્યારે ગાય ભેંસની જેમ જ તરસના માર્યા-રીંછડાઓ વલખા મારતા દેખાઈ આવે છે.

જૂની ધરમશાળામાં ધુમકેતુની વાર્તાનાં પાત્રોનું વાતાવરણ છે. અહીં ઉપર નીચેનો જ વહેવાર છે. પેઢી નીચે છે. તેનાથી ઉપર ધર્મશાળા. તેનાથી ઉપર ભોજનશાલા. તેનાથી ઉપર ઉપાશ્રય. તેનાથી ઉપર ચોકિયાતોની બેઠક. તેનાથી ઉપર દેરાસર. અતિચારમાં આવતા, ઊર્ધ્વદિશિ અધોદિશિ તણા નિયમ કેવી રીતે ભાંગ્યા તેનું બંધારણ સમજી શકાય તેવી ભૂગોળ છે. રસોડે ખાસ ભીડ થતી નથી અને તોટો હંમેશા રહે છે.

તદ્દન સ્વચ્છ હવા, નિરવ એકાંત, પવિત્ર પરિવેશ. અચલગઢની આ ઓળખ. જિનાલયથી ચારેકોર નવા દૃશ્યો ઉઘડે છે. દેરાસરની પાછળ વિરાટનો ખોળો વિસ્તર્યો છે. આબુની જગવિખ્યાત કંદરાઓમાં પથરાયેલાં અગણિત વૃક્ષો. જંગલી જાનવરોની અણદીઠ કેડીઓ. ભૂખરા, રાખોડી પથ્થરોના જંગી આકારો. પહાડનું પડખું સીવ્યું હોય તેવી સડકની લાંબી રેખા દૂર દેખાય. ચોખાના દાણા જેવી ગાડીઓ મંથર ગતિએ સરકે છે તેમ લાગે. આરણા ચોકીના ધાબાનો અણસાર વર્તાય. પૂર્વ તરફ દેરાસરના જ સંકુલમાં ચૌમુખજીની નાની છત્રી, એક ખૂણે બની છે. ત્યાંથી અચલગઢની તળેટીનું તળાવ દેખાય. તો મૂળ દેરાસરના બીજા માળેથી શ્રાવણભાદરવોવાળી ઊંચી ટેકરી દેખાય. ઝૂલતી ખજૂરીઓ લલચાવે. એ ટેકરી પર બે માળની ગુફા છે. એક ગુફાની અંદર બીજી અંધારગુફા છે. છાતીના પાટિયા બેસી જાય તેવી ડરામણી.

**વૈશાખ સુદ દ્વિ.-૬ : માનપુર**

રાજા કુમારપાળે અચલગઢની તળેટીમાં દેરાસર બંધાવેલું. મૂળનાયક હતા પંચધાતુના શ્રી શાંતિનાથ ભગવાન્. પરમાર ધારાવર્ષદેવના નાનાભાઈ



પ્રહ્લાદ રાજાએ આ પંચધાતુની પ્રતિમા સમેત કુલ ત્રણ મૂર્તિ ઉઠાવીને પીગળાવી. તેમાંથી મહાદેવનો પોઠિયો નંદી બળદ બનાવ્યો ને અચલગઢના મહાદેવ મંદિરમાં શંકર સમક્ષ તે બેસાડ્યો. થોડા સમયમાં પ્રહ્લાદને કોઢ થયો. પ્રાયશ્ચિત રૂપે પોતાનાં નામથી વસાવેલા પ્રહ્લાદનપુર (પાલનપુર)માં પાલ્હણ વિહાર નામનું વિશાળ દેરાસર બંધાવ્યું. પાર્શ્વપ્રભુ મૂળનાયક. રોજ પ્રભુનું પ્રક્ષાળજળ શરીરે લગાવી નીરોગી બન્યો. અલબત્, જે દેરાસરના ભગવાન તેણે નષ્ટ કરેલા ત્યાં ધ્યાન આપવાનું તે ચૂક્યો. રાજા કુમારપાળ વિ. સં. ૧૨૩૦માં દિવંગત થયા. ધારાવર્ષનું ચંદ્રાવતી પર રાજ્ય હતું, વિ. સં. ૧૨૨૦થી છેક વિ. સં. ૧૨૭૬ સુધી લગભગ. અજયપાળનું મૃત્યુ વિ. સં. ૧૨૩૩માં થયું. ઘટનાક્રમ આમ બન્યો હશે. કુમારપાળનું મૃત્યુ. અજયપાળના વિદ્રોહી આક્રમણો. તેનાં સમર્થનમાં અચલગઢના કુમારવિહારની મૂર્તિનો નાશ. અજયપાળનું મૃત્યુ.

હવે પ્રહ્લાદ રાજાએ મૂળનાયકનો નાશ કર્યો તે દેરાસરમાં શ્રી નેમનાથપ્રભુ બિરાજીત થયા. ત્યારબાદ થોડા જ સમયમાં શ્રી મહાવીર પ્રભુ મૂળનાયક પદે બિરાજ્યા. પ્રાયઃ અઢારમી સદીમાં પ્રભુ શાંતિનાથદાદાની મૂર્તિ ખંભાતથી લાવીને મૂળનાયક પદે સ્થાપવામાં આવી અને વીરપ્રભુની મૂર્તિ બાજુમાં મૂકી દેવાઈ.

તારંગાની જેમ અચલગઢ પણ કેવળ કુમારપાળ રાજાનાં દેરાસરથી જ પ્રસિદ્ધ બનવું જોઈતું હતું. આમ ન બન્યું. સૌથી જૂનું હોવા છતાં કુમારવિહારનું દેરાસર પોતાનો પ્રભાવ જમાવી શક્યું નથી. રાજા પ્રહ્લાદનનું એ પાપ. કુમાર વિહારથી રોડની સામે તરફ ધનુર્ધારી ધારાવર્ષની મૂર્તિ દેખાય છે. તેનામાં એક તીરે ત્રણ પાડામાં વીંધવાનું બળ હતું. ધારાવર્ષની મૂર્તિ સામે ત્રણ પાડાની મૂર્તિઓ છે. તેમાં આરપાર કાણા હતા તે આજે પૂરાઈ ગયા છે. વનઘટાના ખોળે, શાંતિનાં સામ્રાજયમાં સોહી રહેલા કુમારવિહારની પ્રતિમા ભંગ પામી તેનો જખમ હૈયે કાણાં પાડતી વેદના આપે છે. તેથી વધુ વેદના તો એ છે કે આવું બન્યું છે તેની કોઈને ખબર નથી અને કોઈને પડી પણ નથી.

અચલગઢની પાછા ફરતી વખતે મનમાં શોકનું રાજ હતું. અચલગઢનાં દેરાસરોમાં સુખડ ઘસવાના એકાવન ઓરસિયા હતા, જૂના જમાનામાં. આજે

એકાવન પૂજા કરવાવાળા પણ નથી ને એકાવન વાટકી ભરાય તેટલું પણ કેસર ઘસાતું નથી, સૌ તીર્થોને જોવા આવે છે, યાત્રા કરવા નહીં. આવ્યા, જોયું અને નીકળી ગયા. આગળ જવાની ઉતાવળમાં તીર્થભૂમિના પરમાણુઓનો પ્રભાવ માણી શકાતો નથી. કુમારવિહારના પંચધાતુના ભગવાનને પીગાળી દેવાયા તે હકીકત દિલમાં ડામ ચાંપે છે. આવાં નિર્ઘૃણ આક્રમણ વખતે કોઈ પ્રતિકાર નહીં થયો હોય ? કોઈ હોહા નહીં મચી હોય ? કારમી ફરિયાદો નહીં ઉઠી હોય ? રાજ્યતંત્રે બધાનો અવાજ દબાવી દીધો હશે ? શી ખબર શું થયું હશે ? સહસા શાહ આવ્યા તે પહેલાં આ બની ચૂક્યું હતું. સહસા શેઠે ઉપર દુર્ગમ સ્થાનમાં દેરાસર બાંધ્યા અને ઉપાડી કે હલાવી ન શકાય તેવા પ્રચંડ પ્રતિમાજી ભરાવ્યા તેનું આ જ કારણ હશે. અગમચેતી.

એ પિત્તળનો પોઠિયો શોધવાનું મન થયું. અચલગઢમાં જ મહાદેવનું મંદિર છે. ત્યાં મોટો પિત્તળનંદી છે. ત્યાં જઈને જોયું. અચલેશ્વર મહાદેવ સામે પોઠિયો અવાક્ બેઠો છે. પ્રહ્લાદ રાજાનો પોઠિયો આ નથી. આ તો નવો છે. વિ. સં. ૧૪૬૪માં બનેલો. ખેર. શોધીને પણ હાથમાં શું આવવાનું હતું ? કેવળ વેદના અને વ્યથા. અચલેશ્વરનાં મંદિર માટે શ્રી દુર્ગાશંકર શાસ્ત્રીએ લખ્યું છે : 'અચલગઢ નીચે અચલેશ્વર મહાદેવનું મોટું દેવાલય છે. આ મૂળ જૈન મંદિર હતું તેમ અનુમાન થાય છે.' જો કે આ મંદિરની બહાર મોટો શિલાલેખ છે તેમાં વસ્તુપાળ તેજપાળનું નામ છે. આ મહાદેવ મંદિરનો સભા મંડપ આગથી બળી ગયો હતો. વસ્તુપાળ તેજપાળે તેનું નવેસરથી બાંધકામ કરી આપેલું તેમ પ્રબંધ ગ્રંથો કહે છે. ખેર.

અસલામતી સામે લડવા અહીં સુરહિ અને ગધૈયા તરીકે ઓળખાતા પાળિયા મૂકેલા હોય છે. ગાય પોતાના વાછરડાને વહાલથી દૂધ પાય છે તેવું કોતરીને સુરહિમાં શિલાલેખ લખ્યો હોય છે કે અહીં નુકશાની કરનારને આ વાછરડાની અને ગાયની હત્યાનું પાપ લાગશે.

ગધૈયામાં તદ્દન વિચિત્ર કોતરણી હોય છે. મનુષ્યસ્ત્રી પર ગધેડો આક્રમણ કરી રહ્યો છે, આવું કોતરીને શિલાલેખ જણાવે કે અહીં નુકશાની કરનાર આવો ગણાશે. અથવા આવી હાલત પામશે.

કેવા કેવા રિવાજો હોય છે ?



**વૈશાખ સુદ-૭ : માનપુર**

આનાથી ઊંચે હવે ક્યાં જવાનું ? અચલગઢ પર આ પ્રશ્ન થાય. સાંજે પાછા નીકળ્યા. રોડ ઢાળમાં ઉતરતો હતો. એક તરફ ઊંચો પર્વત. બીજી તરફ ઊંડી ખીણ. સૂરજ ખીણ તરફ આવી રહ્યો હતો. અમે પાણી ચૂકવવા બેઠા. પાણી વાપર્યું. પછી નજર સૂરજ સામે જ રહી.

સૂરજ આભમાં અદ્ધર અટક્યો હતો. ધીમે ધીમે તેનું તેજ ઝંખવાતું ચાલ્યું. ચાંદીનો ગોળો આકાશમાં ખલાઈ રહ્યો. ચળકાટ ભૂંસાતો ગયો. સૂરજનો અખંડ ચહેરો દીનહીન બન્યો. આકાશના રાખોડી રંગે સૂરજને ગ્રસી જવા જીભ લંબાવી. સૂરજ તો સૂરજ. દાદ ન દીધી. એ ડૂબવા માટે નીચે ના ઉતર્યો. હતો ત્યાં જ અટકી રહ્યો. આકાશે જલલીલા માંડી. પાણીનાં પૂર ઉપર ચડે ને માણસના પગ ડૂબે, પછી ઘૂંટણ-એવું બન્યું. આબુની બેનમૂન ટેકરીઓથી સહેજ ઊંચે આસમાની પૂર ઉછળ્યાં. સૂરજની નીચેની ધાર કપાઈ. ગ્રહણમાં સૂરજ ધીમે ધીમે દબાતો જાય છે તેવું દૃશ્ય હતું. પળવારમાં અડધો સૂરજ આસમાનમાં જ અલોપ થયો. અષ્ટમી શશી સમ ભાલ. સૂરજના પણ એવા હાલ. આઠમના ચાંદ જેવો અડધો સૂરજ. ને હજી એ કપાતો જતો હતો. કરવતથી લાકડાની કચ્ચર ઉડે તેમ સૂરજના દિવ્ય ખંડો વિખેરાતા હતા. જોતજોતામાં સૂરજ ઢાંકણી જેટલો બાકી રહ્યો. આસમાન ગેલમાં આવ્યું. સૂરજે શરણાગતિ સ્વીકારી લીધી હતી. નાનો ટુકડો સાવ ઝંખવાણો હતો. રાતને રોકી ન શકે, દિનને અજવાળી ન શકે તેવો. એય કપાયો. હવે તો રહી એક અમથી ધાર. ચાંદીનો લાંબો દોરો. સંધ્યા સુંદરીની અર્ધબીડેલી આંખની અનેરી ચમક. ઐરાવતની લાંબી દંતશૂળ. આંખો છેતરાઈ હતી. સૂરજ ગરક થઈ ગયો હતો. આંખોને આખરી વાર આંજીને એ ચાલી નીકળ્યો હતો. જોવા છતાં ખબર ના પડે તે રીતે એ ભાગ્યો હતો.

It was sunset point. અચલગઢ અને આબુનો એ આખરી અનુભવ.

**(વિ. સં. ૨૦૬૦)**

❀ ❀ ❀

## ૯

# સરહદ : રાજસ્થાનની અને ગુજરાતની

**વૈશાખ સુદ-૯ : પોસીના તીર્થ**

આદિવાસી સમાજ ઝૂંપડીઓમાં વસે છે. ભૂતપ્રેતમાં આંધળો વિશ્વાસ રાખે. કામણટૂમણ કરવા માટે બદનામ. મેલું ઉતારવાનું જાણે પણ ખરા. ગરીબી શરીરની જેમ સદી ગઈ છે. જંગલમાં લાકડાં વીણી ચૂલો કરે. ઘઉં, બાજરો જે મળે તેના રોટલા ટીપી ખાય, ખજૂરી અને મધપૂડાને તોડીને પૈસા ઉપજાવે. શહેરમાં મજૂરી કરતા થયા ત્યારથી સુધર્યા એમ કહેવાય છે. પહેલાં આ લોકો ઝાડ પર ટીંગાઈને રાત કાઢતા. હવે તો સ્કૂટર ને જીપ ભગાવે છે. તાડીમાંથી બાટલી સુધીની પીણાની ઉત્ક્રાંતિ થઈ છે. ચા પીવી ભાવે છે. રોડ પરની કેબિનોમાં આખી પી લે છે. અમદાવાદની અડધી હજી આવી નથી. એમની ભાષામાં ટીવીડું જોઈ લે. ફેસન સીખી હૈ. પેંટ બુસકોટ જમતા હૈ. હિંદીને ટપી જાય તેવી હિંદુસ્તાની ભાષા વાપરે છે.

માનપુરથી દેલદર. દેલદરથી નીચલાગઢ. નીચલાગઢથી પોસીના. ત્રણ ટપ્પે વિહાર કર્યો. બીજો ટપ્પો સાંજે. ત્રીજો સવારે. આ ઈલાકામાં પોલીસ વગર ન નીકળાય, પોલીસ પિસ્તોલ વગર ના નીકળે. અમે તો આરપાર નીકળી આવ્યા. પરિચિતોએ આવીને અમારી પર ભારે ગુસ્સો કર્યો. મજા આવી ગઈ. જોખમ હતું તે જોખમી રીતે પાર પડ્યું તેની.

દેલદરથી નીકળો એ તરફ, એટલે જોખમ શરૂ. દરેક ગામની બહાર એકાદ ઝાડ પર ચીંથરા લટકતાં હોય. એ ભૂત ઉતાર્યાની નિશાની. દેલદરના નાકેથી બત્તીસા નદી શરૂ થાય. દાંતની સંખ્યાને આની સાથે લેવાદેવા નથી. આ



મલકની પહાડીમાંથી આ નદી બત્રીસ વળાંક લઈને સરકે છે માટે બત્તીસા નામ. પથરાળ પથરાવો. ઘસાયેલા લીસા પથ્થરો. પાણી હોય ત્યારે વેગ જોશીલો. જીપને તાણી જાય. પોલીસની ગાડી અને ભાડારીક્ષા સિવાયનાં વાહનોની અવરજવર નથી. ચોરી થાય છે. લૂંટ અને ખૂનના કિસ્સા બને છે. ડરપોક શ્રીમંતો લાંબા રસ્તે જાય છે. પ્રાણ કે પૈસા ખોવા કરતાં પૅટ્રોલ બાળવું એકંદર સસ્તુ પડે ને. અમે જતા હતા. સાથે એક જાણકાર આદમી હતો. જવાન હતો. વાતો થતી રહી. બધું જોવાતું ગયું.

'પેલો માણસ જાય છે તે મધપૂડા પાડવામાં ઉસ્તાદ છે. બાવડાનો બળિયો છે. બત્તીસા નદીના, વાહનોને ખેંચી જતા ગંજાવર પ્રવાહમાં પણ એ છાતી સુધી પાણીમાં ડૂબીને સામો ઊભો રહે છે, નદી એને અફળાઈને આગળ વહી જાય છે. એનું હુલામણું નામ છે સની દેઉલ.' હિંદીમાં સાંભળતા રહેવાનું હતું. મધપૂડા પાડે, મધ વેંચી પૈસા કમાય. એક પૂડો ૬૦ રૂ. થી ૧૫૦ રૂ. સુધીમાં વેંચે. દુકાનદારો એનો માલ તરત ખરીદી લે. આદિવાસી સમાજ મધપૂડા ક્યાં છે તે જોઈ લે. તેનો કાચો ભાગ કેટલો છે તે નજીકથી તપાસે. કાચા ભાગમાં બચ્ચા હોય. તે મરવા ન જોઈએ. બચ્ચા ઉડવા જેવા થઈ જાય પછી મધપૂડાની નીચે ધૂમાડો અપાય. માખીઓ ભાગે. ખચ્ચ કરતાં પૂડો ઉખાડી લે.

જંગલ અને પહાડી ઉપસી રહ્યા હતા. વાતો ઉઘડતી હતી. 'આ જંગલમાં ભરવાડ પ્રજા છે. એ લોકો બકરી ચારવા જાય તો માથે લાલફેંટો પહેરે. શું કામ ? નાનું બચ્ચું કે એકાદ જાનવર અલગ પડી ગયું હોય તો ઊંચે જઈને સિસોટી મારવાની. ઘટાદાર ઝાડી વચ્ચે પાઘડીનો લાલ રંગ જોઈ ચોપગું ભાગતું આવે. પાઘડી સીવેલી નથી હોતી. લાલ કપડાનો લાંબો તાકો જ હોય છે. કપડું લાંબુ જ રાખવું પડે છે. જંગલમાં ફરતા હોઈએ. તરસ લાગે તો પાણી કોણ આપે. માથે ફેંટો સલામત હોય તો કૂવો શોધી લેવાનો. કપડું અંદર લટકાવીને એનો છેડો પાણીમાં ડૂબાડી દેવાનો. પછી કપડું ઝડપથી ઉપર ખેંચી લઈને ભીનું કાપડ ચૂસી લેવાનું, યહી હમારા લાલ પાની.'

બત્તીસા નદીને વાયકાઓથી વધાવી છે આદિવાસીઓએ. સાંજનો સૂરજ તડકો પાથરતો હતો તેમ ટેકરીઓના પડછાયા લંબાતા જતા હતા. બે ટેકરી વચ્ચેથી સરકતો ડામર રૉડ સલામત નહોતો. સૂસવાટા કરતું તીર આવી શકે.

ભાલા કે તલવાર તાકનારો મળી આવે. હોકારા-પડકારા થાય કે પથ્થરો ફેંકાય. અમે રાહ જોતા હતા. આવું કશુંક બને તો જંગાલિયતનો સાક્ષાત્કાર થાય. પડખેથી રસ્તા વચ્ચે આવી જતી બત્તીસા એકદમ ઘુમાવ લઈને ટેકરી પાછળ સરકી જતી હતી. 'પેલા બે ઝાડ દેખાય છે ? એક નાનું છે. બીજું મોટું છે. વરસાદની આગાહી આ બે ઝાડ પરથી થઈ શકે. પેલું ઝાડ જો ઊંચું થાય તો વરસાદ સારો પડે. એ જો ઊંચું ન ગયું તો દુકાળ પાક્કો. દર વરસે અમે જોઈએ છીએ. બધા જોઈ જાય છે. ધંધાપાણીનો આધાર આ બે ઝાડ પર છે. અને હા, અહીં વરસો પહેલાં એક નાગ-નાગણને પથ્થરોથી મારી નાંખવામાં આવેલા. તેમના નિશાન આજેય શિલા પર અંકાયેલા છે. આગળ આવશે. આબુ પરથી લક્ષ્મણજીએ કે હનુમાનજીએ જે તીર છોડેલું, તે આ પહાડીમાં ભરતજીને વાગ્યું હતું. તેનું લોહી હજી સૂકાયું નથી. ઊંચે ચટ્ટાન પર વરસોથી એ દેખાય છે. વરસાદમાં એ ધોવાતું પણ નથી.' આવી ઘણી વાતો સાંભળી.

**વૈશાખ સુદ-૧૦ : પોસીના તીર્થ**

આદિવાસીમાં હલકી વરણ અને ઊંચી વરણ વચ્ચે રોટીબેટીનો વહેવાર નહીં. અંદર અંદર લગન કરી લે. ચારપાંચ ઝૂંપડાનું એકાદ ગામ હોય કે ખેતરવા દીઠ એકાદ ઝૂંપડી બાંધી તે જ ગામ. ઈત ગંગા ઈત કાશી. એમને ત્યાં જવાન છોકરા અને છોકરીનાં લગન નક્કી થાય પછી તુરત છોકરી સાસરે આવી જાય. વરસો સાથે વીતે. બાલ-બચ્ચા થઈ જાય. એ મોટા થાય. પછી એમનાં લગન અને એમના માબાપનાં લગનનું ફૂલેકું સાથે નીકળે. માબાપ અને દીકરો વહુ એક સાથે લગન કરે ને ઉજવે. કેમ તો કે ગરીબી. માબાપે લગન કર્યા ત્યારે પૈસા નહોતા. દીકરા જવાન થયા. થોડા પૈસા ભેગા થયા એટલે સાથે સાથે જ લગનનો ખર્ચ ભોગવી લેવાનો. અજાયબ ઍડ્જસ્ટમૅન્ટ. ઘણીવાર તો દીકરો કે દીકરી ઘેર ઘેર નોતરું આપવા જાય. શાનું ? પોતાના માબાપ લગ્ન કરી રહ્યા છે તેમાં પધારવાનું. દીકરાદીકરી પોતાના સગા બાપને પોતાની સગ્ગી મા સાથે પરણાવીને ઢોલના તાલે નાચે. ગરીબીમાં સાંધા મેળવીને જીવતી પ્રજાના આવા કેટલાય રિવાજો મગજમાં ઉતરે તેવા નથી. એમની નવી પેઢીઓ હવે ઘડાતી આવે છે. રેડિયાપેટી ઔર ટીવી કા ડબ્બા સબ સીખા દેતા હૈ.

વૈશાખ સુદ ત્રીજ આ લોકોનું શિકાર પર્વ. ઉતરાણમાં જેમ આખું ઘર



ધાબે ચડે તેમ અખાત્રીજે આખો સમાજ જંગલમાં ઉતરી પડે. આપણાં વર્ષીતપનાં પારણાં ચાલતાં હોય તેની સમાંતરે જંગલમાં પશુઓનો ભયાનક કચ્ચરઘાણ વળે. જૂની પ્રથા છે. કોણ સમજાવવા જાય ? અને કોણ એ સાંભળે ?

સમાચાર પાસ કરવા માટે અહીં ફોન કે મોબાઈલ નથી. ટેકરીએ ટેકરીએ ખોરડા હોય. નીચલાગઢથી પોસીના સુધીનો વિસ્તાર સાત પહાડી કહેવાય છે. અસંખ્ય ટેકરીઓના ઝૂમખા સાત તબક્કે પસાર થાય. આદિ-વાસીઓ જંગલમાં ને કોતરોમાં ને ટેકરીનાં મથાળે વસે. સમાચાર ફેલાવવા છાપાં નથી, પણ બૂંગિયા છે. એક ટેકરીના મથાળેથી બૂંગિયો વાગે. ધપાક્ ધપાક્ ધુમ ધુમ. વાગ્યા જ કરે. બીજી ટેકરી પર નવો બૂંગિયો વાગે. ધપાક્ ધપાક્. પહેલો બૂંગિયો અટકે. સંદેશ કર્મે ત્રીજી ટેકરીના બૂંગિયા સુધી પહોંચે. ધુમ ધુમ ધપાક્ ધપાક્. બીજો બૂંગિયો અટકે. પવન વેગે શુભ સમાચારો ફેલાઈ જાય.

અશુભ સમાચાર માટે માનવ કંઠ. સંગીતના જાણકારો કહે છે કે માણસના કંઠ સામે તમામ વાંજીત્રો પાણી ભરે છે. કોઈ મરી ગયું હોય તો ટેકરી પરથી કરુણ અવાજ વહેતો થાય. દિલને વીંધી નાંખે તેવો તીણો. સ્મશાનમાં રોતા શિયાળવા જેવો ભયંકર. તૂટેલા તારના આખરી રણકાર જેવો કરુણ. વાયરો વહેવાનું ભૂલીને સ્તબ્ધ બની જાય તેવો ઊંડો અવાજ ટુકડે ટુકડે વહેતો જાય.

એકલા ઊભા રહીને રસ્તા વચ્ચે એ અવાજ સાંભળ્યો છે. ખીણમાંથી ઉપર ચડતો, ઝાંખરાઓ પર પથરાતો, ટેકરીઓ પર કાળાં વસ્ત્રની જેમ છવાતો એ દુઃખભર્યો નાદ કાળજાને ચીરી નાંખે છે. એકલા સૂરો જ વેદનાની અનુભૂતિ કરાવે છે. આસપાસ કોઈ વસતિ ન દેખાય ને આ આંસુના સ્વરો કાને પડે તો ડાકણ રોતી હોય તેવું લાગે. એકાદ ઝૂંપડી દૂર દેખાય. અવાજની દિશા એ જ હોય તો અંતરમાં સહાનુભૂતિનો જુવાળ જાગે. એ ઝૂંપડીનું છાપરું આંસુ સારતું હોય તેવું લાગે. અડધા વાસેલા દરવાજામાં અંદર બળતા દીવાની પીળી જ્યોત વર્તાય. શોકની પ્રતિમા અંદર પોઢી હોય તેવી લાગણી થાય. એ લોકોને આપણી ભાષા નથી સમજાવાની. એમને દિલાસો આપવાનું સાધન આપણી પાસે નથી. ચૂપચાપ આગળ નીકળી જવું પડે. દુઃખ દેખાય, દુઃખી આદમીનો અવાજ સંભળાય તેમ છતાં તેનો ઈલાજ કરવાનું ગજું ન હોય ત્યારે નરી વિવશતાથી અભિભૂત થવું પડે.

**વૈશાખ વદ ૧ : લાંબડિયા**

પોસીનાથી અચાનક જ વિકરણી જવાનું નક્કી થયું. મને તો વૈતરણી જ યાદ રહ્યું. વિકરણી શબ્દ મોંઢે જ ના ચડે. સાબરમતીની ઓળખાણો હતી એટલે આગ્રહ સામે નકારનો ગજ ના વાગ્યો. નીકળ્યા. એ જ આદિવાસી મુલક. એકલા નીકળો તો લૂંટાઈ જાઓ. અમારી સાથે લાઠીધારી ચાચા હતા. સૌને ઓળખે. એટલે ભય નહીં. અને ભય નહીં તેથી કશી ઉત્તેજના નહીં. ચીલાચાલુ વિહારનું વાતાવરણ.

ભારત સરકાર ધીમે ધીમે ગામડાઓ સુધી પહોંચી છે. ઠેઠ લગી ડામરના રૉડ. બસ સ્ટૅન્ડ. ગામનાં નામનું પાટિયું. જાહેરાતોની ભીંતચિતરામણ. સાઈકલ, સ્કૂટર અને ભડભડ રીક્ષા. મંદિરમાં માઈકનાં ભૂંગળાં. ચૂંટણીના પૉસ્ટરો. તો કુદરતી નઝારો અપાર. રસ્તાની બંને કોર હરિયાળીનો લહેરાતો દરિયો. નજર પહોંચીને પાછી ના વળે તેવી અડાબીડ સૃષ્ટિ. દૂરદૂર વાગતો કુહાડીનો કઠોર ઘા ક્યાંય પણ જઈએ તો સંભળાય જ. ખેતરો છે. ખેતી છે. રૉડના કિનારે ધાબા અને હૉટલો છે. તો રૉડની પાસે પાણીનો પંપ હોય ત્યાં નહાવા બેસેલી નારીઓ છે. છેડતી કરવા કોઈ આવતું નથી.

આવા વિસ્તારમાં ખેતરોની માટીમાંથી પંચધાતુની મૂર્તિ મળી. આપણા લોકોને સમાચાર મળ્યા. ભગવાનને લેવા ગયા. ચિઠ્ઠી નાખી તો જવાબમાં ના આવી. ભગવાનના અધિષ્ઠાયક આ જગ્યા છોડવા તૈયાર નહીં. ત્યાં જ જગ્યા ખરીદી. નાની દેરી બાંધી. ફરતે કોટ બાંધ્યો. ડેલે તાળું વસાય તેવી સલામતી બનાવી. ચાવી આદિવાસીઓને સોંપી. વરસે એકવાર સાલગીરી પ્રસંગે આપણા શ્રાવકો બસ ભરીને ત્યાં આવે. આદિવાસી પ્રજા માટે તો જાણે મેળો ભરાય. એમને ઘઉં, ગોળ ને ઘી આપી દઈએ. દેરાસરની પાસે જ ઊંચાં ઝાડ નીચે પથ્થરો અને લાકડાનાં ચૂલાં પર સાલગીરીનો બાટ રંધાય. નાના છોકરડાઓને બિસ્કુટ-ચૉકલેટ મળે. પ્રભુજીને ધજા ચડે. પૂજારી નાચે. સંઘના ભાઈઓ નાચે. પછી દેરાસરની બહારનાં મેદાનમાં આદિવાસીઓ નાચે. બેંડવાજા નહીં. તેમનો બૂંગિયો. ગરબાની જેમ મોટું સર્કલ બનાવી એક સરખા પગલે ઘૂમે. આગળપાછળ ડોક ફરતી હોય. હાથથી હાથ ભીડાયા હોય પરસ્પર. વચ્ચે એમનો કીંગ માસ્ટર અસ્સલ આદિમ ભાષામાં બરાડતો હોય કોઈ ગીત. નવું જ દૃશ્ય. એના શબ્દો સાથે બધા જ જુસ્સામાં આવે. બૂંગિયો ટીપાય. હાકલા પડતા



હોય તેમ સાદ ઊંચો થાય. ગોળ ફરતીમાં આદિવાસીનાં પગલાં ધમધમ ફરતા જાય. એકબીજાના ખભે હાથ મીલાવીને એ નાચે. એક પગ ઉછાળે. પછી બીજો ઉછાળે. કૉરિયોગ્રાફી વગરનો કૉરસડાન્સ. બધાની ડોક એક સરખી ઝૂલે. દેહ મુદ્રાનો એક જ લય તરી આવે. ઝડપ વધે. બૂંગિયો ગાજે. આખું ટોળું એક અવાજે હો, હો, હો કરે. એમના સૌન્દર્યવિહોણા ચહેરા પર મારા પ્રભુની વધાઈનો હરખ ચમકે છે તે જોઈ અપાર સંતોષ થાય.

અમને આ સાલગીરી વિકરણી નજીકનાં આંજણી ગામમાં જોવા મળી. બપોરે મોડું થઈ ગયું હતું તેથી એક આદિવાસીનાં ઘરમાં રોકાયા. અમને મળેલું મકાન (ઝૂંપડું જ વળી.) સૌથી સારું હતું. જમીન પર છાણ લીપેલું. છાપરે ઘાસ બીછાવી તેની પર નળિયાં. મોટા થડનો સ્લૅબ. નાના થડના પીલર. બારીનાં નામે મીંડું. પથ્થરોની થપ્પી કરીને તેમાં ચીકણી માટીનો લેપ ભરેલો તે ભીંત. હવા આવે નહીં. ગરમીમાં શેકાઈ જવાય. બે ઓરડા હતા. એકમાં પાણિયારું હતું. સૂવાનો ખાટલો હતો. બીજામાં કીચન. એક ચૂલો. રાખ વળેલી હતી. ખૂણામાં મોટી કોઠી. તેમાં ધાન ભરેલું. ઉપર શીકું ટીંગાડેલું. આ લોકો માંસ ખાય, દારૂ પીએ ને કેટલાય ઘોર પાપો આચરે તેવું યાદ આવતા કમકમા છૂટ્યા. સાંજે તો વિહાર કરી લીધો.

જંગલ અને હરિયાળી સુંદર હોય છે. તેમાં નોખા તરી આવે તેવા મહાવૃક્ષો પણ ઘણા. વિકરણી જતા રસ્તામાં એક મોટું ઝાડ જોયું હતું. ખૂબ જ ઊંચું હતું. આંજણી પાસે આમ્રવૃક્ષ હતું. સજાવી ધજાવીને રાખ્યું હોય તેવું સુડોળ. સાંજે સ્કૂલમાં ઉતર્યા હતા તેની પાછળ ઉત્તુંગ ઝાડ હતું. આશરે પચીસેક ફૂટ પછી તો એનો પર્ણવિભાગ શરૂ થતો હતો. ચોખ્ખી હવા. તદ્દન શાંત માહોલ. અપાર વનરાજી.

આપણા પૂર્વજો આવાં ગામડાઓમાં રહ્યા છે. આપણે ગામડાના મુખી બનીને રહીએ. આદિવાસીઓ ધાન અને શાકભાજી વેંચવા આવતા. આપણે તેમને કપડું, વાસણ આપતા. આજે શહેરમાં આપણને પૈસા મળે છે એટલે ગામડાં ખાલી થઈ ગયા. આદિવાસીઓ ત્યાં જ રહ્યા છે. હવે એ લોકો દેરાસરો તોડીને ચોરી કરે છે, આપણા બંધ મકાનોમાં ઘરફોડી થાય છે, જે મળ્યું તે ઉપાડી જાય છે. આદિવાસીઓની વચ્ચે આપણાં જૂનાં ઘરો અને આપણાં દેરાસર સલામત નથી. આ હકીકત કબૂલવી જ જોઈએ.

**(વિ. સં. ૨૦૬૦)**

## ૧૦

# આબુના પડછાયા

**વૈશાખ વદ-૨ : લાંબડિયા**

રસ્તે ચાલવાનું જારી હતું. જમણા હાથે દૂર એ દૃશ્ય દેખાયું. આગ જલતી હતી. તેમાંથી તણખા ઉડ્યા, ઉપર ચડતા હોય તેમ. ઉપર પહોંચ્યા પછી બે બાજુ વેરાયા. પાછા સંકેલાઈને નીચે ખર્યા. બીજી વાર તણખા ઊંચકાયા. ઝાડનાં તળિયે આગ હતી. તણખા થડ પર થઈને ઉપરની ડાળેડાળ પર પથરાયા. ત્યાં જ અટક્યા. ઝબૂકતા રહ્યા. અંધારું હતું. સૂમસામ મારગ હતો. દોઢ ખેતરવા આઘે આ બની રહ્યું હતું. તણખા ખરે. ઉપર આવે ને વળી નીચે વેરાઈ પડે. તણખાની રમત ચાલતી હતી તે ઝાડની લગભગ સમાંતરેથી, એ જ દોઢ ખેતરવાની દૂરીથી અમે ચાલ્યા તો તણખા એકાએક નીચે ઉતરી પડ્યા. આગ બૂઝાઈ ગઈ. સાતપહાડીનું જંગલ. ચાંદ વિનાની પરોઢરાત. આદિવાસીઓનો મલક, અઢળક વાયકાઓની આલમ. સાથે પૂજારીનો છોકરો હતો. પૂછ્યું : યે ક્યા હો રહા હૈ. જવાબ આપ્યા વગર ઈશારાથી આગળ ચાલવાનું એણે જણાવ્યું. ચાલતા રહ્યા. વારંવાર બત્તીસાનો કોરો પટ આવે. ઊભો ચડાવ આવે. ભમ્મરિયાળો વળાંક આવે. પહાડીઓ ઊંચી નથી. રૉડની ચડઉતર થાય છે તેથી ચાલવામાં થાક લાગે છે. પહાડીમાં રસ્તો વળતો હોય તે જોઈને રાહત થાય કે હવે આ ટેકરીઓ પતી ગઈ. પરંતુ રસ્તો વળે ત્યાં પહોંચીએ તો નવી ટેકરીઓ ઘેરાઈને ઊભી જ હોય. નવ્યન્યાયની અવચ્છેદક અને અવચ્છિન્નની અડાબીડ સૃષ્ટિ આવી જ હોય છે ને. આપણે એમ માનીએ કે આ પરિષ્કાર છેલ્લો હશે. માંડ એ મગજમાં ઉતારીએ ત્યાં વળી નવું અવચ્છિન્ન ડોકિયું કરે. દલીલોનો



મધપૂડો જામે. અનેક ટેકરીઓમાં વહેંચાયેલી એક પહાડી. એવી સાત પહાડી અને સેંકડો ટેકરીઓ. નાળાં આવે, નદી આવે ને માથે પુલ હોય. અમે એક પુલ પર બેઠા. પાછળ ઝાડીમાં કાંઈ ખખડતું હતું. ચોર છે તેમ માન્યું. બીચારા ભરવાડ નીકળ્યા. ભલા હતા. લાકડું વીણતા હતા. મેં પૂજારીપુત્તરને પૂછ્યું : વો અંધેરે મેં ક્યા થા ? આગ લગી થી ક્યા ?

પૂજારીએ આપેલો જ્ઞાનવારસો ઉજાળવા તેણે પ્રકાશ્યું. 'વો તો ભૂત થા. આદમી કો ડરાને કી ઉસકી કરામત હોતી હૈ. હમ ડરે નહીં ઇસ લિયે વો બુઝ ગયા. ડરતે તો જ્યાદા હોતા. જ્યાદા ડર લગ જાતા. ફિર બુખાર આ જાતા. જાદુટોના કરકે ઉતારના પડતા. ઐસા દિખતા હૈ તો બોલના નહીં ચાહિયે.'

એની વાત સાચી લાગી નહીં. વિસ્મયભાવે આવી વાતોનું વિશ્વ કબૂલ રાખીને બે-પાંચ ગૃહસ્થોને વાત જણાવી. તો વાતો શરૂ થઈ ગઈ : બાપજીએ ભૂત જોયું. એવું બધું. વિક્રમવેતાલની કથાનું મડદું બોલતું જોયું હોય તેવા ડર સાથે અમને સલાહો મળી : આવા રસ્તે જવાય જ નહીં. મેં તો વળી નવી વાત કહી કે, રસ્તામાં એક ડોસીમા જોયા હતા. ભયંકર દેખાતા હતા. ભળભાંખળાનાં ટાણે મળ્યા. પછી ગાયબ. ન દેખાયા. શ્રોતાજનોને નવી વાનગી મળી : બાપજીએ ડાકણ જોઈ. આ રસ્તા પર કોઈથી જવાય જ નહીં.

આપણે લોકો સહેલાઈથી ડરી જઈએ છીએ. પાપની સામે આવી ઝડપથી ડર જાગતો હોય તો કેટલું સારું ? એ તણખાવાળું ભૂત અને દાંતવિહોણી ડોસી-ડાકણ, બંને પરણી ગયા કે નહીં તેના સમાચાર આવ્યા નથી.

**વૈશાખ વદ-૫ : લાંબડિયા**

લાંબડિયા, પોસીના, ખેરોજ, ભીમાણા, ભારજા, નાનરવાડા, પેસુઆથી માંડીને ઠેઠથી ઠેઠ સુધી રાજસ્થાન અને ગુજરાતની સીમા પર સાલગીરીના દિવસો આવે છે. ઉનાળુ વૅકેશન હોય. ગામનાં દેરાસરની ધજા હોય. શહેર છોડીને ભાવિકો ગામનું ઘર સંભાળવા આવી પહોંચે છે. દેરાસરમાં ઓચ્છવ થાય. મંડપો બંધાય ને વરઘોડા નીકળે. વરસો વરસની આ પરંપરા છે. કલાકો સુધી નાચવાની હોંશ હોય છે. સકલશ્રી સંઘનો લાભ લેવાની ભાવના હોય છે. ધંધો, શહેરમાં પડ્યો હોય છે. રસોઈની જિમ્મેદારી અને ભણવાની

સ્કૂલ પણ શહેરમાં સૂતી હોય છે.

ગામડે તો નિરાંત હોય છે. ફળિયે રંગોળી થાય. શેરીએ તોરણ બંધાય. દેરાસરે પ્રભાતિયાં ગવાય. વાડીએ આખું ગામ જમે. ત્રણ ટાઈમનું ખાણું વાડીમાં જ હોય. બપોરિયું અલગ. મીઠાઈ અને ફરસાણ રોજ નવાં. બૉર્ડ પર રોજ આઇટમ્સ લખાય. નાસ્તો કરીને પ્રભુપૂજા. બપોરે જમીને પૂજાપૂજન. પૂજન પછી ચોવિહાર જમણ. અલબત્ત, પૂજન પછી અને જમણ પૂર્વે ચા પીવાની વ્યવસ્થા અડધો કલાક પી જાય. વેળાએ વાળુ થવાની ભીતિ રહે. આયોજકો જાગતા હોય. કડક હાથે કામ લેવાય. કોઈને ખોટું લાગે. બોલાચાલી થાય. રાતે નથી ખાવાનું આ મુદ્દે સહમતિ હોવાથી બધું થાળે પડી જાય. રાતની ભાવનામાં સૌ સાથે મળીને નાચે. સંગીતકારો અને વિધિકારો કાયમના બાંધેલા હોય. આ બધું વરસોથી ચાલ્યું આવે છે અને વરસો લગી ચાલતું જ રહેવાનું છે.

આવાં અનુષ્ઠાનોમાં નિશ્રાદાતા બનવા મળે. આનંદ થાય. પ્રેરણા કરીએ તો નવી છોળો ઉછળે. પરંતુ - એક વાત નક્કી. આ ઓચ્છવનો માહોલ સ્વયંભૂ હોય છે. અમારી નિશ્રા હતી માટે જમાવટ સારી થઈ તેવો અહં કરવા જેવો નથી. અહીં તો સૈકાઓથી બિરાજેલા પ્રભુબિંબોની નિશ્રા છે. કોઈ પણ ગુરુભગવંત આવે. ઉત્સાહ અનેરો જ હોય છે. આ વિસ્તારનો ઉનાળુ સમય ધમધમતો રહે છે જિનાલયની ધજાના ઉત્સવોથી. ગામને માથે લેતા વરઘોડાઓથી. પ્રભુશાસનની બલિહારી છે. ગામમાં જેટલા ઘર હોય તેના વારા હોય છે. આ વખતે ધજા અમુક પરિવારની. ગામમાં ઘર ઘણા હોય એટલે વીસ વરસે એકવાર ધજા મળે, સો વરસેય મળે. જેને ધજા મળે તે મોટી ઉજવણી કરે. આવી ઉજવણીઓ જોવા મળે તે આંખોનું સદ્ભાગ્ય.

### વૈશાખ વદ-૧૪ : કિંવરલી

કિવરલીથી અમે કાસીન્દ્રા દર્શન કરવા ગયા હતા. આ ગામની પડખે જ વસ્તુપાળ મંત્રીએ શાહબુદ્દીન ઘોરીને હરાવીને પાછો કાઢ્યો હતો. કાછોલી ત્યાંથી આગળનું ગામ. ૧૦૮ પાર્શ્વનાથમાં એક કચ્છુલિકા પાર્શ્વનાથ દાદા છે. તેમનું ગામ કાછોલી. મૂળનાયક દાદા ઉત્થાપિત હતા. જીર્ણોદ્ધાર ચાલુ હતો. પ્રભુની મૂર્તિ પ્રતિભાવંત. દેરાસરની આભામાં મૂળનાયક પ્રભુનું તેજ વર્તાય છે.



કાછોલીથી અચલગઢ જવાનો સીધો રસ્તો છે. અઢી કલાક લાગે. કાચી કેડીના કાંટાઓ કૂદવામાં સમય બરબાદ થાય તે અલગ ગણવાનો. કાછોલીથી અમે નાનરવાડા ગયા હતા. ગામમાં કોઈ જૈનનું ઘર નથી. આ ગામમાં જિનમંદિર શી રીતે બંધાયું તે પ્રશ્ન તો છે જ. આ ગામમાંથી દેરાસર વિસર્જીત કરી ભગવાન લઈ જવાની વિચારણા થઈ તે વખતે નાનરવાડા ગામના બ્રાહ્મણોએ વિરોધ કરેલો, અમારાં ગામમાંથી ભગવાન નહીં લઈ જવા દઈએ. આપણે જેમને અજૈનનો દરજ્જો આપ્યો છે તે સૌએ સંપીને ભગવાનનું ઉત્થાપન મોકૂફ રખાવ્યું.

નાનરવાડાના રસોઈઆ મહારાજની રાજસ્થાન અને ગુજરાતમાં શાખ છે. સંઘજમણ હોય કે લગ્નનો જમણવાર, નાનરવાડાના મહારાજનો હાથ તેમાં હોય જ, મોટે ભાગે. વંશવારસાથી આ લોકો સંઘોના અને સંઘવીઓના મોટા રસોડા સંભાળી રહ્યા છે. નાનરવાડાથી આગળ વધો તો એક પછી એક ગામો આવ્યા જ કરે છે. આબુ ગિરિરાજની સંપૂર્ણ પ્રદક્ષિણા થઈ જાય. અમે નાનરવાડાથી પાછા ફર્યા. અમને રસ્તામાં કહેવામાં આવ્યું : આ જગ્યાએ મહારાણા પ્રતાપ પોતાના ૪૦૦ સૈનિકો સાથે છૂપાઈને રહેલા. ખૂબ મોટી ગુફા છે. બહારથી તો ગુફા છે તેનો ખ્યાલ જ ના આવે.

અમે રૉડ પર ચાલી રહ્યા હતા. આબુનાં શિખરોની અલગ અલગ રેખાઓ ઉઘડતી હતી. સૂરજ અર્બુદાચલની પાછળ ઉતરી પડ્યો હતો. સૂર્યાસ્તને ખાસ્સી વાર હતી. આબુના પૂર્વ ખૂણેથી અમે ચાલી રહ્યા હતા. પહાડ સામોસામ લાગતો હતો. પરંતુ દૂર હતો. અહીંથી પહાડને ટચ કરવા ચાર કિ.મી. ચાલવું પડે તેમ સહવર્તી શ્રાવકે કહ્યું. પેલી ગુફા દૂર રહી જતી હતી. ન ગયા અમે.

આબુના તળવિસ્તારને અડીને મીરપુર વસ્યું છે. વિમલમંત્રીનું કલામય દેરાસર બન્યું તે વખતે મંત્રીશ્વર સામે મીરપુરનું દેરાસર રૉલ મૉડેલ તરીકે હતું. હમીરપુર મૂળ નામ. દેરાસર નમણું છે. નકશીકામ અનન્ય છે. વરસોથી જંગલમાં હતું. હમણાં પ્રકાશમાં આવ્યું છે.

સાડત્રીસ વરસની ઉંમરે પ્રભુવીર સાક્ષાત્ પધાર્યા હતા તે ભૂમિ આબુને અડી રહી છે. મુંગથલા. પ્રભુવીર દીક્ષિત હતા. મુંડ હતા. કેવલી થયા નહોતા.

અહીં પધારી કાઉસ્સગમાં રહ્યા. મુંડ અવસ્થાની સાધનાનું સ્થલ તે મુંડ સ્થળ. નામ અપભ્રંશ પામી મુંગથલા બન્યું. અહીં દેરાસર છે.

એક નામ અજર અને અમર છે : ચંદ્રાવતી. જૈનધર્મની રાજધાની બની ચૂકેલું સ્થાન આજે ભગ્ન અવશેષોના ઢગલામાં ફેરવાઈ ચૂક્યું છે. આબુતીર્થનાં ઉત્થાનની મૂલકથા લખનારી ચંદ્રાવતી નગરીમાં હિંદના સૌથી શ્રીમંત જૈનો વસ્યા હતા. આરસની નગરી હતી. અઢળક સંખ્યામાં દેરાસરો હતાં. સાંજનો સમો થાય ત્યારે એકી સાથે તમામ દેરાસરોની ઝાલર વાગતી. આબુની કોતરોમાં એના પડઘા પડતા. મુસ્લિમ આક્રમણમાં આ મહાન્ નગરી તૂટી. સ્વર્ગનું દેવવિમાન જમીનદોસ્ત થઈને ટુકડાઓમાં વહેચાયું હોય તેવા એના ખંડિત અવશેષો હતા. માટીના થરતળે તે દબાયેલા રહ્યા. વરસાદમાં ધોવાણ થાય ત્યારે લૂંટાય. આબુ પહાડની ચોપાસ કેટલાય ગામોમાં ગોખલા, બારસાખ, સ્તંભો, જાળીઓ ચંદ્રાવતીના અવશેષમાંથી પહોંચ્યા છે. જૈનેતરોનાં ઘરોમાં અને મંદિરોમાં તે જડાયા છે. દરિયાના મોતી જેવા સુંદર અને એવા જ અખૂટ અવશેષો ટ્રેઇન ભરીને લૂંટાયા છે. વિધર્મીના હથોડા ખાઈ ચૂકેલા સંગેમરમરી પથ્થરોને ચંદ્રાવતીની ભોમકા ઝેર લાગી હોય તેમ એ બધું જ ચોરાતું રહ્યું. છેલ્લે સરકારી અંકુશ આવ્યો. તબેલાને તાળું લાગ્યું તે પહેલા કેટલાય ઘોડા ભાગી ગયા હતા. જૂના વખતમાં છપાયેલી ચોપડીઓમાં વર્ણનો વાંચીએ ત્યારે ખ્યાલ આવે છે કે આપણે શું ગુમાવ્યું છે.

આજે ચંદ્રાવતીના અવશેષો સરકારી નજરબંદીમાં કેદ છે. આબુ પર એક મ્યુઝિયમ છે તેમાં ચંદ્રાવતીના થોડા અવશેષો સંઘરવામાં આવ્યા છે. અમે ચંદ્રાવતીના જઈ નથી શક્યા. મ્યુઝિયમ જોયું છે. આદિવાસી કલ્ચરની પ્રદર્શની પછી પુરાતત્ત્વ વિભાગ છે. ત્યાં કાઉસ્સગિયાજી, સ્તંભો, ચોવીશી, પરિકર, મૂર્તિઓ જેમના તેમ મૂક્યા છે. મ્યુઝિયમનાં કમ્પાઉન્ડમાં ઝાડની નીચે એક મોટી પ્રતિમા છે. શિલ્પીએ પથ્થર જોયા વગર ઘડતર ચાલુ કર્યું. મૂર્તિનું ઘડતર સુરેખ ના બન્યું. પથ્થર કાચો હશે. એટલે ઉપરઉપરથી કામ કરીને શિલ્પીએ આટોપી લીધું હશે. મૂર્તિ જમીનમાં દટાયેલી હતી. મળી આવી. અહીં લઈ આવ્યા. એટલી વજનદાર છે કે ગાડીમાંથી મેદાનમાં ઉતાર્યા પછી મકાનમાં લઈ જવાનું મુશ્કેલ લાગે છે.



વરસાદી ઝાપટામાં ભીંજાતી હશે આ મૂર્તિ. ચંદ્રાવતીનાં ખોદકામ દરમ્યાન એવી મૂર્તિ પણ મળી છે જે બંને તરફથી પ્રતિમા હોય. સામાન્ય રીતે મૂર્તિનાં મુખની પાછળ વાળ હોય છે. વક્ષની પાછળ પીઠ. નાભિની પાછળ કટિ. પગની પાછળ કછોટો. એ એક મૂર્તિમાં મૂર્તિનાં મુખની પાછળ બીજું મુખ હતું. વક્ષની પાછળ વક્ષ. નાભિની પાછળ નાભિ અને પગની પાછળ પગ. આ દ્વિમુખી મહામૂર્તિ એકમાત્ર ચંદ્રાવતીમાં મળી હતી. તેનો ફોટો જોયો છે.

આબુ આવ્યા છતાં આ મીરપુર, મુંગથલા, ચંદ્રાવતી, દંતાણી જોવાના બાકી રહ્યા. હવે ફરી આવીશું ત્યારે આ બધું જોવાનું છે. આબુના પડછાયા તો જિંદગીભર દિલમાં રહેવાના.

**જેઠ સુદ-૧ : કિવરલી**

કિવરલીથી આબુનો પહાડ નવી રૂપરેખામાં દેખાય છે. આબુની જે છેતરામણી ચાલ છે તે કિવરલીથી ઉઘાડી પડી જાય છે. આબુ એટલે દેલવાડા. એ સૌથી ટોચ પર આવે છે તેમ માનીને આપણે પહાડને ભાળીએ છીએ. દેલવાડા આબુનાં શિખર પર નહીં બલ્કે, ધાબા પર છે. શિખર પર તો અચલગઢ છે. રાતે અચલગઢની દીવાબત્તી અહીં દેખાય છે. કિવરલીથી દેખાય છે આબુના રોડ પરનાં વાહનો. ધીમા વેગે ચાલતી રમકડાના નાના ટુકડા જેવી ગાડીઓ ઉપર ભણી નીકળી રહી છે તે આરામથી જોવા મળે.

રાતની તો વાત જ ન્યારી. સૂર્યાસ્ત પછી અડધો કલાક થઈ જવા દો. ઉપાશ્રયના ટૅરેસ પર પહોંચી જવાનું. ગામ શાંત હોય. આબુ પરની ગાડીઓના ભણકારા સંભળાય. આરણાચોકીની પહેલાં આવતો સતઘુમ તબક્કે તબક્કે ભીષણ ઢાળ પકડે છે. ઉપરથી આવતી ગાડીઓની હૅડલાઈટ્સનાં ટપકાં. અજવાળાનો લાંબો શેરડો વળતો આવે. એક ટપકાં પર ધ્યાનથી જોવાનું. ગાડી વળી. જો નીચે આવી. ગાયબ. બહાર નીકળી, નીચે ઉતરી. સ્પીડ ઓછી થતી જાય છે. અટકી ગઈ ? ઘાટના પથ્થરો અજવાળતી ગાડી મારમાર ભાગતી હોય પણ દૂરથી ધીમી જ લાગે ને. એક ટપકાની પાછળ આખી હારની હાર ચાલી આવે.

બીજી તરફ નીચેથી ઉપર જતાં ટપકાં. બંને લપકારા આમને સામને

હોવા છતાં ભેગા ન થાય. ઉપરવાળો આઠ કિ. મી. દૂર હોય. નીચેવાળો એટલે જ હોય ને. કંઈ જગ્યાએ ભેગા થાય તેનું ધ્યાન રાખવાનું. બંનેના અવાજ નજીક આવ્યા જણાય. એકાએક બંને સાઇડ ઝળહળાટ થાય. આ જીપ અને સામે લક્ઝરી તે સેકંડમાં પરખાય. પણ એ સેકંડનો જ ઝબકારો. વળી પાછી ટપકાની કીડીઓ. હવે બેયની હાર દૂર જતી હોય. લાલ ટપકાં પણ હોય. કિવરલી ઉપાશ્રયનાં ધાબેથી આ રૉડલીલા ભાળી. રોજ ભાળી. ઉત્સવ હતો. સાઉન્ડ સિસ્ટમ રાતે ચાલુ રહેતી. અવાજ પકડાતો નહીં. ભાવના પૂરી થાય તે સાથે જ ટપકાં ગાયબ હોય. રાતે આબુ પર ગાડીઓની અવરજવર નથી હોતી. ભાવના ચાલુ થાય તે પહેલા ટપકાં રમતાં જ હોય. ઘુરઘુર પણ પહોંચે આપણા સુધી.

ભારજાથી પણ આબુની ગાડીઓ જોઈ છે. કેવળ પીળી રોશની. દૂરી હોવાથી ઝળકાટની ગતિ મંદ. પણ જોઈ છે જરૂર. શાંતિ આશ્રમની ગુફાથી રાતે આ ટપકાં મોટા આકારમાં જોયાં છે. કાછોલીથી આ ટપકાં નજીક લાગ્યા છે. માનપુરથી આ ટપકાં નથી દેખાતાં.

ગરમીના દિવસોમાં ઉનાળો ત્રાસ વર્તાવે છે. પસીનો સૂકાતો નથી ને લૂંછાતો નથી. ગળું સૂકાયા કરે છે ને ભીંજાતું જ નથી. લૂ સવારથી વાય છે. પરંતુ રાતની વાત અલગ છે. રેગિસ્તાનની ઠંડી હવા રાતે વહેતી આવે છે. સૂરજ ડૂબે તેના બેત્રણ કલાકમાં શીતળતાની લહેરો છૂટે છે. ગામવાસીઓ પોતપોતાના ઘરનાં ધાબે પોઢે છે. ગાદલા પર સૂએ. જાડી રજાઈ ઓઢે. તબિયત સુધરી જાય તેવી ઠંડક વર્તાય. આબુના પડછાયે રહેતાં ગામડાઓની રાત વાસંતી હોય છે, નીંદર આષાઢી હોય છે.

**(વિ. સં. ૨૦૬૦)**

૧૧

# ધોળકા અને કલિકુંડ

**ચિલોડા, કાર્તિક વદ-૨**

ધોળકા આજે કલિકુંડનાં નામે પ્રસિદ્ધ છે. આજનું કલિકુંડ જયારે કેવળ ધવલક્કપુરમ્, ધોલકા હતું ત્યારે રાજા વીરધવળને સ્વપ્ન દ્વારા બે રત્નો મળ્યાં. વીરધવળે સપનેય કલ્પના ન કરી હોય તેવાં મહાન રત્નો. નામ : વસ્તુપાળ અને તેજપાળ. આ બંધુબેલડી માટે ખૂબ લખાયું છે : વસંતવિલાસ મહાકાવ્યમ્, સંઘપતિ ચરિતમ્, સુકૃતસંકીર્તન, કીર્તિકૌમુદી, સુકૃતકીર્તિકલ્લોલિની અને બીજું તો અઢળક. આ બે રત્નોએ ધોળકાને સ્વર્ગીય વૈભવથી મઢી દીધું હતું. ધોળકાનો ડંકો ભારતમાં અને ભારત બહાર વાગતો હતો. આ બધું જ જાણીતું છે. શ્રીસીમંધર સ્વામી ભગવાનને મહાવિદેહ ક્ષેત્રમાં ત્રણ રત્નોની પ્રશસ્ય આગાહી કરવી પડે તેવી અજાયબ તેજસ્વિતા આ ધોળકાએ જમાવી હતી એ જમાનામાં.

મંત્રીશ્વર વસ્તુપાળ શત્રુંજયની યાત્રા કરવા નીકળ્યા. રસ્તે જ દિવંગત બન્યા. મંત્રીશ્વર તેજપાળ શંખેશ્વરની યાત્રા કરવા નીકળ્યા. રસ્તે જ દિવંગત બન્યા. બંને ભાઈનું જીવન તો સમાન હતું - મૃત્યુ પણ એકદમ સમાન. એક ખોળિયે બે જીવ તે આનું નામ. અનુપમાદેવી તો ગુજરાતની મા. તે પણ દિવંગત થઈ ચૂકેલા. મંત્રીશ્વર વસ્તુપાળના સ્વર્ગવાસના સમાચાર સાંભળીને શ્રીવર્ધમાન સૂરિજી મહારાજાએ અખંડ આયંબિલ દ્વારા વર્ધમાન તપ કરવા માંડ્યો. સંઘે પારણાનો અત્યંત આગ્રહ કર્યો. સૂરિજીએ શંખેશ્વરજીની યાત્રા બાદ જ પારણું કરવાની ભાવનાથી વિહાર કર્યો. શંખેશ્વરજીના રસ્તે જ અધવચાળે સૂરિજી દિવંગત થયા. દેવ બન્યા. શંખેશ્વર તીર્થના અધિષ્ઠાયક થયા. દેવ થતાવેંત

વસ્તુપાળ યાદ આવ્યા. આ ધોળકાની જીત હતી. દેવતાને ધોળકાનું રત્ન યાદ આવ્યું અને થયું : કંઈ ગતિમાં ગયા હશે ? પહોંચ્યા શ્રી સીમંધર સ્વામી ભગવાન્ પાસે. પૂછ્યું. ભગવાને જવાબ આપ્યો : 'વસ્તુપાળ અત્યારે કુરુચન્દ્ર નામના રાજા છે. આ મહાવિદેહની પુષ્કલાવતી વિજયમાં આવેલી પુંડરીકિણી નગરીમાં તે વસે છે. જીવનમાં છેવટે સંજમ લેશે. વિજય વિમાનમાં દેવ તરીકે જનમ પામશે. ત્યાંથી ચ્યવી મનુષ્ય થશે, રાજર્ષિ બની મોક્ષમાં જશે. અનુપમા દેવી આ જ સમવસરણમાં કેવળી થઈને બેઠા છે. એમણે આઠ વરસની વયે દીક્ષા દીધી. મંત્રી તેજપાળ અત્યારે દેવ છે. ચોથા જનમે મોક્ષે જશે. (વસ્તુપાલચરિતમ્ - આઠમો પ્રસ્તાવ)

ભગવાને સમવસરણમાં બેસીને આ ત્રણ મહાપુરુષોની પ્રશંસા કરી તે ધોળકાના હતા. ધોળકા માટે આથી મોટી સિદ્ધિ શું હોય ? બંને ભાઈ ધોળકાના મંત્રી અને અનુપમા દેવી ધોળકાના પુત્રવધૂ.

જોકે, આ ત્રણ રત્નોની વિદાય પછીની આ છેવટની સિદ્ધિ હતી. ત્યારબાદ તો ધોળકા કાળનાં ધોવાણમાં ઘસાતું ગયું. હમણાથી ધોળકા ઊંચકાયું છે, કલિકુંડનાં નામે. પાલીતાણા અને શંખેશ્વરની જેમ જ સમગ્ર ગુજરાતમાં બારમાસી તીર્થ તરીકેનું સ્થાન કલિકુંડે મેળવી લીધું છે, આ પુનરુત્થાન આપણને રાજા સંપ્રતિના યુગમાં લઈ જાય છે.

**સેરંડી, કાર્તિક વદ પ્ર. ૩**

વિહારમાં તો શું શહેરમાં પણ આવું નહીં મળે. શ્રી પંચસૂત્ર મંદિર. નાનકડી સિમેન્ટ કોંક્રિટની મઢૂલી છે. તેમાં મા સરસ્વતી બેઠા છે. ભીંતે આરસ બીછાવ્યા છે. તેમાં પંચસૂત્રનું પ્રથમ સૂત્ર કોતર્યું છે. આ લખી રહ્યો છું, પંચસૂત્રમંદિરમાં બેસીને, પૂજારીએ કહ્યું કે ધ્યાન માટે પાછળ સાધનાની રૂમ છે. આવીને જોયું, ગમ્યું. બધાં કામથી પરવારીને અહીં બેઠક જમાવી છે.

આજે સવારે ધોળકા છોડ્યું. તળાવની પાળે વીરધવલ રાજાનાં પગલાં જોવા હતા. તળાવને ઘાટ હોય તો પથ્થરખૂણે મંત્રીશ્વરોની પ્રશસ્તિ શોધી કાઢવી હતી. બેનો ભેગા મળીને કપડાં ધોતાં હોય ત્યાં અનુપમા દેવીનો સાડલો શોધવો હતો, જે પાત્રા લૂંછવાનું સૌભાગ્ય પામતો રહ્યો. જૂની મેડીઓમાંથી કચરો ફેંકાય



તે જોઈને ક્ષુલ્લકમુનિને સંભારવા હતા. મામાનાં અપમાનવાળો અંતરંગ સંઘર્ષ નજર સમક્ષ આણવો હતો. તેર તેર વખત નીકળેલા છ'રીપાલક સંઘોના નિશાનડંકા સાંભળવા હતા. ત્રેસઠ યુદ્ધોમાં વિજેતા થનારા મંત્રીશ્વર વસ્તુપાળની સ્વાગતયાત્રાની નોબતો પર કાન માંડીને જોવું હતું. ટ્રેઈનનો ડબ્બો સળગવાનું રાજકારણ નહોતું ખેલાયું તે જમાનામાં ગોધરાના રાજાને તેજપાળે હરાવીને જીવતો પકડેલો અને આરોપીએ પિંજરામાં જ સજા-એ-મૌતનો સ્વયંભૂ સ્વીકાર કર્યો તેનો સન્નાટો ખોજવો હતો. તેજપાળની નવવધૂ અનુપમાનો અપમાનિત શ્વસૂરગૃહવાસ અને બંને મંત્રીવર્યોને માર્ગદર્શન આપનારા મહાદેવી અનુપમાના બહુરંગી આયામ પારખવા હતા. રાજા વીરધવળની અગ્નિશય્યામાં કૂદીને ખાખ થઈ જનારા નગરજનોનાં પ્રેમભર્યા આંસુ વાંચવા હતા.

પાટણની પડતી પછી ગુજરાતનું સુકાન ધોળકાના હાથમાં આવ્યું હતું. જૈન સંઘની મહાજનવાટનું અંતિમકેન્દ્ર પણ પાટણને બદલે ધોળકા જ બન્યું હતું. ધોળકાનો એ વૈભવ આજે નથી. મુસલમાનોની વસતિ ઘણી જ છે. ઠેર ઠેર મસ્જિદો. રસ્તે નીકળો તો ફરફરતી દાઢી અને ઊંધી વાટકી જેવી ચપોચપ ટોપીઓ દેખાય જ. આજની પેઢીના ઇસ્લામી સમાજ પર દ્વેષ નથી. તેની ઉપલી પેઢીઓ સામે બાપોકાર ફરિયાદ છે. શું કામ અમારાં મંદિરોને તોડી નાંખવામાં આવ્યાં ? અમારી બૂતપરસ્તીની અવહેલના કરવાનો પરવાનો તમને કોણે આપ્યો હતો ? અહીં અમારાં જિનાલયોની વિશાળ શ્રેણિ હતી. અમે તમને ક્યાં નડ્યાં ? અમે તમારી પર ક્યારે આક્રમણ કર્યું ? અમારી પર બેરહમ સિતમ ગુજારવાની, ખૂનામરકીની સજા શું તમને નહીં મળે ? તમે અમારાં જિનાલયોને મસ્જિદમાં ફેરવ્યાં, અમારાં ગર્ભગૃહોની જમીન પર તમે હથોડા લઈને ગયા. અમારી પ્રભુમૂર્તિઓને તમે તોડી નાંખી, તમે અમારાં ઘરોને અને જ્ઞાનભંડારોને આગ ચાંપી. અમે આ ધોળકામાંથી તમારી હજની તીર્થભૂમિ પર કલામય તોરણો પાઠવ્યા. ને તમે સરમુખત્યાર હુમલાખોરો મોકલ્યા ?

હવે કલમ નહીં અટકે તો કાગળ પર ભડકા ઊઠશે. અસ્તુ.

**કોઠ, કાર્તિક વદ-૩**

કલિકુંડ તીર્થનો સંપૂર્ણ નવ અવતાર થયો છે.

હાઈવે પર આખું કૉમ્પ્લેક્સ સામ્રાજય ખડું થયું છે. ભવ્ય જિનાલય,

લઘુશત્રુંજય, ભોજનશાળા, ધર્મશાળા, ઉપાશ્રયો, જ્ઞાનભંડાર. આ બધું જોતી આંખો ભૂતકાળને શોધે છે. તીર્થની પરિચાયિકાનાં પાનાઓ વાંચતાં વાંચતાં દિલ દ્રવીભૂત બની જાય છે. શું એ ભૂતકાળ હતો ? મંત્રીશ્વર ઉદયને શ્રી સીમંધર સ્વામીનું દેરાસર બંધાવ્યું. પ્રતિષ્ઠા કોની પાસે કરાવવી, તે પ્રશ્ને ઉદયનમંત્રીએ વિચાર્યું, કમાલ વિચાર્યું : આજે સીમંધર દાદા વિચરે છે તેમનો જ આદેશ લેવો. શ્રી વાદિદેવ સૂરિમહારાજાને જણાવ્યું. સૂરિજીનાં માર્ગદર્શન અનુસાર અઠ્ઠમ તપ દ્વારા શાસન દેવીનો સંપર્ક કર્યો. સકલ સંઘ જાપ સમેત જોડાયો. ત્રીજી રાતે શાસનદેવી હાજર. કામ પૂછ્યું. શેઠે મનની ભાવના જણાવી. શાસનદેવી કહે : સંઘ કાઉસ્સગમાં રહી શકે તો મારામાં પ્રભુપાસે જવાનું બળ આવે. સંઘ કાઉસ્સગ કરવા સજ્જ હતો. શાસનદેવી પ્રભુ સીમંધરદાદા પાસે પહોંચ્યા. ઉદયન શેઠની ભાવના જણાવી. પ્રભુએ શ્રીવાદિદેવસૂરિજી મહારાજાનું નામ આપ્યું. શાસનદેવીએ ધોળકા આવી સંઘને જાણ કરી. શ્રીવાદિદેવસૂરિજી મહારાજાએ પ્રતિષ્ઠા કરી. એ દેરાસર ઉદાવસહિ તરીકે પ્રસિદ્ધ બન્યું. બારમી સદીની આ હકીકત. ચંપાનગરીમાં મૂળ કલિકુંડ તીર્થ હતું, તે ક્યારે ધ્વસ્ત થયું તેની માહિતી નથી મળતી. આ તીર્થની પુરાણી વિગતો મળે છે. જેસલમેર અને પાટણ પાસે શ્રીકલિકુંડ દાદા છે. પરંતુ ધોળકાના દાદા તો અનેરા છે, તેમનું પ્રાગટ્ય થાય તે પૂર્વે સીમંધરદાદાનાં શ્રીમુખે પ્રભુ પ્રતિષ્ઠાનો આદેશ મેળવનારું ધોળકા આજે નૂતન તીર્થ રૂપે ચોથા આરા જેવું આનંદસામ્રાજ્ય ભોગવે છે. આ ધોળકાની સાલવારી સાથે ઇતિહાસ નોંધ ઉપલબ્ધ છે.

વિ. સં. ૧૧૩૨માં ખરતરગચ્છના આદ્ય આચાર્યશ્રી જિનદત્તસૂરિજી ધોળકામાં જન્મ પામ્યા હતા.

વિ. સં ૧૧૪૩ પછીના સમયગાળામાં શ્રી વાદિદેવસૂરિજીએ ઉદાવસતિમાં સીમંધર પ્રભુની પ્રતિષ્ઠા કરાવી.

વિ. સં. ૧૧૯૭માં શ્રી જિનચંદ્રસૂરિજી મહારાજાએ ગ્રંથરચનાનો પ્રારંભ કર્યો. નામ : આખ્યાનકમણિકોશ.

વિ. સં. ૧૧૯૩માં શ્રીચંદ્રપ્રભસૂરિજી મહારાજાએ ધવલ શેઠની વિનંતીથી શ્રીમુનિસુવ્રતસ્વામીચરિત્ર રચ્યું.

વિ. સં. ૧૨૭૬માં વસ્તુપાળ તેજપાળની ધોળકાના અને ગુજરાતના



મંત્રીપદે નિયુક્તિ થઈ.

વિ. સં. ૧૨૮૬માં શ્રીનાગોરથી શત્રુંજયગિરિનો છરીપાલક સંઘ જઈ રહ્યો હતો તે પાછો ફરતા ધોળકા આવ્યો. મંત્રીશ્વરોએ અભૂતપૂર્વ સ્વાગત કર્યું.

વિ. સં. ૧૨૯૯માં શ્રી ઉદયપ્રભસૂરિજી મહારાજાએ ઉપદેશમાળા ગ્રંથ પર કર્ણિકા નામની વૃત્તિ લખી.

વિ. સં. ૧૩૧૩માં શ્રી વ્યવહાર સૂત્ર-મલયગિરિવૃત્તિ, શ્રીધર્મરત્નશાસ્ત્ર લઘુવૃત્તિનું વિશેષ અનુસંધાન શ્રી રામચંદ્રસૂરિજી મ. દ્વારા થયું હતું.

વિ. સં. ૧૪૨૬માં ઈડરના રાજાનો પુત્ર સૂરદાસ કલિકુંડના દાદાની પૂજા કરવા આવ્યો હતો. તેને શ્રીમેરુતુંગસૂરિજી મહારાજાએ પ્રેરણા આપી હતી.

વિ. સં. ૧૬૪૨માં અંચલગચ્છના પ્રસિદ્ધ આચાર્યશ્રી કલ્યાણસાગર-સૂરિજીએ સંસારનો ત્યાગ કરી દીક્ષા સ્વીકારી હતી.

વિ. સં. ૧૬૭૨માં શ્રી વિદ્યાસાગરસૂરિજીની આચાર્યપદવી થઈ.

આ બધું ધોળકાનાં આંગણે બન્યું. અલબત્ત, કાળની થપ્પડો આ નગરીને વાગી. ઘણું ખરું ધ્વસ્ત થયું. બચ્યું તે ભાંગ્યું તૂટ્યું ભરૂચ હતું. એના જીર્ણોદ્ધારનું કામ શરૂ થયું ત્યારે ભોંયરામાંથી, આજે મૂળનાયક પદે બિરાજી રહેલા કલિકુંડદાદાની મનહર મૂર્તિ મળી.

૨૩૦૦થી વધુ વરસની પ્રાચીન પ્રતિમા, બેનમૂન સ્મિતમુદ્રા. અતિશાયી આભા. અવર્ણનીય આકર્ષકતા. તેજસ્વી સંનિધાન. અપરંપાર ભીડની વચ્ચે પણ પ્રભુ સાથે એકાંતભાવે આત્મીયતા સાધી શકાય તેવી ચુંબકીય શક્તિ. પ્રભુએ જાણે પોતાના ખભે આ આખાં તીર્થને ઊંચકી લીધું છે. પ્રભુનો જયજયકાર ગાજે છે.

**કાર્તિક વદ-દ્વિ-૩ : અરણેજ**

કલિ અને કુંડ. કલિ તે પર્વત. કુંડ તે સરોવર. કલિ નામની પર્વત-માળામાં મદમસ્ત હાથી રહેતો. સરોવરમાં નાહવા આવતો. તેનું શરીર બીજા હાથીઓની તુલનામાં ખૂબ ઊંચુ અને કદાવર. એ જંગલ કાદંબરી અટવી તરીકે ઓળખાતું. પાર્શ્વપ્રભુ શ્રમણ અવસ્થામાં પધાર્યા. કાયોત્સર્ગમાં ઊભા રહ્યા. હાથીએ પ્રભુને નિહાળ્યા. માનવો જેવી બુદ્ધિમત્તા ડૉલ્ફિન માછલી અને હાથી

અને ચિંપાન્ઝી વાંદરામાં વિશેષ હોય છે. હાથીનાં મનમાં અદીઠ ખળભળ થઈ. પૂર્વજન્મ યાદ આવ્યો.

એ માનવ હતો. સાવ ઠીંગણો. એની ખૂબ મશ્કરી થતી, લાગી આવતું એને. આખરે કંટાળીને આત્મહત્યા કરવા પહાડી પર ચડ્યો. સાધુના સમાગમે બોધ પામ્યો. મુનિજીવન આદર્યું. માસખમણને પારણે માસખમણની તપસ્યા કરે. શાસ્ત્રાભ્યાસ અખંડ કરે. વરસો સુધી સાધના ચાલી. ઠીંગણા હોવાની લઘુતાગ્રંથિ ભૂંસાઈ નહીં. છેલ્લી ઘડીઓમાં પ્રચંડ દેહ મેળવવાની ઈચ્છા મનમાં રમતી રહી. મહાત્મા કાળધર્મ પામ્યા. બીજા ભવમાં ભવ્ય અને પ્રચંડ દેહ મળ્યો. અવતાર હતો હાથીનો.

પાર્શ્વપ્રભુને જોઈને પોતાની પૂર્વકથા સાંભરી આવતા જ હાથીને પસ્તાવો થયો. સાધુજીવનની કમાણી ખોઈ દીધાની અખૂટ વ્યથા અનુભવી. હવે તો પ્રભુ જ આધાર હતા. પ્રભુની ભક્તિ કરવા હાથી સરોવરનાં કમળો તોડી લાવે. પ્રભુનાં ચરણે કમળનો ઢગલો કરે અને કમળનાં પડિયામાં પાણી લાવી પ્રભુ સમક્ષ જલવર્ષા કરે. ચંપાનગરી નજીક હતી. વાત ફેલાઈ. સૌ હાથીની અનુમોદના કરે. રાજા દધિવાહન પ્રભુનાં દર્શન કરવા નીકળ્યો. પરંતુ પ્રભુનાં પગલાં જોયાં, અને તેની સમક્ષ પ્રભુવિહાર કરી ગયા હોવાથી શોકમગ્ન બનીને ઊભેલો હાથી જોયો. હાથીએ કમળનો ઢગલો કર્યો હતો તેથી જ પ્રભુનાં પગલાં દેખાઈ આવ્યાં. રાજાએ ત્યાં દેરાસર બાંધ્યું. કલિ અને કુંડની વચ્ચેનું સ્થાન કલિકુંડતીર્થ બન્યું. હાથી જીવ્યો ત્યાં સુધી પ્રભુની પૂજા કરતો રહ્યો.

કલિકુંડ પાર્શ્વનાથનો આ મૂળ ઈતિહાસ. આજે કલિકુંડતીર્થ નવાં દેરાસરનું નવું તીર્થ હોય તેવું નથી લાગતું. સૈકાઓથી વહી આવતી પવિત્ર અમૃતધારા આ તીર્થમાં સ્પંદી રહી છે. ઢળતી સાંજે દીવાઓની રોશની વચ્ચે પ્રભુનું ધામ અલૌકિક લાગે છે. અહીં ઊભા રહીએ છીએ તો મનમાં એવું સંવેદન થાય છે કે, હમણાં જ ધીમાં પગલે ગજરાજ આવશે, પ્રભુચરણે એ કમળોનો ઢગલો કરી દેશે. પ્રતીક્ષા કરવાનું ગમે છે. પ્રભુનાં દેરાસરમાં ઘંટારવ થાય છે તે પણ જાણે હાથીના બે ખભે ઝૂલતી ઘંટા વાગતી હોય તેવો ભાવ જગવે છે.

**(વિ. સં. ૨૦૬૧)**

૧૨

# ધંધુકા

**કાર્તક વદ ચોથ છાપરા**

ધોળકાથી ધંધુકાનો રસ્તો. હમણાથી સરકારે વ્યવસ્થાઓ ગોઠવી છે. પહેલા ગામનાં નામો પૂછવા પડતા. હવે દરેક ગામની બહાર સુવાચ્ય રીતે તેનું નામ લખ્યું હોય છે. ઑફિસના ટેબલ પર નૅમપ્લેટ હોય છે, તે રીતે. એક નામ રસ્તા પર વાંચ્યું : લોથલ. ઈસ્લામી લીલો નહીં પણ લીલો હરિયાળવો રંગ પાટિયાનો. અક્ષર ચમકદાર અક્ષરોમાં. અંધારામાં લાઈટની રોશની પડે તો ઝળકી આવે તેવો કલર. સૂરજનાં અજવાળે સાદું લાગતું પાટિયું. નામ આંતર્‌રાષ્ટ્રીય હતું, લોથલ. ભારત સરકારની સ્પેશ્યલ સર્વિસ આ જગ્યાને મળે છે. અંગ્રેજોએ હિંદુસ્તાનને સ્વતંત્રતાની સાથે ભાગલા આપ્યા. ભારતને અને પાકિસ્તાનને પોતપોતાની જમીનનો વારસો મળ્યો. લાહોર પાકિસ્તાનમાં ગયું તેની વેદના ભારતભરના શાયરો અને સાહિત્યકારોને થઈ હતી. કરાચીમાં તો આપણાં ચોમાસાં થતાં. પુરાતત્ત્વનિષ્ણાતોની વેદના અલગ હતી. હડપ્પા સંસ્કૃતિના ૫૦૦૦ વરસ જૂના અવશેષો, મોહેંજોદડોનાં નામે વિખ્યાત હતા, તે પાકિસ્તાનમાં ગયા. ભારતે મયૂરાસન અને કોહિનૂર પછી આ મોટી વસ્તુ ગુમાવી, ઐતિહાસિક અમીરાત. ભારતનું નામ ઉખાડી ચૂકેલી પાકિસ્તાનની ધરતી પરના અવશેષો માટે ભારતને શું ? સ્વતંત્ર ભારતમાં જ હડપ્પા સંસ્કૃતિના અવશેષો જોવા મળે તો પુરાતાત્ત્વિક ખોજ થઈ ગણાય. એક પુરાતત્ત્વવિદ્ હતા. એસ. આર. રાવ એમનું નામ. ગુજરાતનાં ગામડાં ખૂંદતા હતા. દરેક ગામની બહારની જમીનમાં તેમને હડપ્પાનાં પગલાં દેખાય. આભાસી હતી મહેનત.

વરસાદનાં ધોધમાર વાતાવરણમાં લોથલ આવ્યા. ચારેકોર પાણીની રેલંછેલ. ગામઠી ભાઈઓને હાથેથી ઠીકરું બતાવી પૂછ્યું : આવું કાંઈ મળે છે ? જમીનમાંથી નીકળે છે ? ગામડિયા લોકો કહે : પેલા ટેકરા પરથી બહુ નીકળે છે. રાવ ત્યાં પહોંચ્યા. વરસાદમાં ધોવાણ પામેલી જમીનમાં પ્રાચીન ભીંતો જેવા પાળા હતા. ઝટપટ હાથેથી માટીમાંની ઈંટ ઉપાડી જોઈ. કહ્યું : આ હડપ્પા કલ્ચરના અવશેષો છે. કેન્દ્રસરકારને ફાઈલો ભરાય તેટલો રિપોર્ટ અપાયો. ખોદ કામ ચાલ્યું. તેમાં ઘણી વસ્તુઓ મળી. નોંધપાત્ર વસ્તુ હતી મોતીના દાણા. બિલોરીકાચ લગાવીએ તો જ દેખાય તેવા ઝીણા. તેમાં કાણાં પાડેલાં હતાં - માળામાં પરોવવા માટે. એ મોતીઓ કાળી માટીમાં અલગ દેખાય તે માટે રીતસરની આંખો ખેંચાયેલી રાખીને તાકવું પડતું. આવું તો ઘણું નીકળ્યું. ઈ. સ. ૧૯૫૫થી ઈ. સ. ૧૯૬૨ સુધી કામ ચાલ્યું. ભાલપંથકનું સામાન્ય ગામડું ઈન્ટરનૅશનલ સ્પૅસ બની ગયું. ૪૮૦૦ વરસ જૂની સંસ્કૃતિનું ધારાધર લોથલ. ઈરાન, બહેરીન, ઈરાક સાથે વેપાર કરતું લોથલબંદર. ઈ. સં. પૂર્વે ૧૭૦૦માં મહાપૂરમાં નાશ. ઉત્ખનન પામીને ટેકરામાંથી બહાર નીકળી આવેલો ઈતિહાસ. લાલ ઈંટોનો મજબૂત ટીંબો. જૂના અવશેષો મળે છે તેના આધારે, જે ના મળ્યું હોય તેનું અનુમાન થાય છે. આપણને સાડાત્રણ કરોડ શ્લોક પ્રમાણ ગ્રંથસાહિત્ય આપી જનારા કલિકાલ સર્વજ્ઞ ભગવાન શ્રી હેમાચાર્યે અવતાર ધારણ કરીને ધંધુકાને પાવન કરેલું. તે ગામની દિશામાં પગ માંડતા આ સાડા ત્રણ કરોડની ઍવરેજ શોધવાનું મન થાય છે. સળંગ ૫૦ વરસ જો સર્જન ચાલ્યું હોય, સતત, તો પચીસ વરસે પોણાબે કરોડ થાય. ૧ પોઈન્ટ ૭૫. લગભગ બારવરસે ૮૭ લાખ. છ વરસે ૪૩ લાખથી વધુ. ત્રણ વરસે ૨૧ લાખથી વધુ. દર વરસે સાત લાખથી વધુ. છ મહિને સાડા ત્રણ લાખ લગભગ. દર મહિને ૫૦,૦૦૦થી વધુ. દર પંદર દિવસે ૨૫,૦૦૦. અઠવાડિયે ૧૨,૦૦૦. સાડાત્રણ દિવસે છ હજાર. લગભગ રોજના બે હજાર આશરે. બાર કલાકે ૧૦૦૦. છ કલાકે ૫૦૦. ત્રણ કલાકે ૨૫૦. દોઢ કલાકે ૧૨૫. પોણા કલાકે લગભગ ૬૨. પંદર મિનિટમાં ૨૦થી વધુ. સાડા સાત મિનિટમાં ૧૦ લગભગ. સવા ત્રણ મિનિટમાં અઢી. પીસ્તાલીસ સેકન્ડમાં સવા શ્લોક. આ અડસટ્ટે લખેલું છે. ફરી વાંચું છું. સંખ્યા ફેર થાય તેમ છે.



૧૮૦૦૦ દિવસનાં ૫૦ વરસ થયાં. સામે મૂકીએ સાડાત્રણ કરોડ શ્લોક. ઍવરૅજ રોજના ૧૯૪૪ શ્લોક થાય. દરકલાકે ૮૧ શ્લોક. દરમિનિટે એકથી વધુ શ્લોક. ૫૦ વરસ અને દર મિનિટનો એક શ્લોક, આ જુગલબંદી ખતરનાક છે. ધંધુકાએ આ જુગલબંદીને જનમ દીધો છે. ધંધુકાની હવામાં ઉત્ખનન કરવું છે. જે લાખો શ્લોકો અતીતમાં દટાઈ ગયા છે. તે શોધી કાઢવા છે. એક જરા સરખો અંદેશો પણ આવે તે જગ્યાએ મચી પડવું છે. દ્વાદશાંગીનાં બારમાં અંગનો વિચ્છેદ થયો છે. એ ફરી ના મળે. હેમાચાર્યભગવાનની રચનાઓ ઉચ્છેદ પામી છે, તેવું શાસ્ત્રવચન નથી. શોધીએ. મહેનત કરીએ. જરૂર મળે. પછી ધંધુકા પણ લોથલની જેમ જગતભરમાં ચમકી ઉઠે.

### કાર્તક વદ પાંચમ : ધંધુકા

ધંધુકાને હાઈવૅ કલ્ચર આભડી ગયું છે. ભાગોળ જડતી નથી. કૂવો હોય, તળાવ હોય, કાચો રસ્તો આઘે સુધી જતો હોય ને પાદરે વડલો ઝળૂંભતો હોય તો ત્યાં જઈને ઊભા રહેવું હતું. નાનકડા કલૈયા કુંવરની પગલીઓ રેતમાં ભૂંસાઈ નહીં હોય તેવો વિશ્વાસ હતો. વળાવવા આવેલી મા પાહિનીદેવીની સજળ આંખોમાં ટપકતો આનંદ આસ્વાદવો હતો. ભોળો અને રૂપાળો ચાંગદેવ છૂટા પડતા પહેલા ગૂંચવાયો હશે : માતાને પગે લાગ્યા વિના જુદા ન પડાય, મહારાજ સાહેબની હાજરીમાં માતાને વંદન શી રીતે થાય ? મહારાજ સાહેબે રસ્તો કાઢ્યો હશે કોઈ. હવે મા મૂંઝાઈ હશે : દીકરાનાં માથે હાથ મૂકાય ? ગુરુમહારાજની હાજરીમાં માતાએ દીકરાને વહાલથી ઊંચકી લીધો હોય. વાળ પસવારતા હિતશિક્ષા આપી હશે. અલબત્ત, મહારાજ સાહેબથી થોડે દૂર. પછી એને હળવેથી નીચે મૂક્યો હશે. મા રડી હશે ? ખબર નથી. ચાંગદેવ નહીં જ રડ્યો હોય. આ આખરી મિલન પછી ચાંગદેવ ચાલી નીકળ્યો હશે, જનનીથી અને જન્મભૂમિથી દૂર.

એણે ગુરુમહારાજની અપરંપાર કૃપા હાંસિલ કરી. ઉદયન મહેતાની ઊંચે તાકવાની તાકાત પર ગુરુમહારાજને વિશ્વાસ. ખંભાતમાં રોષથી ધમધમતા પિતાજી આવ્યા. પ્રેમના હથિયાર સામે હારીને પાછા ગયા. પછીનો ઈતિહાસ

જગપ્રસિદ્ધ છે. ધંધુકાથી ખંભાતનો પહેલો મુકામ. ખંભાતથી પાટણનો બીજો મુકામ. ચાંગદેવમાંથી મુનિ સોમચન્દ્રજી પહેલો મુકામ. મુનિમાંથી આચાર્ય હેમચંદ્રસૂરિજી મુકામ બીજો. શ્રી હેમાચાર્યની સાહિત્ય સાધનાની જેમ જ તેમની સંબંધો વિસ્તારવાની આવડત અજબ. સિદ્ધરાજ અને કુમારપાળ વચ્ચે કશો મેળ નહીં. હેમાચાર્ય પાસેથી બંનેને સંતોષ મળે. શબ્દોનું શાસન હૈમ હતું. અને હૈમ સિદ્ધ હતું. એક વ્યાકરણની જ વાત કરીએ તો પુસ્તકો ભરાય એટલી વિગતો ભેગી થાય. યોગશાસ્ત્રનું જગત અમાપ થઈને વિસ્તર્યું છે. કોશગ્રંથોની સીમા નથી બંધાતી. ત્રિષષ્ટિશલાકાનું કથાસત્ત્વ તો વાલ્મિકી અને કાલિદાસનું સંયોજન જ જોઈ લો.

કલિકાલસર્વજ્ઞ હોવું શું છે તે તો શ્રી હેમાચાર્યનાં ગ્રંથસાહિત્યના અભ્યાસ વિના નથી સમજાવાનું. વીતરાગસ્તોત્રનો આઠમો પ્રકાશ, અન્યયોગ-વ્યવચ્છેદ અને પ્રમાણમીમાંસાનું અઢળક અર્થ-તંત્ર. આ જુહારવાની બૌદ્ધિક અને આધ્યાત્મિક પાત્રતા બાંધવી રહે. અને સંબંધો વિસ્તારવાની આવડત પણ યાદ આવી રહે છે.

મરવાના વાંકે ભાગી રહેલા કુમારને રાજા થવાની ભવિષ્યવાણી દ્વારા માનસિક નવજીવન આપ્યું. રાજા થયા પછી કુમારપાળ ભૂલી ગયા સૂરિજીને. પાટણમાં શ્રી હેમાચાર્ય ખેલ કરતા હોય તેવી રીતે આગાહી કરીને કુમારને મરતો બચાવે છે. રાણીનાં મહેલમાં જવાની ના પાડી ઉદયને, મહેલ તૂટ્યો ને રાણી મરી. રાજા બચ્યો ને આ ભાવિના ભાખનારા સૂરિજીને બોલાવીને મળ્યો. ઉપકાર ઉપકાર લઈને જીવી જનારો કુમારપાળ પહેલી વખત તો ભૂલી ગયો. બીજી વખતનો ઉપકાર ભૂલી ન શકાય તેવો તીવ્ર હતો હેમાચાર્યનો. રાજા શરણાગત બન્યો.

કુમારપાળનાં માધ્યમે ભગવાન શ્રી હેમચંદ્રસૂરિજી મહારાજાએ અઢાર દેશોમાં અહિંસાનો ડંકો વગાડ્યો તે અત્યંત જાણીતું છે. રાજદરબારના પંડિતો અને સારસ્વતો સાથે સંબંધ, જંતરમંતરના જાણતલ દેવબોધિ સાથે સંબંધ, ગરીબ સાધર્મિક સાથે સંબંધ, કેટલાય દેવીદેવતા સાથે સંબંધ, ઉદયનમંત્રી સાથે સંબંધ,



એ જમાનાના ધુરંધર જ્યોતિષીઓ સાથે સંબંધ, ચારણો અને ભાટલોકો સાથે તો નજીકનો સંબંધ. ઉપરાંત તેજતેજના અંબાર સમા સંવિગ્ન સૂરિભગવંતો સાથે સંબંધ, પુરોગામી શ્રી હરિભદ્રસૂરિજી મહારાજા અને અનુગામી શ્રી યશોવિજયજી મહારાજાની ગ્રંથપ્રતિભા બેજોડ અવશ્ય. સંબંધપ્રતિભા તો એક હેમાચાર્યભગવંતની જ. સગી માતાનો સંબંધ કેવો નિભાવ્યો ? દીક્ષા તો આપી જ. અવાચક કરી મૂકે તેવી નિર્યામણા કરાવી.

ધંધુકામાં મોઢજ્ઞાતિના વારસદારો હશે. તેમના જૂના ચોપડા ઉખેળીને છેક હેમયુગ સુધી જવું છે. અથવા તો મોઢ જ્ઞાતિનો ઈતિહાસ મેળવીને પાહિની દેવીથી વિખૂટો પડતો તંતુ શોધી કાઢવો છે. મનમાં તો કેવા બધા તરંગો જાગી રહ્યા છે? આ ધંધુકામાં રહીને શ્રી હેમાચાર્યે કોઈ ગ્રંથ રચ્યો હશે ? તેમણે ધંધુકામાં ચોમાસાં કર્યા હશે કે ચોમાસું કર્યું હશે કે શેષકાળની સ્થિરતા કરી હશે. ધંધુકા દીક્ષા બાદ પહેલી જ વાર આવ્યા હશે ત્યારે સામૈયું થયું હશે ? ગામની ભાગોળેથી જ સામૈયું ચાલુ થાય. એ ભાગોળ પરનાં પગલાં કેટલી વારે ભૂંસાયા હશે ? રાજા કુમારપાળે પોતાના ગુરુની જન્મભૂમિમાં જોલીવિહાર નામનું દેરાસર બંધાવ્યું હતું અને મંત્રીશ્વર વસ્તુપાળ તેજપાળે જીર્ણોદ્ધાર કરાવ્યો હતો.

આજે ભાગોળ નથી. સામૈયાની સ્વાગતયાત્રાનો રૂટ જડતો નથી. સાંબેલાં કેટલા ? હાથી કેટલા ? સામૈયું કેટલું લાંબું ? બહારગામથી કેટલા મહેમાન આવ્યા ? સામૈયું કેટલા વાગ્યે ચડ્યું ને કેટલું ફર્યું ને કેટલા વાગે ઉતર્યું ? સંઘપૂજન કેટલા રૂપિયાનું થયું ? કેટલા માણસોની કુલ હાજરી થઈ ? શ્રીફળની પ્રભાવના હતી કે બુંદીના લાડુની કે પતાસાની ? કોઈ જવાબ મળવાના નથી ધંધુકા પાસેથી. છાપામાં સમાચાર છાપાયા નહોતા, તો પણ શ્રી હેમાચાર્ય ઈતિહાસમાં અમર છે.

**કાર્તક વદ છઠ તગડી**

હેમાચાર્યે જેટલું લખ્યું તેટલું ભાગ્યે જ કોઈ લખી શકે. ઔર ઈસસે ભી બડી બાત યે હૈ કિ - હેમાચાર્ય માટે જેટલું લખાયું છે તેટલું બીજા કોઈ પર લખાયું નહીં હોય. અંગ્રેજી, જર્મન, સંસ્કૃત, પ્રાકૃત, ગુજરાતી, હિન્દી અને મરાઠીમાં હેમાચાર્ય વિશે લખાયેલું છે. આ સિવાયની ભાષાઓમાં લખાયું હશે. જાણ નથી.

નાની ઉંમરે શ્રી હેમચંદ્રસૂરિજી મહારાજાનું જીવનચરિત્ર લાઈબ્રેરીમાંથી મંગાવ્યું. તો બુકમેનનો સવાલ આવેલો : ''કોણે લખેલું ? એમનું ચરિત્ર તો ઘણી ચોપડીમાં ઘણા લેખકોએ લખ્યું છે.'' તેમના વિશે લખાયેલાં પુસ્તકોનું List બનાવીએ તો લાંબું થાય. હેમાચાર્ય ભગવંતે પોતાના ગ્રંથ પર પોતે જ વિવરણ લખ્યું. તેમનાં ગ્રંથો પર આજ સુધી સંસ્કૃત વિવરણો રચાતા આવે છે. તેમના ગ્રંથનાં ઉદ્ધરણો ટાંકનારા ટીકાકારો અને ટીકાગ્રંથોની સૂચિ ખાસ્સી મોટી થવાની. તેમના ગ્રંથોના અનુવાદો અને વિવેચનો ગુજરાતીમાં ભરપૂર થયા છે, થતા રહેશે. તેમના એકએક ગ્રંથ પર ઉંડાણથી લખાયું છે. તેમના વ્યાકરણ વિશે લખાયું તેનો જ પાર નથી આવતો. જરા જુદી દૃષ્ટિએ વિચારીએ તો હેમચંદ્રાચાર્યભગવાને પોતાનાં સાહિત્યમાં જે જે ગ્રંથકારોને ટાંક્યા છે, તેમની સૂચિ પણ લાંબી થાય તેમ છે. મારી તપાસ તો કેવળ હેમાચાર્ય સંબંધી સાહિત્ય પર છે. તેમના વિશે લખાયેલું સાહિત્ય, તેમની પર ખોટા આક્ષેપો લખાયા છે ને તેના સાચ્ચા જવાબો લખાઈ ચૂક્યા છે. તેમની પર શ્લોકો લખાયા છે, क्लृप्तं व्याकरणं नवं જેવા. તેમની પર કાવ્યો રચાયા છે. તેમની માટે પ્રબંધો રચાયા છે. જિનશાસન આરાધના ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત થયેલો ગ્રંથ हीर स्वाध्याय મને ખૂબ ગમે છે. તેમાં શ્રીહીરસૂરિજી અંગેનું તમામ સર્જનસાહિત્ય સુવાંગ સંપાદિત છે. આવો મોટો ગ્રંથ બની શકે हेम स्वाध्यायનો. જ્યાં જેટલું લખાયું છે તે સંપાદિત કરી લેવાનું. તેમના ગ્રંથોનાં જેટલાં સંપાદન થયા છે તે દરેકની પ્રસ્તાવનાઓ પણ આમાં આવી જાય. તેમના વિશે લખાયેલા દરેક જીવનગ્રંથો પણ આવી જાય. તેમનાં સાહિત્યને મૂલવનારા થિસીઝ પણ આવી જાય. આ કામ ભગીરથ છે. ન કરો તો કશું અટકવાનું નથી. મારી લાગણી શ્રી હેમાચાર્યદેવજીની આ વિશેષતા પર ઓળઘોળ છે અત્યારે. તેમણે લખ્યું છે તે અખૂટ છે તો તેમની પર લખાયું છે તે લખલૂટ છે. તેઓ કલિકાલના સર્વજ્ઞ તો ખરા જ સાથોસાથ કલિકાલમાં સર્વજ્ઞાત હતા. તેમની પ્રસિદ્ધિની પહોંચ ભયંકર હદે લાંબી હતી, છે અને રહેશે.

**કાર્તક વદ સાતમ બરવાળા**

આજે સાહિત્યકાર કે લેખકને મોટું સન્માન મળે છે. શબ્દો પાસે ધાર્યું કામ લેનારાની પ્રતિભા મહાન હોય. તેનું ગૌરવ થવું જ જોઈએ. જીવન અલબત્ત, બોલાતા કે લખાતા શબ્દોથી નથી જીવાતું. વાણી અને વ્યવહાર કરતાં



વિશેષ તો વિચારણાના આધારે જીવન જીવાય છે. મીઠું બોલનારો દુશ્મન હોઈ શકે. પગે લાગનારો જ પીઠ પાછળ ખંજર મારી શકે. સુંદર શબ્દોમાં પ્રભાવક રજૂઆત કરવાની સારસ્વત કલા જિંદગીની અમીરાત છે. જરૂર. જિંદગી જુદી છે. તમારી ભીતરનું જીવન સાત્ત્વિક હોય, તમારા શબ્દો પર તમારી ભાવનાશીલ સાત્ત્વિકતાનો પડછાયો પડે. તમારું શબ્દજગત બાદ કરીએ તો પણ તમારું જીવન પ્રશસ્ય હોય તે તમારી ખરી ઓળખ છે. ખાસ તો સાધુજીવનમાં મારી આરાધના અને સાધના પહેલી છે. પછી મારું બાહ્ય જગત છે, મારો પ્રચાર છે, મારી પ્રસિદ્ધિ છે. મારાં જીવનનું લક્ષ્ય આ સાહિત્યસર્જન નથી, મારું લક્ષ્ય છે સમતાભાવનું સર્જન. મારું જીવન ખોખલું હોય અને કેવળ શબ્દોનાં જોરે મારો ડંકો વાગે તે મારી હાર છે.

ધંધુકા એ ચંદ્રાવતી છે. અહીં ચંદ્રને પહેલાં સોમનું રૂપેરી તેજ મળ્યું. એ ચંદ્ર પછી હેમનું પ્રતાપી તેજ પામ્યો. એ ચંદ્ર આસમાન માટે જન્મ પામેલો. ધરતીના ટુકડા પર બંધાઈ રહેવા એનો અવતાર નહોતો થયો. આ ચંદ્ર ચાંગદેવ બનીને ધંધુકામાં રમ્યો. રમતા રમતા પાટ પર બેસી ગયો અને જોતજોતામાં ગુરુનો વારસદાર બની ગયો. ધંધુકાની બહાર આજે ભાંગેલો રોડ છે. કાંકરાની રેલંછેલ છે. ખુલ્લા પગે ચાલનારાને એ વાગે છે. ભલે. ચાંગદેવ નીકળ્યો ધંધુકાથી, ત્યારે તો સુંવાળી માટી હતી ધંધુકાની બહાર. એમાં ચાલી રહેલા બાલુડાએ પોતાનાં પગલાં ભૂંસાઈ રહ્યા છે તે જોઈને વિચાર્યું હશે કે ''હવે હું એવું જીવન જીવીશ કે મારાં પગલાં આકાશમાં પડશે. એ પગલાં નહીં ભૂંસાય.'' હા. એનાં પગલાં ભૂંસાયાં નથી. એ બાલુડો આજે સાહિત્યજગતનો અવિચલ તારલો છે અને સાધનાજગતનો ઝળહળતો સૂરજ છે.

**(વિ. સં. ૨૦૬૧)**

## ૧૩

# શત્રુંજય : શાશ્વત અને અશાશ્વતનો સંગમ

**માગરસ સુદ-૬ : પાલીતાણા**

કલિકાલ સર્વજ્ઞ ભગવાન શ્રી હેમાચાર્યે ગિરિરાજને જોઈને જે વર્ણન કર્યું છે તેમાં જીવંત અનુભવ છે.

⁂ તળેટીની જમીન પર યાત્રિકોએ ફોડેલાં શ્રીફળનાં પાણીને લીધે કાદવ જામી ગયો છે. (ત્રિષષ્ટિ ૧-૬-૪૦૫)

⁂ પર્વતના પથ્થરો પર કેતકી, ચંપક, અશોક, કદંબ, બકુલની પરાગ રજ હવામાં ઉડતી આવીને પથરાઈ છે. (૧-૬-૪૧૩)

⁂ દૂર દૂર, ખભે લટકતા ઉજળા ખેસ જેવાં ઝરણાં વહે છે. (૧-૬-૩૯૮)

⁂ અહીં પોપટોને કેરીનાં ઝૂમખાં ચાખવા મળે છે. (૧-૬-૪૧૨)

⁂ આંબલીનાં વૃક્ષ પર વાંદરાઓનું ટોળું બેઠું છે. એમની પૂંછડીઓ મોટી સંખ્યામાં નીચે લટકતી દેખાય છે. તેને લીધે આંબલીનું વૃક્ષ-વડવાઈ ધરાવતું વડનું ઝાડ હોય તેવું લાગે છે. (૧-૬-૪૦૫)

આજે યાત્રા કરવા માટે તળેટીએ પહોંચીએ છીએ તો આવો નઝારો મળતો નથી. વિશાળ રંગમંડપ છે. આરસની છત છે અને આરસના સ્તંભો છે. મહાતીર્થના ખોળે હોવો જોઈએ તેવો જ દબદબો છે. તળેટીનો પવિત્ર પાષાણ ચાંદીના વરખ અને ફૂલોથી પૂજાયેલો રહે છે. મસ્તકથી સ્પર્શના કરવામાં એક ઈંટાળવી પાળી છે તે નડતી નથી. શોધું છું શ્રીહેમાચાર્યે બતાવેલાં શ્રીફળજળનો



કાદવ. યક્ષકર્દમની જેમ આ શ્રીફલકર્દમ. પથ્થરબંદ ફરસમાં એ મઘમઘતો કાદવ દબાઈ ગયો છે. જયતળેટીના રસ્તા પર વૃક્ષોની હારમાળા નથી, વન-વૈભવ નથી. સિમેંટ કલ્ચરની ધર્મશાળાઓ ઊંચી બનવા માંડી છે. રીક્ષા અને લક્ઝરી અને ટેક્સી અને મોટરગાડીઓ છે. શાંત વાતાવરણ નથી. રણકતા શ્લોકો સાંભળવા મળે તેવી શાંતિ નથી. પ્રૉફેશનલ સિસ્ટમને લીધે વ્યવસ્થા સુધરી છે, અવસ્થા બગડી છે. તળેટીના રસ્તા પર તીર્થની સંવેદના જગાડવી પડે છે. સહસા સ્ફુરતી આનંદધારાને ઢાંકી દે છે, ઍસ.ટી.ડીનાં પાટિયાં અને કેન્ટિન અને મીઠાઈઘરો અને કટલરી સ્ટૉર્સ અને ભેળપૂરીની દુકાનો. શ્રી હેમાચાર્ય આવ્યા ત્યારે કેવીક રમણીયતા હશે ? એમણે તો પહાડ ભાળ્યો હશે ને શ્લોકો વહી આવ્યા હશે. જો કે, તળેટીની નજીક પહોંચ્યા પછી તો બધું પાછળ રહી જાય છે. તીર્થભૂમિનો અહેસાસ જયતળેટીથી ખરા અર્થમાં શરૂ થાય છે. અસલ તો આદપુરથી જ ચડવાનું હતું. એ તળેટી બીજી યાત્રાના ફાળે જતી રહી છે આજે.

જયતળેટીની વાસ્તુરચના. નજર સમક્ષ નથી આવતું શ્રીનેમનાથ પ્રભુનું મંદિર. વિ. સં. ૧૧૭૬ કે ૮૬માં આશુક મંત્રીએ આ તળેટીમાં નેમિનાથ દાદાનું મંદિર બંધાવ્યું હતું. ગિરિરાજ સાથે શ્રીઆદિનાથદાદાની કથાઓ મુખ્ય રીતે સંકળાયેલી છે. ઈતિહાસનું એક ખોવાયેલું પાનું છે શ્રીનેમિનાથ દાદાની કથા. દ્વારકાનગરીના રાજકુમાર શ્રીનેમનાથજીનાં વખાણ દેવલોકના ઈન્દ્રે કર્યા. બે દેવો પ્રભુને પામર પૂરવાર કરવા માનવલોકમાં આવ્યા. દ્વારકાનગરીથી થોડે દૂર નવી નગરી રચી. પાંડવો આ નગરી પર આક્રમણ કરવા ગયા તો હારીને કેદ થયા. કૃષ્ણ પણ હારીને કેદમાં ગયા. સમાચાર નેમકુમારને મળ્યા. તે માયાવી નગરીની બહાર પહોંચ્યા. યુદ્ધ કરીને કતલ ચલાવવી નહોતી. શંખલંછનધર સ્વામીજીએ શંખનાદ કર્યો. દેવતાની તાકાતના હાજા ગગડી ગયા. દેવો બધું સમેટી નાઠા જાય દૂર. ઈન્દ્ર તાલ જોતા હતા. તે પ્રભુ પાસે આવ્યા. પ્રભુની માફી માંગી. પ્રભુ કાંઈ કહે તે પહેલાં ઈન્દ્ર ગુનો કબૂલીને વિનંતી કરવા લાગ્યા કે ‘મારે આપની ભક્તિ કરવી છે.’ પ્રભુએ વિનંતી સ્વીકારી. ઈન્દ્ર પ્રભુને પોતાનાં વિમાનમાં બેસાડી શત્રુંજય ગિરિરાજ પર આવ્યા. જુવાનજોધ ભગવાનને વિમાનમાં બેસાડીને આ રીતે ફરવા લઈ જનારા આ પહેલા ઈન્દ્રદેવ હશે. પ્રભુ સાથે ઈન્દ્ર ગિરિરાજને જુહારે છે. એક જગ્યાએ ઈન્દ્રે વિનંતી કરી કે ‘અમને

ગિરિવરનો મહિમા સમજાવો.' અને નેમકુમારે ગિરિરાજની કોઈ ભવ્ય શિલાની સાખે મધુરી દેશના ફરમાવી. ગૃહસ્થ અવસ્થામાં તીર્થંકરે નાની સરખી દેશના ઈન્દ્રમહારાજાને આપી હોય તેવું આશ્ચર્ય આ બાવીશમા તીર્થંકર ભગવાનનાં જીવનમાં બન્યું અને આ આશ્ચર્યનું સર્જન ગિરિરાજની ટોચ પર થયું. આ કથા લગભગ કોઈને ખ્યાલમાં નથી. બધાને દુહો યાદ છે : નેમ વિના ત્રેવીશ પ્રભુ આવ્યા વિમલ ગિરિંદ. આ દુહાનું તાત્પર્ય એ છે કે તીર્થંકર અવસ્થામાં ત્રેવીશ તીર્થંકરો જ પધાર્યા છે, નેમનાથદાદા નથી પધાર્યા. પરંતુ ગૃહસ્થ દશામાં તો નેમકુમાર ઠાઠમાઠથી આવ્યા જ છે. આશુકમંત્રીએ નેમનાથદાદાનું દેરાસર તળેટીમાં બંધાવ્યું તેની પાછળ આ કથાને અમર બનાવવાના મનોભાવ હશે. પ્રભુની કથા તો આપમેળે અમર હોય, મંદિર હોય કે ના હોય. આજે કથા તો શાસ્ત્રોનાં પાને જીવતી બેઠી છે. તળેટીમાં હતું તે નેમનાથપ્રભુનું જિનાલય ગાયબ છે. બીજાં દેરાસરો છે. તેમાં પ્રાચીન કોઈ નથી. તળેટીમાં પાલીતાણા છે તેમાં પહેલાં મંત્રી વાગ્ભટ્ટે કુમારપુર નામનું આખું ગામ વસાવ્યું હતું અને એ ગામમાં ત્રિભુવનવિહાર નામનું દેરાસર બંધાવીને તેમાં શ્રીપાર્શ્વનાથ ભગવાનની પ્રતિષ્ઠા કરાવી હતી. આજે કુમારપુર પણ અદશ્ય છે અને એ તળેટીમાં વસેલું ત્રિભુવન વિહાર - જિનાલય પણ કશે જડતું નથી. એમ તો તળેટીમાં મંત્રીશ્વર વસ્તુપાળે હિલોળા લેતું અફાટ, અગાધ સરોવર બંધાવ્યું હતું. સરોવરનું નામ હતું લલિતાસર. આ સરોવરની પાળે શ્રી મહાવીર સ્વામી ભગવાનનું દેરાસર હતું. આજે એ દેરાસર ને સરોવર ક્યાં છે તે બાબતમાં ભર્તૃહરિના શબ્દો છે. न जानीमहे । વીરબાઈની ધર્મશાળાની બાજુમાં ગલી છે તે એરિયાનું ટપાલ માટેનું સરનામું લખવું હોય તો 'તળાવમાં' આ શબ્દો લખાય છે. આટલું અમથું લલિતાસર આજે જીવે છે. તળેટી પર જે દેખાય છે તેની પછવાડે જે છૂપાયું છે તેનો પત્તો મળતો નથી. આ તળેટી પર કેટલા બધા સંઘો આવ્યા છે ? સૌથી પહેલો સંઘ શ્રી ભરત ચક્રવર્તી લઈને આવ્યા. અદ્‌ભુત હતો એ સંઘ. શ્રી આદિનાથ પ્રભુ પહેલા પૃથ્વીનાથ, પહેલા સાધુ અને પહેલા તીર્થંકર છે. પરંતુ પહેલા સંઘપતિ તો રાજા ભરત જ. સંઘનાં પ્રયાણ વખતે ખુદ આદિનાથ ભગવાને સંઘપતિને ચોખા અને વાસક્ષેપ નાંખીને આશીર્વાદ આપ્યા હતા. સંઘમાં ભગવાનનું મંદિર હતું તે સોનાનું હતું તે તો ઠીક. આ મંદિર ઈન્દ્રમહારાજાએ આપ્યું હતું. મંદિરમાં ભગવાન હતા તેય ઈન્દ્રપ્રદત્ત. સંઘનાં



પ્રયાણ વખતે રાજારાણીના કંઠમાં ઈન્દ્રમહારાજાએ માળા પહેરાવી હતી. ઈન્દ્રમાળ નામની વિધિ થાય છે તેનાં મૂળમાં આ ઘટના. સંઘ નીકળ્યો તેમાં ભરતરાજા સાથે વિશાળ પરિવાર હતો. રાજા ભરતના સવા કરોડ પુત્રો. ચોવીસ હજાર ને બોત્તેર પૌત્રો. એક લાખ હાથી. પાંત્રીસ લાખ ઘોડા. બાવીસ લાખ રથ. બત્રીસ લાખ રાજા. સવા કરોડ સૈનિકો, આવડો મોટો રસાલો ગામોગામ ફરતો ફરતો આ તળેટીએ આવ્યો હશે કે આતપુરની તળેટીએ તે પ્રશ્નનો જવાબ શોધવો નથી. આ સંઘનું આરોહણ શરૂ થયું હશે ત્યારે દશ્ય કેવુંક હશે ? આજે તળેટી છે તેમાં હજારોની જગ્યાના પણ સાંસા પડે છે. આ તો કરોડોની ભીડ. ઉપર ચડતા તો સૌ વિખરાય ને આગળ વધે. તળેટીએ ઘમસાણ જ મચે. એ દશ્યનો કશો અંદેશો આજની તળેટીએ આવતો નથી.

મને તો સિદ્ધવડ છે, ત્યાંની તળેટી ગમે છે. ભાંડવાના ડુંગરથી નીચે ઉતરો ને તળેટી આવે ત્યાં કોઈ જ બાંધકામ નથી. સાક્ષાત્ ગિરિરાજ નજરોમાં ભરાઈ આવે છે. જયતળેટીએ જિનાલયો અને દેરીઓ છે તે અનુપમ આલંબન છે તેની ના નથી. સાક્ષાત્ ગિરિરાજને નિહાળવાને બદલે આ મંદિરોને જોવાનો અર્થ એ થાય છે કે તમે શાશ્વત ભૂમિને બદલે અશાશ્વત શિલ્પને ભાળો છો. અશાશ્વત મંદિરો સો ટકા પૂજનીય છે. શાશ્વતીનો સ્પર્શ તો અલબત્ત, ગિરિરાજની ભોમને જ મળ્યો છે. તળેટીએ બેઠા બેઠા ગિરિરાજનો મબલખ વિસ્તાર નિહાળવા મળતો નથી, તેનું દુઃખ થાય છે. હેમાચાર્ય ભગવાને તળેટીમાં જોયેલો તે શ્રીફળકર્દમ પણ મળતો નથી. તેમણે વર્ણવેલો વૈભવ તળેટીનાં પવિત્ર મંદિરોની પાછળ છૂપાયેલો છે.

### માગસર સુદ-૧૦ : પાલીતાણા

શિખર પર સોનાનો સૂરજ રોજ ઉગતો. ગીચ ઝાડી હતી. અટપટી કેડી હતી તે જનાવરોએ આંકી હતી. આવરોજાવરો કોઈ જ નહોતો. અડાબીડ વનસૃષ્ટિમાં એક વૃક્ષ નોખું તરી આવતું. ઊંચું તો ખાસ નહોતું. પહોળું ઘણું હતું. એના થડ પરના આંકામાં નિત્યયૌવન વસતું હતું. ક્યારેક આ વૃક્ષમાંથી સફેદ પ્રવાહી ટપકતું. જમીન પર ધાબાં થઈ જતા. બીજા વૃક્ષોની જેમ આ વૃક્ષ પણ વંટોળની હવામાં ઝૂલતું. બીજા વૃક્ષોની જેમ આ વૃક્ષનાં પાંદડા પણ ઉડતા, પડતાં. જમીનસોતા થડમાંથી ઉપર તરફ નવી અને નક્કર શાખાઓ નીકળી હતી.

આદમીનો હાથ પહોંચે ત્યાં સુધી તો પાંદડા ઉગતા નહોતા. ઉપર ફેલાતી ઘટાઓમાં પાંદડાં પુષ્કળ હતાં, ભરચક નહીં. ફૂલો ખાસ ન આવતા. પાંદડાનો રંગ લીમડા જેવો ઘાટો લીલો નહિ. સૌન્દર્ય કે લાલિત્યમાં આ વૃક્ષને કોઈ માન મળે નહિ. આ વૃક્ષ વનરાજનો વિસામો નહોતું. હરણાઓની ગોદ બનવાનું ભાગ્ય આ વૃક્ષને નહોતું મળ્યું. પોપટ બેસીને ફળો ઠોલી ખાય તેવું દશ્ય આ વૃક્ષ પર સંભવિત ન હોતું. આ વૃક્ષની ડાળે પંખીઓ બેસતા અને કિલ્લોલ કરતા તે એક શોભાનું કારણ ખરું. ગુલાબના છોડ કે કદંબતરુ જેવી મોહકતા આ વૃક્ષની પાસે ના મળે. અને છતાં આ વૃક્ષમાં એક તીવ્ર આકર્ષકતા હતી. આ વૃક્ષની છાયામાં અજબનો ખુમાર મળતો. ભયાનક જંગલ વચ્ચે બેસેલું આ વૃક્ષ નિર્ભયતા આપતું. આ વૃક્ષની છાયામાં ડર લાગે જ નહીં. આ વૃક્ષમાં કશુંક અતીન્દ્રિય તત્ત્વ વર્તાતું. આ વૃક્ષનો દેખાવ સામાન્ય ભલે રહ્યો. આ વૃક્ષનું સાન્નિધ્ય અસામાન્ય હદે આહ્લાદ આપતું. આ વૃક્ષની સુગંધને ઢાંકી દે એવા કેટલાય વૃક્ષોની લાંબી હારમાળા પહાડ પર પથરાયેલી હતી. આ વૃક્ષે પોતાનો અળગો અવાજ છેક અયોધ્યા સુધી પહોંચાડ્યો હતો. ન કાગળ લખ્યો, ન કાસદ મોકલ્યો. કેવળ સુવાસ પાઠવી ને જવાબ અઢળક આવ્યો. આ વૃક્ષ માટે સાક્ષાત્ પ્રભુ આવ્યા. શેત્રુંજાના પહાડ પર જન્મ લેવાનું સદ્ભાગ્ય બધાય વૃક્ષોનું એકસરખું હતું. આ વૃક્ષ તો પહાડનો નવો જન્મ ઘડવા બેઠું હતું. આમ આ પહાડ અજાણ્યો હતો. અયોધ્યાનો રાજાધિરાજ આ પહાડની તળેટીએ આવ્યો. એની નજર આ વૃક્ષની દિશામાં હતી. વનરાજી વિસ્તરેલી હતી. ગુફા ઘણી હતી. ખીણમાં પથ્થરોના ગંજાવર ખાંચા ઓછા નહોતા. ઝરણા પાસે આદમકદની બખોલ મળી શકે તેમ હતી. વૃક્ષોની વાત કરીએ તો એક સે બઢકર એક વૃક્ષો હતાં.

અયોધ્યાથી આવેલા મહાન્ જોગીંદર તો સીધા શિખર તરફ ચાલી પડ્યા. ચાલો તો પગરવ પડઘા પાડે તેવી શાંતિ વચ્ચે જોગંદરે આ વૃક્ષને ખોળી કાઢ્યું. ત્યાં આવીને ધ્યાનમાં ઊભા રહ્યા. વરસોથી આ જ ઘટનાની પ્રતીક્ષા હતી વૃક્ષને. આ વૃક્ષનું નામ છે રાયણવૃક્ષ. સ્તવનોમાં ગવાયું છે તેમ - રાયણવૃક્ષ સમોસર્યા સ્વામી પૂર્વ નવાણું વાર. પ્રભુની ઉપસ્થિતિને પ્રભુની સ્પર્શના ગણીએ તો રાયણવૃક્ષને નવી પવિત્રાતા મળી. રાયણવૃક્ષતળે પ્રભુ ૬૯,૮૫,૪૪ ૦૦૦૦૦૦૦૦૦ વાર પધાર્યા. ધ્યાનમુદ્રા અને દેશના બંનેનો લાભ રાયણવૃક્ષને



મળ્યો. પ્રભુની શક્તિનું અમૃતસિંચન રાયણવૃક્ષના ખોળાએ સતત ઝીલ્યું. આજે આ રાયણવૃક્ષનાં તળિયે માર્બલની ફરસ છે. રાયણનાં પાન જમીન પર પડે અને હવાથી સરકે તો એનો ખખડધજ અવાજ થાય છે. માટી પર ઉગેલા ઘાસની સૌગાત રાયણે ગુમાવી છે. રાયણની ચોમેર માનવનિર્મિત વાસ્તુ છે. લીલી વાડીનો સથવારો રાયણ કને નથી. રાયણનાં નામે જ પ્રભુની આખી સૃષ્ટિ વસી છે અહીં. રાયણ એકલું હોવા છતાં તેને આ ગિરિરાજની સૌથી મોટી શક્તિ હોવાનું માન મળ્યું છે. શત્રુંજય માહાત્મ્ય લખે છે : 'સુરાષ્ટ્રદેશ સર્વ દેશોમાં ઉત્તમ છે. શત્રુંજયગિરિ સુરાષ્ટ્રદેશમાં ઉત્તમ છે. રાયણવૃક્ષ શત્રુંજયગિરિમાં ઉત્તમ છે.'

આજે શત્રુંજયગિરિની ટોચ પર રહેલાં શ્રી આદિનાથપ્રભુનાં જિનાલયને તીર્થની મૂળભૂમિ સમજે છે સૌ. આ જિનાલય અત્યંત પૂજનીય અને આદરણીય છે તેની ના નહીં. આ જિનાલય શાશ્વત નથી. રાયણવૃક્ષ શાશ્વત છે. શત્રુંજય માહાત્મ્ય લખે છે : અનંતા તીર્થંકરો અને કેવળજ્ઞાનીઓ આવ્યા અને આવે છે અને આવશે તે સૌ રાયણવૃક્ષની નીચે જ સમોસર્યા છે અને સમોસરશે. આ વૃક્ષ તીર્થથી પણ ઉત્તમ છે. આ રાયણવૃક્ષનું મૂળનામ રાજાદની છે. દેવાધિદેવ શ્રી આદિનાથ ભગવાનના ભવ્ય પ્રાસાદની પાછળના ભાગમાં રાયણવૃક્ષ છે. રાયણવૃક્ષની પ્રદક્ષિણા આપવામાં જગ્યાની સંકડાશ પડે છે. રાયણવૃક્ષની પાછળ ભમતીના ભાગનો ખૂણો પડે છે. ભમતી વળીને રાયણવૃક્ષને અડોઅડ હોય તેટલી નજીકથી પસાર થાય છે. આ ભમતીનું બાંધકામ જ ના હોય તો ? તો ખબર પડે કે રાયણવૃક્ષની જગ્યા શું છે. દેરાસર કે ભમતી કોઈ જ વાસ્તુનિર્મિતિ ના હોય તો રાયણવૃક્ષની પાછળ થોડે દૂરથી જ ઢાળ આવે. આગળ જોઈએ તો રામપોળથી છેક રતનપોળ સુધીનું ચઢાણ અથવા રતનપોળથી રામપોળ સુધીનો ઢાળ. આમ રાયણવૃક્ષની જગ્યા પર્વતનાં શિખરે છે. અનંત તીર્થંકરોની છાયા એક જ હતી આ રાયણવૃક્ષ. એ તમામ તીર્થંકરોની દેશનાની પર્ષદા પર છાંયડો હતો રાયણવૃક્ષનો. યુગલિકોનાં કલ્પવૃક્ષો પડતે કાળે કરમાયા. રાયણવૃક્ષ તો કદી ના કરમાયું. આ રાયણવૃક્ષનો મહિમા છે. રાયણવૃક્ષના પાંદડાં આપમેળે ખર્યા હોય તે જીવની જેમ જાળવવા જોઈએ, એમ માહાત્મ્ય કહે છે. આ રાયણવૃક્ષને સોનારૂપામોતીથી પૂજો તો સ્વપ્નમાં પણ શુભાશુભ ફળનાં સંકેતો આપે છે, એમ માહાત્મ્ય કહે છે. આ રાયણવૃક્ષની પૂજાથી ભૂત-પ્રેત-પિશાચના વળગાડ ઉતરી

જાય છે, એનાં પાંદડે પાંદડે, ફળે ફળે, અને ડાળે ડાળે દેવતાઓનો નિવાસ છે, એમ તો માહાત્મ્ય કહે જ છે. વિશેષ વાત એ છે કે 'રાયણવૃક્ષની સાક્ષિએ મૈત્રી બાંધવામાં આવે તો એ શાશ્વત બને છે અને મોક્ષપર્યંત ચાલે છે.' મને રાયણવૃક્ષની આ વિશેષતા ખૂબ ગમી. મૈત્રી અમૂલ્ય હોય છે. મૈત્રી પારદર્શી હોય છે. મૈત્રી ચિરંજીવ હોય છે. મૈત્રી એ પરિવારથી વિશેષ હોય છે. તીર્થંકરો સાથે અનંતકાળથી મૈત્રી બાંધીને બેસેલું રાયણવૃક્ષ શત્રુંજય ગિરિરાજનું મૂળનાયક પદ સોહાવી રહ્યું છે. શત્રુંજય ગિરિરાજ પૃથ્વીકાય છે અને રાયણવૃક્ષ વનસ્પતિકાય છે. બંને એકેન્દ્રિય છે. નવતત્ત્વમાં એમ ભણવામાં આવે છે કે એકેન્દ્રિય જાતિ નામકર્મ પાપતત્ત્વમાં આવે અને પંચેન્દ્રિય જાતિ નામકર્મ પુણ્યતત્ત્વમાં આવે. શત્રુંજય પર નવતત્ત્વની વ્યાખ્યામાં ગજબનાક અપવાદ ઉમેરાય છે. અહીં હજારો અને લાખો પંચેન્દ્રિયજાતિનામકર્મધારી આત્માઓ આવે છે અને એકેન્દ્રિયજાતિનામકર્મધારી આત્માઓને, પર્વતરાજને અને વૃક્ષાધિરાજને નમસ્કાર કરે છે. અલબત્ત, રાયણનાં થડને કઢંગાં લાકડાના ટેકા દઈને અને લોખંડની પટ્ટીઓ મારીને સૌન્દર્યની હાણ નોતરી છે આપણે.

**માગસર સુદ-૧૧ : પાલીતાણા**

ચક્રવર્તી ભરત દિગ્વિજય કરવા નીકળેલા. મ્લેચ્છ જાતિના રાજાઓને હરાવ્યા પછી ચક્રવર્તીનાં સૈન્યમાં રોગચાળો ફાટી નીકળ્યો. બે વિદ્યાધરમુનિઓ પાસેથી રાજા ભરતને ઔષધિ મળી. તેનાં જળ છાંટીને રાજાએ સૈન્યને તાજુંનરવું બનાવી દીધું. એ ઔષધિ કંઈ હતી ? કલ્પવૃક્ષનાં ફૂલો ? ના. એ ઔષધિ હતી રાયણવૃક્ષનાં થડ-ડાળ અને પાંદડાં.

બીજા રાજાઓનાં જીવનમાં પણ રાયણવૃક્ષે રોગપરિહારની ચમત્કારી કથા સર્જી છે. રાયણવૃક્ષની નીચે દેરી છે. તેમાં પગલાં છે. પગલાં પર ચાંદીનું પતરું મઢેલું છે. પગલાની પાછળની ભીંતે, દેરીમાં જ પટ ચીતરેલો છે. આ બધું જ અત્યંત પવિત્ર છે અને એકંદર અશાશ્વત છે. રાયણવૃક્ષ એકલું જ પહાડ પર એવું છે જેને શાશ્વતીનો પાવન સ્પર્શ મળેલો છે. એમ કહેવાય છે કે અલ્લાઉદ્દીન ખીલજીએ રાયણવૃક્ષ સાત વાર છેદી નાખ્યું તો સાત વાર પાછું ઉગી નીકળ્યું. ખીલજી હારી ગયો.

**(વિ. સં. ૨૦૬૧)**

૧૪

# શત્રુંજય : શા શા રૂપ વખાણું ?

**માગસર સુદ-૧૪ : પાલીતાણા**

પાલીતાણા આવ્યાને ખાસ્સા દિવસો થયા. બેઠા બેઠા લખીને યાત્રા કરું છું તો ચાલતા ચાલતા પગેથી યાત્રા કરું છું. ગિરિરાજનો મહિમા નિત્ય નવીન બનતો જાય છે. ભારતભરમાં શત્રુંજયના પટ અને શત્રુંજયની રચનાઓ મળે છે. ધાનેરા ભવનનાં ધાબેથી શેત્રુંજો જેવો દેખાય છે તેવો કોઈ પટમાં કે રચનામાં નથી દેખાતો. પહેલી નજરે બે બાજુથી ઉપર તરફ ઉપસી રહેલો પહાડ છે. ધ્યાન દઈને જોઉં છું તો રેખાઓ જુદી પડે છે. મારા ડાબા હાથ તરફ તળેટી છે ને તળેટીની ટેકરી છે. જમણી હાથે બીજી ટેકરીએ શેત્રુંજાનો બીજો છેડો સાચવ્યો છે. એ ટેકરીની પાછળ આતપુર બેઠું છે. આ બે ટેકરીની ટોચ પરથી મથાળું ઊચકતો વિશાળ પહાડ છે. છેક ઉપર એ પહાડ આભને અડકે છે ત્યાં છાલાકુંડ અને તેની બાજુએ સહેજ ઊંચે પદ્માવતી ટૂંક છે. તળેટી અને આતપુરવાળી બે ટેકરીની વચોવચ નાની ટેકરી ઉપસી છે. છાલાકુંડથી ઊભી ધારમાં એક ખીણ અંકાય છે તે તળેટીવાળી ટેકરી અને વચેટ ટેકરીની મધ્યમાં રેખાબદ્ધ રીતે નીચે આવે છે. આ ખીણની વચોવચ અટકીને ડાબે નજર કરું છું તો હીંગળાજનો હડો દેખાય છે. હડાની નીચે અને આઘે કુમારકુંડ દેખાય છે તેય ખીણની સમાંતર છે. પગથિયાની હારેહાર ચાલતા યાત્રાળુઓ દેખાય છે. છેક નીચે, ડાબી ટેકરીની નીચે-મધ્યમાં તળેટી છે. તળેટીથી ટેકરીનો ભાગ પૂરવ તરફ નીચે ઢળતો આગળ સુધી જાય છે ને ધરતીભેગો થઈ જાય છે. આ દેખાવમાં ન દાદાનું દેરાસર છે, ન નવટૂંક છે, ન નીચેથી ઉપર સુધી જતો નખશિખ રસ્તો છે. રચનાઓ અને પટો

શત્રુંજયનો જે દેખાવ બતાવે છે તે વાસ્તવિક શત્રુંજયને પાલીતાણાથી જોતા તો કયાય કશે જડતો નથી. રચનાઓ અને પટો બહુમતિમાં છે. મૂળ શત્રુંજય એકલો છે : લઘુમતિમાં. પણ જીત શત્રુંજયની જ થાય છે. યાદ આવે છે શબ્દો :

**એકાદ જણની હોય છે એવી બહુમતિ**
**આપે શિકસ્ત એકલા હાથે બધાયને**

**માગસર વદ-૨ : પાલીતાણા**

શત્રુંજય તીર્થ માટે લખવાનું મન છે. જૂનું સાહિત્ય લખાયું છે તે વાંચીને લખું તેમ વિચારી શત્રુંજય વિશે જેમાં જેમાં લખાયું છે તે ગ્રંથોનાં નામ શોધવા શરૂ કર્યા. પ્રબંધ ચિંતામણિ. પુરાતન પ્રબંધસંગ્રહ. પ્રબંધ કોશ. પ્રભાવક ચરિત્ર. વિવિધતીર્થકલ્પ. સુકૃતકીર્તિકલ્લોલિની. વસ્તુપાલચરિત્ર. સંઘપતિચરિત્ર. નાભિનંદન જિનોદ્ધારપ્રબંધ. શત્રુંજય-તીર્થોદ્ધાર પ્રબંધ, જગડૂચરિત. વર્ધમાન પદ્મસિંહ શ્રેષ્ઠી ચરિતમ્. આ નામો ઉપરાંત હજી ઘણાં નામો આવે છે. આત્મરંજન ગિરિરાજ શત્રુંજય. ઋષભદેવ ચરિત્ર. ઋષભપંચાશિકા. ઋષભરાસ. ઋષભશતક. નવાણું અભિષેકપૂજા. નવાણું પ્રકારીપૂજા. શત્રુંજય ઉદ્ધાર રાસ. શત્રુંજય કલ્પકથા. શત્રુંજય ગિરિરાજ દર્શન. શત્રુંજય ગિરિરાજ સ્પર્શના. શત્રુંજય ચૈત્યપરિપાટી. શત્રુંજયતીર્થદર્શન. શત્રુંજય તીર્થમાલા (એકથી વધુ). શત્રુંજય તીર્થોદ્ધાર સંગ્રહ. શત્રુંજય દિગ્દર્શન. શત્રુંજય દ્વાત્રિંશિકા. શત્રુંજય ગૌરવ ગાથા. શત્રુંજયપ્રકાશ. શત્રુંજયમાહાત્મ્ય. શત્રુંજયમાહાત્મ્યરાસ. શત્રુંજય માહાત્મ્યોલ્લેખ. શત્રુંજય લઘુકલ્પ. સમરારાસુ. સિત્તુંજકપ્પો. કુમારપાળ ચરિત. કુમારપાળ પ્રતિબોધ. જૈનતીર્થસર્વસંગ્રહ. હિંદુસ્તાનનાં જૈન તીર્થો. ૧૦૮ તીર્થ દર્શન. આટલાં નામો તો ૩૦ વરસ જૂનાં લીસ્ટમાં છે. અત્યારે આનાથી વધારે ગ્રંથો મળી રહ્યા છે. લૅટૅસ્ટ બુક છે : શત્રુંજય તીર્થ સોહામણું. આ છેલ્લી બુક વાંચ્યા પછી બે નિર્ણય કર્યા. શત્રુંજય માટે હવે નવું પુસ્તક મારે નથી લખવું, આ પહેલો નિર્ણય. બીજો નિર્ણય, શત્રુંજય માટે લખવું હોય તે ટૂંકમાં લખવું.



**માહસર વદ-૪ : પાલીતાણા**

વિ. સં. ૧૯૭૨માં મેહેતા પ્રેમચંદ બેહેચરદાસ સિદ્ધાચળનું વર્તમાન વર્ણન લખે છે. સિદ્ધાચલ અને પાલીતાણાને એક માનીને ચાલવામાં આવે છે. પાલીતાણા શાશ્વત નથી. વસાવેલું શહેર છે. સિદ્ધાચલજી શાશ્વત છે. શત્રુંજયતીર્થમાં આ શાશ્વત અને અશાશ્વત ભેગા થઈને જીવે છે. મેહેતા સાહેબ પાલીતાણાનાં બજાર માટે લખે છે : **કાપડના તમામ વેપારી જૈનો જ છે. ગાંધી કરિયાણાના ત્રણચાર દુકાનદાર સિવાય જૈનો જ છે. ઘી ગોળના સર્વે જૈનો જ છે. કપાસ, રૂ અને શરાફના ધંધાદારીઓ સઘળા જૈનો જ છે. અને બે-ત્રણ દુકાનો સિવાય મોદીખાનાનો ધંધો પણ જૈનો જ કરે છે. બાકી મણીઆરું, ફૂટ ને ગ્યાસલૅટ આદિ ધંધો કરનારા પરચુરણ થોડી સંખ્યા છે. દહિં, દૂધ, શિખંડ, દૂધપાક અને આંબારસ વગેરે વરહી પ્રમાણે કરી આપી વેચનારા ગામના અને બહારના મળીને પણ જૈનો જ છે.** મેહેતા સાહેબ, રાયબાબૂ ધનપતિ જૈન પાઠશાળાના માસ્તર છે. તે જમાનો ચોખ્ખી ભાષામાં લખી દેવાનો હતો. તેઓ બેધડક લખે છે : **પાલીતાણા માંહેના જૈનોમાં એક જ ઘર લક્ષદ્રવ્ય ધરાવે છે. દશ-વીશ હજારી પચીસ ઘર આશરે છે. પચાસ ઘર ઈજ્જત વ્યવહારેથી સુખી છે થોડો ભાગ સાધારણ સ્થિતિનો છે. ને કંઈક બાકીનો જે ભાગ રહ્યા તે તદ્દન નબળી સ્થિતિનો અંદરખાનેથી દુઃખી અવસ્થા ભોગવનારનો છે.** આજે પાલીતાણામાં જૈનો કેટલા છે તેની મને જાણ નથી. પાલીતાણા નિવાસી જૈનો તો દાદા આદીશ્વર ભગવાનના રખેવાળ છે. તેમનાં ઘરોમાં કોઈ જ ખોટ ના હોય તેની તમામ તકેદારી ભારતભરના શ્રાવકોએ રાખવાની હોય. દરેક વરસે પ્રભાવક રીતે થતાં ચાતુર્માસ અને નવાણુંયાત્રા - ઉપધાન જેવાં અનુષ્ઠાનોમાં પાલીતાણાના સાધર્મિકો સહાયની અપેક્ષા લઈને આવે છે અને આ વરસોથી જોવા મળે છે. પાલીતાણાના જૈનોમાં કોઈ કોઈ આર્થિક રીતે તંગી ભોગવતું હોય તેનો એક ધડાકે ઉપાય કરી આપતું વિરાટ આયોજન આજલગી કોઈને સૂઝ્યું નથી. આ પ્રશ્ન ઘણી રીતે વિચાર માંગે છે. અસ્તુ. મેહેતા સાહેબના જમાનામાં ધર્મશાળાઓ ઓછી હતી અને તેય વળી પગભર નહોતી. પાલીતાણામાં થનારા અનુષ્ઠાનોનું સુકાન શ્રી આણંદજી કલ્યાણજી પેઢીના હાથમાં રહેતું. મેહેતા સાહેબ આ અંગે મુદ્દા આપે છે : + **નવકારશીનું જમણ કરાવવા બદલ આણંદજી**

**કલ્યાણજી પેઢીને રૂ. ૨૬-૧૨.૨ પોણી સત્તાવીશ નકરો અપાય છે. વંડો અને વાસણ પેઢી વાપરવા આપે + સ્વામી વાત્સલ્યનો નકરો રૂ. ૧૫-૪-૦ સવાપંદર રૂપિયા છે. + નવાણું ટોળીનું જમણ, રૂપિયા ૧-૪-૦ સવા રૂપિયો નકરાનો આપી પાસ કઢાવેલ હોય તે જમવાની ડેલીનાં બારણે બતાવ્યાથી જમવા જવા દેવાય છે. વાસણાદિ મદદ વગેરેનો નકરો રૂ. ૮-૮-૦ સાડા આઠ રૂપિયા આણંદજી કલ્યાણજી પેઢીને અપાય છે.** આવા નકરાઓમાં છેલ્લો નકરો અફલાતૂન છે. પાલીતાણાની ધર્મશાળાઓમાં ટહેલ પાડનારો ટહેલિયો સાંજે નીકળતો હોય છે. જેની નોંધ મેહેતા સાહેબ આ રીતે લે છે : **કોઈ પણ પ્રકારનાં જમણવારનો તથા વ્યાખ્યાન, ભાષણ અને આંગી પ્રમુખનો સાદ પઠાવવો હોય તો સાદ પાડનારને ચાર આના આપવાનો રિવાજ છે. આ રિવાજ આણંદ કલ્યાણજી સિવાયનાને લાગુ જાણવો. જમણવારમાં સાદ પાડનારને જમાડવામાં આવે છે.**

આજે આ બધી વાતો ઉપર આશરે ૯૦ વરસનો જાડો થર ચડી ગયો છે. આ મેહેતા સાહેબ આજનાં સિદ્ધાચળનું વર્ણન લખવા બેસે તો એમની કલમ શેની શેની નોંધ લે ? બસ. વિચાર્યા કરવાનું છે. મેહેતા સાહેબ લખે : **આજે તો ધર્મશાળાઓની સંખ્યાઓ એટલી બધી વધી ગઈ છે અને દરેક ધર્મશાળામાં સુવિધા એટલી બધી મળે છે કે પેઢીની પાસે ખાસ જવું પડતું નથી. જોકે, ધર્મશાળા હોય ત્યાં મુનીમજીને ખુશ રાખવાનો વહેવાર ના હોય તો જ નવાઈ. તળેટીપર ભેળપૂરીનો ઉદ્યોગ ભરપૂર જામેલો છે. ભાથાખાતું હોવા છતાં આપણા જૈનોને આ હાટડીઓ પર ઊભા ઊભા સસ્તું ખાવામાં જ વધારે મજા આવે છે. શેરડીના રસના સંચા પર ઊભા રહીને રસ પીનારા કોઈ યાત્રાળુઓ એંઠાં મોઢે તળેટીને જુહારવા લાગે છે તેવું જોવામાં આવે છે. યાત્રા કરનારા માટે વેષભૂષાનો ધારો હમણાં ઘડાયો છે. તેનો અમલ કડકાઈથી થાય તો સારું. વિદેશી ગોરાઓ કૌતુક સંતોષવા ઉપર ચડે છે. તેમના દ્વારા આશાતના થતી હોય તે જોવાની જૈનોને ફુરસદ નથી કેમકે જૈનો દ્વારા થતી આશાતનાઓ કાંઈ ઓછી નથી.**

મેહેતા સાહેબ વળી આગળ નોંધી શકે છે : પાલીતાણામાં ડોળીવાળા, કામવાળી અને માળી વિના ચાલતું નથી. ડોળીવાળા વહેલી સવારની યાત્રાનો



સમય બીડીથી ગંધાતાં મોઢાં બતાવીને બગાડી મૂકે છે. એમની સાથે રકઝક અને ભાવતાલ કરવામાં યાત્રાનો સાત્ત્વિક આનંદ ધોવાઈ જતો હોય છે. પોતાની ધર્મશાળાના દરવાજેથી યાત્રાનો જોમ-જુસ્સો લઈને નીકળેલા યાત્રિકને આ ડોળીવાળા સાથે માથાઝીંક કરવી પડે છે તેને લીધે જુસ્સો હોય છે તેનું ગુસ્સો-માં ભાષાંતર થઈ જાય છે. યાત્રાળુની ભલમનસાઈનો ભરપૂર લાભ ઉઠાવતા ડોળીવાળા ન હોય તો યાત્રાઓ ઘટી જાય તે કબૂલ. આ ડોળીવાળાઓ વિચિત્ર રીતે પરેશાન કરે છે તે નોંધવું જ જોઈએ. સામાન અને બાળબચ્ચાને ઉપાડવા માટે બાઈઓ હાજર હોય છે. તેમની સાથે પણ ભાવતાલ કરવાના હોય છે. ડોળીવાળા અને બાઈને સાથે લેવાનું નક્કી થયા પછી કામ પતી જતું નથી. રસ્તામાં ચાલતા ચાલતા આ ડોલીવાળાઓ અને બાઈઓ પોતાની જીવનકથનીનો કરુણ વિસ્તાર પૂરી ઉદારતાથી અનાવૃત કરે છે. દયાની ભીખ માંગ્યા વિના પૈસાની મજબૂત ભીખ માંગવામાં આ લોકોનો જોટો જડે નહીં. અલબત્, દરેક બાબતમાં બને છે તેમ બધા જ ડોળીવાળા આવા નથી હોતા. સારા અને સેવાભાવી ડોળીવાળાઓ ઘણા બધા હોય છે. પણ અર્થશાસ્ત્રનો નિયમ છે - બધાને સારા માનીને ચાલ્યા કરવાથી નુકશાની ભોગવવી પડે છે.

ત્રીજી સત્તા છે માળીઓની. પાલીતાણામાં રોજ આશરે ૭૦,૦૦૦ ગુલાબોનો ફાલ ઉતરે છે. હમણાં સાત ઈંચ મોટું અને સાડા પંદર ઈંચનો વ્યાસ ધરાવતું ગુલાબ ઉગ્યું હતું. માળીઓની ગુલાબવાડીઓ રોહીશાળા અને આદપુરના રસ્તે પથરાયેલી છે. પાલીતાણાનાં ગુલાબની સુવાસ ઘેરી હોય છે. પાંદડી તરત ખરતી નથી. માળીઓ કલગી સરસ બનાવે છે. તમે એને ઈન્ડિયનબુકે કહી શકો. ડમરો અને પીળાફૂલ અને ગુલાબમાંથી બનતી કલગીની કેટલીય સાઈઝ હોય છે. વીંધીને માળા ન બનાવાય, બાંધીને બનાવાય તેવું આ માળીઓ સમજાવે. ગિરિપૂજામાં પગથિયે પગથિયે ફૂલ મૂકવાની આ માળીઓ ના પાડે. પગ નીચે ફૂલો આવી જાય ને એટલે. વસ્તુપાળના જમાનામાં પાલીતાણામાં માળીઓ હતા તેવા ઉલ્લેખો મળે છે. આપણે હાથીપોળ અને રતનપોળની વચ્ચે ફૂલોના ઢગલા જોઈએ છીએ તે નીચેથી ઉપર લાવવામાં માળીઓ પસીનો પાડે છે. યાત્રાળુઓ હોય અને ફૂલો વેંચાઈ જાય તો ઉત્તમ. કોઈ દિવસ યાત્રાળુ ના હોય તો આ માળીઓ પોતાના ખર્ચે દાદાને ૫૦૦

રૂપિયાનાં ફૂલ ઓછામાં ઓછા ચડાવે. બધા જ ફૂલ વેંચાઈ જાય તો માળીઓને રાજીપો. ફૂલો થોડા વેંચાયા અને થોડાં વધ્યાં તો ? માળીઓ એ ફૂલો લઈને નીચે ઉતરી જાય છે. તેમાંથી ગુલકંદ બને છે. ભગવાનને ચડેલાં ફૂલો નથી માટે એ ગુલકંદમાં વપરાય તેમ આ માળીઓ કહે છે. હાથીપોળથી વાઘણપોળના રસ્તે લગભગ ૪૦થી વધુ દેરાસરો છે. તેના ભગવાનની દૃષ્ટિ આ ફૂલો પર, જતાં પણ પડે છે અને આવતાં પણ પડે છે. એ ફૂલો ગુલકંદમાં વપરાય નહીં તેમ માળીને સમજાવીએ તો છીએ. એ સૂચનાનું પાલન કરવાની ખાતરી માળીઓ આપી શકતા નથી. જોકે, ડુંગર પર ન ગયા હોય તેવા અગણિત ગુલાબો દ્વારા ગુલકંદ બને છે. તે વેંચાય છે, દૂધના માવાની જેમ જ. એક અફવા મુજબ - ગિરિરાજ પર ભગવાનને ચડાવેલાં ગુલાબો બીજા દિવસે નિર્માલ્ય બનીને ઉતરી જાય છે તે પછી તેને ગુલકંદ માટે વાપરવામાં આવે છે. પૂજારીઓ અને માળીઓ આ અફવાને માન્ય ગણતા નથી.

આપણા મેહેતા સાહેબ, ડોલીવાળા, બાઈ અને માળી સિવાય પાલીતાણામાં બીજું શું શું યાદ કરાવી શકે ? બસ વિચાર્યા કરવાનું.

**માગસર વદ-૭ : પાલીતાણા**

અમદાવાદના જીઓથર્મલના નિષ્ણાત અવિનાશ બ્રહ્મભટ્ટનો ચોંકાવનારો અહેવાલ છે. ગુજરાતના સાત પહાડોની ઊંચાઈ વધી રહી છે. અલ્ટીમીટરથી ઊંચાઈના આંકડા માપીને રિપોર્ટ જારી કરવામાં આવ્યો છે. પાવાગઢ (પંચમહાલ), જાસોર (આબુ નજીક), ચોટીલા (સુરેન્દ્રનગર) વેણુ (બરડો), દાતાર (જૂનાગઢ), ગીરનાર (જૂનાગઢ) આ બધા પહાડોની ઊંચાઈ વધી છે તેમ શેત્રુંજય (પાલીતાણા) પહાડની ઊંચાઈ પણ વધી છે. સર્વે ઑફ ઇંડિયા રિપોર્ટમાં શેત્રુંજયની ઊંચાઈ ૪૯૮ મીટરની હતી. અત્યારે તે ૬૮૬ થઈ છે. વાર્ષિક છ ફૂટની ઊંચાઈ વધી છે. ધરતીના નીચલા પડમાં મૅગ્નૅટિક રૉક હોય છે તેનું દબાણ નીચેથી ઉપર આવે છે. સૌરાષ્ટ્રને નીચેથી હાઇડ્રોલીક ફેક્ચરીંગનું દબાણ સ્પર્શે છે. ભૂકંપ થાય તેની અંદરની અસર છેક પાલીતાણા સુધી પહોંચે છે. શેત્રુંજય ૧૬૩૩ ફૂટની ઊંચાઈ ધરાવતો પહાડ હતો તે આજે ૨૨૫૦ ફૂટની ઊંચાઈ ધરાવતો થઈ ગયો છે - એમ રિપોર્ટ દર્શાવે છે. ૬૧૭ ફૂટનો ધરખમ



ઉમેરો થયો છે. રોજ એક ચોખા જેટલો શત્રુંજયપર્વત ઘટી રહ્યો છે તેવું આપણે સાંભળ્યું છે. શાસ્ત્રકારોએ આ ગિરિરાજની લંબાઈ પહોળાઈને ધ્યાનમાં લીધી છે. તો ગુજરાત સરકારે આ પહાડની ઊંચાઈ માપવામાં સતત ધ્યાન રાખ્યું છે. માની ન શકાય તેવી વાત કરનારા અવિનાશ બ્રહ્મભટ્ટ તો ૧૬૦૦ કિલોમીટરનો ગુજરાતી દરિયાકિનારો ૧૭૦૦ કિલોમીટરનો બની ગયો છે તેવો ઘટસ્ફોટ કરે છે. મૂળ તો આ ધરતીકંપથી થનારા ભૂસ્તરીય પરિવર્તનની વાત છે. ગિરિરાજનાં શિખરીય પરિવર્તનની નોંધ શાસ્ત્રોમાં મળે છે. આપણે તેને ઉદ્ધારની ભાષામાં ઓળખીએ છીએ. આજે ગિરિરાજનાં શિખરે ઋષભદેવ ભગવાનનો ભવ્ય પ્રાસાદ છે તેનાં મૂળ ચક્રવર્તી ભરત પાસે પહોંચે છે. તે પ્રાસાદ હતો જ નહીં. ગિરિરાજનાં શિખરે રાયણવૃક્ષ હતું. રાયણવૃક્ષની છાંયમાં ઋષભભગવાનનાં પગલાં હતાં. ત્યાંકને ઈન્દ્રમહારાજા અને ભરતમહારાજાનો મેળાપ થયો. ઈન્દ્રે ભરતને કહ્યું : 'ભાવિ પેઢી ફક્ત પગલાં કાજે નહીં આવે. એમને મૂરતિની મોહિની લાગે તો આવે. તમે દેરાસર બંધાવો.' ચક્રવર્તી ભરતે બંધાવ્યો ત્રૈલોક્યવિભ્રમ પ્રાસાદ. એ ભવ્ય જિનાલયને ૮૪ મંડપો હતા. ચૈત્યવંદન કરવા માટે બેસીએ તે ઘુમ્મટતળેની વિશાળ જગ્યાને મંડપ કહે છે. ચૌમુખજી દેરાસર હતું. એક મૂર્તિ સમક્ષ ૨૧ મંડપ. ચાર મૂર્તિના ૮૪ મંડપ થયા. પૂર્વ દિશાના મુખ્યમંડપનું નામ સિંહનાદ, દક્ષિણનો મંડપ ભદ્રશાલ. પશ્ચિમનો મંડપ - મેઘનાદ. ઉત્તરનો મંડપ શ્રીવિશાલ. આ દેરાસરના લાખો ગોખલા હતા, જાળીઓ અને અટારીઓ હતી, અગણિત રત્નવેદિકાઓ હતી. મૂળનાયકપદે ચૌમુખજી પ્રતિમા હતા. તે સેંકડો સૂરજ જેવી રોશનીથી ઝળહળતા હતા. રત્નની મૂર્તિઓ આભાથી ભરી હતી. પ્રભુમૂર્તિની આસપાસ શ્રીપુંડરીકસ્વામી-ભગવાનની મૂર્તિઓ હતી. બીજી એક કાઉસ્સગમુદ્રાવાળી મૂર્તિ ભરાવી હતી તેની આજુબાજુ નમિવિનમિની મૂર્તિઓ હતી. ધર્મદેશના આપતી મુદ્રાની ચૌમુખ મૂર્તિ સમવસરણની રચના કરીને તેમાં બિરાજીત કરી હતી. અને પોતે આ ચૌમુખજીને જોઈ રહ્યા છે તેવી પોતાની મૂર્તિ મૂકી હતી. મૂર્તિઓ નાભિરાજા અને મરૂદેવાની હતી. મૂર્તિઓ બ્રાહ્મી અને સુંદરીની હતી. મૂર્તિઓ સુનંદા અને સુમંગલાની હતી. પોતાના બીજા બાંધવોની મૂર્તિઓ હતી. આગામી ત્રેવીશ તીર્થંકરોની મૂર્તિઓ હતી. આ મૂર્તિઓની પ્રતિષ્ઠા કરાવવા મહાત્માઓ પધાર્યા

હતા તેમાં કોણ કોણ હતું ? કેવલજ્ઞાની શ્રી બાહુબલિજી, શ્રીનાભગણધર, મહાત્મા નમિવિનમિ અને અનેક આચાર્યો. આજે પાલીતાણા દેવતાઈ નગરી છે. ભરતમહારાજાની નગરી નથી. ભલે. શ્રીપુંડરીકસ્વામીજી મોક્ષમાં ગયા અને શ્રીભરતમહારાજાએ જિનાલય બંધાવ્યું ત્યારથી શત્રુંજયગિરિરાજનો મહિમા વધતો જ રહ્યો. યાત્રાળુઓ અગણિતની સંખ્યામાં આવતા જ રહ્યા. આજે આપણે કાર્તક અને માગસરમાં પાલીતાણા હોઈએ કે ચોમાસામાં આષાઢ-શ્રાવણ કે ભાદરવામાં પાલીતાણા ગયા હોઈએ, અપરંપાર ભીડ દેખાય. શત્રુંજય સિદ્ધોની ભૂમિ છે. તે ઉપરાંત બીજી પણ મહત્ત્વની હકીકત એ છે કે : ભારતનું શ્રેષ્ઠ આરાધકધન હંમેશા શત્રુંજય ગિરિરાજના ખોળે હોય છે. તપસ્વીઓ અને દાનવીરો જાન રેડી દે છે ધર્મ કરવામાં. અહીં ધર્મશાળા સિવાયના જેટલાં અનુષ્ઠાન સંબંધી રસોડાઓ હોય તેમાં હિંદુસ્તાનના શ્રેષ્ઠ રસોઈયાઓ પોતાની તમામ રૅસિપી સાથે ભક્તિ માટે તૈનાત હોય છે. ઉછામણીઓ હરહંમેશ અભૂતપૂર્વ હોય છે. રેકોર્ડ થાય છે તે કેવળ બ્રેક થતા નથી, સતત રિબ્રેક થયા કરે છે.

પાલીતાણામાં વંટોળિયો વાય ને ધૂળ ઉડે તેમાં રેલાતી અને વેરાતી રજકણોની પવિત્રતાનું કોઈ માપ નથી. પાલીતાણામાં ઔદ્યોગિક વસાહતો નથી તેથી હવા અને પાણી ચોખ્ખા છે એમ કહેવું તે પાલીતાણાનું અપમાન છે. પાલીતાણામાં હવા અને પાણી પાવન છે. પાલીતાણાનો વાયરો ગિરિરાજને અફળાઈને આવે છે માટે ગમે છે. મેઘદૂતના શબ્દો : अङ्गं स्पृष्टं यदि किल भवेत् पूर्वमेभिस्तवेति ।

**(વિ. સં. ૨૦૬૧)**

❀ ❀ ❀

## ૧૫

# પાલીતાણા : આસમાની સુલતાની

**માગસર વદ-૯ : પાલીતાણા**

શત્રુંજય અને પાલીતાણાને એક માનીને ચાલવાનો ખોટો ધારો છે. પાલીતાણા ગામ છે. શત્રુંજય પહાડ છે. પાલીતાણા લોકવસતિ છે. શત્રુંજય દેવવસતિ છે. પાલીતાણા સ્ટેશન છે. શત્રુંજય તીર્થ છે. બંને વચ્ચે તંતુ છે. મૂળ શત્રુંજયનો મહિમા છે. શત્રુંજયને અડોઅડ હોવાથી પાલીતાણાના ભાવ બોલાય છે. પાલીતાણા ના હોય તો શત્રુંજયનું કાંઈ અટકવાનું નથી. શત્રુંજય ન હોય તો પાલીતાણાનું સમગ્ર અર્થતંત્ર હચમચી જાય. પાલીતાણા પર શત્રુંજયનો પડછાયો બારે માસ પથરાયેલો રહે છે. ફૂલના સંગે રહે તે સુવાસી તો બને જ.

શત્રુંજયની યાત્રા સાથે, પાલીતાણાનો ઈતિહાસ અનિવાર્ય રીતે સંકળાયેલો છે. પાલીતાણાની આસમાની સુલતાની સાથે શત્રુંજયની યાત્રાનો ખાસ્સો એવો સંબંધ રહ્યો છે. પાલીતાણા આ નામ સાથે બે શબ્દોનો સંબંધ છે. પાદલિપ્ત અને પાલીભાષા. આચાર્યશ્રી પાદલિપ્તસૂરિજી મહારાજા બાળમુનિ અવસ્થામાં કાંજી વહોરીને આવ્યા. તેમના ગુરુદેવ શ્રીનાગહસ્તિ મહારાજાએ પ્રશ્ન પૂછ્યો તેના જવાબમાં બાલમુનિએ રસાળ વર્ણન કર્યું. ગુરુદેવે નારાજગીમાં તેમની માટે ઉદ્ગાર કાઢ્યો : पलित्तोसि. બાળમુનિ આ શબ્દનો અર્થ ગળી ગયા. નવો અર્થ શોધી કાઢ્યો. કહ્યું : ‘તમારી કૃપાથી पादलिप्त બનું અને પગે લેપ લગાવી ગગનવિહારી બનું.’ ગુરુદેવ આ ચમત્કારી અર્થઘટનથી એકદમ રંજિત થઈ ગયા. આશિષ એવા મળ્યા કે પગે ૧૦૮ દ્રવ્યોનાં મિશ્રણનો લેપ લગાવી આકાશ માર્ગે ઉડતા. રોજ આ રીતે ઉડીને પાંચ મહાતીર્થોની યાત્રા કરતા. યોગી

નાગાર્જુને આ વિદ્યા તેમની પાસે માંગી. સૂરિજી બની ચૂકેલા બાળમુનિએ તેને દાદ ન આપી. સિદ્ધયોગીએ સૂરિજીના પગ પખાળી તેમાંથી ૧૦૭ દ્રવ્યો તો મેળવ્યા. પાણી સૂંઘીને ૧૦૭ દ્રવ્યોનું પૃથક્કરણ કરવાનું ગજબ કામ હતું. એણે માન્યું કે આ વિલેપન પૂરતું છે. પગે લગાવીને ઉડવા જાય તો થોડું ઉડીને કૂકડાની જેમ નીચે પટકાય. શરીરને જખમ થયા. સૂરિજીએ પૂછ્યું ત્યારે તેમને જાણ થઈ. નાગાર્જુનને બારવ્રતો અને પૂજા કરવાનો નિયમ આપી, ૧૦૮મું દ્રવ્ય બતાવ્યું. નાગાર્જુન ઉડતો થઈ ગયો. સૂરિજી સાથે શત્રુંજયની યાત્રા કરી. જીર્ણશીર્ણ દેરાસરોનો પૂરેપૂરો સમુદ્ધાર કર્યો. પહાડની તળેટીએ શહેર વસાવ્યું. નામ : પાદલિપ્તપુરમ્. આ ઘટના જાણીતી છે. પાદલિપ્તમ્-માંથી પાલીતાણા નામ સરળતાથી બની ગયું.

પાલીભાષાનો સંબંધ કૅપ્ટન લી બ્રાન્ડ જૅકૉબે The Palitana Jain case માં શોધી બતાવ્યો છે. The very name of place Palitana, or the place of palee language. બૌદ્ધધર્મના ત્રિપિટકો પાલીભાષામાં રચાતા હતા અને પાલીતાણા શહેરમાં બૌદ્ધધર્મનો વસવાટ લાંબો સમય રહ્યો હતો માટે આ શહેરને पाली-स्थानम् કહેતાં પાલીતાણા નામ મળ્યું. જોકે આ આપણને તર્કબદ્ધ ન લાગે. વાત ખોટી જ હોવી જોઈએ. પાલી ભાષાનાં ઘડતરમાં આ શહેરનું યોગદાન હોવાની વાત પોકળ લાગે છે. સાથોસાથ શત્રુંજયકલ્પ અને પ્રબંધકોશ એમ જણાવે છે : વિ. સં. ૭૭૪ પૂર્વે આ શહેર અને તીર્થ બૌદ્ધધર્મના કબજામાં હતું. વલ્લભીપુરનો રાજા શિલાદિત્ય બૌદ્ધ આચાર્યોનો ભક્ત હતો. તે સમયે ગિરિરાજના આદીશ્વર ભગવાન્ ગૌતમબુદ્ધ તરીકે પૂજાતા હતા. શ્રી ધનેશ્વર સૂરિજી મહારાજાએ રાજાને જૈનધર્મ પમાડ્યો. બૌદ્ધોનો તીર્થમાંથી કાયમી નિકાલ થયો.

દેવાધિદેવ શ્રી આદીશ્વર ભગવાનનાં ભવ્ય મંદિરનાં ગુંબજતળે ઊભા ઊભા વિચારું છું : આ જિનાલય બૌદ્ધનું ચૈત્ય બન્યું હતું ? આ ગભારો બૌદ્ધ સાધનાનું કેન્દ્ર હતો ? આ મૂર્તિનાં સ્થાને ત્યારે જે પ્રાચીન મૂર્તિ હશે તે ગૌતમ બુદ્ધ, તથાગત ભગવાન્ તરીકે કેવાં વિધિવિધાનોથી પૂજાતી હશે ? આ બૌદ્ધ અતિક્રમણ કેટલા વરસ સુધી રહ્યું હશે ? જવાબ જે પણ હોય તે કલ્પનામાં બંધબેસતો નથી.



**માગસર વદ-૧૦ : પાલીતાણા**

પાલીતાણા છોડીને પહાડ પર આરોહણ કરવામાં શ્વાસ ભરાય છે. તે ભલે. ગિરિરાજનાં પગથિયાં મને ખૂબ ગમે છે. એક સરખી કતારમાં ઊંચે ઊંચે ચાલી જતાં પગથિયાઓ મનમોજી વળાંક લે છે. વિ. સં. ૧૨૮૮માં મંત્રીશ્વર તેજપાળે તળેટીથી ટોચ સુધી અણઘડ પથ્થરોનો માર્ગ બંધાવેલો. ઇતિહાસમાં તેને 'સંચારપાજા' નામ મળ્યું છે. આજનાં આ પથ્થરનાં પગથિયાં ખૂબ બોલકા છે. તેની પર કાન ધરીને બેસું છું ક્યારેક. ઉપર કે નીચે યાત્રાળુ ન દેખાય ત્યારે પગથિયાં જૂની વાતો સંભળાવે છે. પગથિયાને પાલીતાણાની આસમાની સુલતાનીની ખબર છે. પગથિયાં છેક ઈ. સં. ૧૨૪૦થી કથા માંડે છે.

ઈ. સં. ૧૨૪૦માં શાહબુદ્દીન ઘોરીએ ભારત પર બેરહમ આક્રમણ કર્યું. ઈ. સં. ૧૦૦૧થી ઈ. સં. ૧૦૨૪ દરમ્યાન મહમદ ગિઝનીએ ભારત પર ૧૭ વાર ચડાઈ કરી હતી. છેલ્લી લૂંટમાં તે સોમનાથ પાટણથી ૨૦ લાખ સોનામહોર લઈ ગયો હતો. સાચા સોનાની અને વીસમણ વજનની વજનદાર સાંકળ, જે ઘંટ લટકાવવામાં વપરાતી તે ગિઝની લઈ ગયેલો. એના પડઘા શમે તે પહેલા જ ઘોરી આવ્યો હતો. તેની સામે હારેલા ઘણા બધા રાજાઓમાં એક હતો શિવજી રાઠોડ. તે હારીને ભાગી નીકળ્યો. પોતાનું ભગ્ન આત્મગૌરવ પાછું મેળવવા તેણે ખેરગઢના રાજા સેજકજી ગોહેલની સામે લડાઈ આદરીને જીત મેળવી. રાઠોડે જો ગોહેલ સામે લડાઈ કરી ન હોત તો પાલીતાણાનો ઇતિહાસ કદાચ, જુદો હોત. રાજસ્થાનના ખેરગઢમાં થયેલી લડાઈનો પરાજીત રાજા દેશવટો સ્વીકારીને પંચાલ-સોરઠ આવ્યો. અહીં જૂનાગઢના રા મહીપાલને ત્યાં એ કામે રહ્યો. બહુ ઝડપથી વિશ્વાસ જીતીને સેજકજીએ બાર ગામનો પટ્ટો ભેટમાં મેળવ્યો. સોરાષ્ટ્રની જમીન પર પગ સ્થિર કરીને તે ૪૦ ગામની હકૂમત ભોગવતો થયો. સેજકપુર નામનું ગામ વસાવ્યું. સેજકજીની દીકરી જૂનાગઢના રા મહીપાલને પરણી. સેજકજીના બે દીકરા સારંગજી અને શાહજી જૂનાગઢની રાજ્યસેવામાં રહ્યા. તેમને જૂનાગઢના રાજાએ હઠીલાની અને માંડવીની ચોવીશી (ચોવીસ ગામનો કસબો) ભેટ ધરી. ઈ. સં. ૧૨૬૦માં શાહજી માંડવી રહેવા આવ્યો. થોડાં વરસ પછી માધવમંત્રીનાં પાપે અલ્લાઉદ્દીન ખીલજીનો ભાઈ ઉલૂઘખાન અને વજીર નુસરતખાન ગુજરાત પર ચડી આવ્યા. કરણ ઘેલો હારીને

ભાગી ગયો. ઉલૂઘખાન ગુજરાતનો સૂબો બન્યો. તેનું એક થાણું માંડવીમાં સ્થપાયું. માંડવીમાં શાહજીનો દીકરો સરજણજી રાજ કરતો હતો. તે ત્રાસીને ભાગી નીકળ્યો. એ સીધો ગારિયાધાર આવીને રહ્યો. વંશવેલો વધતો રહ્યો. અરજણજી. નોંઘણજી, ભારોજી, બનોજી, સવોજી, હદ્દોજી. ૧૫૭૦. ગોહેલ કાંધાજી. ગારિયાધારમાં ગોહિલ રાજાઓ જામી પડ્યા. તેમની હકૂમતનાં પાલીતાણા આવી જતું હતું.

મુસ્લિમ આક્રમણનો સમયગાળો ખોફનાક હતો. મંદિરો તૂટતાં. મૂર્તિઓના ટુકડા થતા. કટ્ટર ધાર્મિકો હલાલ થતા. હજારોનું ધર્માંતર એકી સાથે થતું. પોતાનાં ગામમાં અને ઘરમાં પણ પૂરતી સલામતી નહોતી. બહાર ગામની તો વાત જ શું કરવી ? પાટણથી ગુજરાતની રાજધાની અમદાવાદ ફેરવાઈ. તેને લીધે પાલીતાણામાં નવા ફેરફાર થયા. પાલીતાણા અને શત્રુંજયનું તીર્થ તરીકે ધ્યાન રાખનારા ગોરજીની ગાદી પાટણમાં હતી. ઉદયપુરના તપાગચ્છાચાર્ય ગણાતા શ્રીપૂજ્યને પાટણથી અમદાવાદ જવાને બદલે પાલીતાણા આવવાનું વધુ ગમ્યું. એ ગાદી સાથે પાલીતાણા આવ્યા. એમની પાછળ એમને માનનારો વર્ગ આવતો જતો થયો પાલીતાણામાં. ખરતરગચ્છના જતિજીઓ, જેમનો અમલ જોધપુર, બીકાનેર, જેસલમેરના રાજાઓ પર હતો તેઓ પણ પાલીતાણા આવી વસ્યા. તપાગચ્છના ગોરજીએ છાલાકુંડ સામે મોટી ટૂંક પણ બંધાવી. સહીસલામત યાત્રા માટે મોટી સંખ્યામાં યાત્રાળુઓ સાથે નીકળતા. છરીપાલક સંઘો પાલીતાણા આવતા. ગામ અને પહાડની વચ્ચે હિલોળા લેતા લલિત સાગર સરોવરના કાંઠે તંબૂરાવટીઓની નગરી વસી જતી. પૂજારીઓ અને જુદી જુદી નાતના લોકોને ભરપૂર દાન મળતું. સંઘોને પોઠો જોઈએ. પાટણમાં અને ગુજરાતમાં પોઠનો સંઘરો બારોટ લોકો રાખે. ધંધામાં અને ધર્મમાં બારોટો પાસેથી પોઠ મેળવાતી. બારોટોને જૈનસંઘ સાથે નજદીકી નાતો રહેતો હોવાથી તેમને જીનસેવક તરીકેની ઓળખાણ મળી હતી. આવા બારોટ કુટુંબોમાંથી કેટલાક પાલીતાણામાં વસી ગયા. લડાયક શક્તિનાં જોરે આસપાસનાં બારગામો પર તેમની હકૂમત જામી ગઈ. મોટો શહેરો પર સતત થતાં આક્રમણોથી સાવ કંટાળેલા વ્યાપારીઓ અને વસવાયાઓ માટે નાનું શહેર પાલીતાણા તો ઠરીઠામ થવાની જગ્યા બની ગયું. વસતિ વધી અને યાત્રાળુઓ વધ્યા. આ સંયોગોમાં



જૈનસંઘને તીર્થની અને તીર્થના યાત્રિકોની સલામતીની સતત ચિંતા હતી. ક્યારે, કંઈ જગ્યાએ, કેવુંક આક્રમણ થાય તેનો ભરોસો રહેતો નહોતો. વિ. સં. ૧૭૦૧માં શાહજાદો ઔરંગઝેબ ગુજરાતનો સૂબો બનીને આવ્યો. તેણે કશા જ કારણ વિના અમદાવાદના નગરશેઠ શ્રી શાંતિદાસજીએ બંધાવેલું જાજરમાન શ્રીચિંતામણિ જિનાલય તોડીને તેનું મસ્જિદમાં રૂપાંતર કરી નાંખ્યું. સમગ્ર ગુજરાતનું આકર્ષણ કેન્દ્ર બનેલું આ જિનાલય અચાનક ખંડિત થયું તેનો ક્ષોભ ભારે પેદા થયો. કોમી હુલ્લડો પણ થયા. પાછળથી જોકે, બાદશાહ શાહજહાંએ શાહજાદા ઔરંગઝેબની બદલી કરાવી હતી. એ ભગ્ન મંદિર શેઠને પાછું અપાયું હતું. તેમાં રહેતા ફકીરોને કાઢી મૂકાયા હતા. પરંતુ સલામતી સમક્ષ સવાલ ઊભો થઈ જ ગયો. પાલીતાણામાં કડવા દોશી હતા. તીર્થના પૂરેપૂરો ખ્યાલ રાખતા હતા. વિ. સં. ૧૭૦૭ની સાલમાં દિલ્લીના બાદશાહનો સગો ઘોરી બેલમ પાલીતાણામાં રહેતો હતો. લોકોને રંજાડવામાં એને મજા આવતી હતી. અનાર્ય લોકોનું વર્તન ક્યારે જામગરીને ભડકાવી મૂકે તે નક્કી ના હોય. કોઈ સમાંતર તંત્ર ગોઠવવાની જરૂર જણાતી હતી. ઈ. સં. ૧૨૪૦માં ખેરગઢથી વિસ્થાપિત થયેલા ગોહિલવંશજોને ઈ.સં. ૧૭૦૭માં પાલીતાણાના પહાડ અંગેનું રખોપું સોંપવાનો કરાર થયો.

પગથિયાં પર બેઠા બેઠા આરામથી સાંભળી શકો તેવી કથા છે. કરાર થયા બાદ વાર્તા જે પલટો લે છે તે પગથિયાના વળાંક જેવો જ છે. અલબત્, પગથિયાં દાદાથી દૂર નથી જતા, ગોહિલવંશજો દાદાથી દૂર જતા હતા. પગથિયાં પાસેથી સાંભળવા મળે છે તે ઘેરી સ્તબ્ધતા ઊભી કરે છે.

**માગસર વદ ૧૧ : પાલીતાણા**

બેસીને જોયા કરવું હોય તો શ્રેષ્ઠ જગ્યા પગથિયાં જ. ગિરિરાજ પર બેસવા માટે પરબો અને વિસામા છે. ત્યાં બેસું તો ગિરિરાજનો સ્પર્શ અધૂરો લાગે. પગથિયાં તો ગિરિરાજના ખોળો જ. તેની પર બેસી પડવાનું. ઉનાળામાં આ પગથિયાં તપે. શિયાળામાં થીજે. વરસાદના દિવસોમાં પગથિયાં ધોધની જેમ નીતરે. રોજના અગણિત યાત્રાળુઓ આવે છે તેનો ઘસારો પગથિયાં પર વળતો નથી. પગથિયાં તો પથ્થરનો જીવ. એને કાળજું શાનું હોય ? એ તો બેધડક કથા

વર્ણવે છે. સાંભળતાં આંખો નીતરવા લાગે છે.

પહેલો કરાર શ્રીસંઘ અને ગારિયાધારના રાજા વચ્ચે થયો. વિ. સં. ૧૭૦૭. કાર્તક વદ તેરસ. તેમાં ગોહેલ કાંધાજી, ભારાજી, હીમરજી, બાઈ પદમાજી અને પાટમદે લખે છે – **'આમા શ્રી શત્રુંજીની ચોકી પહરું કરું છું. તથા સંઘની ચોકી કરું છું. તે માટેનો પરઠ કીધો છે.** ×××××× **શ્રી શેત્રંજઈ સંઘ આવી તેની ચુકી પહરું કરવો. જે સંઘ આવિ તે પાસે મલણું કરી લેવું તેની વિગત.** ×××× **એ કરાર બાપના બોલશું પાળવું તથા શ્રી આદિશ્વરની સાખી પાળવું. રણછોડજીની સાથી પાળવું** ×××.'

જૈનસંઘ વતી શાંતિદાસ શેઠ, રતન શૂરા હતા. રાજામાં અને પ્રજામાં શાંતિદાસ ઝવેરી તરીકે મોભો ધરાવતા શાંતિદાસ શેઠ બહુ સ્પષ્ટ હતા. પાલીતાણા રાજ્યની માલિકી ભલે ગોહિલ રાજાની હોય. પહાડ તો જૈનસંઘનો ગણવાનો હતો. શાંતિદાસ શેઠ પાસે વિ. સં. ૧૬૮૫-૮૬માં બાદશાહ શાહજહાંએ આપેલું શત્રુંજયની માલિકીહક્કનું ફરમાન હતું. ગોહિલનું રાજ તો ખંડિયા રાજ કહેવાય. દિલ્હીની આણ પ્રવર્તતી હતી. દિલ્લીનો રાજા શત્રુંજય પહાડ જૈન સંઘનો છે તેવું માને છે આ હકીકત રાજા અકબર, રાજા જહાંગીર, રાજા શાહજહાંએ ફરમાનો દ્વારા જાહેર કરી હતી. મુરાદ બક્ષ અને ઔરંગઝેબ પણ ભવિષ્યમાં આ પહાડની માલિકી સંઘની છે તેમ ફરમાન દ્વારા જાહેર કરવાના હતા. એટલે ગોહિલરાજાનું કર્તવ્ય દિલ્હી સરકારે જૈન સંઘને આપેલી ભેટનું રખોપું કરવાનું જ હતું. આ સ્પષ્ટતા જૈન સંઘનાં મનમાં હતી જ. આ કરાર પછીનાં ૧૭૦ વર્ષો દરમ્યાન યાત્રિકો ગિરિરાજ પર નિર્ભય હતા ? આ પ્રશ્નનો જવાબ સારો નથી, કડવો છે. ઈ. સ. ૧૭૯૫માં પાલીતાણાના દરબાર ગોહિલ ઉનડજીએ શિહોર પર ચડાઈ કરીને માર ખાધો. લાંબી રાજકીય ખટપટોમાં ઉનડજીની તિજોરી ખાલી થઈ ગઈ. ગોહિલરાજ ૪૨ ગામોમાં ફેલાયેલું પણ અડધોઅડધ ગામ તો ઉજ્જડ હતા. ઉનડજીની સેનામાં આરબો હતા તે ઉઘરાણું માંગે. રાજા પાસે ભરવાની હેસિયત નહોતી. પોતાનો ગરાસ નીપજાઉ નહોતો. રાજાની નજર ગિરિરાજ પર પડી. રાજાએ ઉઘરાણું વસૂલ કરવા આરબોને ગિરિરાજ ભળાવી દીધો. આરબોએ ગિરિરાજ પર અડ્ડો જમાવ્યો. એ લોકો દારૂ પીતા, શિકાર કરતા. યાત્રાળુઓ પર દાદાગીરી કરતા. પહાડ પર આરબોનો જ કબજો હોય તેવો વહેવાર કરતા. યાત્રાળુઓ દયાપાત્ર દશામાં મૂકતા. ઉપરાંત યાત્રાળુઓ પાસે કરની ઉઘરાણી થતી.

જૈન સંઘ વતી શ્રી મોતીચંદ અમીચંદ અને શ્રી હેમચંદ વખતચંદે ૩૦-૯-૧૮૨૦ના દિવસે મુંબઈના ગવર્નર માઉન્ટ સ્ટુઅર્ટ એલ્ફિન્સ્ટનને પત્ર લખ્યો તેમાં આ બધી ફરિયાદો રજૂ કર્યા બાદ ઉમેર્યું હતું કે 'આવાં કામો અમારા અનાદિકાળનાં પવિત્ર અને પ્રિય મંદિર આગળ થવા દેવા કરતાં, અમારી જાતને ખપાવી દેવા આરબોને અમારાં માથાં ધરી દેવાનું અમને વધારે યોગ્ય લાગે છે.'

આ જુસ્સાદાર નિરાશાનું કારણ એ પણ હતું કે પાલીતાણા રાજ્ય દ્વારા કર ઉઘરાવાનો શરૂ થયો છે તે જાણ્યા બાદ ભાવનગરના રાજાએ ઘોઘા અને ભાવનગર થઈને આવનારા યાત્રાળુઓનો પણ કર લેવાનું શરૂ કર્યું હતું.

આજની યાત્રાઓ કેટલી સરળ છે. હવે તો રેલ્વે સ્ટેશનના પાટા મીટર ગેજ બની ચૂક્યા છે. તો વૉલ્વો લકઝરીઓ સ્વીડનથી આવીને ભારતના રસ્તાઓ પર આંચકારહિત પ્રવાસ કરાવી રહી છે. જંગલોનું જોખમ નથી. લૂંટારાનો ભય નથી. કરવેરાની તો કશી જ માથાઝીંક નથી. એ જમાનામાં ગોહિલરાજાઓ થકી આરબોએ કાળો કેર મચાવ્યો હતો. તેમની સામે પગલાં લેવાની મુંબઈ સરકારને અરજી કરવામાં પ્રથમ પહેલી સહી કરનારા મોતીચંદ અમીચંદ કોણ હતા ?

ખડખડાટ હસતાં હસતાં પગથિયાં જવાબ આપે છે : ન ઓળખ્યાને ? અરે, આ તો શાહ સૌદાગર મોતીશા શેઠ. મોતીશાની ટૂંક બંધાવી ને, તે.

**(વિ. સં. ૨૦૬૧)**

१६

# પાલીતાણા : આસમાની સુલતાની

**માગસર વદ ૧૨ : પાલીતાણા**

તળેટીએ પહેલું પગથિયું મળે છે. રામપોળની સામે છેલ્લું પગથિયું ગણાય છે. આ બે પગથિયાની વચ્ચે પાલીતાણાનું આખું બજાર સચવાય છે. શિયાળામાં રામપોળનો દરવાજો સાડા છ વાગે ખૂલે છે. ઘોર અંધકારમાં નિર્ભીક રીતે પગથિયાઓ પરથી ચાલીને યાત્રાળુઓ ભીડ મચાવે છે. સાડા છ વાગે રામપોળનો દરવાજો ચોકીદાર ખોલે છે તે દ્વારોદ્ઘાટનની ઘડીએ શત્રુંજય અને પાલીતાણાની એકરાગ કથા વાયરામાં વહેતી થાય છે. શિયાળામાં વહેલી સવારનું મંગલ દ્વારોદ્ઘાટન જોવાનો મોકો પણ મેળવ્યો છે. રાહ જોતા ત્રણસો-ચારસો જણા બેઠા હોય. અંધારું પથરાયું હોય, ઘેરાયું ન હોય. બેસવા માટે કોઈ જગ્યા અછૂત ન હોય. બંધ કમાડની પછીતે ચોકીદારની ટૉર્ચ સળગે તેની રોશની તિરાડમાંથી બહાર ડોકાય. બધા હોંશભેર ઊભા થાય. દરવાજો ખૂલતાવેંત આજના દિવસના સૌથી પહેલાં દર્શન કરવાની મીઠી સ્પર્ધા જોવા મળે. રતનપોળ તો સાવ સૂમસામ હોય. દાદાનાં મંદિરે દીવા હજી થઈ રહ્યા હોય. પહેલો ઘંટનાદ અને પહેલી સ્તુતિ જે કરે તે જાણે જંગ જીતી ગયો.

પગથિયાં પર ધીમે ધીમે અજવાસ પથરાય. તડકો ઢોળાય ને બંધાય. યાત્રિકોના પગ પર પગ પડતા જાય. પગથિયાં પોરસાય. ડોળીવાળાની લાઠીઓ ઠોકાય તેનો પગથિયાં રણકો બનાવે. પગથિયાના ખાંચામાં બેસેલી ધૂળ કંકુતિલક જેવી રૂપાળી લાગે. પગથિયાં તો ગિરિરાજના દાગીના છે.



**પોષ સુદ-૨ : પાલીતાણા**

પાલીતાણા રાજ્ય અને શ્રીસંઘ વચ્ચે સંવાદિતા બની રહે તેમાં જ સંઘને રસ હતો. કાયમી વસવાટ કરનારા રાજાઓની ખુશાલી પર જ યાત્રાળુઓની પ્રસન્નતા અને સલામતી રહેતી હોય છે. આરબસેનાને ગિરિરાજની સોંપણી થઈ તેમાં વાતાવરણ બધી જ રીતે કલુષિત થઈ ગયું. મુંબઈ ગવર્નરને શ્રી સંઘવતી લખાયેલો પત્ર મળ્યો તેના બીજા દિવસે ૩૧-૮-૧૮૨૦ તારીખે મુંબઈ સરકારના ચીફ સેક્રેટરી ફ્રાન્સિસ વૉર્ડને કાઠિયાવાડના પોલિટિકલ ઍજન્ટ કૅપ્ટન બાર્નવેલને પત્ર લખ્યો. આ ફરિયાદ દૂર કરવા માટે શું થઈ શકે તેનો અહેવાલ મંગાવ્યો. કૅપ્ટન બાર્નવેલે મુંબઈ સરકારને જણાવ્યું તેમાં 'શ્રાવક કોમ પાલીતાણાના દરબારને વાર્ષિક રૂ. ૩૦૦૦ થી રૂ. ૪૦૦૦ યાત્રિકવેરા તરીકે ભરે' તેવી સૂચના હતી. રાજ્ય અને સંઘ વચ્ચે મતભેદને લીધે તંગદિલી હતી. મુંબઈ સરકારે પાલીતાણામાં લશ્કર દાખલ કરી શાંતિ સ્થાપવાનો વિચાર કર્યો હતો. મુંબઈ સરકારના સેક્રેટરી મિ. જે. બી. સિમ્સને કાઠિયાવાડના પોલિટિકલ ઍજન્ટ મેજર ઍફ. ડી. બેલેન્ટાઈનને પત્ર લખેલો તેમાં લેફ્ટન્ટ કર્નલ સ્ટેનહોપના હાથ નીચે રહેલી સેનાનો ઉપયોગ કરવાની સત્તા આપી હતી. તા. ૧-૧૦-૧૮૨૧ના રોજ શેઠ હેમાભાઈ વખતચંદે કૅપ્ટન બાર્નવેલને પત્ર લખી મુંડકાવેરાની રકમ નક્કી કરવાની માંગણી કરી. આ બધી ગતિવિધિઓના નિષ્કર્ષરૂપે સને ૧૮૨૧નો બીજો કરાર થયો. બ્રિટીશ સરકારની દરમ્યાનગીરીવાળો આ પહેરો કરાર હતો. આ કરારમાં દસ વરસ સુધી દર વરસે ૪૫૦૦ રૂ. રખોપાની લાગત તરીકે ગોહેલ રાજાને ચૂકવવાનું નક્કી થયું. ગોહિલ રાજા કાંધાજી અને કુંવર નોંધણાજીએ બ્રિટીશ સરકારને વચન આવ્યું તેના શબ્દો.

**શ્રી સરકાર હંનરાબલ કુંપની બહાદુર નીસવત આજમ કપતાન બારનવેલ સાહેબ પુલેટીકલ ઈજંટ પ્રાંત કાઠીઆવાડની વિદમાને તેમોને આપું છે તે ઉપર લખા પ્રમાણે દર સાલ વરસ ૧૦ સુધી ભરતા જજો. સંઘ અગર પરચૂરણ લોક જાત્રાને આવસે તેની ચોકી પોરાની ખબરદારી અમે સારી પેઠે રાખીશું.** વગેરે. વિ. સં. ૧૭૭૮ માગસર સુદ પૂનમે ૯-૧૨-૧૮૨૧ તારીખે આ કરાર થયો. આ કરાર ઈ. સં. ૧૮૬૦ સુધી અમલમાં રહ્યો. ચાલીસ વરસ

સુધી લગભગ.

કરારમાં રાજવી કાંધાજી અને પાટવીકુંવર નોંધજીનાં નામો છે. તે બંનેને ઊભું બનતું નહોતું. પાલીતાણા રાજ્ય દેવાદાર થઈ ગયું તેમના અણબનાવમાં. તેને લીધે પાલીતાણા રાજ્ય શેઠ હેમાભાઈ વખતચંદને રૂ. ૪૨૦૦૦ની રકમથી ગિરવે મૂકાયું. દસ વરસ માટેનું ગિરોખત પાછું વીસ વરસ લંબાયું. સને ૧૮૪૩માં પાલીતાણા રાજ્ય ગિરોખતમાંથી મુક્ત થયું. ગોહિલ રાજાઓને આ બીજા કરાર દ્વારા મળતી રકમ ઓછી લાગતી હશે કે પોતાની સત્તા પર બંધન લાગતું હશે ? ગમે તેમ, પરંતુ તેમણે ફરિયાદ શરૂ કરી હતી. બીજા કરારમાં શબ્દો હતા : **તથા અવધ પુરી થયા પછી કરાર પ્રમાણે રૂ. આગળ સાલ આપસો તાં સુધી ચાલુ પાલીશું.** કરાર પ્રમાણે મતલબ કે દસ વરસ પછી પણ જેટલા વરસ ૪૫૦૦ રૂ. મળશે તેટલા વરસ કરાર મુજબ જ વર્તીશું. પરંતુ ગોહિલ રાજાને આ શબ્દો સામે વાંધો હતો. તેમને બીજો કરાર દસ વરસ પૂરતો જ છે તેવું પૂરવાર કરવું હતું. દસ વરસ પછી જે કરવાનું છે તે બધું નક્કી કરવાનું બાકી છે તેવી રાજાની રજૂઆત હતી. બ્રિટીશ સરકારે ગોહિલ રાજાની આ વાતને સ્વીકારી નહીં. કેમ કે આખું લખાણ સળંગ હતું. કરારમાં પાછળથી ઉમેરણ થયું હોય તેવી કોઈ જ નિશાની નહોતી, જે રાજાનું કહેવું હતું. ૧૮૨૧નો કરાર ચર્ચાસ્પદ બન્યો તે ગોહિલ રાજાની જીત. જોકે, બીજો કરાર ૧૮૮૮માં પૂરો થયો ત્યારે આ કરાર વધુ દસ વરસ માટે ચાલશે તેવી સત્તાવાર ગોઠવણ પણ થઈ જ હતી. બીજા દસ વરસ પછી પણ દરવરસે ૪૦૦૦ રાજાને ચૂકવાતા હતા. બાકીના ૫૦૦ની ચૂકવણી ભાટ અને રાજગોરને સંઘ તરફથી થતી. ગોહિલ રાજાને આ બીજા કરાર અંગે ફરિયાદ હતી તેના પરિણામે બ્રિટીશ સરકારનાં તંત્ર દ્વારા ત્રીજો કરાર અમલમાં આવ્યો. તેમાં રાજા માટે ફાયદાની વાત હતી.

સંઘ પાસે મુગલ બાદશાહોનું ફરમાન હતું તે એકમાત્ર પુરાવાના જોરે જૈનો શત્રુંજયના પહાડને પોતાની માલિકીનો ગણાવે છે આમ કહીને - મેજર કીટીંજે પોતાની રજૂઆતમાં ઉમેર્યું હતું કે ઈ. સં. ૧૬૫૭માં શાહજહાને પહાડ ભેટમાં આપ્યો ત્યારે તેનું વર્ચસ્વ હતું કે કેમ તે પ્રશ્ન વિચારવો જોઈએ. આ ઉપરાંત સને ૧૮૦૮માં બ્રિટીશ અમલ મજબૂત બનવા લાગ્યો ત્યારે



કાઠિયાવાડમાં ગોહિલ રાજા પાલીતાણા પર રાજ્ય કરતા હતા અને પહાડના યાત્રાળુ પાસેથી કર ઉઘરાવતા હતા. આવા ઘણા બધા મુદ્દાઓ ધ્યાનમાં લેતા પાલીતાણાના રાજાને વેરો ઉઘરાવવાનો હક છે તે પૂરવાર થાય છે. ૧૮૨૧ના કરારમાં જે રકમ ૪૫૦૦ની હતી તે હવે ૧૦,૦૦૦ રૂ.ની કરવી. ૧૮૨૧નો કરાર કાયમી નથી માટે તેમાં ફેરફાર થાય તે ખોટું નથી. પાલીતાણાના ઠાકોર પોતાની ભૂમિના રાજકર્તા છે અને તેમને ૧૮૨૧ના કરાર માટે ફરિયાદ છે. સને ૧૭૮૮ અગાઉ રાજા કર ઉઘરાવતા હતા, યાત્રાળુવેરો. તેની રકમ શું હતી તે તો ખબર નથી. ૧૭૫૦નો કરાર મલણું, નજરાણું કે વળાવાની નાની રકમ સંબંધી છે. રાજાના ચોપડા વાંચ્યા બાદ એમ લાગે છે કે સરેરાશ યાત્રાળુ દીઠ રૂ. ૨-૦૦ જેટલો આશરે કર હશે. આટલું વિચાર્યા બાદ નિર્ણય એ કરવાનો છે કે ઠાકોરને મળતી રકમ દર દસવરસે ફેરફાર પામી શકે છે. ૧૮૬૪ની પહેલી જાન્યુઆરીથી જાત્રાળુવેરા બદલ રૂ. ૧૦,૦૦૦ ચૂકવવાના રહેશે.

કીટીંજ સાહેબે ૫-૧૨-૧૮૬૩માં આ ફેંસલો આપ્યો છે. તેને બંને પક્ષની સહી કરીને કરારનું સ્વરૂપ આપવાનું હતું. જૈનો દર દસવરસે રકમ બદલાય તેમાં અને આ આખી રજૂઆતમાં સંમત નહોતા. જૈનોએ કરારમાં સહી કરવાનું સ્વીકાર્યું નહીં. એકલા રાજાની સહી કામ ન લાગે. માટે કીટીંજ બાબુની સહીથી આ ત્રીજો કરાર સત્તાવાર બન્યો. જૈન સંઘ તરફથી આણંદજી કલ્યાણજી પેઢીએ મુંબઈના ગવર્નર સમક્ષ બે અપીલ કરીને આ ફેંસલાનો વિરોધ કર્યો. તેમ જ ૧૮૨૧નો કરાર જ ચાલુ રાખવાનો આગ્રહ રાખ્યો. મુંબઈ સરકારે કીટીંજના ફેંસલાને જ મંજૂર રાખ્યો. શ્રીસંઘે મહારાણી વિક્ટોરિયાને અપીલ કરી. તેમણે પણ કીટીંજની રજૂઆતને જ બહાલી આપી. જૈન સંઘે આખરે ૧૦,૦૦૦ની રકમ ભરવાનું સ્વીકાર્યું. સને ૧૮૮૧ સુધી આ રકમ ભરાતી આવી હતી.

સને ૧૮૮૦માં દરબારને વ્યક્તિગત મુંડકાવેરો ઉઘરાવવાની ઈચ્છા થઈ. સને ૧૮૮૧માં તેમણે યાત્રાળુદીઠ વેરો ઉઘરાવવો પાલીતાણા રાજ્યે શરૂ કર્યો. કર્નલ કીટીંજના ફેસલામાં આવતી કૉલમનો દરબારે આબેહૂબ ઉપયોગ કર્યો. પેઢી અને શ્રીસંઘે મુંબઈના ગવર્નર સર જેમ્સ ફર્ગ્યુસનને વિસ્તૃત અરજી કરી. તેમાં આ મુંડકાવેરા સંબંધી ફરિયાદ કરી હતી. આ ફરિયાદ કર્યાને ચાર વરસો વીતી ગયા. મુંડકો ઉઘરાવવાનું અટક્યું નહીં. બહારગામના યાત્રાળુઓ

પાસેથી રૂ. ૨-૦૦ની રકમ લેવાતી. પાલીતાણાના રહેવાસી યાત્રાળુ પાસેથી રૂ. ૫-૦૦ની રકમ લેવામાં આવતી. શાંતિદાસ શેઠના વંશજો, પૂજારીઓ અને પગારદાર નોકરો, રાજાના પરિવારજનો અને નોકરોને મુંડકાવેરો ભરવાનું બંધન નહોતું.

ગોહિલ રાજાઓના પ્રતિનિધિઓએ ગામ-પરગામના યાત્રાળુની ઉપર જાણે હક જમાવ્યો. યાત્રા કરવા બદલ આજે સંઘપૂજન થાય છે, દૂધે પગ ધોવાય છે અને ભાતાનો પાસ આપવામાં આવે છે. ગોહિલ રાજાએ યાત્રા કરવા માટે રૂ. ૨-૦૦ અથવા રૂ. ૫-૦૦ ભરવાની દાદાગીરી ચાલુ કરી. સળંગ ચાર વરસ સુધી ગિરિરાજના યાત્રાળુઓ પાસે આ ટૅક્સ લેવાતો જ રહ્યો. કેવા કમનસીબ એ દિવસો હશે ? ભક્તિની ભાવનાને એક મજબૂરી બનાવી દીધી હતી ગોહિલરાજાએ. એ દિવસો, મહિનાઓ, વરસો કેટલા લાચાર હશે ?

પગથિયે બેઠા બેઠા વિચારું છું. ગિરિરાજ સંઘની માલિકીમાં હતો. તેની પર રાજાનો હક નહોતો. અને રાજા હક જતાવીને યાત્રા કરવાના સબબ પૈસા ઉઘરાવતો હતો. પગથિયાં બોલતા બોલતા અટકી જાય છે.

**પોષ સુદ ૪ : પાલીતાણા**

રખોપાનો બીજો કરાર ગોહિલ કાંધાજી (ચોથા)ના સમયમાં થયો. ત્રીજો કરાર થયો ત્યારે સૂરસિંહજી ઠાકોરની સત્તા હતી. રૂ. ૧૦,૦૦૦ ભરવાનો સરકારી ફૅંસલો સંઘને મંજૂર નહોતો. સરકારના ચોપડે પોતાનો વાંધો ઊભો રાખીને સંઘે ૧૦,૦૦૦ રૂ. ભરવાનું સ્વીકાર્યું હતું. સને ૧૮૮૧થી નિયમિત રીતે મુંડકાવેરો ઉઘરાવાતો હતો તેની સામે પેઢીએ મુંબઈના ગવર્નર સર જેમ્સ ફર્ગ્યુસનને વિસ્તૃત અરજી કરી. પેઢીની ફરિયાદ એ હતી કે દરબારે વેરો ઉઘરાવાનું શરૂ કર્યું તેના છેક સાત આઠ મહિના બાદ પેઢીને તે અંગેની જાણકારી આપવામાં આવી હતી. એ વેરાને લીધે યાત્રાળુઓ પડતી અગવડો દૂર કરવા માટે પેઢીએ સરકાર સમક્ષ ચાર મુદ્દાની રજૂઆત કરી હતી.

(૧) દરબાર મુંડકાવેરો લેવાનું બંધ કરે.

(૨) ગિરિરાજ પહોંચવા માટે નવો રસ્તો બને. આ રસ્તો પાલીતાણા રાજ્યની સરહદમાંથી પસાર થતો ન હોય. આ રસ્તો બ્રિટીશ હકૂમતની મર્યાદામાં



હોય.

(૩) યાત્રાળુઓને લીધે ઠાકોરને વધારાનો ખર્ચ જે થાય છે તે જૈન સંઘ ભરી આપશે. આ ખર્ચની રકમ યોગ્ય રીતે દરબાર અથવા બ્રિટીશ સરકાર નક્કી કરે. અને નક્કી થયા બાદ આ રકમમાં ફેરફાર નહીં થાય તેવી જોગવાઈ કરવી.

(૪) કેપ્ટન બાર્નવેલે ૧૮૨૧માં કરાવ્યો તે કરાર અમલમાં આવે.

આ ચારમાંથી એક માંગણીનો અમલ કરવાની સંઘે માંગણી મૂકી. સાથે સાથે બે બાબતોનો અંતિમ નિર્ણય કરવાની ભલામણ કરી.

(૧) પાલીતાણા દરબાર વધુ વખત સુધી કર ઉઘરાવી શકે કે કેમ તે નક્કી કરવું.

(૨) કર ઉઘરાવી શકે તો એની પદ્ધતિ અને મર્યાદા નક્કી કરવી.

આ અરજી થઈ ગયા પછી ચાર વરસ વીતી ગયા. પરિણામ આવ્યું નહીં. આખરે ૮-૩-૧૮૮૬ના રોજ ગોહેલ માનસિંહજી અને જૈન સંઘ વચ્ચે ચોથો કરાર થયો. કાઠિયાવાડના પોલિટીકલ એજન્ટ જે. ડબ્લ્યુ. વોટ્સનની દરમ્યાનગીરીથી આ કરાર થયો હતો. આ કરારમાં ૪૦ વરસ માટે દરવરસની પહેલી એપ્રિલે રાજાને રૂ. ૧૫,૦૦૦ની રકમ ભરવી તેવું નક્કી થયું. રાજા આ સિવાય કોઈ જ રકમની અપેક્ષા રાખશે નહીં તે પણ સ્પષ્ટ થયું. આ ચોથો કરાર ૪૭ વરસ સુધીનો હતો. ૪૭ વરસબાદ, દરબાર અથવા સંઘને રકમમાં ફેરફાર કરાવવાની છૂટ હતી અને એ ફેરફાર મંજૂર કરવાની આખરી સત્તા અંગ્રેજ સરકારના હાથમાં હતી.

૧૮૮૬નો કરાર થયા બાદ મુંડકાવેરો બંધ થઈ ગયો. સંઘની જીત હતી. દરબારની નાલેશી નહોતી. દરબારને ૧૦,૦૦૦ ને બદલે ૧૫,૦૦૦ મળી રહ્યા હતા. પેઢી દરેક કરાર વખતે એક વાતને ભારપૂર્વક સાબિત કરતી રહી હતી. શત્રુંજય પહાડ જૈન સંઘની માલિકીનો છે અને દરબારને મળતી રકમ એ રખોપાની રકમ છે. દરબાર પાલીતાણા રાજ્યના શાસક છે. શત્રુંજય પહાડના એ માલિક નથી. આ વાતને જીવતી રાખવા વારંવાર કરાર કરવામાં આવતા. એ રકમનો વધારો સ્વીકારી લેવાતો. ગોહિલ રાજાઓને માલિકીને બદલે રખોપાની

રકમ જ મળતી હતી. તેમને માલિકીમાં વિશેષ રસ હતો. વખતોવખત પોતાની માલિકી બતાવી દેવા દરબાર રાજાઓ કોઈપણ વર્તણૂક કરતા.

ઠાકોર સૂરસિંહજીનાં શાસનમાં જૈનસંઘે ડુંગર પર આરબ સૈનિકોને સલામતી માટે રાખ્યા. ઠાકોરે વાંધો ઉઠાવ્યો. મામલો મુંબઈ સરકાર પાસે ગયો. સરકારે જૈનોને અંગત રક્ષા માટે આવું સલામતી દળ રાખવાનો હક છે તેવું જણાવીને વાત પૂરી કરી. ઠાકોરની સ્વતંત્ર સત્તા પહાડ પર સ્વીકાર્ય બની નહોતી.

+ ગઢમાં થનારા મજૂરીનાં કામો માટે મંજૂરી માંગવાનો દરબારે હુકમ કર્યો હતો. ગિરિરાજના શિખર પર દેરાસરોને ફરતે ગઢ છે તેમાં બાંધકામ કે સમારકામ કરાવવું હોય તો ઠાકોરની મંજૂરી હોવી જોઈએ તેવું ઠાકોર પૂરવાર કરવા માંગતા હતા. મામલો ફરીવાર સરકાર પાસે ગયો. સરકારની નીતિ સ્પષ્ટ હતી. સરકારે જણાવ્યું કે રાજ્યના બીજા ભાગની જેમ પહાડ પરનાં કામમાં દખલ કરવાનો રાજાને હક નથી.

+ શેઠ પ્રેમાભાઈ. અમદાવાદના નગરશેઠ. મુંબઈ ધારાસભાના સભાસદ. અમદાવાદની મ્યુનિસિપાલિટીના પ્રમુખ તથા ઓનરરી મેજીસ્ટ્રેટ. તેમની પર પાલીતાણા દરબારે ચોરીનો આક્ષેપ મૂક્યો. આ વખતે મુંબઈ સરકારે ઠાકોરને ઠપકો લખીને ભલામણ કરી કે શેઠની માફી માંગી લો.

+ સને ૧૮૭૭માં ઠાકોરે ડુંગર પર હલકા વર્ણના લોકોનો મેળો ભરાવ્યો. મહાદેવમંદિરનાં નામે કેસ કર્યો. બ્રિટીશ સરકારે ઠાકોરને જવાબ આપવા રાજકોટ બોલાવ્યા. ઠાકોરને રાજકોટ આવવાનો સરકારનો હુકમ થયો તે ઠાકોરનાં રાજપદનું અપમાન હતું. ઠાકોરે શેઠને સમાધાન માટે પાલીતાણા બોલાવ્યા. શેઠે માણસને મોકલી સમાધાન સ્વીકાર્યું. કાગળિયાં થયા તેમાં સરકારે શેરો કર્યો - ઠાકોરનું આ વર્તન શ્રાવકો સાથે નક્કી થયેલા સંબંધથી વિરુદ્ધ છે.

+ આટલું થયા બાદ પોલીસદખલ થઈ. કર્નલ કીટીંજવાળી ૧૫,૦૦૦ની રકમ વધારવાની માંગણી થઈ. મુંબઈ સરકારે નારાજ થઈને ઠાકોર સૂરસિંહને પૂના આવવા હુકમ કર્યો. પ્રતિષ્ઠાને ઝાંખપ લાગે તેવા આ આદેશને લીધે ઠાકોરને આઘાત લાગ્યો. પૂનાની મુસાફરી દરમ્યાન જ રાજા



દિવંગત થઈ ગયા.

+ ૧૮૮૬માં કરાર થયો તે વખતે રાજા માનસિંહજી હતા, તે પણ કાંઈ કમ નહોતા. તેમણે પેઢી ગુનેગારોને છૂપાડે છે તેવું બહાનું આગળ ધરીને જૈન સંઘની મોભાદાર સંસ્થા શ્રી આણંદજી કલ્યાણજી પેઢીની જડતી લેવડાવી હતી.

+ જસકુંવર શેઠાણી પર પોલીસ કેસ દાખલ કર્યો. મુદ્દો હતો રસ્તા પરના પથ્થરનો. શેઠાણીને કેદ કરવામાં આવ્યા. જો કે, તરત છોડી દેવા પડ્યા.

+ ઈ. સં. ૧૯૦૩માં ઠાકોર માનસિંહજી ગિરિરાજ પર ચડ્યા. પગમાં બૂટ અને મોઢામાં ચિરૂટ રાખીને તે ગઢ અને દેરાસરોની આસપાસ ફર્યા. સંઘમાં હાહાકાર મચી ગયો. સંઘે પોલિટિકલ એજન્ટ સમક્ષ આ અંગે ફરિયાદ કરી. ઠાકોરને સરકાર સમક્ષ ખુલાસો કરવા રાજકોટનું તેડું આવ્યું. ઠાકોરે ઘરમેળે સમાધાન કરવા સરકારને અને શેઠને સંદેશા મોકલ્યા. દાદ ન મળી. મુદતો પડતી રહી. આઘાતમાં ને આઘાતમાં ૧૯૦૫માં માનસિંહજી ગુજરી ગયા.

+ તેમના વારસદાર બહાદુરસિંહજી ઉંમરમાં નાના હતા તેથી છેક ૧૯૧૯માં તેમને ગાદી મળી. એ પણ આવ્યા તેવા જ વર્તાયા. તેમણે ગિરિરાજ પર કુંડનાં કામમાં ડખો ઊભો કર્યો. કુંડનાં તળિયે કાદવ જમા થયો હોય તે કુંડની બહાર પહાડ પર ઠાલવવો પડે. આ ગાળો ફેંકવા માટે ઠાકોરની મંજૂરી લેવાનો તેમણે હુકમ કર્યો. કુંડમાં પાણી લાવવાના ધોરિયા હોય છે તેનું સમારકામ કરવાનો મનાઈહુકમ ફરમાવ્યો. ગઢનું રિપેરીંગ કરવાની બાબતે પણ વાંધો લીધો. આવી બધી કનડગત ચાલુ રાખી.

+ ઠાકોર બહાદુરસિંહે ૮-૩-૧૮૮૬માં થયેલો ચોથો કરાર તા. ૩૧-૩-૧૯૨૬માં પૂરો થાય છે તે યાદ રાખીને નવા કરારમાં પોતાની માલિકી બતાવવા સાથે રૂ. બે લાખની વાર્ષિક રકમની માંગણી કરતી અરજી સરકારને પાઠવી હતી. આ વખતે તેમને સરકાર તરફથી ટેકો મળ્યો હતો અને મિ. વોટ્સને આ રકમ ભરવાની વાતનો સ્વીકાર કર્યો હતો. ઉપરાંત જૈન સંઘ રકમ ભરવાનું શરૂ ન કરે ત્યાર સુધી યાત્રાળુ દીઠ મુંડકાવેરો

લેવાની રાજાને છૂટ પણ આપી દીધી હતી.

પાંચમા અને આખરી કરાર પૂર્વેની અજીબોગરીબ કશ્મકશમાં પાલીતાણા ઠાકોર અને મુંબઈ સરકાર લગભગ એક થઈ ગયા હતા. આજ સુધી ગિરિરાજની માલિકી શ્રીસંઘની છે તે મહત્ત્વની વાતને જીવતી રાખવા માટે તમામ પ્રયત્નો સંઘે અને પેઢીએ કર્યા હતા. બહાદુરસિંહ અને વોટ્સન સંપી ગયા હતા. રાજા બહાદુરસિંહે સરકારને અરજી કરી તેનો વિગતવાર જવાબ આપવા છતાં શ્રીસંઘને સરકારવતી વોટ્સને જણાવી દીધું કે **'મારા મત મુજબ પાલીતાણાના રાજકીય કારોબારનું હાલનું બંધારણ જોતા આંતરવાહીવટનો આ ભાગ ઠાકોર સાહેબને સુપરત કરવો સલામત છે.'** વોટ્સને તદ્દન કડવી ભાષામાં આપણી ન્યાયી વાતોને ફગાવી દીધી હતી. ખેરગઢથી ગારિયાધાર આવેલા ગોહિલ રાજાઓએ પહેલીવાર શ્રીસંઘને પરાજયની લગોલગ લાવીને મૂકી દીધો. રકમ ચૂકવીએ તો રાજાના હકનો સ્વીકાર થતો હતો. રકમ ન ચૂકવીએ તો મુંડકાવેરો શરૂ થતો હતો. તે સમયના જૈનસંઘના બાહોશ અગ્રણીઓ આ બંને બાબતની વિરુદ્ધમાં હતા. વોટ્સને આપેલો ફેંસલો જૈન સંઘ માટે અભૂતપૂર્વ હતો. તો જૈન સંઘે એક એવો નિર્ણય લીધો જે ઈતિહાસનાં વિશ્વમાં અભૂતપૂર્વ હતો. સમગ્ર ભારતના સંઘોને એકમતે વિશ્વાસમાં લઈને શ્રીઆણંદજી કલ્યાણજી પેઢીએ ગિરિરાજની યાત્રાનો બહિષ્કાર કરવાનું એલાન જાહેર કર્યું. દીકરાને માતા માટે પ્રેમ હોય અને કાયદાકીય ગૂંચને લીધો દીકરો માતાના ખોળે જવાનું માંડી વાળે ત્યારે એ દીકરાનાં અંતરમાં જે તીવ્રવેદના હોય તેથી વિશેષ વેદના સાથે શ્રીસંઘે આ બહિષ્કારનો સ્વીકાર કર્યો. તા. ૧-૪-૧૯૨૬થી યાત્રાનો બહિષ્કાર શરૂ કરવાનું નક્કી થયું હતું કેમ કે તે દિવસથી પાલીતાણાના ઠાકોરને ગિરિરાજના યાત્રાળુઓને ગણવાનો અધિકાર સરકારે બક્ષ્યો હતો. આ દિવસની પૂર્વેના દિવસોમાં ગિરિરાજની યાત્રા કરવા ભારે ભીડ ઉમટી હતી. શું થઈ શકે અને શું કરવું જોઈએ તેની ચર્ચા ભારતભરમાં ચાલી હતી. યાત્રાની અંતિમ તારીખ ૩૧-૬-૨૬ હતી. તે દિવસે શિહોર સ્ટેશન પર સ્વયંસેવકોએ વારંવાર જાહેરાત કરી હતી કે આજની રાતે કોઈ યાત્રાળુએ પાલીતાણામાં રહેવાનું નથી. ભાવનગર રેલ્વેએ છેલ્લા દિવસોમાં સ્પેશ્યલ ટ્રેઈન દોડાવી હતી. મારવાડ



પંજાબ-બંગાળના યાત્રિકો છેલ્લી યાત્રા કરીને પાછા નીકળી ચૂક્યા હતા. ગુજરાત, મહારાષ્ટ્ર અને બીજાં રાજ્યના યાત્રાળુઓ પણ સાથે જ પાછા ફર્યા હતા. તા. ૧-૪-૨૬ની સવારે ગિરિરાજની તળેટીએ પાલીતાણા રાજ્યના ચારપોલીસો પીળા ડગલામાં હાજર થયા. ત્રણ પટ્ટાવાળા અને એક ટિકિટ કલેક્ટર પણ હાજર થયા. એ સવારે મુંડકાવેરો શરૂ થતો હતો. ટિકિટ યાત્રાળુએ લેવાની હતી. પણ એ સવારે - એક પણ ટિકિટ ફાટી નહીં. ચૈત્ર વદ ત્રીજની એ સવારે કોઈએ યાત્રા ન કરી. એ આખા દિવસ દરમ્યાન કોઈએ યાત્રા ન કરી. મુંડકાવેરો લેવા રાજા તૈયાર હતો. અંગ્રેજ સરકારે મુંડકાવેરાને સ્વીકૃતિ આપી હતી. સવાલ કેવળ યાત્રાળુનો હતો. કોઈ યાત્રાળુ ન આવ્યા. કોઈ ટિકિટ ન ફાટી. કોઈ વેરો ન ભરાયો. ઠાકોર અને સરકારનો સંપ નિષ્ફળ જાય તેવો મહાન સંપ શ્રીસંઘે દાખવ્યો. અને સળંગ ૨૬ મહિના સુધી ઠાકોર અને સરકારની સામે એકજૂટ રહીને શ્રીસંઘે યાત્રાનો બહિષ્કાર જીવતો રાખ્યો. અકલ્પનીય અને અજાયબ બહિષ્કારની સામે ઠાકોર અને સરકાર લાચાર હતા. આખરે શ્રીસંઘને પોતાનો અવાજ ઊભો રાખવાની તક મળી. સિમલા મુકામે તા. ૨૨-૫-૧૯૨૮ના દિવસે ત્રિપક્ષી બેઠક થઈ. હિંદુસ્તાનનાં વાઈસરૉય અને ગવર્નલ જનરલ લોર્ડ ઈરવિનની હાજરીમાં ઠાકોર બહાદુર-સિંહ અને જૈનસંઘના પ્રતિનિધિઓ વચ્ચે સમાધાન થયું. મુંડકાવેરો મોકૂફ રહ્યો. રાજાને દરવરસે રૂ. ૬૦,૦૦૦ ચૂકવવાનું નક્કી થયું. ૩૫ વર્ષ માટેના કોલકરાર થયા. માલિકીનો પ્રશ્ન સ્પષ્ટ થઈ ગયો. ગિરિરાજનો અધિકાર શ્રીસંઘના હાથમાં જ રહ્યો. પચીસમા તીર્થંકરની પવિત્ર ઉપમા પામનારા શ્રીસંઘે વિ. સં. ૧૯૮૪ જેઠ સુદ તેરસ તા. ૧-૬-૧૯૨૮, શુક્રવારે યાત્રા પ્રારંભ જાહેર કર્યો અને હજારો ભાવિકોની હાજરીમાં પાલીતાણાના પરાજીત દરબાર શ્રીબહાદુરસિંહજી ગોહિલનાં શ્રીમુખે જ યાત્રા શરૂ થાય છે એવી યાત્રા ઉદ્‌ઘાટનની સુખદ વધામણી ભારતભરના સંઘોને અપાવી. વિજયની આનાથી મોટી કંઈ ઉપલબ્ધિ હોઈ શકે ? સરકાર અને રાજા સંઘ સામે હાર્યા હતા. પગથિયાં આટલું કહીને અટકે છે. પાંચમો કરાર યાત્રાનો પ્રારંભ કરાવનારો કરાર હતો. સંઘની જીતનો કરાર હતો. તીર્થનાં ભવિષ્યની સલામતીનો કરાર હતો. તે સમયનો આનંદ ઉલ્લાસ અજબ હતો. હજારો ભક્તો ગિરિરાજ માટે નાનામોટા નિયમો સ્વીકારી બેઠા હતા તે આ દિવસે પૂર્ણ થયા હતા. વિ. સં.

૧૯૮૪ની જેઠ સુદ તેરસ ગિરિરાજની યાદગાર તિથિ બની ગઈ.

**પોષ સુદ ૧૦ : પાલીતાણા**

વિ. સં. ૨૦૦૩માં ભારત સ્વતંત્ર થયું. અંગ્રેજો ભારત છોડી ગયા. રજવાડા વિખેરાયા. સમગ્ર ભારત એક રાજ્ય તરીકે સુગ્રથિત બન્યું. તેને લીધે પાલીતાણાના દરબારની સત્તા નામશેષ બની ગઈ. પાંચમો કરાર હવે અપ્રસ્તુત બનીને રહી ગયો. સૌરાષ્ટ્ર સરકારે મુંડકાવેરો દૂર કર્યો. દરબારને દર વરસે રૂ. ૬૦,૦૦૦ ચૂકવવા માટે જે રકમની વ્યવસ્થા થઈ હતી તે શ્રી આણંદજી કલ્યાણજી પેઢીમાં જમા કરી દેવામાં આવી. ગિરિરાજની યાત્રા આજે સ્વતંત્ર અને કરવેરાથી મુક્ત છે. પાંચ કરાર અને યાત્રાબહિષ્કારની સાથે નાની મોટી અપરંપાર ઘટનાઓ સંકળાયેલી છે. દરેક ઘટના સાથે કેટલાય સત્પુરુષોનાં નામો જોડાયા છે. એ ઘટનાઓ આજે વીસરાઈ ચૂકી છે. એ ઘટના સાથે સંકળાયેલાં શ્રદ્ધેય નામો કેટલાં બધાં છે ? પાલીતાણા કે ગિરિરાજ પરની કોઈ તકતીમાં એ નામ વાંચવા મળતા નથી. ધૂની માંડલિયાના શબ્દો છે :

**કયાય તારાં નામની તકતી નથી**
**એ હવા ! તારી સખાવતને સલામ.**

એ બધાં નામો શોધવાના છે. ચોમાસામાં ગિરિરાજ પર વરસાદ પડે છે તેનાં ટીપે ટીપે આ નામો ગુંજતાં હોય છે. શિયાળામાં ગિરિરાજનાં શિખર પર ધુમ્મસ છવાય છે તેના એક એક પડમાં આ નામો ગૂંથાયેલાં હોય છે. પાલીતાણામાં રહ્યા. ઘણી યાત્રા કરી. દાદાની ટૂંક અને નવટૂંક અને તળેટીથી ટોચ સુધીની દેરીઓની ભરપૂર માહિતીઓ એકઠી કરીને દરેક સ્થળોને ભાવભેર જુહાર્યા. મારાં મનમાં તો સતત આ અપ્રકટ રહી ચૂકેલાં નામો જ આવ્યાં કરતાં હતાં. મુસ્લિમ રાજા અલ્લાઉદ્દીનને પાછો વાળવા ૫૧ માથાં વધેરી દેનારા જુવાનિયાઓનાં નામ ભૂલાઈ ગયા છે. પાલીતાણામાં રહેલાં થોડાક સો બારોટ પરિવારો હાંસિયામાં દબાયા છે. આપણે ઉતાવળે આવીએ છીએ. ઝટપટ પતાવીને નીકળી જઈએ છીએ. ઇતિહાસને અને જાનફેસાની કરનારાં નામોને આપણે ભૂલી જઈએ છીએ. દેવાધિદેવ શ્રી આદીશ્વર ભગવાન્ આપણી પ્રાર્થના શું કામ યાદ રાખે ? **(વિ. સં. ૨૦૬૧)**

## ૧૭

# યાદ અને યાત્રા : યાત્રા અને યાદ

**પોષ સુદ ૧૩ પાલીતાણા**

આકાશમાં પૂનમની રાતે તારાઓ ના હોય અને એકલો ચાંદો જ હોય તો ચાંદો ઝાંખો નહીં લાગે. તારાઓ ચાંદાની શોભા વધારે છે તે ખરું. ચાંદો પોતે સ્વયંભૂ પ્રકાશિત પ્રતિભા છે. શત્રુંજયનાં શિખર પર દેવાધિદેવ શ્રી ઋષભદેવભગવાનનો પ્રાસાદ. ગિરિરાજ પર આ એક દેરાસર સિવાય બીજું કોઈ જ મંદિર ન હોય તો આ જિનાલય જરાય ઝાંખુ નહીં લાગે. બલ્કે દૂર દૂરથી આખેઆખું આલોકી શકાતું હોવાથી વધુ જાજરમાન લાગે. શત્રુંજયના દાદાનું ધામ શિલ્પકલાનો આદર્શ છે. આ મહામંદિરનું શિલ્પશાસ્ત્રીય વિવરણ તો તેના જાણકાર જ કરી શકે. મને આ દેરાસરની સાથે માયા બંધાઈ છે. આ દેરાસરને જોવાનો ખરો સમય સૂર્યોદયનો છે.

પહાડના રોહીશાળાખૂણે વહેતી શેત્રુંજીનાં જળમાં સૂરજ પડછાયો પાડે તે જ ક્ષણે તેનું પહેલું કિરણ દાદાનાં શિખરને સ્પર્શે છે. વહેલી સવારનો તાજો તડકો દાદાનાં શિખરને સોનેરી આભા આપે છે. શિખર, સંવરણા, કળશ, ધ્વજદંડ, ગવાક્ષ, જાળી પર ઘટ્ટકેસરનું વિલેપન કર્યું હોય તેવી રંગછટા હોય છે તડકાની. સૂરજ ઉગે તે પછીની ચંદ મિનિટોમાં આ જોવા મળે. સૂર્યનું રૂપ હજી બાળવયે હોય તેને લીધે તેનું તેજ ચંપાનાં ફૂલ જેવું સૌમ્ય અને સુવાસી લાગે. ત્રીજી પ્રદક્ષિણા માટેની ભમતીનો ઉપલો માળ ખાસ્સું બધું એકાંત આપે છે. ત્યાંથી આતપલીલા જોઈ છે. ચાલતા ચાલતા. ઊભા ઊભા. બેઠા બેઠા. રાજા કુમારપાળે આ જિનાલયને મોતીની મૂઠ્ઠીઓ ભરીને વધાવ્યું. તેમને પૂછ્યું કે

મંદિરને શું વધાવો છો તો કહે : 'મારાં અંતરમાં ભગવાન બેઠા નથી ને આ મંદિરના ગર્ભમાં તો પ્રભુ સૈકાઓથી બિરાજે છે. તેનાં વધામણાં હીરાથી, મોતીથી થાય તે પણ મને ઓછું લાગે છે.' શિખરને જોતા એ કુમારવાણી સાચી લાગે. સવારના તડકે ઝળહળતું શિખર કેવું લાગે છે ? ભીતર બિરાજી રહેલા આદીશ્વર ભગવાનનાં અપાર્થિવ તેજનું ધારદાર અસ્તિત્વ ભીંતોમાંથી, શિખરના કણકણમાંથી બહાર ડોકાતું હોય તેવી અદ્ભુત ઉર્જા હોય છે શિખરની. પડદાં પાછળ હીરો ઝળહળતો હોય તેનું તેજ પડદાને આરપાર વીંધીને બહાર દેખાય તે જ રીતે મંદિરમાં બેસેલા ભગવાનનું તેજ શિખરની આરપાર નીકળીને ચોમેર વેરાતું હોય છે, સૂર્યોદયની ક્ષણે. તીર્થંકરોની માતા ધૂમ વિનાનો અગ્નિ સપનામાં જોતી હોય છે. તે અગ્નિનો વર્ણ જ શિખરને ચડ્યો હોય છે. માનવો સોનાનાં શિખર રચાવશે તો બીજા માનવો ચોરી જશે. સૂરજદેવ આ સમજે છે. રોજ સવારે પળવાર માટે તે દાદાનું શિખર સોનાથી મઢી દે છે. આંખોથી લૂંટી લેવા જેવું પવિત્ર દશ્ય. રોજ સૂર્યોદય પછીની ક્ષણોમાં દાદાનાં શિખરનું સૂર્યસ્નાન.

**પોષ વદ ૨ પાલીતાણા**

દાદાની મૂર્તિ જીવતો જાગતો ચમત્કાર છે. આ મૂર્તિને શ્રીવિદ્યામંડનસૂરિજી મહારાજા દ્વારા પ્રતિષ્ઠિત કરવામાં આવી છે. પ્રતિષ્ઠાની પવિત્ર ક્ષણે આ મૂર્તિએ સાત શ્વાસોશ્વાસ લીધા હતા. અધિષ્ઠાયક દેવોએ મૂર્તિમાં પ્રાણ પૂર્યા તેની આ ગવાહી. આ મૂર્તિને એકાંત સાધીને જોવાનું નસીબ નથી મળતું. યાત્રાળુઓની સદાની ભીડમાં જ દાદાને જુહારવાના હોય છે. દાદાનો ગભારો મોટો છે. દાદાની આસપાસ મોટી દીવાજ્યોત ઝળહળતી હોય છે. ગભારાનો દરવાજો એવો છે કે કેવળ મૂળનાયક દાદા પર નજર રહે. દર્શન કરતાં કરતાં, સ્તુતિ કે સ્તવન ગાતાં ગાતાં પાછળનો કોલાહલ સતત વિક્ષેપ પાડે છે. પૂરી એકાગ્રતા નથી આવતી. કોઈ મોટા સાદે સ્તવન ગાય છે તો કોઈ લોકો સમૂહમાં સ્તુતિઓ ફરમાવે છે. એકી સાથે જુદાં જુદાં પાંચ-છ સ્તવનો એકબીજામાં ભળીને સંભળાતા હોય છે. આપણે બોલીએ તે આપણને જ ના સંભળાય તેવો ઘાટ થાય. દાદા માટે શ્રદ્ધા અઢળક અને ભક્તિની ક્ષણોમાં નિરાંતનો માહોલ જ નહીં. કાંઠે આવીને તરસ્યા રહેવા જેવું બને. મન મક્કમ કરીને મોટા અવાજે સ્તવના કરીએ તેમાં બીજાને વિક્ષેપ પડે તેય ના ગમે.



દાદાની સામે જોતાં જોતાં આ એકાંતના અભાવની ફરિયાદ કરી. દાદા સામે જોયા કર્યું. ન સ્તવન ગાયું. ન સૂત્રો ઉચ્ચાર્યા. ન જાપ કર્યો. અપલક નેત્રે પ્રભુ સામે જોયું. કોલાહલ તો હતો જ. દાદાના ગભારામાં જ ધ્યાન આપ્યું. પ્રભુની આંખો સમક્ષ જ નિહાળ્યું. ધીમે ધીમે એ કોલાહલ મીઠો લાગવા માંડ્યો. દરેક સ્તવનો જુદાં હતાં, પણ કેન્દ્ર એક હતું, મારા દાદા. દરેકના અવાજ જુદા હતા પણ પ્રાર્થના એક હતી, મારા દાદાની. એ ભક્તો પોતપોતાની જગ્યાએ પ્રભુમાં ડૂબી શકતા હતા. એમને ભીડ નહોતી નડતી, ઘોંઘાટ જેવો શબ્દ જ એમને યાદ નહોતો આવતો. એ પ્રભુને જોતાવેંત ભાન ભૂલી શકતા હતા. પ્રભુસમક્ષ જોતાજોતા મને એ ઘનઘોર કોલાહલ ગમવા લાગ્યો. દાદાનાં ભવ્ય જિનાલયનાં સમુન્નત ગુંબજમાં પડઘાતો એ સમૂહનાદ સંગીતસંધ્યાનાં પાર્શ્વસંગીત જેવો મદમસ્ત લાગ્યો. પછી તો આપમેળે સ્તવન આવ્યું, સૂત્રો આવ્યા ને દાદાની સાથે એકાગ્રતા આવી. હવે રોજનો ક્રમ થઈ ગયો છે. દાદા સમક્ષ બેસવાનું. એ મેઘાડંબર સમો ભક્તજનોનો પવિત્ર નાદાડંબર સાંભળવાનો. દાદાના દરબારમાં ભીડ ન હોય ને શાંતિથી દાદાની ભક્તિ કરી હોય તે ધન્ય ઘડી ગમશે જ. સેંકડો ભક્તોનાં મુખેથી જાગતો ઘનઘોષ હશે તોય મારું એકાંત હવે અકબંધ રહેશે. દાદા આટલા બધાની વાત સાંભળે છે તો મારી વાત સાંભળશે જ ને.

**પોષ વદ ૭ ગુરુકુળ**

ગભારામાં આદીશ્વર દાદાની નજીકમાં બેસીને પ્રભુનાં સામીપ્યને શ્વાસોમાં ભરવાની ભરપૂર ઇચ્છા હોય. ગભારામાં બેસવા ક્યાં મળે ? બેસીએ તોય રોમાંચની સાથે એક ફડક પણ હોય. હમણાં પૂજારીજી આવશે અને કહેશે કે...

એટલે દાદાને નજીકથી મળવાની ભાવના અધૂરી રહેતી હતી. પછી યાદ આવ્યું. નાની ઉંમરે યાત્રા કરી હતી ત્યારની વાત. દીક્ષા પાલીતાણામાં જ લીધી છે ને દીક્ષા પછી પહેલી યાત્રામાં તડકો ખૂબ થઈ ગયેલો તે યાદ. તે યાત્રામાં દાદાના ખોળે માથું મૂકીને આશીર્વાદ માંગવા જિનાલયના પહેલા માળે અમે ગયા હતા. દાદાના ગભારાની ઉપરના માળે શિખરના ગર્ભમાં ચૌમુખજી છે તેની પાછળ દાદાની બેઠકની ઉપરનો ભૂભાગ છે. દાદાનાં મસ્તકે પગ ન આવે માટે

ત્યાં ફ્રેમ બનાવી છે. રેલીંગ જેવું. એ ફ્રેમની બહાર બેસીને માથું ફ્રેમની અંદર જમીનને અડાડવાનું. દાદાના ખોળે માથું મૂક્યું હોય તેવો જ સાક્ષાત્ અહેસાસ થાય. શિખરનું મધ્યબિંદુ મૂળનાયકનાં મસ્તક પર કેન્દ્રિત થાય છે તે વાસ્તુવ્યવસ્થાની સાથે પિરામીડ સિદ્ધાંત પણ જોડાયો છે. શિખર ભવ્ય હોય એટલે ઉર્જાનું કેન્દ્રીકરણ તીવ્ર જ હોય. તે નિયમ. દાદાના ખોળે મસ્તક મૂકીએ તે સમયે સ્થળ અને કાળ ઓસરી જાય. વિચારો વિરામ લે. આકાંક્ષા અને અહં વેગળા થાય. મનમાં ગદ્‌ગદભાવ જાગે. પ્રભુ સામે બેઠા હોય ને ધ્યાનથી આપણને સાંભળતા હોય તેવો અદલ વિશ્વાસ મળે. કંઈ પૂછીશું તો જવાબ સંભળાશે તેવી પ્રતીતિ પણ થાય. પ્રભુમિલનનો આ મધમીઠો અનુભવ દાદાનાં જિનાલયમાં પહેલા માળે રોજ મળ્યા કરતો. આ સ્થાનમાં મને એકાંત મળતું. નીચે રંગમંડપમાં ગાજતો નાદાડંબર અહીં સુધી આવતા સહેજ ધીમો અને અસ્પષ્ટ બની જતો. શિખરની ત્રણ જાળીઓમાંથી રેલાતો અજવાસ. ભીંતો નજીક હોવાથી ભર્યું ભર્યું લાગતું વાતાવરણ. ગઈકાલનાં ફૂલોની સુવાસ પણ વર્તાય તેવું હવાબંધ સ્થળ. અને સામોસામ દાદા બેઠા છે તેનો ગજબ આત્મસંતોષ. આ સ્થાને બેસીને જાપ કર્યા છે, સ્તવનો ગાયા છે, નમુત્થુણં-નું અર્થચિંતન કર્યું છે, સ્તોત્રો પણ લલકાર્યા છે, ધૂન ગાઈ છે. આ જગ્યા મારી માલિકીની હોય તેટલી બધી આત્મીય લાગી છે. મારા ભગવાન અને હું. આ સિવાય બીજા કોઈનું અસ્તિત્વ નથી રહેતું આ સ્થળે. દાદા નીચેના ગભારામાં છે તો શું થયું ? દાદાનાં દેહમાન જેને છત્ર બનાવે છે તે પહેલા માળની ભૂમિનો આ નાનકડો ખંડ પ્રભુ જેવો જ છે. આ ભૂ-ખંડની આંગી થાય છે ને ફૂલોથી સજાવટ થાય છે. આ ગર્ભગૃહનો માહોલ જીવંત છે. પાલીતાણામાં ઘણા દિવસ રોકાયા. છેલ્લી યાત્રાના દિવસે દાદાનાં અંતિમ દર્શને વિષાદ થયો હતો. પાછા ક્યારે આવીશું તેની હતાશા અનુભવી હતી. દાદા સમક્ષ બધાની વચ્ચે રડવાનું શક્ય નહોતું. પરંતુ ઉપરના માળનાં ગર્ભગૃહમાં તો એ વિષાદ અને હતાશા બેસુમાર આંસુ બનીને વહી નીકળ્યાં હતાં. મારાં આંસુ અને ડૂસકાં મારા ભગવાન્ સિવાય બીજા કોઈની માટે નથી તેવા વિશ્વાસ સાથે હું ખૂબ રડ્યો હતો. એ ઉપરના માળનો સચેતન ગભારો મારી યાદગીરીનું જાજરમાન ઘરેણું છે. મને ત્યાંથી બધું જ મળ્યું છે. પ્રભુ. પ્રભુનો સ્પર્શ. પ્રભુની સ્વીકૃતિ. પ્રભુની કૃપા.



**પોષ વદ ૮ સિહોર**

ભગવાન સામે ભક્ત જીતે ત્યારે ખરી જીત ભગવાનની જ કહેવાય. પુંડરીકસ્વામીજીની પ્રતિમાનો પાષાણ એકદમ દૂધમલ છે. ગણધરપ્રતિમાની મુખમુદ્રા એકદમ રૂપાળી છે. સામે આદીશ્વર દાદાની મૂર્તિ પણ છે. તેની મુખમુદ્રા પર શ્યામ રેખાઓ ઉપસી આવે છે. જોકે એ રેખાઓ એ રીતે ઉપસેલી છે કે દાદાની મૂર્તિ આ શ્યામ રેખાને લીધે બેહદ સુંદર લાગે છે. શેખાદમ આબુવાલાની શૈલીમાં લખવું હોય તો લખી શકાય :

**અમારાં ભાગ્ય એવા ક્યાં કે અમને એ મળે જગ્યા**
**હું તારા ગાલ પરની શ્યામ રેખા થાઉં તો સારું.**

આદીશ્વર દાદાના ખભે લહેરાતી જટા જેમ સુંદર. દાદાના ચહેરા પર અંકાતી શ્યામ નસો પણ સુંદર જ સુંદર. વાત છે શ્રીપુંડરીક દાદાની. તેમની મુખમુદ્રા ચાંદા જેવી ધવલ છે. તે ચહેરા પર ભાવો કેટલા બધા ઉપસ્યા છે. હોઠના વળાંક છે. આંખોમાં વિશાળતા છે. મુખમુદ્રામાં ભવ્યતા છે. ભાવો અઢળક છે : પ્રભુ માટેના જ ભાવો. આભારની લાગણી. ઋણાનુબંધનું આકર્ષણ. આજ્ઞાસ્વીકારનો રોમહર્ષ. પ્રભુશિષ્ય હોવાનું આત્મગૌરવ. પ્રભુએ જ કૈવલ્ય અને મોક્ષનો રાહ ચીંધ્યો તેનો ચિરસ્થાયી સંતોષ. મોહબંધનનાં વિલીની-કરણનો સાત્ત્વિક ઉલ્લાસ. મોક્ષપ્રાપ્તિની ઇચ્છા સાકાર થયાનો હાશકારો. અને આ બધામાં શિરમોર. પ્રભુ સિવાય બીજા કોઈ માટે રાગ નથી તેનો પ્રચંડ વિજયટંકાર.

આદીશ્વરદાદાની સામોસામ પુંડરીકદાદાને બિરાજમાન કર્યા છે. ગણધરદેવ દેવાધિદેવને ભાળી રહ્યા છે તેવી રચના. મેં પુંડરીકસ્વામીના ગભારામાંથી ઘણી વાર આદીશ્વર દાદાના ગભારામાં નજર પહોંચાડવા પ્રયત્ન કર્યો હતો. ભીડને લીધે મેળ બેસતો નહોતો. એક દિવસ અચાનક જ પુંડરીકદાદાનાં મંદિરમાંથી નજર કરતાવેંત દાદા ઋષભદેવ દેખાયા. દૂરદૂર હોવા છતાં આપણી સામે જ જોતા હોય તેવું લાગ્યું. દીવાની જ્યોત ઘટ્ટ લાગી. આંખોનું ઓજસ ઊંડાણભર્યું બન્યું. મુખમુદ્રા પર એક અધિકારભાવ હતો. શિષ્ય પર તો પ્રભુ અધિકાર જમાવે જ. આ અધિકાર હતો પુંડરીકદાદા પ્રત્યેનો. પ્રભુ

પુંડરીકદાદાને કેટલું બધું કહી રહ્યા હતા ? મોક્ષે જવાની આજ્ઞા. તીરથમહિમા વાધશે - તેની જવાબદારીની સોંપણી. પંચકરોડને સાથે લઈ જવાનું સૂચન. હવે મારી સાથેનો વિહાર નહીં. હવે તો મળીશું સીધા મોક્ષમાં.

ગણધરદેવ અને દેવાધિદેવની ગોઠડી તે દિવસે કાનોકાન સાંભળી.

મારો તો જનમારો સફળ થઈ ગયો.

**પોષ વદ ૯ વરતેજ**

શ્રીઋષભદેવ ભગવાનની મૂર્તિ સાથે ત્રણ સંવત્ સંકળાયેલી છે. વિ. સં. ૧૨૯૮. વિ. સં. ૧૫૮૭. વિ. સં. ૧૬૭૦. વિ. સં. ૧૨૯૮માં મંત્રીશ્વરવસ્તુપાળે દાદાની મૂર્તિ ખંડિત થાય તો ભવિષ્યમાં કામ લાગશે તેવું વિચારી ઉત્તમ આરસપાષાણો શ્રીસંઘને સમર્પિત કર્યા હતા. પૂજારીજીના કબજામાં એ પાષાણખંડો ગુપ્ત સ્થાને રાખવામાં આવ્યા. સાલમાં ફરક હશે. ઘટનામાં ફરક નથી. સમરાશાહના ઉદ્ધાર વખતે વિ. સં. ૧૩૭૧માં આ પાષાણખંડોનો ઉપયોગ કરવાની વાત હતી. ભારતના શ્રીસંઘે આ પાષાણને વાપરવાની ત્યારે મના ફરમાવી હતી. કરમાશાહે ઉદ્ધાર કર્યો તે સમયે આ પાષાણ ઉપયોગમાં આવ્યા. આ પાષાણમાં એક શિલા આદીશ્વરદાદાની મૂર્તિમાં વપરાઈ. બીજી શિલા શ્રીપુંડરીકદાદાની મૂર્તિમાં વપરાઈ. આ શિલાઓમાંથી મૂર્તિ બનવાની પ્રક્રિયા વિધિશુદ્ધ બને તે માટે શ્રી રત્નસાગર, શ્રી જયમંડનગણિ આ બે મહાત્માઓએ છ મહિનાના ઉપવાસ કર્યા હતા. પહાડ પર રહીને સતત માર્ગદર્શન આપનારા બે મહાત્મા ઉપાધ્યાય શ્રીવિનયમંડનજી અને ઉપાધ્યાય શ્રી વિવેકધીરજી. પ્રતિષ્ઠાકારક આચાર્યશ્રી વિદ્યામંડનસૂરિજી. વિ. સં. ૧૨૯૮ની આસપાસ મંત્રીશ્વર વસ્તુપાળે સંઘને સોંપી હતી તે શિલાઓ વિ. સં. ૧૫૮૭માં પ્રભુપ્રતિમા બની. આશરે ૨૮૯ વરસનું તપ તપ્યા પછી વસ્તુપાળની શિલા પ્રતિમા બની. ત્રીજી સાલ. વિ. સં. ૧૬૭૦. દેરાસરોમાં મૂળનાયક મૂર્તિ સિદ્ધઅવસ્થાની પણ હોય, તીર્થંકર અવસ્થાની પણ હોય. સિદ્ધ અવસ્થાની મૂર્તિને પરિકર ના હોય. તીર્થંકર અવસ્થાની મૂર્તિને પરિકર હોય. દાદા આદીશ્વરજી આ ગિરિરાજ પર તીર્થંકર અવસ્થા જ ભોગવતા રહ્યા છે. તેમની સિદ્ધ દશા અષ્ટાપદજી પર સંપન્ન થઈ. ગિરિરાજ પર દાદા તીર્થંકર અવસ્થાએ



જ શોભે તેમ વિચારી શાંતિદાસશેઠે વિ. સં. ૧૬૭૦માં દાદાને પરિકરથી અંકિત કર્યા. આમ અત્યારે દાદા બિરાજે છે તેની સાથે ત્રણ નામ જોડાયેલાં છે. મંત્રીશ્વર વસ્તુપાળનો પાષાણ ખંડ. કરમાશાહનું મૂર્તિનિર્માણ અને શાંતિદાસ શેઠનું પરિકર. ત્રણેયને ધન્ય ધન્ય.

દાદાનાં જિનાલય સાથે જોડાયેલાં નામો. મંત્રીશ્વર ઉદયન. મંત્રીશ્વર વાગ્ભટ્ટ. શ્રી સમરાશાહ અને શ્રી તેજપાલ સોની. દાદાનું જિનાલય કાષ્ઠનું હતું તેને પાષાણનું બનાવવાનું સપનું મંત્રીશ્વર ઉદયનનું. એ સપનું સાકાર કર્યું મંત્રીશ્વર વાગ્ભટ્ટે. એક જ ભવમાં બે જીર્ણોદ્ધારનો લાભ વાગ્ભટ્ટને મળ્યો. એકવાર નવું જિનાલય બંધાઈ ગયું. કથા પ્રસિદ્ધ છે. હવાને લીધે તિરાડો પડી ગઈ. બીજી વખત બંધાવ્યું. આ પછી મૂર્તિઓ ખંડિત થઈ અને મૂર્તિઓની નવી પ્રતિષ્ઠા થઈ તે ઉદ્ધાર જ ગણાયા. પરંતુ જિનાલયની બાંધણી પર હાથ ફર્યો છે મંત્રીશ્વર વાગ્ભટ્ટનો જ. ત્રીજું નામ છે તેજપાલ સોની. ઈ. સં. ૧૫૯૪માં શ્રી હીરવિજયસૂરિજી મહારાજા પાટણથી પાલીતાણા યાત્રા કરવા પધાર્યા. સૂરિજી સાથે જ પાલીતાણા પહોંચવાની હોંશથી લાહોર-આગ્રા-કાશ્મીર-જેસલમેર-શિરોહી-નાડલાઈ-બંગાળથી હજારો લોકો પાટણ એકઠા થયા. સંઘ નીકળ્યો. માળવાથી ડાયરશાહ, મેવાડથી કલ્યાણબંધુ, મેડતાથી સદારંગ શાહ સંઘ લઈને નીકળ્યા. સૂરિજી પાલીતાણા પહોંચ્યા ત્યારે જુદા જુદા ૭૨ સંઘો ભેગા થઈ ગયા હતા. યાત્રાળુની સંખ્યા બે લાખથી વધારે. આ પ્રસંગે શ્રીતેજપાળ સોનીએ દાદાની ટૂંકનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો.

દાદાની દેવનગરીમાં દાદાની પ્રતિષ્ઠા સંવત્ ૧૫૮૭ છે. દાદાના પાષાણની સંવત્ અંદાજીત ૧૨૯૮ છે. આથી જૂની સંવત્ દેવનગરીમાં છે ? જવાબ હાજર છે. શાંતિનાથજીનાં જિનાલયના પ્રવેશદ્વારની સામે શ્રેષ્ઠી નારાયણની મૂર્તિ છે. તેની સંવત્ છે ૧૧૩૧. દાદાની દેવનગરીમાં આથી પ્રાચીન કોઈ સંવત્ મળે ? જવાબ તૈયાર છે. વિ. સં. ૧૦૬૪. દિલ બાગબાગ થઈ જાય તેવી વાત એ છે કે આ મૂર્તિ છે શ્રીપુંડરીકસ્વામીજી મહારાજાની. આ પ્રતિમા નવા બાવન જિનાલયમાં ૩૯ નંબરની દેરીમાં છે. મૂર્તિમાં ઉપર પુંડરીકદાદા છે. તેમની આસપાસ દેવતા છે. તેમની નીચે વાચના ચાલે છે. વચ્ચે સ્થાપનાજી. એક પા ગુરુ છે. બીજી પા. બે શિષ્યો.

વિ. સં. ૧૦૬૪થી વધારે પ્રાચીન મૂર્તિ આજે જોવામાં આવતી નથી. છે જરૂર. જરા તપાસ કરીશું તો યાદ આવશે. છ ગાઉની યાત્રામાં ચિલ્લણ તળાવડી આવે છે. ભરત મહારાજા સંઘ લઈને આવ્યા અને ઉત્તરના માર્ગથી ઉપર આરોહી રહ્યા હતા. તે વખતે પશ્ચિમના માર્ગેથી સંઘ સાથે ચિલ્લણમુનિજી ઉપર પધારી રહ્યા હતા. સંઘને તૃષાબાધા થઈ અને તળાવડીની રચના થઈ તે કથા જગજાહેર છે. એ ચિલ્લણ તલાવડી આજે ચંદન તલાવડી તરીકે પ્રસિદ્ધ છે. મુદ્દાની વાત હવે આવે છે. આ ચંદન તલાવડી પાસે એક ગુફા છે. આમ તો શત્રુંજય પહાડ પર ઘણી ગુફા છે : સાતબારાની ગુફા, કાળી કરાડ, ભાઠગાળો, છીપરવાળો ગાળો, પીરવાળો ગાળો અને ખોડિયારવાળો ગાળો. પણ ચંદન તલાવડી પાસેની ગુફા ત્યાં કોઠાનું ઝાડ છે તેની નજીકમાં છે. આ ગુફામાં ભરતમહારાજાએ ભરાવેલી ઋષભદેવ ભગવાનની સોનાની મૂર્તિ છે. ત્યાં અઠ્ઠમ કરીને સાધના કરીએ તો કપર્દી યક્ષ મૂર્તિનાં દર્શન કરાવે છે અને દર્શન કરવા મળે તો ત્રીજા ભવે મોક્ષ.

વિ. સં. ૧૦૬૪ કરતાં જૂની મૂર્તિ એક આ છે ગિરિરાજ પર. પરંતુ તેનો દર્શન થતા નથી. એટલે વિ. સં. ૧૦૬૪ની મૂર્તિ જ પ્રાચીનતમ પ્રતિમા છે. ગિરિરાજ પર છેલ્લામાં છેલ્લી પ્રતિષ્ઠા પામેલી મૂર્તિની સંવત્ શોધવાની ન હોય. અલબત્, આંચકો ખાઈ જઈએ તેવો શિલાલેખ ગિરિરાજ પર છે. રતનપોળના સંગેમરમરી લીસ્સાં પગથિયાં ચડતા ડાબી ભીંતે એક શિલાલેખ છે તેમાં એકદમ કડક ભાષામાં લખ્યું છે :

**'સં. ૧૮૬૭ના વર્ષે ચૈત્ર સૂદ ૧૫ દને સંઘ સમસ્ત મલિ કરીને લખાવ્યું છે જે હાથીપોલના ચોક મધ્યે કોઈએ દેરાસર કરવા ન પામે અને જો કદાચિત્ દેરાસર જો કોઈએ કરાવે તો તીર્થ તથા સમસ્ત સંઘનો ખૂની છે. સમસ્ત સંઘ દેશાવરના ભેલા મળીને એ રીતે લખાવ્યું છે. તે ચોક મધ્યે આંબલી તથા પીપલાની સાહમા દક્ષણ તથા ઉત્તર દિશે તથા પૂર્વ પશ્ચિમ દિશે જે કાંઈ દેરાસર કરાવે તેને સમસ્ત સંઘનો ગુનહિ છે સહી છે. સા. ૧૮૬૭ના વર્ષે ચૈત્ર સુદ ૧૫ દિને.'**

શિલાલેખ કહે છે - હવે આ હાથીપોળના ચોકમાં કોઈ દેરાસર કરાવશે તો તે સંઘનો ખૂની ગણાશે. મોઢેથી અરેરાટી નીકળી જાય તેવા શબ્દો છે. તે પાછું



સમસ્ત સંઘે લખ્યું છે. શું કામ વારું ? શત્રુંજય લઘુકલ્પની ચૌદમી ગાથામાં લખ્યું છે કે 'ગિરિરાજ પર મૂર્તિ ભરાવો તો પૂજા કરતાં સોગણું પુણ્ય બંધાય અને દેરાસર બંધાવો તો હજારગણું પુણ્ય બંધાય.' આ શબ્દો સાંભળીને સોગણું અને હજારગણું પુણ્ય એકઠું કરવા ભાવિકોએ સતત નવી પ્રતિમાઓ અને નવા દેરાસરો કે ગોખલાઓ રચવાનું અવિરત ચાલુ રાખ્યું હશે. જગ્યાની અને વ્યવસ્થાની સમસ્યાએ જ આ કઠોર ઠરાવ કરાવ્યો હશે. રોજ નવી મૂર્તિ અને નવાં દેરાસરો બંધાતા જ રહે તો તળેટીથી માંડીને રામપોળ સુધી દેરાસરો જ દેરાસરો થઈ જાય. આવું જ કાંઈક વિચારીને આ નિર્ણય લેવાયો હશે. મને વિચાર આવે છે. આ શિલાલેખ અને આ ઠરાવ-મુંબઈ, અમદાવાદ અને બીજાં શહેરોમાં પણ એકદમ પ્રસ્તુત છે, પણ આપણે નાના માણસ. આપણું કોણ સાંભળવાનું હતું ?

**પોષ વદ ૧૦ ભાવનગર**

+ વિ. સં. ૧૬૭૫થી ૧૯૨૧. ૨૪૬ વરસમાં નવટૂંક બંધાઈ. વિ. સં. ૧૯૨૧ પછી આગળના વરસો પાલીતાણા તળેટી રોડના રહ્યાં છે. નવી ધર્મશાળાઓ, નવાં દેરાસરોનો આખો યુગ પ્રવર્ત્યો છે. આજની તારીખે પણ પાલીતાણામાં નવાં દેરાસરોનાં કામ ચાલુ જ છે. દેવોની નગરીમાં આત્માને અજરઅમર બનાવવાની નિર્મળ ભાવના સાથે ભક્તો કરોડોનું વાવેતર કરે છે. દરવરસે પાલીતાણાનાં મંદિર અને મૂર્તિની સંખ્યામાં ઉમેરો થતો રહે છે.

+ શ્રી આણંદજી કલ્યાણજીની પેઢી વિ. સં. ૧૭૭૭માં કારખાનું તરીકે વહીવટ કરતી હતી. પેઢીના ચોપડામાં નવું વરસ અષાઢ સુદ ૨ના દિવસથી શરૂ થતું. વિ. સં. ૧૭૮૭માં કારખાનાનાં ચોપડે શેઠ આણંદજી કલાણ-નાં નામે રકમો જમાઉધાર થતી. ૧૭૮૭નાં ચોપડે શ્રી રાજનગરા ખાતો શેઠ આકારા કલાણ ખાતો - એ નામનું ખાતું હોવાનો મતલબ પેઢી રાજનગર સાથે સંકળાયેલી હતી. સંવત્ ૧૭૯૦માં લખાયેલો ચોપડો - શ્રી સીધાચલજીના કારખાનાની ચોપડી - આ નામ પણ બતાવે છે. શેઠશ્રી આણંદજી કલ્યાણજીની પેઢીનું દિગંતવ્યાપી નામ શ્રીસિદ્ધાચલજીના વહીવટ સાથે સંકળાયેલું છે તે અઢીસો વરસથી વધુ પ્રાચીન હકીકત છે.

**પોષ વદ ૧૧ ભાવનગર**

મંત્રીશ્વર વસ્તુપાળનાં મૃત્યુ પછી તેમનો અગ્નિદાહ થયો તે સાથે શત્રુંજયગિરિરાજનું નામ જોડાયું છે. પ્રબંધકોશ કહે છે : તેમનો અગ્નિદાહ શત્રુંજયના એક દેશમાં કરવામાં આવ્યો અને ત્યાં સ્વર્ગારોહણ પ્રાસાદની રચના કરવામાં આવી. પુરાતનપ્રબંધસંગ્રહ કહે છે : અગ્નિદાહ પછી તેમના અસ્થિ શત્રુંજય પર રાખવામાં આવ્યા અને ત્યાં જ સ્વર્ગારોહણ પ્રાસાદની રચના થઈ. વસ્તુપાલચરિતમ્ કહે છે : મંત્રીશ્વરના મૃતદેહને શત્રુંજયગિરિ પર લઈ જઈ ત્યાં અગ્નિસંસ્કાર અપાયો અને જ્યાં અગ્નિસંસ્કાર થયો ત્યાં જ સ્વર્ગારોહણ પ્રાસાદ રચાયો.

આ પ્રાસાદમાં નમિ-વિનમિ દ્વારા સેવા પામતા શ્રીઋષભદેવપ્રભુની મૂર્તિ હતી. આ પ્રાસાદ ક્યાં હતો ? તેજપાળે અનુપમા સરોવર બંધાવેલું તેના કાંઠે હતો પ્રાસાદ. આ અનુપમા સરોવર તે જ કુંતાસરની ખાડી. જેને પૂરીને મોતીશાની ટૂંક બની. અનુપમા સરોવર અને સ્વર્ગારોહણ પ્રાસાદ આજે અદશ્ય છે. મંત્રીશ્વર વસ્તુપાળનાં મૃત્યુ અને અગ્નિદાહ સાથે ગિરિરાજનું નામ જોડાયું છે તે ઉલ્લેખ મૌજુદ છે. મનમાં વિચાર આવે છે. 'મારું મૃત્યુ પણ અને મારો અગ્નિદાહ જો નિશ્ચિત જ છે તો એ બંને સાથે ગિરિરાજનું નામ જોડાય તેવી પ્રભુકૃપા ખપે.' રજની દેવડીનું મૃત્યુ ગિરિરાજના ખોળે રચાયું, તો સમાધિ અખંડ રહી. કરસનદાસ માણેકનું ગીત છે.

**એવું જ માંગુ મોત, હરિ હું તો એવું જ માંગું મોત.**

**(વિ. સં. ૨૦૬૧)**

✳ ✳ ✳

૧૮

# ઘોઘાતીર્થ

**પોષવદ ૧૪ ઘોઘા**

ઉપાધ્યાયજી મહારાજાએ સમુદ્રને ખલનાયક શું કામ બનાવ્યો ? ઘોઘા આવીને ડેલે હાથ દેવાની હીરોછાપ માનસિકતાથી બચવું હતું. સાથે ગૂર્જર સાહિત્ય સંગ્રહ ભાગ-૧ લીધો હતો. ઘોઘામાં નવનિર્મિત ઉપાશ્રયનું ધાબું ઊંચે છે. ત્યાંથી દરિયો સામો દેખાય. નવખંડા પાર્શ્વપ્રભુનું જિનાલય સમુદ્ર સન્મુખ છે. આઘેથી જોવાતો દરિયો પોલા પાણીનો નથી લાગતો. તેના પરથી ચાલીને બધા આવજા કરતા હશે તેવું જ લાગે. કિનારો કાળો. દરિયો રાખોડી. આસમાન ભૂરું. હવા ગુલાબી. દહેજમાં કૂતરું ભસે તે ઘોઘામાં સંભળાય તેવું જાણવા મળેલું. રાતે સામસામા વાતાવરણમાં કાન માંડ્યા તો કૂતરું રડતું હતું તેનો અવાજ આવ્યો. દહેજનું નહીં ઘોઘાનું જ કૂતરું હતું. દહેજથી ઘોઘાની વચ્ચે બે કલાકનો દરિયો પથરાયો છે. ત્યાંનો અવાજ આવતો હશે ? દરિયાઈ ભરતીનો અવાજ અલબત્ દિવસ-રાત ગાજે છે. માછીમારો કહે છે : દિવસે બેઠાં પાણીની ભરતી આવે, રાતે ઊભાં પાણીની ભરતી ઝપાટાભેર આવે. પાણીની છાતી ધમણની જેમ ફૂલાય. દીવાદાંડીવાળો બંદરનો ડક્કો ઊંચો છે. તેની પાળીનાં તળિયે દરિયો જબરી પછાડ મારે છે. મોજાં સરકાવતો દરિયો એકેક પગલું નજીક આવે. સહેજ ગંદું લાગે છે પાણી. વેગ જોયો હોય તો ભટ્ટનારાયણના વેણીસંહારનો વીરરસ સાક્ષાત્. અપ્કાય સ્થાવર હોવા છતાં દરિયાઈ ભરતીમાં ત્રસકાય બનીને ઉછાળ ભરે છે જાણે. નાકનાં નસકોરામાં ભરાવેલી લગામ ખેંચી કાઢવા ઉછળતા અશ્વરાજનો મિજાજ છે સમુદ્રમાં. પાણીમાં ઉછળતો વેગ આંખો જોઈ શકે. અક્ષરો એને બતાવી ન શકે. આ દૃશ્ય ફોટામાં કેદ થાય તો મજા મારી

જાય. રેશમી જાજમ લાંબે સુધી બિછાવેલી છે. બિલાડીનાં હજારો બચ્ચાં જાજમની નીચે ભરાયાં છે. એ માથું ધૂણાવતાં કિનારા ભણી આવી રહ્યા છે. રેશમની જાજમ આ બચ્ચાઓને લીધે ઠેઠથી ઠેઠ સળવળતી રહે છે. બચ્ચાને બદલે કાંઠા પર રેશમની ગાંસડી ઠલવાય છે. બચ્ચાનો સળવળાટ શમતો નથી. રેશમના ઓગળેલા તંતુઓ ફીણ બનીને કિનારા પરના પથ્થરોની સોડમાં ભરાય છે. દરિયો વિરાટ છે. પાણીની ઘાટઘડામણ દરિયાને સુંવાળો દેખાવ આપે છે. ગર્જનાઓ કરીને દરિયો પોતાને ભયાનક પૂરવાર કરતો રહે છે. ભરતી ના હોય ત્યારે કેટલાય કિલોમીટર સુધી પારોઠનાં પગલાં ભરતો દરિયો ભરતીની પૂર્ણકક્ષાએ કાંઠાનું ગળું દબાવે છે. લડાઈમાં જીતવા માંગતો હોય એમ માથોડાઓ લગી આખો ઊંચકાઈ આવે છે. ઓટની વેળાએ ખુલ્લા પટમાં ચાલતા માણસો, ભરતીના સમયે એ જ જગ્યાએ હોય તો સોયની દાંડી પૂરવાર થાય. ઉછળતાં પાણી ટેકરીઓની જેમ અદ્ધર તોળાઈને આગેકૂચ કરે છે. રણની રેતમાં ટીંબા હોય છે. આ દોડતા ભાગતા જલટીંબાઓ. આવા મનહર દરિયાને ઉપાધ્યાયજી મહારાજાએ વિલન બતાવીને હરાવ્યો છે. નાવડાં અને હોડકાં અને જહાજના સગ્ગાભાઈ એવા વહાણને ઉપાધ્યાયજી મહારાજાએ જીતાડ્યું છે. મહાપુરુષોની દૃષ્ટિ દયાળુ હોય છે. ઘોઘાબંદરેથી દરિયા પર ઝૂલતાં વહાણને જોઈને એમને આ પામર હસ્તિઓની દયા આવી હશે. દરિયાની સામે જહાજનું ગજું કેટલું ? દરિયાની એક થપ્પડ જહાજને પાંસરું કરી દે. દરિયાથી ગભરાતા રહીને ખેડ કરવાની જહાજની વિવશતા સામે ઉપાધ્યાયજી મહારાજાએ અવાજ ઉઠાવ્યો. વહાણ ન હોય તો દરિયો શા કામનો ? આ મુદ્દે તેમની કલ્પના આગળ ચાલી. તેમાંથી નીપજ્યું સુંદર મજાનું કાવ્ય : સમુદ્રવહાણ સંવાદ.

ઘોઘાબંદરમાં ઉપાધ્યાયજી મહારાજાએ ચોમાસું કર્યું છે. વિ. સં. ૧૭૧૭ની સાલ. ચોમાસા દરમ્યાન જ આ સંવાદ રચ્યો. દરિયો ખેડવા વેપારીઓ નીકળે છે. વહાણો મધદરિયે આવે છે. દરિયો ગજગજ ફૂલતો જાય તે જોઈ વહાણ દરિયાને અભિમાન ન કરવાનો ઉપદેશ આપે છે. વહાણ પોતાની અભિમાન કરવાની લાયકાત પૂરવાર કરે છે. આમને સામને દલીલનો મોરચો મંડાય છે.



અભિમાન રાખે તે નાનો માણસ. વહાણની વાત.
અભિમાન તો મોટા જ રાખી શકે. દરિયાની વાત.

આખરે દલીલમાં દરિયો ચાટ પડે છે. ભયાનક તોફાન થાય છે. દરિયો જહાજના ફાડચા કરી નાંખે છે. જલદેવતા જહાજને સમાધાન કરવા કહે છે. જહાજ મચક નથી આપતું. દેવો જહાજ પર પ્રસન્ન થાય છે. વહાણનો આખો આકાર દરિયાને માથે નવેસરથી ઘડાય છે. દરિયો હાર કબૂલે છે.

આ કથામાં નાનાં મોઢે મોટી વાત ન થાય તેનો સુવાંગ અપલાપ થયો છે. મોટા લોકોથી ડરીને મોઢું સીવી ન લેવાય. કહેવા જેવું હોય તે કહી જ દેવાનું. પછી થાય, જે થવાનું હોય તે. ઉપાધ્યાયજી મહારાજનાં સમુદ્રવહાણની યાદમાં નવખંડાજિનાલયમાં ગભારાની સામે ફરસ પર જહાજ આંકેલું છે.

**મહાસુદ-૧, ભાવનગર**

પીરમબેટની જાહોજલાલી દિલ્લીના રાજાને ઈર્ષા નીપજાવે એટલી બધી હતી. એક રાજાનું અભિમાન પીરમબેટને ભારે પડી ગયું. દિલ્લીનું મુસ્લિમ આક્રમણ આવ્યું. પીરમબેટનો શ્રીલંકા જેવો દબદબો ખતમ થઈ ગયો. દેરાસરો હતાં તે ભાંગી ગયાં. જૈનોની અને જનોની વસ્તિ નામશેષ થઈ. પથ્થરની કુંડીઓમાં ભગવાન છૂપાવવામાં આવતા. હમણાં એક માછીમાર પથ્થર લેવા ગયો તો કુંડી નીકળી નીચે. અંદરથી ભગવાન્ મળ્યા. ઘોઘાના શ્રાવકે મૂર્તિ ખરીદી લીધી. માછીમારને તો ધંધો મળી ગયો. કેમ કે કુંડીમાં ઢગલો મૂર્તિઓ હતી. અમદાવાદના મનસુખભાઈ ભગુભાઈની રાજકીય લાગવગને લીધે મોટાભાગની મૂર્તિઓ આપણને મળી ગઈ. તે ઘોઘાનાં દેરાસરોમાં રાખેલી છે. આ પીરમબેટ દરિયાની વચોવચ છે. ભૌગોલિક રીતે વિચારીએ તો ઘોઘાની બરોબર સામે દહેજ બંદર છે. ઘોઘાની નીચે તરફ લંબાતો દરિયો પીરમબેટને ખોળામાં રમાડે છે. દીવ અને દમણ દરિયાની પટ્ટી પર સામોસામ છે. તે પટ્ટીથી ઉપર પીરમબેટ છે. ઘોઘાબંદરથી મશીનબોટના પ્રવાસે નીકળો તો અઢી કલાકે પીરમ પહોંચાય. ઘોઘાનું આ પાડોશી ગામ છે. સૂમસામ અને શાંત. પીરમબેટના કાંઠેથી એક માછીમારને સુખડના પ્રતિમાજી મળેલા. તે હાલ ભાવનગર કૃષ્ણનગરનાં દેરાસરમાં છે. પીરમબેટનાં દરિયાતળે પ્રતિમાજીઓનો ભંડાર

હોવાની સંભાવના છે. પાલીતાણા પર મુસ્લિમ આક્રમણો થયા ત્યારે ઘણી પ્રતિમા આ પીરમબેટ પર સલામત રીતે પધરાવવામાં આવી હતી.

ઘોઘાનું અસ્તિત્વ નવખંડા દાદાના આધારે છે. તેમાં શક નથી. આ દાદા તીર્થના મૂળનાયક પદે બિરાજ્યા ત્યારે જૂના મૂળનાયકનું શું થયું ? જૂના લોકો એમ જણાવે છે કે પ્રાચીન મૂળનાયક શ્રી આદિનાથ દાદાનું ઉત્થાપન કરી દેવામાં આવ્યું. શ્રીઆદિનાથ દાદાને ભાવનગર બિરાજીત કરવામાં આવ્યા, પરંતુ તેમના અધિષ્ઠાયક વિમલયક્ષ અને ચક્રેશ્વરી દેવી આ દેરાસરમાં જ રહ્યા અને મૂળનાયક બની ગયા શ્રીપાર્શ્વનાથ દાદા. ભાવનગરમાં શ્રીઆદિનાથ દાદાનું મુખ્ય જિનાલય છે ત્યાં અધિષ્ઠાયક તરીકે પાર્શ્વયક્ષ અને પદ્માવતી છે. આવી નાની સરખી હેરાફેરી આજે અકબંધ રહી છે.

ઘોઘાનું જૂનું નામ ગુંડીગઢ છે. આજે જૈન સંઘમાં વિશિષ્ટ સ્થાન અને દરજ્જો ભોગવતો ઘોઘારી સમાજ આ તીર્થના વારસદારોનો સમાજ છે. ઘોઘામાં કાળા મીઠાની પેઢીનો વહીવટ છે. દરિયાકાંઠો છે માટે મીઠાની પેઢી નામ બેસે છે. પણ આ મીઠાને કાળા કેમ કહેવાય છે ? વરસો પૂર્વે મીઠા સુંદરજી શેઠ આ તીર્થનો વહીવટ સંભાળતા. તેમની પછી તેમના દીકરાએ વહીવટ સંભાળ્યો. તેનું નામ હતું કાળાભાઈ, નામ જોડાઈ ગયું. કાળા મીઠાની પેઢી. ૧૦૮ કૂવા, મોટા તળાવોમાં એક તળાવનું આખું તળીયું તાંબાનું, મહાજનનો કાંટો - તેલના જંગી કૂવાઓ - ઘોઘાના ભૂતકાળના ચોપડે બોલી રહ્યા છે.

સમસ્ત ભાવનગરનું એકછત્રી સંચાલન કરી રહેલી શ્રી ડોસાભાઈ અભેચંદની પેઢી સાથે ઘોઘાતીર્થને સારું બને છે. દર બેસતા મહિને આખું ભાવનગર ઘોઘા આવે છે.

**મહાસુદ-૨, ભાવનગર**

દરિયાને ચાંદા સાથે કાયમી લેણું. પૂનમની રાતે દરિયો પૂરબહાર હોય જ. દરિયાકાંઠે દેરાસરના મૂળનાયક ચંદ્રપ્રભુ સ્વામી હોય તો હવે પૂછવાનું શું ? રાજા કુમારપાળનું દેરાસર તીર્થના પરિસરથી સહેજ અલગ છે. એકવાર દરિયાલાલે પાગલ હદે ભરતીવેગ બતાવ્યો. પાણી ઘોઘાગામમાં ભરાઈ ગયા. સુનામી જેવું જ બન્યું, લગભગ. પાણીની ઊંચાઈ ખતરનાક ઝડપે વધતી હતી.



દરિયાઈ તરવૈયાઓ નગરશેઠ ધરમચંદ્ર મગનલાલને ખભે ઉપાડી તોફાની પાણીમાં આ દેરાસર સુધી લઈ આવ્યા. નગરશેઠે દેરાસર સામેના દરિયાકિનારે ઊભા ઊભા જમણા હાથની આંગળીનો વેઢો છેદીને લોહી પાણી પર છાંટ્યું. ચૂંદડી પાથરી પાણી પર. ચમત્કાર થયો હોય તેમ એ જ ક્ષણથી પાણી ઓસરવા લાગ્યું. ચંદ્રપ્રભુજીનું જિનાલય સુંદર છે. અચલગઢની જેમ અહીં પણ બન્યું છે એવું કે કુમારપાળનું પ્રાચીન દેરાસર લગભગ ઉપેક્ષિત છે. તીર્થનું મૂળ દેરાસર આ જ છે. મહિમા નવખંડાદાદાનો જ થાય છે. રાજા કુમારપાળનાં આ દેરાસરને દરિયાખેડૂઓ સાગર વચ્ચેથી જુહારી શકતા. દાદાની ધજા દૂર દૂર સુધી દેખાતી. આજે ખાલીપો બચ્યો છે. ઘોઘાતીર્થે આવનારા યાત્રિકોને નવખંડાદાદાની ખબર હોય છે. રાજા કુમારપાળની ક્યાં કોઈને યાદ હોય છે. કેવી કરુણતા ?

**મહાસુદ-૩, ભાવનગર**

વિ. સં. ૧૧૬૮થી વિ. સં. ૨૦૬૧. ૯૮૭ વરસ જૂની પ્રતિમા. પ્રતિષ્ઠાચાર્ય શ્રીમહેન્દ્રસૂરિજી. પ્રતિષ્ઠાપક શ્રીમાળી હીરૂભાઈ નાણાવટી. ભગવાનનું નામ શ્રી નવખંડા પાર્શ્વનાથ.

ઘોઘાતીર્થની યશોગાથા નવખંડા દાદાનાં નામે ગવાય છે. દાદાની મૂર્તિનો ઈતિહાસ જનજનમાં વિખ્યાત છે. ભાવનગરનો વડવા વિસ્તાર. બાપેસરનો કૂવો. ઘોઘાના રહેવાસી શ્રાવકને સપનું આવ્યું : કૂવામાં નવરત્નો પોટલીમાં બંધાયેલાં છે. મ્લેચ્છો દ્વારા ખંડિત થયેલી પાર્શ્વપ્રભુની મૂર્તિના નવ ટુકડા. એ પોટલી હીરના તાંતણે બાંધીને ઉપર કાઢશો. નવ ટુકડા ઘોઘા લઈ જજો. ત્યાં નવમણ લાપસીમાં નવ ટુકડા મૂકી દેજો. નવમા દિવસે બહાર કાઢશો. નવ ટુકડા સંધાઈને અખંડ મૂરત બની જશે.

ભાઈ તો કૂવે પહોંચ્યા. પાણીમાં પોટલી ખરેખર હતી. તાંતણે બાંધી દોર ખેંચ્યો. તાંતણો ના તૂટ્યો. હવામાં ફુગ્ગો ચડે તેમ પોટલી ઉપર આવી. હવે ખોલવામાં ડર લાગ્યો. હિંમત રાખીને ભીનાં કપડાની ગાંઠ ઉકેલી. જોવા છતાં માની ન શકાય. શ્યામ રંગના નવ ટુકડા હતા. ઘોઘા ગામે સપનું આવ્યું પણ ભગવાનના ટુકડા તો ભાવનગરમાં મળ્યા. ડેલે હાથ દઈને પાછો જતો રહેલો હીરો તો ભરૂચ રહેતો હતો. ઘોઘાનો હીરો તો સપનું જોઈને અને ભગવાન લઈ

જવા જ આવેલો. મીઠી અંટસ પડી. ભાવનગરના ભક્તો કહે : આ ટુકડા અહીં જ રહેશે. ઘોઘાવાસી જનો કહે : ભગવાનનો આદેશ અમને મળ્યો છે.

તોડ કાઢવામાં આવ્યો. ભગવાનના નવ ટુકડા ગાડામાં મૂકવા. બળદ વગર ગાડું ચાલે અને ગાડું જે દિશામાં ચાલે તેને ટુકડા મળે. ભગવાન જીવતા હોય તે રીતે ઘટના બની. ગાડું તો ચાલ્યું. ગાડાની ધુંસરી ભાવનગરની દિશામાં ના વળી. ધુંસરી ઘોઘાની તરફ અંકાઈ. ઘોઘા સંઘમાં જયજયકાર થઈ ગયો. વાજતેગાજતે નવ ટુકડા ઘોઘા લવાયા. નવ મણ લાપસીમાં નવ ટુકડા મૂકાયા. આઠ દિવસ વીત્યા. નવમો દિવસ આખો બાકી હતો. આવતી કાલનો ચમત્કાર જોવા સૌ ઉત્સુક હતા. દરમ્યાન ભરૂચબંદરેથી પાલીતાણા જવા દરિયાઈ માર્ગે નીકળેલો સંઘ તે ખાડીનાં પાણીમાં ફસાઈ ગયો. દરિયાઈ તુફાન દિવસો સુધી ચાલ્યું. મહામહેનતે એ સંઘનાં વહાણ ઘોઘા કાંઠે આવ્યા. સંઘને બીજે જ દિવસે માળ પહેરવા પાલીતાણા પહોંચવું હતું. ઘોઘાસંઘને ભરૂચસંઘે મૂર્તિનાં દર્શન કરાવવા વિનંતી કરી. ઘોઘાસંઘે, ભરૂચસંઘને એક દિવસ રોકાઈ જવા કહ્યું. ભરૂચસંઘે મૂર્તિ દેખાડવા ખૂબ આગ્રહ કર્યો. ન છૂટકે નવ ટુકડા પરથી લાપસીનું અનાવરણ થયું. નવમો દિવસ ચાલતો હતો. ભગવાનની નજીક ઉભેલા સજ્જનની ચીસ સંભળાઈ : ભગવાનના દેહ પર તિરાડો દેખાય છે. સાંધા અખંડ રહ્યા છે. પથ્થર ભળી ગયો નથી. સૌના ચહેરા પર વીજ પડી. હવે ? જો બીત ગઈ સો બીત ગઈ. તે દિવસનું અનાવરણ આજ લગી સાંધાઓના દેખાવ રૂપે મૂર્તિમાં જડાઈ ચૂક્યું છે. દાદાની શ્યામલ મૂર્તિમાં મધુરતાનો ઝરો છે. Black beauty છે ભગવાન્. ઊભા કાપા જેવી તિરાડો પોલી નથી. એમાં પાણી ઉતરતું નથી. એ નવ ખંડની ગવાહી છે. માટે દાદાને નવખંડા નામ મળ્યું છે. મૂર્તિને ખંડિત કરનારા મ્લેચ્છ રાજાના સિપાઈઓ નવટુકડાને બાપેસરના કૂવે નાંખી આવ્યા હશે તેવું અનુમાન છે. પુનઃ પ્રતિષ્ઠા વિ. સં. ૧૮૬૫ વૈશાખ વદ-૧૦ શુક્રવારે થઈ છે. પ્રતિષ્ઠાચાર્ય શ્રી જિનેન્દ્રસૂરિજી મ. આજે આ જ દિવસની સાલગીરી હોય છે. પહેલાં ભગવાનના અંગૂઠામાંથી સતત અમી ઝરતું. એ ચમત્કાર આજે નથી થતો. દાદાના અખંડ દીવાની જ્યોતની મસી કેસરવર્ણી થાય છે.

નવખંડા જિનાલય પરિસરમાં બીજાં ચાર દેરાસર છે. ચૌમુખજીના



દેરાસરના મંડપમાં બે સમવસરણ છે. તે ગંધારથી આવ્યા છે. સાથે ત્રણ ગુરુમૂર્તિઓ છે. પ્રાચીન તત્ત્વોનાં દર્શન આનંદ નીપજાવે છે.

એક ભોયરું પણ છે : ખૂબ નીચે ઉતરવાનું છે. તેમાં પ્રભુની અનેક પ્રતિમાઓ છે. સુઘડ અને સુંદર રીતે પ્રભુ બિરાજે છે. પૂજા થતી નથી. આ ભોંયરું આગળ ક્યાં નીકળતું હશે ? રસ્તો તો છે નહીં. આ સ્થળે પ્રભુને રાખવા માટે જ ભોંયરું ખોદ્યું હશે. શોધખોળ કરીએ તો કંઈક મળે ખરું, ઘોઘામાં વધારેમાં વધારે પ્રાચીન પુરાવા મળે છે તેમ હજી મળતા રહે તે જરૂરી છે. કારણ ઘોઘા ગામમાં દિગંબર મંદિર પણ છે. તેમની પ્રતિમાઓ - ચતુર્થકાલકી મૂર્તિ - તરીકે પૂજાય છે. દિગંબરનાં બારસો ઘર ઘોઘામાં હતા તેમ તે લોકો કહે છે. દિગંબર સાધુઓ અને યાત્રિકો ત્યાં દર્શન કરવા આવતા હોય છે. આપણે સાબદા રહેવું સારું. અંતરિક્ષજી અને સમેતશિખરજીનાં પ્રકરણો થયા બાદ તો દરેક જગ્યાએ ભીતિ રહે છે. જો કે, ભીતિ ખોટી હોઈ શકે છે.

### મહાસુદ ૧૫ વાલવોડ

બોરસદથી જવું હતું. ગંભીરા તરફ, કોસીન્દ્રા બોર્ડ વાંચ્યું : વાલવોડ તીર્થ : પધારો. K.M. લખ્યા હતા. વાલવોડ તરફ વળી ગયા. વિહારનો એક દિવસ ભલે વધે. યાત્રા તો થશે. રસ્તા પર મોટા ગેટ છે. ભાદરણ. રમણભાઈ પટેલનું નામ છે તેની પર. નામ જાણીતું લાગ્યું. ઝાયડાઝ કેડીલાગ્રૂપ. સુરેશ-દલાલની બૃહદ્કાવ્યસમૃદ્ધિ તેમ જ શ્યામલ-સૌમિલની હસ્તાક્ષર શ્રેણીના સ્પોન્સરર. કૉલેજ અને બસ સ્ટૅન્ડ પર સુદ્ધાં આ નામની તકતીઓ હતી. આવા ઉદાર માણસો સાધુસમાગમ પામ્યા હોય તો ધર્મનાં કેટલાં બધાં કામ કરી શકે ? ભલે પટેલ રહ્યા. આ વિસ્તારના પટેલો આપણા સાધુસાધ્વીજીઓની જૈનવત્ ભક્તિ કરે છે. પટેલની પુત્રીઓ દીક્ષા લઈ ચૂકી છે, આ વિસ્તારમાંથી.

આ મુલકમાં તમાકુની ખેતી થાય. ત્રણ ફૂટ ઊંચો છોડ હોય તમાકુનો. ઉપર ફૂલ જેવી કળીઓમાં દાણા. લીલી તમાકુ કોઈ ન ખાય. ઝેરથી પણ ભૂંડી પાંદડી સૂકવીને તમાકુ બને. કૂવાનાં પાણીથી સિંચન થાય તે તમાકુ સસ્તી હોય. નદીના પટમાં, નદીથી ઉછરે તે તમાકુ મોંઘી. આ ખેતી ઉદ્યોગ માણસની વ્યસનવૃત્તિ પર નભે છે. આ ખેતરો પર પંખીઓ આવતા નથી, પશુઓ માથું

નાંખવા તૈયાર નથી. માણસે આ તંબાકુ પાછળ હડી કાઢી છે. વરસે લાખો લોકો તંબાકુ ખાઈને, સૂંઘીને, પીને, ઘસીને, કૅન્સરની ચુંગાલમાં ફસાય છે. લગભગ પાંચલાખ ખેડૂતો તમાકુનાં ખેતરો પર નભે છે.

ભાદરણગેટની અંદર પેઠા પછી ભાદરણની પાછલી ભાગોળે પહોંચ્યા ત્યાં સુધી વાલવોડનું પાટિયું ન આવ્યું. પૂછતા રહ્યા. ડાબે જમણે કરતા રહ્યા. રસ્તો મળી ગયો. વાલવોડ ને મહીસાગર નદી નજીક નજીક છે. રાજા વારિખિલ્લજીને ઋષભદેવપ્રભુએ આ વિસ્તારનું રાજ આપેલું. વારિખિલ્લપુરમ્ અને વાલવોડના ઉચ્ચારમાં નજદીકી મહેસૂસ થાય જ છે. જો કે વાલ્મિક્યપુરમ્ અને તમસા આ બે નામે ગામ ને નદીની પ્રાચીન ઓળખ અપાય છે. તમસા નદીના કાંઠે વાલ્મિકીએ રામાયણ રચ્યું તે જોડી અહીં નથી. એ તો ઉત્તરપ્રદેશમાં. વારિખિલ્લજીનાં નામે વસેલું પુર છે. નદી કાંઠે કૂકડિયો ગઢ છે. આપણું કોઈ મંદિર નથી. આદિનાથપ્રભુની પરંપરાના શ્રીકૂકડમુનિજી ૮૮૦૦૦ તાપસો સાથે મહીસાગરના કાંઠાની આ ટેકરી પર મોક્ષગામી બન્યા હતા. આજે કોઈ અવશેષ ઉપલબ્ધ નથી. ગામમાં સુંદર દેરાસર છે. લાલરંગનો કોટ રોનકદાર લાગે છે. તીર્થંકરોની જેમ અથવા તેમનાથી વિશેષ સન્માન દેવી દેવતાને મળે તે જોવાનું ગમતું નથી. પ્રભુની મૂર્તિનો પ્રશાંત અને પ્રસન્ન આનંદ બીજી કોઈ મૂર્તિઓમાં મળવાનો નથી. પ્રભુની આંખોની કરુણામાં પ્રભુનો સાક્ષાત્કાર થાય છે. બીજા કોઈ ચમત્કાર જરૂરી નથી. સાક્ષાત્કાર કાફી છે.

**(વિ. સં. ૨૦૬૧)**

## ૧૯

# પાટણ

**પોષવદ ૧ : પાટણ**

ધુમકેતુની ચૌલુક્ય ગ્રંથાવલિ વાંચી હતી ત્યારનું પાટણનું ઘેલું લાગ્યું હતું. મુનશીએ પાટણની પ્રભુતામાં સંપ્રદાયદ્વેષને ખોટી રીતે સ્થાન આપ્યું તે હકીકત છે. પાટણનું વાતાવરણ મુનશીએ પણ જમાવ્યું છે અને નંદશંકર મહેતાએ પણ. મહાકાવ્યોમાં પાટણનું દેદીપ્યમાન વર્ણન આવે છે. ડીસા ચોમાસા બાદ પાટણ તરફ વિહાર થયો. રોજ રાતે ધૂમકેતુ અને મુનશીની વાર્તામાં આવતી પવનવેગી સાંઢણીઓ જ સાંભરે. ગુજરાત પર વર્ચસ્વ જમાવતું સત્તાતંત્ર પાટણ પાસે હતું અને ભારત દેશ પર પ્રભાવ પાથરતું સામર્થ્ય પાટણમાં હતું. પાટણ કેવું હશે ? તેમ મનમાં થયા કરતું હતું. ડામરનો રસ્તો પાટણની અંદર પ્રવેશ કરતો હતો એનો મતલબ સાફ હતો. હવે પાટણમાં જમીન ધમકાવતા હાથી, હેષારવ કરતા અશ્વરાજ કે સફાઈબંધ ચાલે વહેતી સાંઢણીઓ નથી. મહેલ અને માહોલનું પાટણ ગાયબ છે. જે છે તે કેવળ પડછાયાનાં પગલાં. સરસ્વતી બૅરેજ પરથી નદી જોઈ. કાંટાળ અને રેતાળ પટ ભેંકાર ભાસે છે. આ નદીએ વરસોથી ખોળો ભરીને પાણી જોયું નથી. રસ્તે મળેલો ગોવાળ કહેતો હતો કે નદી કુંવારી છે એટલે તેમાં પાણી આવતું નથી. સરસ્વતી નદીમાં દેવબોધિ તપ કરતો હતો અને રાજર્ષિ કુમારપાળે અડધી રાતે સરસ્વતીનાં પાણી વીંધીને વેરાનવનમાં રોતી સાસુવહુની મુલાકાત લીધી હતી, જેને લીધે રૂદતીવિત્તની પરંપરા બંધ થઈ. મને ધૂમકેતુના શબ્દ યાદ આવતા હતા.

**‘સૂર્યોદય સમયે સરસ્વતી નદી કિનારે ઊભેલી એક મહાન શક્તિ**

**પોતાના પ્રકાશથી તેજથી આખા ગુજરાતને છાઈ દેતી કલ્પો અને તમને હેમચંદ્રાચાર્ય દેખાશે.'**

**પોષવદ ૨ : પાટણ**

પાટણનાં દેરાસરો અને જ્ઞાનભંડારો આપણાં છે પરંતુ પાટણનાં પટોળાં આપણા નથી એ તો ગુજરાતી છે. મનમાં હતું કે વ્હાલાજીને પોતાને સારું મોંઘાં મોંઘાં પાટણનાં પટોળાં લાવવાનું કહેતી જોબનવંતી નારે પટોળાનું ગીત ગાયું તે ગુજરાતનો અવાજ છે. પટોળા સાથે જૈનધર્મને શી નિસ્બત ? પાટણ આવ્યા બાદ પટોળામાં રસ લીધો ત્યારે ખબર પડી કે પાટણમાં પટોળાને લાવનારા તો રાજર્ષિ કુમારપાળ છે. પૂજાનાં કપડાની રોજની નવી જોડ રાજા પહેરે. એ જમાનાનું સૌથી મોંઘું વસ્ત્ર પહેરવાનું રાજાને મન. દક્ષિણ મહારાષ્ટ્રના જાલનામાં વણાટકામ કરનારા ૭૦૦ પરિવારોને રાજાએ પાટણમાં કાયમ માટે સ્થાયી કર્યા. સાલવી વાડામાં પટોળાં બને છે તે રાજા કુમારપાળના વખતથી ચાલુ છે. આ પટોળાં છે શું ? પટોળું મોંઘું વસ્ત્ર છે. રત્નકંબલ જેમ વિશિષ્ટ કાપડ છે તેમ. સામાન્ય રીતે કપ્ડું વણવામાં આવે ત્યારે ઊભા અને આડા તાર વણવામાં આવે છે. કપ્ડું તૈયાર થઈ જાય તે પછી એની પર ડિઝાઇનની છાપ પાડવામાં આવે છે. ત્રણ તબક્કે કપ્ડું બને. ઊભા તાર અને આડા તાર અરસપરસ ગૂંથાય. તેના છેડા ગાંઠે બંધાય. તેની પર રંગ ચડે કે ડિઝાઇન થાય. પટોળામાં આવું નથી બનતું. પટોળામાં ઊભા તાર અને આડા તાર જોડાય તે પહેલાં જ તેની પર ડિઝાઇન મુજબની રંગપૂરણી થાય છે. (વાંચવા છતાં ન સમજાય તેવું છે આ વાક્ય.) સમજો કે એક પટોળું બનાવવા માટે ઊભા ૫૦૦ તાર અને આડા ૮૦૦ તાર વાપરવાના હોય તો, ઊભા ૫૦૦ તારને અલગ અલગ રંગ ચડે. આડા ૮૦૦ તારને અલગ અલગ રંગ ચડે. પટોળામાં ચાર રંગની ડિઝાઇન બનાવવી હોય તો એ ડિઝાઇનની કલ્પના કરીને ૫૦૦ અથવા ૮૦૦ તારમાં કેટલા તારને ક્યા રંગ જોઈએ અને તે તે તારને કંઈ જગ્યાએ ક્યો રંગ જોઈશે તેની ચોક્કસ, માપફેર વિનાની ધારણા બાંધવી પડે. ઊભા ૫૦૦ તારમાં પહેલા ૪૦ તારને બે રંગ જોઈએ. તે ૪૦ તારમાં પાછા ઉપરના ૨૦ તારનો રંગ જુદો અને નીચેના ૨૦ તારની રંગ છાયા જુદી. એ ૪૦ તારનો પટ્ટો આડા તાર સાથે જોડાય ત્યારે તે તાર સાથેના



રંગનું કોમ્બિનેશન ન તૂટે તેવી ચોકસાઈ હોવી જોઈએ. આમ ઊભા ૫૦૦ તારમાં લગભગ દર દસ તારે રંગ બદલાય અને રંગની જગ્યા બદલાય. આડા ૮૦૦ તારમાં પણ એવું જ. મગજ કામ ન કરે તેવી વાત છે. કપડું બનતા પહેલાં કપડાની ડિઝાઈન તૈયાર થાય છે, કપડા માટેના તારમાં. તાર ડિઝાઇન મુજબના અલગ અલગ રંગે રંગાઈ જાય પછી તે તારને વણી લેવાના. પટોળું તૈયાર. સમજાતું નથી તે પ્રશ્ન બને છે. સમજો કે પટોળાની વચોવચ હાથીનું ચિત્ર હોય. તો એ હાથીનાં ચિત્રને કેટલા તાર અને તારની કંઈ કંઈ જગ્યા જોઈશે તે નક્કી શી રીતે થાય ? પાટણનાં પટોળાના મોંઘા દામનું કારણ જ આ છે. પટોળાં બનાવનારા વારસાગત રીતે આવું અનુમાન આધારિત સંપૂર્ણ કલાકર્મ કરવામાં માહેર છે.

પટોળા માટે કેટલા તાર જોઈશે તે નક્કી થયા બાદ તારે તારે રંગની જગ્યા નક્કી થાય છે. સફેદ રેશમી તારોને એક લાઈનમાં રાખીને ડિઝાઇન મુજબના રંગ ચડાવવામાં આવે છે. હાથીનાં ચિત્રની કલ્પના કરીને તારોને રંગવાના હોય તો કલાકાર શું કરશે ? તાર પર જે જગ્યાએ હાથી માટેનો કાળો રંગ ચડાવવાનો હશે તે જગ્યાને આંખોથી ધારી લેશે. જે જગ્યાએ કાળો રંગ ચડાવવાનો નથી તે જગ્યાને સૂતરની દોરી વીંટીને ઢાંકી દેશે. તાર પર સૂતરની દોરી વીંટીને ચુસ્ત રીતે ગાંઠો મારવાની. હાથીનાં ચિત્ર માટેની જગ્યા સિવાયની જગ્યા સૂતરની દોરીઓ બાંધી બાંધીને ઢાંકી દીધા પછી હાથીનાં ચિત્ર માટેનો રંગ તે ખુલ્લી રહેલી તારની જગ્યા પર ચડાવશે. એ રંગ ચડે શી રીતે ? તારની ડિઝાઇન માટે નિયત થયેલી જગ્યા પર એક રંગ ચડાવવાનો હોય છે તે રંગનું ગરમ પાણી તૈયાર હોય તેમાં આખા તારને બોળીને એ પાણી ઉકાળે. પાણીની વરાળ નીકળતી જાય તેમ તારને રંગ ચડતો જાય. આ પછી તારને સૂકવી દેવાના. હવે હાથી માટેની રંગની જગ્યામાં હાથીને અનુરૂપ રંગ ચડી ગયો છે. કામ આગળ વધશે. પેલી સૂતરની ગાંઠો હવે ખૂલી જશે. એ ગાંઠો એટલી મજબૂત રીતે બાંધેલી હતી કે ગાંઠની નીચે દબાયેલી તારની જગ્યામાં રંગ ચડ્યો નથી. એ રંગ વિનાની જગ્યાએ નવો રંગ ચડાવવાનો છે. હવે સૂતરની ગાંઠો હાથી માટેના રંગ જે જગ્યાએ ચડી ચૂક્યા છે તેની પર મારો. હાથીનો કાળો રંગ જેને ચડી ચૂક્યો છે તે જગ્યા ઢંકાઈ જાય સૂતરની ગાંઠોથી. પછી ફરી નવા રંગમાં તારો બોળવાના. એ રંગ ચડી જાય પછી ડિઝાઇનની અપેક્ષા અનુસાર જે જગ્યાએ રંગ ચડાવવાનો હોય તે જગ્યા ખુલ્લી

રહે. બાકીની જગ્યા સૂતરની આંટીથી ઢંકાય. આ ક્રમ ચાલ્યા જ કરે. કાપડ પરની એક ડિઝાઈન માટેના જેટલા રંગ હોય અને રંગ માટેની જેટલી જગ્યા હોય તે મુજબ સૂતરની ગાંઠો બંધાયા કરે અને તાર પાણીમાં ઝબોળાયા કરે. આ રીતે લાંબો સમય પ્રક્રિયા ચાલ્યા કરે છે. દરેકે દરેક તારને પોતપોતાની જગ્યા મુજબનો રંગ ચડી ગયા બાદ છેવટે તાણા અને વાણા, ઊભાતાર અને આડાતાર ગૂંથાય છે. કાપડના તાર ચસોચસ જોડાતા જાય તેમ ડિઝાઈન આપમેળે ઊભરતી આવે છે. આખરે બધા જ તાર જોડાઈ જાય ત્યારે કાપડ અને ડિઝાઈન બંને એકી સાથે તૈયાર થયેલા હોય છે. તારમાં રંગ પૂરીને પછી કાપડ વણવામાં આવે છે માટે આ કાપડનો રંગ કદી ઊતરતો નથી. આ કાપડને પટોળું કહેવાય છે.

ચારપાંચ વ્યક્તિ ભેગા થઈને કામ કરે તો એક એક પટોળું પાંચથી છ મહિનામાં તૈયાર થાય. પટોળામાં વનસ્પતિજ રંગો વપરાય છે. પટોળાનો રંગ આશરે બસોથી ત્રણસો વરસ સુધી ટકે છે. જૂના જમાનામાં પટોળાને, ઘરેણાં જેવું જ મહત્ત્વ અપાતું હતું. દાગીના ભેટ આપીએ તેમ પટોળું ભેટમાં અપાતું. પટોળાનાં વસ્ત્રોમાં ઘેરા રંગ વપરાય છે. ચોરસ આકૃતિમાં ચિત્રયોજના થાય છે. હાથી, પોપટ, મોર, કળશ, પીંપળનું પાન ડિઝાઈનમાં આવે. એક પટોળું સરેરાશ ૬૦,૦૦૦ રૂ.થી માંડીને ૨,૫૦,૦૦૦ રૂ. સુધીમાં પડે. બંને બાજુના તારને રંગ ચડાવવાની પદ્ધતિને બેવડી ઈકટ કહે છે.

પટોળાનું વસ્ત્ર ધાર્મિક અને ચમત્કારિક મનાય છે. થાઈલેન્ડ, મલેશિયા, ઈન્ડોનેશિયામાં પટોળાને, ખજાના કરતાય વધુ કિંમતી માનવામાં આવ્યું છે. પટોળા જાવા સુમાત્રા, સમરકંદ, બુખારા અને રોમ સુધી પહોંચેલાં છે. કેટલાય કુટુંબોમાં પટોળાની સાડી વારસામાં અપાતી. આજે ઘણા શ્રીમંતો લગ્નપ્રસંગે દીકરીને કે પુત્રવધૂને પટોળાની સાડી શુકન તરીકે આપે છે.

મને તો પાટણનાં પટોળાનો નાતો રાજા કુમારપાળ સાથે છે તે ગમ્યું. આજે અસલી પટોળાં એકમાત્ર પાટણમાં જ બને છે. રાજા કુમારપાળે પટોળાની કળાને પાટણમાં લાવીને જીવંત રાખી છે. બાકી પટોળાની હસ્તિ જ હોત નહીં. ભારતીય કલાકૃતિઓનો ઈતિહાસ લખાશે ત્યારે પટોળાનો ઉલ્લેખ અવશ્ય થશે. પટોળાનો જે પાને ઉલ્લેખ થશે એ જ પાને રાજા કુમારપાળનો ઉલ્લેખ થશે.

પટોળાની ભાત મતલબ ડિઝાઈનનાં નામો સરસ છે : નારી કુંજર,



ફૂલભાત, રાસભાત, છાબડી, નવરત્ન, પાંચફૂલ, સરવરિયું, લહેરિયા.

ફેસ્ટીવલ ઑફ ઇંડિયાના અન્વયે પેરિસ, લંડન, ટોકિયો, વોશિંગ્ટન, મૉસ્કોમાં પટોળાં પ્રદર્શિત થયાં છે. જાપાનમાં ચોકીનાવા અને ફિલીપાઈન્સમાં મનીલા અને થાઈલેન્ડમાં બેંગકોક - આ શહેરોમાં પટોળાએ નામ ગજવ્યું છે. રાજા કુમારપાળની પૂજાની જોડ તરીકે પાટણમાં આવેલું પટોળું આજે ભારતીય હસ્તકલાનો ઉત્કૃષ્ટ નમૂનો બની ચૂક્યું છે.

**પોષ વદ ૫ : પાટણ**

પટોળા બનાવનારા ભાઈએ જાણકારી આપી-

'આ જ પાટણમાં ૧૦૦૦ વરસ પહેલાં શ્રીહેમચંદ્રસૂરિ મ.એ સંસ્કૃત વ્યાકરણ બનાવેલું. એ ગ્રંથની ઐતિહાસિક ગજયાત્રા નીકળી હતી. અત્યારે અમે પટોળામાં એ ઘટનાને ઉતારવાના છીએ. પટોળામાં રાજહાથી હશે, અંબાડી હશે, ગ્રંથ હશે, પાટણનો માર્ગ હશે.'

એ ભાઈએ અમારા હાથમાં ચિત્ર મૂક્યું. ચિત્ર ધ્યાનથી જોયું. ચિત્ર તો સુરેખ હતું જ. એ ચિત્ર પટોળાના તાર માટે બન્યું હતું. કેટલા તારે રંગ બદલાય, તારના કયા ભાગે રંગ બદલાય તેનો પાકો અંદાજ આ ચિત્રથી આવે. પટોળાનું હાર્દ આ ચિત્રમાં. આ ચિત્ર મુજબ આંખોને તાર સાથે સંલગ્ન રાખીને કસબી કારીગરો રંગ અને ચિત્રને સાકાર કરે છે.

આ ચિત્ર ૪૦૦ વરસ પછી પટોળે ચડી રહ્યું છે, એ ભાઈ કહેતા હતા. પાટણમાં પટોળાના કારીગરનું મુખ્ય એક કુટુંબ અમારી સામે ઊભું હતું. વંશવારસાગત રીતે જ આ કળા આવડી શકે છે. પટોળાની રચનાપદ્ધતિ કૉમ્પ્યુટરને પલ્લે પડે તેમ નથી, એવું જાપાનીઝ કલાકારોનું માનવું છે.

બજારમાં મળતી પાઈલૉટની પૅન પર Made in Japan લખેલું હોય છે. આ જાપાનવાળા પટોળું હાથમાં લે છે ત્યારે પરાજયના ભાવ સાથે બોલે છે. Made in Patan.

**પોષ વદ ૬ : પાટણ**

રાજર્ષિ કુમારપાળ ૯૬ કરોડ સોનામહોરના ખર્ચે દેરાસર બંધાવે છે. એ દેરાસરમાં ૧૨૫ ઇંચના મૂળનાયક નેમનાથજીની મૂર્તિ બેસાડે છે. ૨૪

રત્નની મૂર્તિ, ૨૪ સોનાની મૂર્તિ, ૨૪ ચાંદીની મૂર્તિ પણ ભરાવે છે. દેરાસર પિતાજીની યાદમાં બંધાવ્યું છે માટે ત્રિભુવનપાળવિહાર નામ આપ્યું છે. રોજ સવારે રાજા પૂજા કરવા નીકળે છે ત્યારે ૭૨ મુગટધારી રાજાઓનો સાર્થ સાથે હોય છે. પૂજા કર્યા બાદ રાજર્ષિ બીજા ૩૨ દેરાસરે દર્શન કરીને પાછા ફરે છે.

હાથી પર, પાલખીમાં કે રથમાં બેસીને રાજર્ષિ આવી રહ્યા હોય, દેરાસરની બહાર ભીડ અને કોલાહલ હોય, એ જમાનાનાં શ્રેષ્ઠ ગણાતાં વાજીંત્રો વાગતા હોય, વર્ષીદાનનું દ્રવ્ય ઉછળીને જનમેદનીમાં વેરાતું હોય, પૂજાની સામગ્રીઓ મઘમઘાટ કરતી હોય અને રાજર્ષિના ચહેરે આનંદ આનંદ રેલાતો હોય એવું દૃશ્ય હજાર વરસ અગાઉ રોજ સર્જાતું હતું. પાટણનો સંઘ અને સમાજ રાજર્ષિની અદમ્ય જિનભક્તિથી પ્રભાવિત થતો હતો. દ્રવ્યપૂજા બાદ ભાવપૂજામાં રાજર્ષિ સ્વરચિત સ્તોત્ર नम्राखिलाखण्डलमौलिरत्न... પ્રકાશતા હશે. પ્રભુના દરબારમાં ભવ્ય માહોલ સરજાતો હશે. આજનું પાટણ પોતાના અતીતખંડમાં આ હકીકત છૂપાવીને બેઠું છે. અને આવું તો કેટલું બધું ? વનરાજ ચાવડા અને પંચાસર પાર્શ્વનાથ, સિદ્ધરાજ જયસિંહ અને સિદ્ધવિહાર જિનાલય, બીજું ઘણુંબધું.

પાટણને મળેલો યશ શ્રીસિદ્ધહેમવ્યાકરણનો. કલિકાલ સર્વજ્ઞએ એક વરસમાં રચના કરી અને ત્રણ વરસ પંડિતસભાએ તેની ચકાસણી કરી. સાંગોપાંગ અધ્યયનગ્રંથ તરીકે પૂરવાર થયા બાદ તેનો વરઘોડો નીકળેલો. ગ્રંથને રાજાના હાથી પર બિરાજમાન કરવામાં આવ્યો. રાજાની સવારી માટેનો વિશિષ્ટ ગજરાજ રાજાએ જાતે થઈને ગ્રંથની બહુમાનયાત્રા માટે આપ્યો હતો. આજે ભાડાના હાથી પર ગ્રંથો બિરાજીત કરીએ છીએ અને પાટણનો ઈતિહાસ નવજીવિત થયો તેવું પ્રચારીએ છીએ તેમાં કસ નથી. સિદ્ધરાજનો હાથી એટલે આજની ભાષામાં રાષ્ટ્રપતિ અબ્દુલ કલામ માટેની વિક્ટોરિયા ઘોડાગાડી. રાષ્ટ્રપતિ પોતાની બગી, સામે ચાલીને ગ્રંથયાત્રા માટે આપે તે ઈતિહાસનું સર્જન કહેવાય. પાટણમાં વ્યાકરણની બહુમાનયાત્રા નીકળી અને પાટણથી આ વ્યાકરણ ગ્રંથની ૭૦૦ હસ્તલિખિત નકલ ગામોગામ રાજા તરફથી મોકલવામાં આવી. પાટણે આવાં ગૌરવનું સર્જન કર્યું છે. સંસ્કૃતવ્યાકરણ ભણવા માટે આપણે પગભર બન્યા તેનો યશ પાટણને મળે છે. પાટણને જ્ઞાનસાધનાનું ધામ



કહેવામાં કશું ખોટું નથી. કલિકાલસર્વજ્ઞને દિવંગત થયાને હજાર વરસ વીતી ગયા. પાટણ આજે જરા જુદા અર્થમાં જ્ઞાનનું ધામ છે. પાટણની ખરી તાકાત પાટણનાં જ્ઞાનભંડારોમાં છે. પંચાસરાનાં ભવ્ય દેરાસરની પડખે શ્રીહેમ-ચન્દ્રાચાર્ય જ્ઞાનમંદિરનું ભવ્ય મકાન છે. બેલ્જીયમના સ્થપતિ શ્રીમાન્ ગૅસ્પર આ મકાનની બાંધણીના ઘડવૈયા છે. આખું મકાન ફાયરપ્રૂફ છે. હસ્તલિખિત અને મુદ્રિત પુસ્તકોનો એકસરખો વિશાળ સંગ્રહ. મુદ્રિત પુસ્તકોનો વિભાગ પહેલા માળે છે. હસ્તલિખિત પ્રતો લોખંડના એવા દરવાજાની ભીતર રાખવામાં આવી છે જ્યાં હવા પણ પ્રવેશી શકતી નથી. આ જ્ઞાનભંડાર ગુજરાતમાં જ નહીં બલ્કે ભારતભરમાં બેજોડ છે. ગુજરાતના રાજવીઓ અને મંત્રીઓ પોતાનો શાસ્ત્રસંગ્રહ રાખતા. સિદ્ધરાજ જયસિંહ માળવા જીતીને ત્યાંનો ભારતીભંડાગાર પાટણ લાવ્યા હતા. રાજર્ષિ કુમારપાળે ૨૧ જ્ઞાનભંડારો તૈયાર કરાવ્યા હતા. રાજા વિશળદેવનો પોતાનો અલાયદો ગ્રંથસંગ્રહ હતો. પાટણમાં આ પરંપરા બહુજૂની છે. તાડપત્રો પર ગ્રંથો લખાતા તે જમાનામાં તાડપત્રોનો સંગ્રહ થતો રહ્યો. પછી તાડપત્ર મળવા મુશ્કેલ બન્યા તો કાગળની ઉપર શાસ્ત્રો લખાયા. શ્રી સોમસુંદર સૂરિજી મહારાજાનો સમય કાગળની હસ્તલિખિત પ્રતો લખાવાનો સમય ગણાય છે. બે વાત હતી. તાડપત્ર પર લખાયેલા ગ્રંથો ભણવાના ઉપયોગમાં લેવાથી તેને ઘસારો પહોંચતો. તાડપત્રની એક માત્ર પ્રત હોય તે નષ્ટ થઈ જાય તો ગ્રંથ ગુમાવી દેવાનો વખત આવે. ઉપરાંત મુસ્લિમ આક્રમણોની ભયાનક આતશબાજી સામે ગ્રંથની રક્ષા પણ જરૂરી હતી અને ગ્રંથનો અભ્યાસ ન અટકે તે પણ જરૂરી હતું. ઈતિહાસકારોએ નોંધ્યું છે કે 'શ્રી હેમચન્દ્રસૂરિજી મહારાજાના સમયે પાટણમાં તાડપત્ર પર થોકબંધ શાસ્ત્રો લખાયાં. અને શ્રી સોમસુંદરસૂરિજી મહારાજાના સમયે પાટણમાં કાગળ પર થોકબંધ શાસ્ત્રો લખાયાં. તાડપત્રના ગ્રંથો જેસલમેરના ભંડારમાં સલામત પહોંચાડવામાં આવ્યા. કાગળના હસ્તલિખિત ગ્રંથો પાટણમાં રહ્યા.'

શ્રી હેમચંદ્રાચાર્ય જૈન જ્ઞાનમંદિરમાં ૨૪,૦૦૦ હસ્તલિખિત પ્રતો છે. આમ તો ગુજરાત પાસે ૪ લાખ જેટલી હસ્તપ્રતો છે. અમદાવાદ, ખંભાત, કોબા, વડોદરા, સુરત, લીંબડી વગેરે ગામોના ભંડારોમાં પ્રતો પાટણથી પણ વધારે છે

પરંતુ પાટણની વિશેષતા એની પ્રાચીનતામાં છે. પાટણ પાસે છે તેટલાં પ્રાચીન શાસ્ત્રો ભાગ્યે જ બીજે છે. કેટલાય અલભ્ય ગ્રંથો પાટણના જ્ઞાનભંડારમાં છે અને સૌ પ્રથમવાર પ્રકટ થયેલાં કેટલાય શાસ્ત્રોની મૂળ નકલ પાટણમાંથી મળી છે. સોનાના અક્ષરો, ચાંદીના અક્ષરો, ચિત્રકલા, વિવિધ અક્ષરો, વિજ્ઞપ્તિપત્રો, લેખન સામગ્રીઓ પાટણ પાસે છે. વરસો પૂર્વે પાટણમાં નાના મોટા ૨૦ જેટલા હસ્તલિખિત જ્ઞાનભંડારો હતા. ગૃહસ્થોનાં ઘરોમાં પણ કોઈ ભંડાર હતા અને કોઈ સંઘના ઉપાશ્રયમાં હતા. તેનું list નહોતું અને સુરક્ષિત તંત્ર નહોતું. આજે તમામ જ્ઞાનભંડારો શ્રી હેમચંદ્રાચાર્ય જ્ઞાનમંદિરમાં એક બની ગયા છે. ઈ. સં. ૧૦૬૪માં લખાયેલી પ્રત અહીંની સૌથી પ્રાચીન પ્રત ગણાય છે. ૪૦ કબાટોમાં હસ્તલિખિત પ્રતો સચવાયેલી છે. આગ, ભેજ, તાપ, ધૂળ અને ઊધઈ ન લાગે તેવી સફાઈબંધ સુરક્ષા છે. ઈ. સં. ૧૮૯૩માં પીટર્સને લખ્યું છે :

'પાટણ જેવું ભારતભરમાં એક પણ બીજું નગર મેં જોયું નથી. તેના જેવાં જૂજ નગરો છે, જેની પાસે આટલી બધી હસ્તપ્રતો હોય. આ હસ્તપ્રતો યુરોપની કોઈપણ વિદ્યાપીઠનો મગરૂબી લેવા લાયક અને ઈર્ષાદાયક રીતે સચવાયેલો ભવ્ય ખજાનો છે.'

**પોષ વદ ૭ : પાટણ**

એ દિવસ ધન્ય હતો. મહેસાણાથી નીકળેલા. રૉડ જતો હતો ગાંભુ તરફ. વચ્ચે એક રસ્તો ફંટાતો હતો. એક પાટિયું માર્યું હતું. શ્રીકનોડા તીર્થ. તેની નીચે નાના અક્ષરે લખ્યું હતું. મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મ.ની જન્મભૂમિ. કન્હોડા અને કનોડું તો વારેતહેવારે કાને પડતાં નામ. વાચક જસના સથવારા વિનાનો એક સાધુ તો કોઈ બતાવે ? એમનું ગામ કનોડા. રસ્તો વળતો હતો. અમે પણ વળ્યા. રસ્તે રાયડાનાં પીળા ફૂલોથી લચકતાં ખેતરો. મારગપર પથરાયેલી ડામરની શ્યામ ચમકદાર છાયા. આસમાન એકદમ ભૂરું. તદ્દન શાંત વિસ્તાર. થોડું વળતાં વળતાં છેક ગામને પાદર આવ્યા. જૂનો વડલો ઊભો હતો. આની નીચે જસવંત ને પદ્મસિંહ રમ્યા હશે. ધૂળિયા પાદરની કોરે બેય હસતારમતા જમવાનું ટાણું ભૂલી જતા હશે. સામે દેખાતું નાનું ગામ. તેમાંથી સોભાગદે = મા હાકોટા પાડતી જમવા બોલાવવા આવતી હશે. બંને જણા માતાનો એકએક હાથ પકડી ઘેર પહોંચતા હશે.



ઘર. વાચકજસનું ઘર. રોમાંચિત કરી દેતી શોધ. આજે એ ઘર હશે ? જમીન તો હશે, સરનામું નહીં મળે.

રૂપેણ નદી હતી. નદીમાં પૂર હતા. આભમાં મેઘ હતો ને ધોધમાર વરસાદ છંટાતો હતો. રસ્તા જળબંબોળ હતા. નાનો જસવંત માતાને રાજી કરવા, પારણું કરાવવા ભક્તામર બોલી જાય છે. માતાની આંખમાં આવેલાં આનંદના આંસુ સામે તો બહાર વરસતાં પાણી ઝાંખા પડી જાય છે. વાચકજસનો પ્રથમ ઉન્મેષ દાખવતી આ ઘટના જે ઘરમાં બની તે ઘર, તે ઘરની ભીંતો અને ઇંટો આજે ચૂપચાપ ક્યાંક છૂપાયા છે.

દીક્ષાનો નિર્ણય લેવાયો છે, ઘરે બાળ જસવંત મા-ના હાથે છેલ્લી વાર કોળિયા ભરે છે. જે થાળીમાં જસવંત અને પદ્મસિંહ છેલ્લાવારકું જમ્યા તે થાળીને માતાએ જીવનભર સાચવી રાખી હશે. કનોડા ગામનું ઉત્ખનન થાય તો એ થાળી પહેલાં શોધવી જોઈએ.

ગામની શેરીમાં એના મિત્રો તો હશે જ ને. એ બધા સાથે રમાતી રમતો કંઈ કંઈ હશે ? હારવાનું તો બાળપણમાંય નહીં જ આવડતું હોય. જીતવા માટે તો જનમેલા. નાનું કનોડું ગામ. પહેલો શ્વાસ આ ગામમાં લીધો. આ કનોડું ગામે પહેલા શ્વાસમાં એવી ચેતના ભરી આપી કે ત્રણસો વરસ પછી પણ આ કનોડું ગામનું રતન અગણિત જનોની આરાધના અને શ્રદ્ધાનો શ્વાસ છે.

કનોડું ગામમાં નાનો ઉપાશ્રય બંધાયો છે. નાનું દેરાસર બન્યું છે. હાઈસ્કૂલ નવી બની છે તેમાં વાચકજસની મૂર્તિ પણ છે. કનોડું નામ છે તે સિવાય કોઈ અવશેષ મૌજૂદ નથી. જોકે, નામ છે તેમાં જ બધું છે.

અમે સવારથી સાંજ લગી કનોડું ગામમાં રહ્યા. અજૈનોનાં ઘરો છે. જૈનોનાં ઘર નથી. જે ઘેર વહોરવા ગયો તે ઘર પરિચિત લાગ્યું. વાચક જસના હાથે વહોરેલી ગોચરી વાપરવા મળી હોય તેવા કૃતાર્થભાવ સાથે ગામઠી ગામના રોટલો-શાક વાપર્યા. કનોડું ગામમાં વાચકજસને યાદ કરીને કહ્યું :

**લો તુમ્હારે ગાંવમેં આ ગયે હમ,**
**જૈસે ધૂપ સે નીકલકર છાંવમેં આ ગયે હમ.**

અને પાટણમાં પંચાસરાનાં દેરાસરની બાજુમાં મેદાન છે તે વાચકજસની દીક્ષાભૂમિ. એ જ ધન્યતા. **(વિ. સં. ૨૦૬૨)**